શાસનપતિ પરમાત્મા મહાવીરદેવના અવધિજ્ઞાની
'શિષ્ય ધર્મદાસ ગણિ વિરચિત ગ્રન્થનું વિવેચન.....'

# ઉપદેશમાળા

## ભાગ : ૨

ભાગ ૧ માં - ૧ થી ૮૧ શ્લોકોનું વિવેચન
ભાગ ૨ માં - ૮૨ થી ૧૪૭ શ્લોકોનું વિવેચન

પં. ચન્દ્રશેખરવિજયજી

૩૧૮

કમલ પ્રકાશન ટ્રસ્ટ
ઝવેરીવાડ, અમદાવાદ-૧

**પ્રકાશક :**

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**
જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિભવન,
૨૭૭૭, નિશા પોળ, ઝવેરીવાડ,
રિલીફ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.
**ફોન :** ૫૩૫ ૫૮૨૩
૫૩૫ ૬૦૩૩

લેખક પરિચય :
સિદ્ધાંતમહોદધિ સચ્ચારિત્ર ચૂડામણિ
સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્‌વિજય
પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના વિનેય
**પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી**

પ્રથમ સંસ્કરણ : નકલ ૨૦૦૦
વિ.સં. ૨૦૫૬ : ૧૦-૯-૨૦૦૦

**મૂલ્ય : રૂા. ૩૫-૦૦**

**ટાઇપ સેટિંગ :**
**શાઇનઆર્ટ કોમ્પ્યુગ્રાફિક્સ**
રાજનગર, પાલડી, અમદાવાદ-૮
ફોન નં. : ૬૬૩ ૯૨૩૨

**મુદ્રક :**
**ભગવતી ઑફસેટ**
૧૫-સી, બંસીધર એસ્ટેટ,
બારડોલપુરા, અમદાવાદ-૪

## લેખકીય પ્રસ્તાવના

તપોવન (અમીઆપુર)ના ચાતુર્માસોમાં મારા શિષ્યોને તથા સાધ્વીજી મહારાજ સાહેબોને ઉપદેશમાળા ગ્રન્થ ઉપર હું રોજ જે વાચના આપતો હતો તે તરત જાતે લખી દેતો હતો.

એને પાછળથી વિવેચનરૂપે લખી દેતો.

શ્લોક ૧ થી ૮૧નું વિવેચન ભાગ-૧ રૂપે બહાર પડી ગયું હતું. આ શ્લોક ૮૨ થી ૧૪૭નું વિવેચન બહાર પડી રહ્યું છે.

જો આ રીતે નિરંતર લખાણ ચાલુ રહે. તો પાંચ ભાગોમાં પુસ્તકરૂપે બહાર પાડી શકાશે.

**૨૦૫૬ તપોવન ૬-૭-૨૦૦૦** **લિ.**

**અષાઢ સુદ પાંચમ** **પં. ચન્દ્રશેખરવિજય**

## .....વંદના.....

ન્યાયવિશારદ, ન્યાયાચાર્ય, ગુજરાતના મહાન જ્યોતિર્ધર,
સરસ્વતીલબ્ધપ્રસાદ, સિદ્ધકવિ ષડ્દર્શનનિષ્ણાત, ન્યાય,
વ્યાકરણ, સાહિત્ય, અલંકાર, છન્દ, તત્ત્વજ્ઞાન, કથા,
આચારોપદેશ, અધ્યાત્મ, યોગ આદિ વિભિન્ન વિષયો
ઉપર સંખ્યાબંધ ગ્રન્થો રચનાર, અદ્ભુતવ્યક્તિત્વશાલી
પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય

# ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાના

**ચરણ કમલમાં વંદના**

: જન્મ :
કનોડા (ગુજરાત)

: સ્વર્ગવાસ :
ડભોઈ (જી. વડોદરા)

સ્મૃતિ દિવસ : માગસર સુદ ૧૧

**–: સૌજન્ય :–**

ઉપા. શ્રી યશોવિજયજી સંસ્કાર સદન–નવસારી
ઉપા. શ્રી યશોવિજયજી જૈન સેવા સદન–ડભોઈ
ઉપા. શ્રી યશોવિજયજી સંસ્કાર સદન–માલેગામ
ઠે. કલાપ્રકાશ, ટીળક રોડ, મુ. માલેગામ
Pin : 423203 (મહારાષ્ટ્ર)

**ઊમળકાભર્યા હૈયે અમે સ્વીકારીએ છીએ
આપનું સ્નેહભર્યું સૌજન્ય.**

પૂજ્યપાદ પં. ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબના
પુનઃ મુદ્રિત થનારા પુસ્તકો અને પ્રકાશીત
થનારા નૂતન પુસ્તકોમાંથી આપે આ પુસ્તક
પસંદ કર્યુ અને અમને આપના ઔદાર્યને
વ્યકત કરતી (વગર વ્યાજની લોન)
બે વર્ષ માટે-આપી.

ખૂબ ખૂબ ધન્યવાદ

પૂજયશ્રી તરફથી આપના પરિવારને
ખૂબ ખૂબ આશીર્વાદ

**સૌજન્ય**

માતુશ્રી પ્રભાબેન કનૈયાલાલ મહેતા
(સોનગઢવાળા)
મુંબઈ (મુલુન્ડ)
હ.ચિ.મધુકર અ.સૌ. રેખા, અંકુર, વિરતી

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | શ્લોક-૮૨ | ૧ |
| ૨. | શ્લોક-૮૩ | ૩ |
| ૩. | શ્લોક-૮૪ | ૬ |
| ૪. | શ્લોક-૮૫ | ૭ |
| ૫. | શ્લોક-૮૬ | ૧૦ |
| ૬. | શ્લોક-૮૭ | ૧૧ |
| ૭. | શ્લોક-૮૮ | ૧૨ |
| ૮. | શ્લોક-૮૯ | ૧૩ |
| ૯. | શ્લોક-૯૦ | ૧૫ |
| ૧૦. | શ્લોક-૯૧ | ૧૭ |
| ૧૧. | શ્લોક-૯૨ | ૨૦ |
| ૧૨. | શ્લોક-૯૩ | ૨૨ |
| ૧૩. | શ્લોક-૯૪ | ૨૫ |
| ૧૪. | શ્લોક-૯૫ | ૩૪ |
| ૧૫. | શ્લોક-૯૬ | ૩૫ |
| ૧૬. | શ્લોક-૯૭ | ૩૭ |
| ૧૭. | શ્લોક-૯૮ | ૪૩ |
| ૧૮. | શ્લોક-૯૯ | ૪૪ |
| ૧૯. | શ્લોક-૧૦૦ | ૪૮ |
| ૨૦. | શ્લોક-૧૦૧ | ૫૦ |
| ૨૧. | શ્લોક-૧૦૨ | ૫૭ |
| ૨૨. | શ્લોક-૧૦૩ | ૫૭ |
| ૨૩. | શ્લોક-૧૦૪ | ૫૭ |
| ૨૪. | શ્લોક-૧૦૫ | ૫૯ |

| | | |
|---|---|---|
| ૨૫. | શ્લોક-૧૦૬ | ૬૩ |
| ૨૬. | શ્લોક-૧૦૭ | ૬૫ |
| ૨૭. | શ્લોક-૧૦૮ | ૭૦ |
| ૨૮. | શ્લોક-૧૦૯ | ૭૨ |
| ૨૯. | શ્લોક-૧૧૦ | ૭૩ |
| ૩૦. | શ્લોક-૧૧૧ | ૭૬ |
| ૩૧. | શ્લોક-૧૧૨ | ૭૭ |
| ૩૨. | શ્લોક-૧૧૩ | ૮૦ |
| ૩૩. | શ્લોક-૧૧૪ | ૮૫ |
| ૩૪. | શ્લોક-૧૧૫ | ૮૮ |
| ૩૫. | શ્લોક-૧૧૬ | ૯૨ |
| ૩૬. | શ્લોક-૧૧૭ | ૯૪ |
| ૩૭. | શ્લોક-૧૧૮ | ૯૬ |
| ૩૮. | શ્લોક-૧૧૯ | ૯૯ |
| ૩૯. | શ્લોક-૧૨૦ | ૧૦૨ |
| ૪૦. | શ્લોક-૧૨૧ | ૧૦૫ |
| ૪૧. | શ્લોક-૧૨૨ | ૧૦૮ |
| ૪૨. | શ્લોક-૧૨૩ | ૧૦૯ |
| ૪૩. | શ્લોક-૧૨૪ | ૧૧૧ |
| ૪૪. | શ્લોક-૧૨૫ | ૧૧૨ |
| ૪૫. | શ્લોક-૧૨૬ | ૧૧૩ |
| ૪૬. | શ્લોક-૧૨૭ | ૧૧૫ |
| ૪૭. | શ્લોક-૧૨૮ | ૧૧૬ |
| ૪૮ | શ્લોક-૧૨૯ | ૧૧૮ |
| ૪૯. | શ્લોક-૧૩૦ | ૧૨૦ |
| ૫૦. | શ્લોક-૧૩૧ | ૧૨૩ |
| ૫૧. | શ્લોક-૧૩૨ | ૧૨૪ |

૫૨. શ્લોક-૧૩૩ ........ ૧૩૦
૫૩. શ્લોક-૧૩૪ ........ ૧૩૩
૫૪. શ્લોક-૧૩૫ ........ ૧૩૫
૫૫. શ્લોક-૧૩૬ ........ ૧૩૮
૫૬. શ્લોક-૧૩૭ ........ ૧૪૪
૫૭. શ્લોક-૧૩૮ ........ ૧૪૬
૫૮. શ્લોક-૧૩૯ ........ ૧૪૯
૫૯. શ્લોક-૧૪૦ ........ ૧૫૦
૬૦. શ્લોક-૧૪૧ ........ ૧૫૩
૬૧. શ્લોક-૧૪૨ ........ ૧૫૪
૬૨. શ્લોક-૧૪૩ ........ ૧૫૯
૬૩. શ્લોક-૧૪૪ ........ ૧૬૧
૬૪. શ્લોક-૧૪૫ ........ ૧૬૪
૬૫. શ્લોક-૧૪૬ ........ ૧૬૫
૬૬. શ્લોક-૧૪૭ ........ ૧૬૬


■■■

# ઉપદેશમાળા-૨

**छज्जीवकायवहगा हिंसकसत्थाइं उवइसंति पुणो ।**
**सुबहुंपि तवकिलेसो बालतवस्सीण अप्पफलो ॥ ८२॥**

**અર્થ :** જેઓ છ જીવનિકાયનો વધ કરનારા છે વળી તેવો વધ કરવાના ઉપદેશક પણ છે તે બાળ (અજ્ઞાન) તપસ્વીઓ ઘણો બધો તપ કરીને કાયાને કષ્ટ આપે તો ય તેમને તેનું અલ્પફળ મળે છે.

**વિવેચન :** અરિહંતદેવ એટલે કરુણા : અહિંસા : જીવમાત્રને અભયદાન. 'કોઈએ પણ કોઈને પણ મનથી ય મારવો નહિ.' તેવો તેમનો આદેશ. આવી અહિંસાનું પાલન એ જ ધર્મ.

હવે જે આત્માઓને કયાં કયાં જીવો છે ? તેની જ ખબર નથી તે આત્માઓ આવી અણસમજથી પણ જીવોનો કચ્ચરઘાણ બોલાવશે.

જેઓ અરિહંતદેવને પામ્યા નથી તે તમામ ધર્મકારકોને પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુમાં જીવ છે એની ખબર નથી. તદ્દુપરાન્ત લીલ, ફુગ વગેરે અનન્તકાયમાં અનન્તા જીવો છે તેની પણ ખબર નથી. આથી જ તેઓ પંચાગ્નિ તપ, હોમ-હવનાદિ કરે છે; જેમાં ઢગલાબંધ જીવોની હિંસા થાય છે.

કોઈ પૂછે કે અજ્ઞાનતાથી જે હિંસા કરે તે દોષ કહેવાય ? તેનો જવાબ એ છે કે હા. દોષ કહેવાય. અજ્ઞાનતાથી બાબો અગ્નિને અડે તો ન દાઝે ?

અજ્ઞાનતાથી ઝેર ખવાઈ જવાય તો મૃત્યુ ન થાય ?

અંગ્રેજીમાં કહ્યું છે, **"Ignorance is not excuse"** : અજ્ઞાનપણું એ કાંઈ બચાવ નથી.

રસ્તાઓના ગતાગત - વ્યવહારનું અજ્ઞાનપણું હોવાથી ડ્રાઇવરે અવળે રસ્તે ગાડી દોડાવી હોય તો તેને પોલીસ પકડે છે અને પંદર રૂ. દંડ ભરાવે જ છે.

આ રીતે જીવોના અજ્ઞાનપણા સાથે જીવો મારે તેથી બચાવ મળે નહિ.

અજૈન લોકો, તેમનો "ધર્મ કરીને મોક્ષ પામે જ નહિ." એ વાત આ અપેક્ષાથી યથાર્થ છે. તે લોકો પૃથ્વી આદિ જીવોની ધર્મકરણમાં ય ખૂબ હિંસા કરતા હોય પછી શી રીતે મોક્ષ મળે ?

આ વાતનો નિષ્કર્ષ એ આવ્યો કે આધ્યાત્મિક માર્ગે 'જીવ' તત્ત્વનું જ્ઞાન હોવું તદ્દન આવશ્યક છે. દશવૈકાલિક સૂત્રમાં **जो जीवे वि न याणइ** ગાથા દ્વારા આ જ વાત કરી છે.

વિરાગી મુમુક્ષુને કશું ય જ્ઞાન ન હોય : કોઈ પુસ્તક ભણ્યો ન હોય : રે, નવકારમન્ત્ર પણ ન આવડતો હોય છતાં તેને અષ્ટ-પ્રવચનમાતાનું જ્ઞાન એકદમ આવશ્યક છે. તેટલા જ્ઞાનમાત્રથી માષતુષ મુનિને કૈવલ્યની પ્રાપ્તિ થઈ છે; તો શું મુનિપદની પ્રાપ્તિ ન થાય ?

એક બાજુ સાઠ હજાર વર્ષનો ઘોર તપ વગેરે કરવો અને જીવતત્ત્વનું ભાન નહિ હોવાના કારણે લીલ ખાઈને પારણું કરવું ? એ કેટલો મોટો વિરોધાભાસ કહેવાય ?

લીલમાં રહેલા અનન્ત જીવોની અજ્ઞાનતાદિના કારણે એ તાપસનો તપ મોક્ષ આપવા માટે નિષ્ફળ બની ગયો. એ તપ બાળ (અજ્ઞાનયુક્ત) તપ કહેવાયો.

આ રીતે અજ્ઞાન-તપ કરનારા ઘોર તપસ્વીઓ ગમે તેટલું સહન કરે તો ય તેમનો મોક્ષ કદી ન થાય. ખરેખર તો સહન કરવાથી કર્મક્ષય થતાં અવશ્ય મોક્ષ થાય; જે સહન કરવામાં ધરાર કાયર છે તેવા સુખશીલ સાધુઓમાં 'ધર્મ' કહી શકાય નહિ. અને

જેનાથી કશું સહાતું નથી તેણે પોતાને 'સાધુ' માનવાની ભૂલ કદી કરવી નહિ.

- **देहदुःखं महाफलं** અને **शरीरेणैव युद्धयन्ते** પદો દ્વારા જ્ઞાનીઓએ કર્મક્ષય હાંસલ કરવા માટે કાયકષ્ટને અત્યંત આવશ્યક જણાવેલ છે.

કેટલાક કહેવાતા મહાત્માઓ ખૂબ પરાર્થ કરે, ઘણા લોકોને બોધ આપીને ધર્મ પમાડે પણ જો તે પોતે કાયાને લગીરે દુઃખ આપવા માટે તૈયાર ન હોય : તેમના શિષ્યો અને ભક્તો તેમને ફૂલની જેમ સાચવતા હોય તો તેમનામાં "ધર્મ છે" એવું કહી શકાય નહિ. તેમનો પરાર્થ આભાસરૂપ કહેવાય. તેમનો ધર્મ એ ધર્મક્રિયા જ કહેવાય. તેનાથી ભોગસુખો મળી શકે પણ મોક્ષ તો ન જ મળે.

લોકોત્તર ધર્મના આરાધક મુનિઓ જો જીવદયાની બાબતમાં ભારે ઝીણવટભર્યું લક્ષ આપતા ન હોય; તે અંગેની વિશિષ્ટ કાળજી કરતાં ન હોય, એકાદ પણ જીવની હિંસા થઈ જાય તો જેમનું હૈયું ચીરાઈ જતું ન હોય તો દયાના પરિણામથી હીન તે મહાત્મા જીવોના પ્રકારોના જ્ઞાતા હોય તો ય નકામા છે.

બે વાત બનવી જોઈએ.

(૧) જીવોનું સૂક્ષ્મ જ્ઞાન.

(૨) અનશનાદિ કરીને સહન કરવારૂપ પુષ્કળ તપ.

જેને જીવ-તત્ત્વનો ખ્યાલ હોય અને જેના હૈયે જીવમાત્ર પ્રત્યે ખૂબ કરુણા છલકાઈ હોય તે જીવો વધુમાં વધુ તપ કરીને રહેશે. એ રીતે દેહને ખૂબ કષ્ટ આપશે. એ સ્થિતિમાં તેઓ દુઃખી નહિ હોય પરંતુ જીવરક્ષા થયા બદલના આનંદથી ઊભરાતા હશે.

જયણાના પાક્કા જ્ઞાની મહાત્મા જો કદાચ પ્રમાદવશ જીવવિરાધના કરી બેસે તો ય (તેના તીવ્ર પશ્ચાત્તાપથી)મોક્ષે જાય. અને ઘોર તપસ્વી એવો સંન્યાસી ઉત્કૃષ્ટથી માત્ર પાંચમા દેવલોકે જાય. આ વિધાન જ્ઞાનદશાના મહત્ત્વને સમજાવે છે.

■ ■ ■

**परियच्छंति य सव्वं जहट्ठियं अवितहं असंदिद्धं ।**
**तो जिणवयणविहिन्नु सहंति बहुअस्स बहुआइं ॥८३॥**

**અર્થ :** જે સાચા અર્થમાં જૈન સાધુ છે તેના આ લક્ષણો છે કે તેને જીવાદિતત્ત્વોનું પૂરું જ્ઞાન હોય છે. તે પણ યથાસ્થિત, અવિતથ અને સંદેહરહિત હોય છે.

આવા જિનવચનને સારી રીતે જાણનારા મહાત્મા ઘણાબધા જીવો તરફથી થતી ઘણીબધી પ્રતિકૂળતાઓને સ્વેચ્છાએ સહે છે.

**વિવેચન :** જે મહાત્માઓને જિનાગમોનું યથાર્થ જ્ઞાન છે તે મહાત્માઓ સામે ચડીને દુઃખોને વહોરી લેતા હોય છે અને તેને હસતે મોંએ સહતા હોય છે. કારણ કે તેમને ખબર છે કે કર્મોનો ક્ષય કર્યા વિના મોક્ષ શક્ય નથી. કર્મોનો ક્ષય શાસ્ત્રવિધિ પ્રમાણે હસતે મોંએ સહ્યા વિના શક્ય નથી.

પરમાત્મા મહાવીરદેવને આર્યભૂમિમાં દુઃખ ઓછું પડ્યું તો અનાર્ય ભૂમિમાં ધસી ગયા. વિકરાળ દુઃખોને વળગી ગયા. અતિશય કષ્ટો સહન કર્યા.

આપણને તો એવો વિચાર આવી જાય કે જો આટલું બધું દુઃખ વેઠ્યાથી જ કર્મક્ષય થઈને મોક્ષ મળતો હોય તો આપણે કાયમ માટે મોક્ષની આશા છોડી દેવી જોઈએ; કેમકે સામાન્ય કાંટો વાગે તોય તેનું દુઃખ સહાતું નથી તો દુઃખોના પહાડ તૂટી પડે; સંગમનું કાળચક્ર ધસી આવે; ગોશાળાની આગ વીંટળાઈ વળે, ચંડકૌશિકની ઝેરની પિચકારીઓ વછૂટે ત્યાં હર્ષસહિત સહન કરવાની કોઈ શક્યતા જણાતી નથી.

હા. આ કલ્પના તો સાચી જ છે. પણ સરળતાથી મોક્ષ પામવાનો ય એક માર્ગ છે. તે માર્ગેથી જ ઘણાબધા આત્માઓ મોક્ષ પામી શકે તેમ છે.

આ માર્ગ છે; પરસુકૃતોની ભારોભાર અનુમોદનાનો.

ભલે... પરમાત્મા મહાવીરદેવ જેવી ઉગ્ર સાધના ન કરી શકાય પરન્તુ તેમની સાધનાની પ્રશંસા તો બે મોંએ, ચોવીસે ય કલાક કરી શકાય ખરી કે નહિ ? આ રીતે જગતના જીવોના નાના-મોટા તમામ સુકૃતોની અનુમોદના થઈ શકે કે નહિ ?

આ અનુમોદના એવી વસ્તુ છે કે તેની સાથે પોતાના દુષ્કૃતોની ગર્હા થયા વિના રહે નહિ.

જેને મનમાં થાય કે "તમે મહાન" તેને તરત અંદરથી અવાજ આવી જ જાય, "હું શેતાન."

ટૂંકમાં આ બે વસ્તુઓ એક સિક્કાની બે બાજુઓ છે. બે એકબીજાની વિના ન રહી શકે.

જો કોઈને એમ લાગતું હોય કે, "હું સ્વદુષ્કૃતગર્હા કરી શકું છું પણ પરસુકૃતાનુમોદના કરી શકતો નથી." તો આ વાત બરોબર નથી. તેની દુષ્કૃતગર્હા વાસ્તવિક ન હોય; આભાસિક હોય તો જ તેના પ્રત્યાઘાતરૂપે આવી પડનારી સુકૃતાનુમોદના ન થાય.

આવું ઊલટું પણ સમજી લેવું.

ટૂંકમાં બે સાથે જ રહે છે.

હાય, અનાદિકાળના ઈર્ષ્યાના અને અહંકારનાં કાતિલ સંસ્કારોના જાગરણને લીધે આટલું ય કામ જીવ કરી શકતો નથી. ઈર્ષ્યા એને પરસુકૃતાનુમોદના થતી અટકાવે છે. અહંકાર સ્વદુષ્કૃતગર્હા અટકાવે છે.

માસખમણને પારણે માસખમણ કરવા સહેલા છે; સાધુત્વની ઉગ્ર સાધના

ય સહેલી છે પરન્તુ આ બે આરાધનાઓ અતિ મુશ્કેલ છે.

જે જીવો આ આરાધના ખરેખર કરતા હોય તેમને કોટિ કોટિ વંદન.

આપણે મૂળ વાતે આવીએ.

જે આત્મા શાસ્ત્રોનો સમ્યક્ અભ્યાસ કરીને જ્ઞાની બન્યો તે નિશ્ચિતપણે જૈનશાસ્ત્રના ઉત્સર્ગ-અપવાદનો, જ્ઞાન-ક્રિયાનો અને નિશ્ચય-વ્યવહારનો ઠોસ જાણકાર બન્યો.

આ આત્માને એ વાત એકદમ સ્પષ્ટ થાય કે માનવજીવન અને મુનિજીવન એળે જવા દેવું ન હોય તો ખૂબ કર્મક્ષય કરવો જ જોઈએ.

જો ખૂબ કર્મક્ષય કરવો જ હોય તા શાસ્ત્રસંમત રીતે ખૂબ સહન કરવું જ જોઈએ. પ્રતિકૂળ પરીષહો અને અનુકૂળ પરીષહો -તમામ-હસતે મોંએ સહવા જોઈએ. સહ્યા વિનાના શ્રુત, તપ, વિહારાદિ તમામ વિશિષ્ટ કર્મક્ષયકારી બનીને મોક્ષપ્રાપક બની શકતા નથી.

હવે સમજાય છે કે ખંધક મુનિ, ગજસુકુમાલ મુનિ, સ્કંદકસૂરિજીના પાંચસો શિષ્યો, અગ્નિકાપુત્ર આચાર્ય, કીર્તિધર અને સુકોશલ મુનિ વગેરે મહાત્માઓએ જે ખૂબ સહન કર્યું તે પરમપદને પ્રાપ્ત કરી લેવા માટે હતું.

જો પરમપદની પ્રાપ્તિ થઈને સંસાર-ભ્રમણના સકળ દુઃખોનો સદા માટે સર્વથા અન્ત આવી જતો હોય તો એક વાર 'ભલેને વધારામાં વધારે' સહન કરી લેવામાં ખોટનો ધંધો થયાનું શી રીતે કહેવાય ? અરે, આ તો નાનકડા ધંધામાં અબજો રૂ. ની કમાણી થઈ ગઈ કહેવાય.

વર્તમાનકાળમાં શ્રમણ-શ્રમણીઓ સામે ચડીને દુઃખો - ઉગ્ર દુઃખો - ઊભા કરે અને સહર્ષ સહે તે જુદી વાત છે; બાકી ભક્તો વગેરેની એટલી બધી અનુકૂળતાઓ થઈ છે કે સહન કરવા જેવું ભાગમાં કશું આવે તેમ નથી. આ સ્થિતિ સારી ન કહેવાય કેમ કે અનુકૂળતાની પ્રાપ્તિ પતનને નોતરતી હોય છે. (પ્રતિકૂળતાઓ ઉત્થાન તરફ લઈ જાય છે.)

આજના કાળમાં સામે ચડીને ધસી આવે એવું એક દુઃખ છે ખરું; જો તે ય બરોબર સહાય તો ઘણો કર્મક્ષય થાય.

આ દુઃખ છે; બીજાના કડવા વેણ સહવા તે.

ઘણાબધા આત્માઓ બીજાના કોઈ પણ કઠોર શબ્દને સહર્ષ સહી લેવા માટે તૈયાર નથી. આમાંથી બહુ ખરાબ પરિસ્થિતિનું સર્જન થાય છે. સંકલેશથી માંડીને સંઘર્ષ થાય છે. આક્ષેપો કરવાથી માંડીને મરણાન્ત આળ ચડાવાય છે.

વચનમાં કડવાશ તો કદી ન હોવી જોઈએ. કોઈ કડવાશના ઝેર ઓકી

નાંખે તો તેને સહી લેવાની શક્તિ અચૂક કેળવવી જોઈએ.

જે સંસારી લોકો - સાસુ, વહુ વગેરે એકબીજાના આક્રોશાદિને સહી શકતા નથી તેમનો સંસાર સળગી જાય છે. આખા કુટુંબનું જીવન અશાન્તિની આગમાં હોમાઈ જાય છે.

સાધુજીવનની સફળતા સહવામાં છે. એ માટે જે આત્મા નામકર જાય તેનું વર્તમાન જીવન સંક્લિષ્ટ બની જાય. પરલોકે નિશ્ચિત દુર્ગતિ થાય.

જિનવચનોને પીને પચાવી ગયેલા મહાત્માઓ સહન કરવાની વાતમાં માહીર હોય. તેવા વખતે તો ખાસ હસતા હોય. બીજાને આશ્ચર્ય થાય તેટલી બધી સહિષ્ણુતા : સમતા : ક્ષમા જોવા મળે.

યાદ રાખો; સહન કરવું એ જ સાધુપણું છે. તેના વિનાની તમામ સત્પ્રવૃત્તિઓ સ્વર્ગ દઈ શકશે પણ મોક્ષ તો નહિ જ આપી શકે.

કોઈ પણ જ્ઞાનગર્ભિત વિરાગી આત્માને મોક્ષથી ઓછું કદી ખપતું હોતું નથી.

ભલે ને આ ભવે આ ભરતમાંથી સીધો મોક્ષ શક્ય નહિ હોવાની વાત જ્ઞાનીઓ કરતા હોય; ભલે ને મહાવિદેહ ક્ષેત્રે સીમંધર ભગવાન સાક્ષાત્ મળવાની વાતો ચાલતી હોય પણ સાચો મુમુક્ષુ તો એક જ વાત કરશે કે, "જો પહોંચાતું હોય તો મારે આ જ ભવે મોક્ષમાં પહોંચવું છે. પછી મને સીમંધર ભગવાનમાં જરા ય રસ નથી.

મોક્ષની લગન તો આવી હોય ! આવા મહાત્માઓ તે મોક્ષ મેળવી લેવા એક વાર વધુમાં વધુ કષ્ટ સહી લેવા સહર્ષ તૈયાર હોય.

■ ■ ■

**जो जस्स वट्टए हियए सो तं ठावेइ सुंदरसहावं ।**
**वग्घी छावं जणणी भद्दं सोमं च मन्नइ ॥ ८४॥**

**અર્થ :** જેના હૈયે જે વસ્યું હોય તે તેને સારું લાગે. વાઘણને પોતાના હિંસક, અશાન્ત સંતાનો કેવા વહાલા લાગે છે ? તેમને તે તો સૌમ્ય અને ભદ્ર જ માનતી હોય છે.

**વિવેચન :** એક કહેવત છે : સીદી ભાઈને સીદકા વહાલાં.
કાળા હબસીને પોતાના કાળા-કાળામેંશ પણ સંતાનો વહાલા લાગે.
ભિખારણને ગંદુ-ગોબરું પણ પોતાનું સંતાન સારું લાગે.
તૂટેલું-ફૂટેલું પણ પોતાની માલિકીનું હોય તો સુંદર લાગે.

અજ્ઞાન તપસ્વીઓનો તપ હિંસામિલિત છે એટલે તેને ધર્મ કહેવાય નહિ પરન્તુ અણસમજુ તે તપસ્વીઓને તે તપ મોક્ષપ્રાપક લાગે. અત્યન્ત સુંદર લાગે.

આવા જીવોને જો મિથ્યાત્વનો જોરદાર ઉદય ચાલતો હોય તો ગમે તેટલું સમજાવવા છતાં તેઓ સત્યને સમજશે નહિ.

મિથ્યાત્વની સાથે કદાગ્રહભાવ એકરસ થયેલો હોવાથી આ જીવોની સાચું સ્વીકારવાની તૈયારી હોતી નથી.

ભલા ! આથી જ જ્ઞાનયોગનું ખૂબ મહત્ત્વ ગણાય. તેના વિના બધું નકામું કહેવાય. આ જ્ઞાન પણ સમ્યગ્ હોવું જોઈએ. નહિ તો સાડા નવ પૂર્વનું શાસ્ત્રજ્ઞાન ધરાવતા જીવો ભવભ્રમણ કરતા રહે છે.

જ્ઞાન એ જો સોનાની થાળી છે તો મિથ્યાત્વ એ લોઢાની મેખ છે. હવે શી કિંમત રહી તે થાળીની !

આમ નિષ્કર્ષ એ આવ્યો કે જ્ઞાન કરતાં ય સમ્યક્ત્વનું મહત્ત્વ વધુ છે. અરિહંતદેવાદિ ઉપર જેને દૃઢ શ્રદ્ધા હોય તે સમ્યક્ત્વી કહેવાય. તેનું લેશ પણ જ્ઞાન એકદમ ભવતારક બની જાય.

સાઠ હજાર વર્ષનો તામલીનો તપ કે જમાલિમુનિનો ઘોર તપ મિથ્યાત્વયુક્ત હોય ત્યારે અજ્ઞાનતપ કહેવાય. એની પ્રશંસા થઈ શકે નહિ.

અજ્ઞાન તપસ્વીઓને પોતાનો તપ અતિ ઉત્તમ જણાય તે તેમનામાં પડેલા મિથ્યાત્વનો પ્રભાવ છે.

■ ■ ■

**मणिकणगरयणधणपूरिअंमि भवणंमि सालिभद्दो वि ।**
**अन्नो वि किर मज्झ वि सामिओ त्ति जाओ विगयकामो ॥ ८५ ॥**

**અર્થ :-** મણિ, કંચન, રત્ન અને ધન વડે ચકચૂર ભરેલા, સાત મજલાના મહેલમાં રહેતા શાલિભદ્રને જ્યારે એ વાતની ખબર પડી કે "મારા માથે કોઈ નાથ (પરમાત્મા સિવાય) છે કે તરત તે ભોગસુખથી વિરક્ત બની ગયા; અને સાધુ (સમિતિથી યુક્ત-સમિત) બની ગયા.

**વિવેચન :** જગતમાં બનેલી આશ્ચર્યકારક ઘટનાઓમાં ચોરીમાં ગુણસાગરને કૈવલ્યની પ્રાપ્તિ, ભરત ચક્રવર્તીને વીંટી ઉતારતા વીતરાગતાની પ્રાપ્તિ, પરમાત્મા મહાવીરદેવને અઘોર ઉપસર્ગો, ગૌતમ ગણધરની અપૂર્વ લબ્ધિ, શ્રેયાંસનું પારણું,

ચંદનાએ બાકળાનું વહોરાવવું ગણાય છે; તેવી આશ્ચર્યજનક ઘટનામાં શાલિભદ્રનો સંસારત્યાગ ગણી શકાય.

એ ગોભદ્ર શેઠનો જન્મજાત શ્રીમંત દીકરો હતો. પિતા સ્વર્ગમાં જઈને તેના પ્રત્યેની મોહદશાથી રોજ નવ્વાણું દિવ્ય સામાન ભરેલી પેટીઓ મોકલતા. બીજી બાજુ અપ્સરાઓને ટક્કર મારે તેવી બત્રીસ પત્નીઓ હતી. ત્રીજી બાજુ બધી રીતનું પુણ્ય ઉગ્રરૂપે ઉદયમાં હતું. બધી ચિન્તા માતા કરતી. તેને કોઈ પણ વાતની ક્યારે ય ફિકર કરવી પડતી નહિ.

એ એટલો બધો તન, મનથી અને જીવનથી સુપ્રસન્ન હતો કે તેના સ્વર્ગ અને મોક્ષ આ ધરતી ઉપર અવતરી ગયા હતા. હવે એને ત્યાં ક્યાં ય જવાની જરૂર ન હતી.

અબજો રૂ. ની સંપત્તિ, નવ્વાણું દૈવી પેટીનું નિત્ય અવતરણ, અપ્સરાથી અધિક રૂપવંતી બત્રીસ પત્નીઓનું ઉત્કૃષ્ટ ભોગસુખ એના ચરણોમાં આળોટતું હતું છતાં એ વાત ચોક્કસ છે કે એના હૈયામાં ધર્મતત્ત્વ ખીચોખીચ ભરેલું હતું.

આ વાતની એક સાબિતી એ છે કે જ્યારે મગધપતિ શ્રેણિક તેની હવેલીમાં પધાર્યા ત્યારે ક્ષત્રિય-રિવાજ મુજબ મગધપતિ ભેટ્યા. પછી છૂટા પડ્યા એટલે શ્રેણિકે પૂછ્યું, "શાલિભદ્ર ! તમે શાતામાં છો ?"

જવાબ મળ્યો. "દેવગુરુપસાય."

જો શાલિભદ્રના હૈયે ધર્મની પ્રતિષ્ઠા ન થઈ હોત તો તે દેવગુરુને પામ્યાની ખુમારીને જણાવવાને બદલે કદાચ એમ કહેત કે, "હા હું શાતામાં છું."

દોમદોમ સાહેબીમાં ગળાબૂડ ડૂબેલાં માણસના અંતરમાં દેવગુરુ રમે તે કેવી અદ્ભુત વાત છે !

વળી જ્યારે માતાએ કહ્યું કે, "બેટા ! તું કહે છે કે, જો ઘરમાં શ્રેણિક આવ્યા હોય તો તેને વખારમાં નાંખ. અને જે પૈસા દેવાના થતા હોય તે દઈ દે. પણ આ શ્રેણિક તો મગધનો નાથ છે. એ તારો અને મારો ય નાથ છે. એને વખારમાં નાંખવાની વાત કરાય ?"

શાલિભદ્ર એ વાક્ય સાંભળીને ચોંકી ગયા કે, "શ્રેણિક મારો નાથ છે." શાલિના હૈયે વિચારોની ધારા ધસમસતા વેગે ચાલી. અંતરમાં એક જ સવાલ કે "મારે તો મહાવીર મારા નાથ. આ વળી બીજો કોણ મારો નાથ !"

શાલિએ માતા ભદ્રા સાથે ચર્ચા ઉપાડી. "મા ! મારા માથે તો એક

જ ધણી છે : પરમાત્મા મહાવીરદેવ. હું બીજા કોઈને મારા માથે 'ધણી' તરીકે સ્વીકારી શકું તેમ નથી. મારા 'મહાવીર' સાથે, મારા હૈયે બેસવાની લાયકાત ધરતીના કોઈ પણ માનવમાં નથી.''

માએ કહ્યું, ''બેટા ! તું સંસારમાં રહે છે એટલે તારા માથે રાજા એ ધણી તરીકે હોય જ. આપણે રૈયત કહેવાઈએ. તે આપણો ધણી કહેવાય.''

મા ! એવો કોઈ રસ્તો ખરો કે જેમાં રાજા મારા ધણી તરીકે મટી જાય ?''

શાલિભદ્ર મનોમન બોલ્યા, 'હટ્, આ તો મારા દેવનું કેવું ઘોર અપમાન ! એ મારો ધણી અને આ ય મારો ધણી !'

માએ કહ્યું, ''હા. એક રસ્તો છે. સંસારનો ત્યાગ કરીને દીક્ષા લેવાનો. જો તું સાધુ થાય તો તે તારો ધણી મટીને તારો દાસ બને. તારા ચરણોમાં પડે. તને વંદન કરે.'' માતાનું આ વાક્ય જાણે કે શાલિના માથે વીજળી પડી.

શાલિભદ્રે કહ્યું, ''મા ! તો હું દીક્ષા લઈશ. તે માટે જે કષ્ટો ભોગવવાં પડશે તે ભોગવીશ. તેથી મોક્ષ પામીશ પણ આ બલા તો મારે ટાળવી જ છે.

આ કેવી કમાલ થઈ ! ભોગની પરાકાષ્ટાએ ઊભેલો આત્મા ચાનક લાગતાં અચાનક સંયમના માર્ગનો પથિક બની ગયો. !

એકાદ પણ નારી પ્રત્યે વિકારથી જોયા વિના જેનાથી રહેવાતું ન હોય; પાંચ-દસ રૂપિયા પણ જેનાથી છૂટતા ન હોય, ખાનપાનાદિમાં જે આત્માઓ એકદમ લંપટ હોય તેમને શાલિભદ્રનું મહાભિનિષ્ક્રમણ સાંભળતાં જ ચક્કર આવી જશે.

આમ થવાનું કારણ એ હતું કે શાલિભદ્ર ભોગી હતો પણ ભોગલંપટ ન હતો.

જે આત્મા ભોગોની પાછળ ફરતો રહે તે ભોગલંપટ કહેવાય.

જે આત્માની પાછળ ભોગો દોડતાં આવે પણ મન થાય તો ભોગવાય નહિ તો ત્યાગી દેવાય તેવો આત્મા ભોગી કહેવાય; ભોગલંપટ નહિ. આવા અનાસક્ત ભોગીઓને જ્ઞાનીઓએ ત્રીજા પ્રકારના યોગી કહ્યા છે.

નાનકડી ચિનગારીએ શાલિભદ્રના ભોગમય જીવનને કાંડી લગાડી દીધી.

શાલિભદ્ર સાધુ [સમિતિયુક્ત] થયા.

શાલિભદ્ર નિષ્કામ બન્યા.

બહુ આશ્ચર્યજનક વાત તો એ છે કે સંસાર ત્યાગ્યા પછી આ મહાત્માએ તેને મનથી યાદ પણ કર્યો નથી.

મુનિ શાલિભદ્રે ઘોર સાધના કરી.

શરીર સાવ ખલાસ કર્યું. કાળુમેંશ કર્યું.

બધા ગણી શકાય તે રીતે હાડકાં અને પાંસળી બહાર આવી ગયા. ચાલતાં હાડકાં પરસ્પર ઘસાતાં અને 'કિચૂડ કિચૂડ' અવાજ કરતાં.

■ ■ ■

**न करंति जे तवसंजमं च ते तुल्लपाणिपायाणं ।**
**पुरिसा समपुरिसाणं अवस्सं पेसत्तणं उवेंति ॥८६॥**

**અર્થ :** જે આત્માઓ તપ, સંયમની આરાધના કરતા નથી તે આત્માઓ બીજા ઊંચી કક્ષાના આત્મા સરીખા હાથ, પગ વગેરેને ધારણ કરે છે છતાં તે આત્મા શેઠ બને છે અને આરાધનાહીન આત્મા નોકર બને છે.

**વિવેચન :** શાલિભદ્ર વિચારે છે કે, "મેં પૂર્વભવે તપ, સંયમની આરાધના નથી કરી કે પેલા શ્રેણિક રાજા મારા ધણી બન્યા અને હું તેનો દાસ બન્યો.

જો મેં તપ-સંયમની સુંદર આરાધના કરી હોત તો આ સેવ્ય-સેવકભાવ જોવા ન મળત."

જો કે શાલિભદ્રે પૂર્વના પોતાના સંગમક રબારીના ભવમાં માર્ગાનુસારિતાના પરાર્થગુણને સારી રીતે વિકસાવ્યો હતો. તેથી પુણ્યાનુબંધી પુણ્યકર્મનો બંધ કર્યો હતો. આના કારણે શાલિભદ્રને અનાસક્તિ સાથેનો વૈભવ પ્રાપ્ત થયો હતો.

પણ તો ય શ્રેણિકના જીવે પોતાના પૂર્વભવમાં એનાથી ચડિયાતું પુણ્ય બાંધ્યું હશે તો જ તે મગધના રાજા બન્યા.

ગ્રન્થકારશ્રી કહે છે કે આથી જ શ્રેણિક રાજા થયા અને શાલિભદ્ર સેવક થયા. કર્મોની સમાનતા હતી તો બેયને સમાન હાથ, પગ વગેરે મળ્યા. પણ કર્મોમાં જે અસમાનતા હતી તેથી એક રાજા થયો. બીજો સેવક થયો. આ વાત શાલિભદ્રને ખૂબ ખૂંચી. આમાંથી તેનું મહાભિનિષ્ક્રમણ થયું.

■ ■ ■

**सुंदरसुकुमाल सुहोइएण विविहेहिं तवविसेसेहिं ।**
**तह सोसविओ अप्पा जह न वि नाओ सभवणेपि ॥८७॥**

**અર્થ :** કાયાથી સુંદર, સુકુમાળ અને જીવનથી સુખશીલ એવા શાલિભદ્રે મુનિ થઈને એટલો બધો ઘોર તપ કર્યો કે તેથી શરીર સાવ શોષાઈ ગયું.

શરીર એવું તો શોષાઈ ગયું કે તે જ્યારે માતા ભદ્રાને ઘેર વહોરવા ગયા ત્યારે સેવક લોકો પણ પોતાના તે પુત્રને ઓળખી શક્યા નહિ.

**વિવેચન :** મેં પૂર્વે જણાવ્યું છે કે શાલિભદ્ર મુનિએ પોતાની કાયાને ઘોર અને ઉગ્ર તપ, સંયમના આરાધનથી સાવ શોષવી નાંખી હતી.

આટલું બધું સખત અનુષ્ઠાન કરવા પાછળ તે તે જીવોનું મોક્ષનું લક્ષ જ કારણભૂત હોય છે.

જેમને સંસારની દુઃખમયતા અને પાપમયતા સમજાઈ હોય તેઓ એ સંસારથી સર્વથા મુક્ત થઈને મોક્ષમાં જવા માટે કમર કસતા હોય છે. તેઓ એવું ગણિત મૂકે છે કે સંસારમાં દુઃખ સહ્યા વિના કોઈ સુખ ક્યાં મળે છે ? તો શા માટે મોક્ષનું અનંત, અવ્યાબાધ સુખ મેળવવા માટે વધુમાં વધુ સાત કે આઠ ભવનું સંયમજીવનનું કષ્ટ ન ભોગવવું ? જો આ કષ્ટ ન ભોગવાય તો સંસારનાં સુખો ભોગવીને સાતમી નારક સુધીના આગઝરતાં દુઃખો વારંવાર વેઠવા જ પડે.

એનો અર્થ એ થયો કે કાં સંયમજીવનના દુઃખોની સોય જેવી સજા; નહિ તો નારક સુધીમાં ઘોર દુઃખોની શૂળીની સજા.

બેમાંથી એક સજા નિશ્ચિત હોય તો ડાહ્યો માણસ સંયમજીવનની સોયની સજા જ કબૂલ કરે ને ?

જેમ સંસાર ભયાનક દુઃખોથી ઊભરાયેલો છે તેમ જ્ઞાનીઓના વચન પ્રમાણે મોક્ષ (સર્વકર્મક્ષયની સ્થિતિ) અફાટ આનંદથી ઊભરાયેલો છે. જેને આ આનંદની પ્રાપ્તિમાં ગુરુગમથી પાકી શ્રદ્ધા બેસી જાય તે દુઃખમય સંસારને કેમ ત્યાગી ન દે ? એવા સંસારમાં પુણ્યનો ઉદય થઈને થોડુંક સુખ મળી જાય તો તેમાં પાગલ બની ન જવાય. આ સુખ તો વીજનો ઝબૂકો છે. ઝબૂકો પૂરો થતાં દુઃખનું નકરું અંધારું જ અંધારું.

જૈનધર્મમાં રાજા મહારાજાઓ, શેઠિયાઓ, સુકુમારિકા નારીઓ વગેરે લાખો, ક્રોડો આત્માઓએ દીક્ષા લીધી છે. આનું કારણ તેમની જ્ઞાનદશા છે.

તેમને સંસારની અસારતા અને દુઃખમયતાનું જ્ઞાન થયું હોય કે સાક્ષાત્ કડવા ઝેર અનુભવો થયા હોય; વળી બીજી બાજુએ મોક્ષના અનંત આનંદમય સ્વરૂપનો ખ્યાલ આવ્યો હોય એટલે તે આત્માઓ સહેલાઈથી સંસારત્યાગ કરી શક્યા હતા. આજે પણ ઘણા બધા આત્માઓ સંયમના પંથે જાય છે; ઘોર તપ કરીને, ઉગ્ર સંયમ આરાધીને - ખૂબ સહીને—અપૂર્વ કર્મક્ષય કરે છે.

ધરા આવા આત્માઓના આત્મબળથી અને પુણ્યથી જ કંપતી નથી; સમંદરો માઝા મૂકતા નથી. બાકી ધરતી ઉપર પાપોએ તો એવી માઝા મૂકી છે કે શું નું શું થઈ જાય !

■ ■ ■

**दुद्धरंमुद्धोसकरं अवंतिसुकुमालमहरिसीचरियं ।**
**अप्पा वि नाम तह तज्जइति अच्छेरयं एअं ॥ ८८॥**

**અર્થ :** ખૂબ જ દુર્ધર અને સાંભળતાં ભયથી રોમાંચ ખડા થઈ જાય તેવું અયવંતિ સુકુમાલનું ચરિત્ર છે. આ મહાત્માએ પોતાના આત્માને એટલો બધો પરેશાન કર્યો કે જેથી એમ લાગે કે આ ચરિત્ર ખૂબ આશ્ચર્યજનક છે.

**વિવેચન** : અયવંતી સુકુમાલની સાધના મોક્ષલક્ષી ન હતી. હા. તે જરૂર એવું માનતા હતા કે "સાધના તો મોક્ષ માટે જ કરવી જોઈએ."

આવી માન્યતાના કારણે તેમનું નલિનીગુલ્મવિમાનનું સ્વર્ગસુખનું નિયાણું નિકાચિત નહિ બનતાં અનિકાચિત થયું હતું.

આ મહાત્માએ દીક્ષા લેતાંની સાથે દેહાન્ત સાધી લેવા માટે તે જ દિવસે આમરણ અનશનનો પંથ પકડી લીધો. તે સ્મશાન તરફ ગયા.

રસ્તામાં કાંટા વાગતાં પગેથી લોહીની ધાર ચાલી. એની સુગંધથી શિયાલણી ખેંચાઈ આવી. તે લોહી દ્વારા તેણે પગેરું કાઢ્યું. જ્યાં અવાવર ઘરમાં તે મહાત્મા કાયોત્સર્ગમાં હતા તે જગાએ તે પહોંચી ગઈ.

તેની સાથે પોતાના બચ્ચાં હતા. તેમણે જીવતે જીવ મહાત્માના અંગોને પગેથી ખાવાનું ચાલુ કર્યું. ચાર પ્રહરમાં મહાત્માનો દેહાન્ત થયો. પણ આ સમયમાં મહાત્માએ અસહ્ય વેદના ભોગવી.

અયવંતીસુકુમાલ દેવલોકના ભૌતિકસુખને પામવાની હઠે ચડીને કેવા કષ્ટમય જીવનમાં - ભલે થોડાક કલાકો માટે - મુકાઈ ગયા ! એમણે 'ઉફ'

કર્યા વિના બધું સહ્યું.

કેવી હશે એમને દિવ્ય ભોગસુખ પામવાની લગન કે તે છટકી ન જાય તે માટે તેમણે અત્યન્ત સાવધાન બનીને મરણાન્ત દુઃખ વેઠ્યું.

ઘણા સંસારી જીવો ભોગરસિક હોય તો ભોગોને પામવા માટે પુષ્કળ દુઃખ વેઠતા હોય છે. જ્ઞાનીઓ કહે છે કે જો એના લાખમા ભાગનું દુઃખ જો મોક્ષ પામવાના લક્ષ સાથે વેઠી લેવાય તો ઝટપટ મોક્ષ મળી જાય. પણ જીવને જે રીતે સંસારસુખ પ્રત્યક્ષ છે : અનુભૂત છે તે રીતે મોક્ષસુખનો અનુભવ નથી એટલે તેના પ્રત્યે રુચિ જાગતી નથી. સાવ જ 'અપ્રત્યક્ષ' સુખમાં લગન જગાડવી એ તો માત્ર નિકટમાં મોક્ષગામી જીવ માટે જ શક્ય છે.

પેલો કુમારનન્દી સોની.

અતિશય કામુક. ૫૦૦ નારીઓને પરણ્યો.

જ્યારે બે દેવીઓએ પરણવાની શરતમાં બળી મરીને દેવલોકે આવવા કહ્યું ત્યારે તેણે તેમ પણ કર્યું !

હાય, વાસનાની પૂર્તિ માટે કેટલું બધું વેઠ્યું.

અયવંતી-સુકુમાલને દેવલોકના સંસારસુખની કામના હતી તે ઝટપટ પામવા માટે સાધુ થઈને તરત સ્મશાને કાયોત્સર્ગપૂર્વક અનશન કર્યું.

કુમારનન્દી અને અયવંતી સુકુમાલમાં માત્ર સુખની તીવ્રતાનો ફરક છે. બાકી તો બે ય ખોટા છે. સંસારસુખની કામના કરવી એ જ ખોટી વાત છે પછી એ પામવા માટે કોઈ બળી મરે કે કોઈ અનશન કરે.

■ ■ ■

**अच्छूढसरीरघरा अन्नो जीवो सरीरमन्नं ति ।**
**धम्मस्स कारणे सुविहिया सरीरमपि छड्डंति ॥ ८९ ॥**

**અર્થ :** શરીરરૂપી ઘરની પરવા મૂકી દેનારા મુનિઓને જ્યારે એ વાતનો પાકો ખ્યાલ છે કે જીવ અન્ય છે અને શરીર અન્ય છે ત્યારે આવતા ભવોમાં ધર્મ પામવાનો ચાલુ રહે તે માટે શરીરનો ત્યાગ કરી દે છે.

**વિવેચન :** મહાત્માઓને 'ધર્મ' વહાલો લાગે છે. ધર્મ ભવોભવ મળતો રહે તેવી તેમની દૃઢ અપેક્ષા છે. આ માટે જો શરીર છોડી દેવું પડે તો તેઓ તૈયાર રહે છે.

શરીર છૂટી જાય પણ શરીર એ જ જીવ નથી. જીવ અલગ વસ્તુ છે માટે જો શરીરને અનશનાદિ તપ દ્વારા ખતમ કરાય તો ય જીવ તો કાયમ રહે છે. આ જીવમાં જ 'ધર્મ' રહે છે. જીવને ભવોભવ આગળ જવાનું હોવાથી તે 'ધર્મ'ને સાથે લઈ જઈ શકે છે. ના. શરીરને સાથે લઈ જવાતું નથી.

આ વાતના જાણકાર મહાત્માઓ શરીર ઉપર અનશનાદિ દ્વારા જુલમ કરતા હોય છે.

જ્ઞાનીઓ કહે છે કે સાચો સાધુ તે જે શરીર ઉપર ઉગ્ર તપ વગેરે કરવા દ્વારા ભયંકર અત્યાચાર કરતો હોય. જે આત્મામાં સંયમજીવનનો પરિણામ પૂરેપૂરો જીવંત બની ગયો હોય તેનામાં જડપદાર્થો પ્રત્યે વિરાગ અવશ્ય હોય. એમાં 'દેહ' પ્રત્યે તો ખાસ વિરાગ હોય.

વર્તમાનકાલીન કેટલાક અમારા જેવા સાધુઓમાં શાસનપ્રભાવકતા કે વિદ્વત્તા દેખાય છે પરન્તુ ભરપૂર વિરાગ જોવા મળતો નથી. આથી તેમનામાં વિષયાસક્તિ, સુખશીલતા, પ્રમાદ મોટા પ્રમાણમાં જોવા મળે છે. આવા પણ મહાત્માઓને જો પોતાની તેવી સ્થિતિ બદલ પારાવાર દુઃખ રહેતું હોય, તે વાતોનો એકરાર થયા કરતો હોય તો અલગ વાત છે. બાકી જો તેવું લેશ પણ દુઃખ ન હોય તો તેમની પ્રભાવકતા કે વિદ્વત્તા આભાસરૂપ કહેવાય. તેનાથી તો સ્વ અને પરનું પુષ્કળ અહિત થાય.

સાધુમાં વિરાગ અને પરલોકદૃષ્ટિજનિત પાપભય અવશ્ય હોવા જોઈએ. પછી તે તપ વગેરે ન પણ કરી શકે કે ન કરે તો ય એકવાર ચલાવી લેવાય પણ જેનામાં આવું કશું જણાતું નથી તેને તો સાધુના સ્વાંગમાં શેતાન જ કહેવો પડે.

આવા સાધુઓ શરીરની મોજમજા પામવા માટે ધર્મનો ત્યાગ કરતાં હોય છે. તેઓ કાંઈ ધર્મને સજ્જડ રીતે વળગી રહેવા માટે શરીરને સાચવતા નથી.

એક હાથમાં ઘીની દોણી અને બીજા હાથમાં છાશની દોણી હોય; સામેથી આખલો ધસમસતો આવી રહ્યો હોય, બે બાજુની દુકાનોના કોઈ થાંભલાને પકડી લઈને ચડી જવું પડે તેમ હોય, એ માટે બેમાંથી એક દોણી ફેંકવી જ પડે તેમ હોય ત્યારે છાશ જ ફેંકાય ને ? ઘી થોડું ફેંકાય ?

ધર્મ એ ઘી છે.

શરીર તે છાશ છે.

શરીર ભલે જાય. ધર્મ રહેતો હોય તો વાંધો નહિ. પણ શરીર રહે અને જો ધર્મ જાય તો તે ન પોસાય.

■ ■ ■

**एकदिवसं पि जीवो पव्वज्जमुवगओ अनन्मणो ।**
**जइ वि न पावइ मुक्खं अवस्सं वेमाणिओ होइ ॥९०॥**

**અર્થ :** જો મનના અત્યન્ત શુદ્ધ અધ્યવસાયોની સાથે કોઈ આત્મા એક દિવસ માટે પણ સાધુ થાય તો અવશ્ય મોક્ષ પામી જાય.

અને જો કદાચ તેને મોક્ષ ન મળે તો તે વૈમાનિક દેવ તો અવશ્ય થાય.

**વિવેચન :** તારક અરિહંત પરમાત્માએ જે ધર્મ અને ધર્મક્રિયાઓ (નિશ્ચય અને વ્યવહાર) બતાડ્યા છે તેની સ્વયં પુષ્કળ તાકાત છે. તેના દ્વારા વૈમાનિક દેવલોકોને વારંવાર પ્રાપ્ત કરવા એ કોઈ મોટી વાત નથી.

નવકારમન્ત્રનો 'ન' બોલવા કે સાંભળવા જીવને ત્યારે જ મળે જ્યારે ૬૯ કોટાકોટિ સાગરોપમ જેટલું મોહનીય કર્મ આત્મા ઉપરથી ઊખડી ગયેલું હોય. વળી તે વખતમાં જીવથી એવી અશુભ પરિણતિ પેદા ન થઈ શકે જેને લીધે તે મોહનીય કર્મનો વધુ મોટો બંધ થઈ જાય.

નવકારનું 'નમો' પદ સાંભળવા માત્રથી સાત સાગરોપમનું, આખું એક પદ બોલવાથી પચાસ સાગરોપમનું અને આખો નવકાર એક વાર બોલવાથી પાંચસો સાગરોપમનું નારકાયુ (નારકની અશાતા) ખતમ થઈ જાય.

આ બધું દ્રવ્યક્રિયાનું સામર્થ્ય છે. ભાવ ભળી જાય તો જીવ યાવત્ અન્તર્મુહૂર્તમાં મોક્ષ પામી જાય.

**इक्को वि नमुक्कारो** ગાથાથી આ જ વાત કરી છે.

અહીં એક વાત ખ્યાલમાં રાખવી કે જૈની ક્રિયાથી મોક્ષપ્રાપ્તિ તો જ થાય જો મોક્ષ પામવાનું અનન્યલક્ષ હોય.

આ શ્લોકમાં **अणण्णमणो** જે કહ્યું છે તેને આ રીતે પણ વિચારવું જોઈએ.

મોક્ષ પામવાનું લક્ષ જ ન હોય તેને તો મોક્ષ મળે જ નહિ. કેમકે મોક્ષ ધર્મ કરવાથી મળે છે. લક્ષ વિનાની ધર્મક્રિયા ધર્મ બની શકતી નથી. તે માત્ર ધર્મક્રિયા રહે છે. એનાથી વૈમાનિક દેવલોક મળી શકે ખરો. હા. મોક્ષલક્ષવાળાને પણ વૈમાનિક દેવલોક મળી શકે.

કોઈ સવાલ કરે છે કે સાધુધર્મની સાચી આરાધનાથી જો દેવલોક મળે - હા. વર્તમાનમાં તો દેવલોક જ મળે. - તો તે દેવલોકમાં રહેલી ભરપૂર ભોગસામગ્રીમાં આસક્ત થઈને સમ્યગ્દર્શન ગુમાવી દેવાનો પ્રસંગ નહિ આવે શું ?

સવાલ કરનારના હૈયે દેવલોકમાં પતન થઈ જવાનો ભય સતાવે છે. આ ભય ખોટો તો નથી પરન્તુ શાસ્ત્રની કાચી સમજનો જરૂર છે.

સાધુજીવનમાં જેણે સમ્યગ્દર્શનને અને ચારિત્રના પરિણામોને ખૂબ નિર્મળ કર્યા છે એને દેવલોકમાં પતન થવાનો કોઈ અવકાશ નથી. મુનિભવમાં જો તેણે શુદ્ધ બ્રહ્મચર્યાદિની આરાધના કરી હોય તો દેવીનો ગમે તેવો ગાઢ સંપર્ક પણ ગબડાવી શકતો નથી.

વળી એમ કહી શકાય કે મુનિજીવનમાં જે બ્રહ્મચર્ય પાળ્યું તે કેવું પાળ્યું છે ? તેની પરીક્ષા દેવલોકમાં લેવાય છે.

નારીથી બાર હાથ છેટા રહીને પાળેલું બ્રહ્મચર્ય તો જ સાચું કહેવાય જ્યારે નારી ચોંટી પડે તો ય વિકાર ન જાગે.

જેમ તપની સચ્ચાઈની પરીક્ષા પારણામાં છે; ધર્મીના ધર્મની સચ્ચાઈની પરીક્ષા તેને ઘેર ધાડ પડે તે વખતની સમતામાં છે તેમ બ્રહ્મ-વ્રતની પરીક્ષા દેવલોકમાં છે.

ભાઈ ! પરીક્ષા તો દેવી જ પડે ને !

વળી દેવલોકે પતન થવાનો ભય એ તો સત્વહીનતાનું લક્ષણ કહેવાય.

કોઈ ધર્માત્મા એવું વિચારે કે "મારા આરાધેલા ધર્મના પ્રભાવે મને ક્રોડપતિને ઘેર જન્મ ન મળજો જેથી મારું પતન થઈ જાય. મને ઝૂંપડપટ્ટીમાં જન્મ મળજો." આવી ભાવના સત્વહીન આત્માને થાય. સાત્ત્વિક આત્મા તો કહે, "ભલે ને સુખભરપૂર સ્થિતિમાં મને જન્મ મળે. હું ત્યાં પણ આજની જેમ વિરક્ત જ રહીશ."

કોક સત્વહીન એવું વિચારે કે "મારા ધર્મજનિતપુણ્યથી મને નીરોગી શરીર ન મળજો, કેમકે તેમ થતાં હું શરીરના ઘણા પાપો કરી બેસીશ. રોગી રહું એ જ સારું."

આ સ્થળે સત્ત્વશાળી આત્મા કહેશે, "ભલેને મને નીરોગી શરીર મળે. હું તેનાથી તપ વગેરે આરાધીશ. ના... કામભોગોમાં નહિ જ ફસાઉં."

જ્યારે ભરતક્ષેત્રમાં વર્તમાનકાળમાં અચ્છામાં અચ્છા આરાધક આત્માને વૈમાનિક દેવલોક સિવાય કશી પ્રાપ્તિ નથી ત્યારે પાછા પડવું એ અજ્ઞાનતા છે.

દેવલોકનો દેવ પણ ત્યાં ખૂબ ધર્મ કરી શકે છે. ભલે તે અવિરતિમાં

આવી ગયો છે પણ પ્રભુભક્તિ, તીર્થયાત્રા, જિનવાણીશ્રવણ તો તે ધારે તેટલું તેને મળે.

વળી આ ભવમાં તેને માતાની કૂખેથી જન્મ નહિ એટલે ગર્ભકાળની અને પ્રસૂતિની કોઈ પીડા નહિ. તથા બાલ્યસમયની ચેષ્ટાઓ, અણઆવડતો, પરાધીનતા વગેરે નહિ. એને નીરોગી શરીર મળે અને રિબામણરહિત મોત મળે એ વધારામાં.

બાકી 'અવિરતિ'નો ઉદય તો ત્યાં છે જ. ભાઈ ! મુનિજીવનના વિરતિના ઉદયકાળમાં પાપકર્મક્ષય થાય છે, પુણ્યકર્મક્ષય ક્યાં કરવો ? તે દેવજીવનના કાળમાં ભોગોને અનાસક્તિથી ભોગવી લેવાથી થાય છે.

બે ય કર્મક્ષય થાય ત્યારે મોક્ષ મળે.

કેવું અદ્ભુત રચનાયુક્ત, સર્વાંગસુંદર, સર્વોપરી, સર્વતન્ત્રસ્વતન્ત્ર છે; મુનિજીવન !

મુનિના ભવમાં સ્વને ધર્મ કરવાથી ખૂબ આનંદ; અને પરને અભયવચનાદિથી આનંદ. વળી પોતાને પરલોકે પણ અનાસક્ત ભોગવટાથી આનંદ.

સ્વ, પર અને પરાત્મા - ત્રણેયની સ્થિતિ એકદમ સલામત !

હાય, માનવજાત સંસારમાં રહીને કેટલા બધા દુઃખોથી અને દોષોથી ઘેરાયેલી છે ! આમ છતાં તેને મુનિ થવું ગમતું નથી. તેનું કષ્ટ તેને ભારે લાગે છે.

ભોગો ભોગવવાથી જે પુષ્કળ પાપકર્મબંધ થાય છે તેના પરિણામમાં નારકાદિ ગતિના દુઃખોની તુલનામાં મુનિત્વના દુઃખો કોઈ વિસાતમાં નથી.

વળી સ્વેચ્છાથી સહાય તે દુઃખમાં દુઃખનો અનુભવ ન થાય; આનંદ જ અનુભવાય.

*પ્રસૂતિના દુઃખમાં દુઃખ ગણાતું નથી, સંતાનપ્રાપ્તિનો આનંદ જ અનુભવાય છે.

કડવી દવાના સેવનથી જો રોગ નિર્મૂળ થતો હોય તો કડવી દવા લેવામાં અન્તે તો આનંદ આવે.

■ ■ ■

**सीसावेढेण सिरिंमि वेढिए निग्गयाणि अच्छीणि ।**
**मेयज्जस्स भगवओ न य सो मणसावि परिकुविओ ॥ ९१ ॥**

**અર્થ :** લીલી ચામરની વાધર વડે સોનીએ મેતાર્ય મુનિનું મસ્તક વીંટાળી દીધું; તેથી આંખો બહાર નીકળી ગઈ. પરન્તુ તે મુનિ સોની ઉપર ક્રોધે

ભરાયા નહિ.

**વિવેચન :** એ સોની મગધપતિને માટે રોજ સોનાના જવ તૈયાર કરતો. મગધપતિ સાથિયો કરીને પ્રભુભક્તિ કરતા.

તે જવલા ઘડતો હતો ત્યારે મેતાર્ય મુનિ તેના ઘરમાં વહોરવા ગયા.

હજી વહોરી રહ્યા છે ત્યાં ઘડાતાં જવલાને અનાજના દાણા માનીને ક્રૌંચ પક્ષી ખાઈ ગયું. મુનિ વહોરીને બહાર નીકળી ગયા. આહારપાણી કરીને ક્યાંક કાયોત્સર્ગમાં ઊભા રહી ગયા.

પેલો સોની ઘરમાંથી બહાર નીકળ્યો ત્યારે જવ નહિ જડતાં સાધુએ ચોર્યાની શંકા પડી. તેમની શોધ કરતો મુનિ પાસે પહોંચી ગયો. યોગાનુયોગ તે પક્ષી ત્યાં જ કોઈ ઝાડ ઉપર બેઠું હતું.

સોનીએ મુનિની કડક પૂછતાછ કરી. પંખીનો જાન જવાના ભયથી કરુણાર્ત મુનિ મૌન રહ્યા. સોની ક્રોધે ભરાયો. તેણે ચામડાનું વાધર મસ્તકે લપેટ્યું. તે ચાલી ગયો. સૂર્યના તાપથી તે વાધર વધુને વધુ ભીંસાતું ગયું. ખોપરી ફાટવા લાગી. પૂર્ણ સમાધિ સાથે મુનિએ દેહ છોડી દીધો.

જ્ઞાનીઓ કહે છે કે મુનિએ ખૂબ સહન કરીને મોક્ષ પ્રાપ્ત કર્યો.

અહીં એ વાત જોવી કે જે સહન કર્યું તેની સાથે જ ક્રૌંચ પંખી પ્રત્યે ક્ષમા ધારણ કરી. આનો અર્થ એ થયો કે જો તમે કોઈના દોષને માફી આપી દેવા માંગતા હો તો તમારે એકપક્ષી રીતે બધું સહી લેવું પડે. જો તમે સહન કરી શકતા ન હો તો તમે ક્ષમા આપી શકશો નહિ.

જેમ છકી નહિ જવા દ્વારા સુખ સહાય છે; ડગી નહિ જવા દ્વારા દુઃખ સહાય છે તેમ ક્ષમા આપી દેવા દ્વારા દોષ સહાય છે.

મુનિધર્મમાં તો ક્ષમાને સૌથી પહેલો ધર્મ કહેવામાં આવ્યો છે. આના વિના વિરતિધર્મની ગાડી મોક્ષ તરફ તસુભર પણ ચાલી શકતી નથી..

જેની પાસે સહવાની (એટલે કે ક્ષમા દેવાની) શક્તિ નથી તે આત્મા કુટુંબમાં અને ગચ્છમાં સંકલેશ અને સંઘર્ષ ઉત્પન્ન કરે છે. આ જીવ સહુ માટે ખૂબ ભારરૂપ બને છે.

દરેક વ્યક્તિએ સહન કરવું જોઈએ.

મેતાર્યમુનિએ દુઃખ સહ્યું તો તે સોનીને ક્ષમા આપી શક્યા.

અનંતા ભવોના ભ્રમણ પછી પણ જે નથી મળતો તે મોક્ષ જો કાળજું

કઠણ કરીને એક ભવમાં બરોબર સહી લેવાય તો તરત મોક્ષ પ્રાપ્ત થઈ જાય.

બેશક, સાધુત્વની સાધના ખૂબ કઠિન છે. પણ ભલા ! મોક્ષ પામવો એ ય ખૂબ કઠિન છે. જો તે સહેલો હોત તો સાધુત્વની સાધના પણ સહેલી હોત. છતાં જો સાચા દિલથી, દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદના સેવવાપૂર્વક પાયાનું - અષ્ટ પ્રવચનમાતાના જ્ઞાનપૂર્વકપાલનનું-સાધુજીવન પળાય તો મોક્ષ થવામાં વાર લાગે તેમ નથી.

દુ:ખની વાત એ છે કે આ પાયાનું જીવન અહંકાર, ઈર્ષ્યા આદિના કારણે મુશ્કેલ બન્યું છે અને માસખમણોના ઘોર તપ સોપારીના ટુકડા જેવા બન્યા છે. સંભવ છે કે તેમાં અહંકારને પોષવાના ગલગલિયા ખૂબ મળતા હોય.

જ્ઞાનીઓ કહે છે કે ઉપર્યુક્ત પ્રકારનું જઘન્ય કક્ષાનું પણ સાધુજીવન જો સરસ રીતે એક ભવ માટે પળાય તો તે બીજનો એવો અનુબંધ પડે કે સાત ભવ સુધી તેવું નિરતિચાર સાધુત્વ મળે. પછી તરત મોક્ષ થાય.

કાશ ! સંસાર ત્યાગવા છતાં તે તરફ જે આત્માને તિરસ્કાર છૂટ્યો ન હોય અને સાધુવેષ લેવા છતાં તેનો અપૂર્વ આનંદ અંતરમાં ઉછળતો ન હોય તો માત્ર વેષધારણથી શી રીતે મોક્ષ મળી જાય? અરે ! ભાવવિહીન વેષધારણ તો એવું પાપાનુબંધી પુણ્ય બંધાવે જેના ઉદયકાળમાં તે જીવ ચિક્કાર પાપો કરતો રહે. એક વાર તો એમ કહેવાનું મન થાય કે આ જીવ પુણ્યોદય પામીને સુખી થયો હોત તો સારો હતો.

આ શ્લોકમાં મેતાર્ય મુનિની વાત કરી છે. તેમાં છેલ્લા ચરણમાં કહ્યું છે કે, "તે મહામુનિ મનથી પણ ગુસ્સે ભરાયા નહિ."

આ વાત ખૂબ મહત્ત્વની છે. એક સાધુને નિર્દોષ હોવા છતાં આળ ચડાવીને કોઈ જાનથી મારી નાંખે અને તોય પોતાનો કશો ખુલાસો કે બચાવ ન કરાય; વળી તેની હત્યાનો પ્રતીકાર પણ ન થાય; અરે, તેના માટે લેશ પણ ખરાબ વિચાર ન આવે એ તો જિનશાસન પામ્યા સિવાય પ્રાયઃ ક્યાં ય શક્ય નથી. બેશક, રમણ મહર્ષિ વગેરે કેટલાકના પ્રસંગો જાણવા મળે છે પણ તે અપવાદરૂપ છે.

તારક તીર્થંકરદેવ પરમાત્મા મહાવીરસ્વામીજીની સાધનાના સાડા બાર વર્ષોમાં એકધારા ઉપસર્ગોના જે ઝંઝાવાત ત્રાટક્યા તે જાણનારા ભક્તોમાં આફતોને સહર્ષ સહવાની શક્તિ સહેલાઈથી આવી જાય. શત્રુને જીતવા માટે

ધસી ગયેલો જવાન કેટલી સહેલાઈથી મોતના મુખમાં ધસે છે ! રે, તેને તો યુદ્ધભૂમિ ઉપર જ મરવાના હોંશ હોય છે; કેમકે તેથી સ્વર્ગ મળે તેવો તેનો ખ્યાલ હોય છે.

તો મોક્ષપ્રાપ્તિ કરવા માટે ખૂંખાર કર્મશત્રુઓના સૈન્ય સામે સાધક સાનંદ કેમ ધસી ન જાય !

જે 'મોક્ષ'ની પ્રાપ્તિ છે તે પદાર્થ એટલો બધો લોભામણો છે કે સાધકો તેને પામવા માટે પાગલ થઈ જાય છે.

વર્તમાનકાળના વિષમ પ્રભાવને લીધે અર્વાચીન મુનિઓને બહુધા મોક્ષરસ જણાતો નથી. તેમના વ્યવહારાભાસ પ્રધાન જીવનને જોઈને આ અનુમાન થઈ જાય છે. તેઓ શાસ્ત્રોએ આલેખેલી મર્યાદાઓને ઉલ્લંઘી જઈને ખાનપાન, માનપાનમાં તણાય છે. 'નારી'નો સંગ તેમને સુંવાળો લાગે છે. આમાં કેટલાય સાધુઓ ભાવપ્રાણ ખોઈ બેઠા છે.

તે જ સાધુ છે; તેનામાં જ ખાનદાની છે જે સાધુ નિશ્ચયને લક્ષમાં રાખીને વ્યવહારમાર્ગનું કટ્ટર સાધુજીવન જીવે છે.

વિજાતીય સાથે હસીખુશીથી વાતો કરે; મીઠાઈઓ કે ફળોના ભોજન જેને ખૂબ ભાવે અને 'પ્રમાદ' જેનું જીવન બની જાય તેને સાધુ કહેવાય નહિ.

સાધુ લગભગ મૌન હોય.

સાધુ સહવા માટે સજ્જ હોય.

સાધુ જિનાજ્ઞાઓનો માશૂક હોય.

સાધુ ઉપકારી ગુરુનો પરમ ભક્ત હોય. વંદન છે તેવા મુનિઓને.

■ ■ ■

**जो चंदणेण आलिंपइ वासिणा वि तच्छेइ ।**
**संथुणइ जो अ निंदइ महरिसिणो तत्थ समभावा ॥१२॥**

**અર્થ :** કોઈ શરીર ઉપર ઠંડું ચંદન લગાડે કે શરીરને વાંસલીની ધારથી છોલી નાંખે; કોઈ પ્રશંસા કરે કે કોઈ નિન્દા કરે.... જે મહાત્માઓ છે તે સહુ પ્રત્યે સમભાવવાળા હોય છે.

**વિવેચન :** પરમાત્મા મહાવીરદેવનો ભક્ત કૌશિક (ઇન્દ્ર) અને દુશ્મન પણ કૌશિક (ચંડકૌશિક). બે ય કૌશિક ઉપર સમભાવ.

પરમાત્મા પાર્શ્વનાથને ભક્તિ કરતાં ધરણેન્દ્ર તરફ અને ઉપસર્ગો કરીને પરેશાન કરતાં કમઠ તરફ સમભાવ.

આ સમતા વિના વીતરાગતાની પ્રાપ્તિ અસંભવિત ગણાય. વીતરાગતા વિના મુક્તિ મળી શકે નહિ.

માર્ગાનુસારિતાની કક્ષામાં કરુણા હોય; સમ્યગ્દર્શનની કક્ષામાં વિરાગ હોય; સર્વવિરતિની કક્ષામાં સમતા હોય. એની ઉત્કૃષ્ટ સ્થિતિમાં અપ્રમાદ હોય.

બસ. હવે વીતરાગતાની પ્રાપ્તિ માટે એક જ છલાંગ બાકી રહે.

સહુનું લક્ષ સમતા હોવું જોઈએ.

સર્વ પ્રત્યે સ્નેહભાવ : સ્નેહપરિણામ : મધુરપરિણામ એનું નામ સમતા.

જૈનદર્શનની આ સમતાને લાખો જૈન સાધુઓએ પેટ ભરીને અનુભવી. એનો પડઘો અજૈન દર્શનોના અનુયાયીઓ - પ્રભુભક્તો અને સંતો ઉપર પડ્યો. ત્યાં પણ લાખો આત્માઓએ સમતાને સ્પર્શી.

જુઓ રમણ મહર્ષિને ચોરો દ્વારા પડી રહેલો માર.. લોહીલુહાણ થયા છતાં ન ઉદ્વેગ, ન ક્રોધ, ઊલટો સ્નેહભાવ.

જુઓ કબીર ઉપર આળ મુકાયું. ભારે પરેશાની કરી. છતાં કોઈ ઉપર લેશમાત્ર અસદ્ભાવ તો નહિ પરન્તુ પોતાની ઉપર તૂટી પડેલા ઝનૂની લોકોમાં ભગવાનનું દર્શન. વેશ્યા ભગવાન, દુશ્મનો ભગવાન, સહુ ભગવાન.

આવા તો ઢગલાબંધ પ્રસંગો ટાંકી શકાય.

ખેર... જૈન સાધુઓના ઘરના આંગણે સમતાની અમૃતવેલ ઊગી છે. તેમણે તો તેને ભરી ભરીને માણવી જોઈએ.

તેમને શત્રુ ન હોય. પણ જેઓ તેમને શત્રુ માનતા હોય તેમની ઉપર પણ તેઓ નકરો સ્નેહભાવ દાખવતા હોય.

વીર તેને કહેવાય જે કોઈથી ન ડરે.

મહાવીર તેને કહેવાય જેનાથી કોઈ ન ડરે.

અનાદિકાળથી જીવ સંસારમાં પરિભ્રમણ કરતો હોય તો તેનું મુખ્ય કારણ જીવો પ્રત્યે ધિક્કારભાવ છે. આપણા જીવને તે જીવો બિલકુલ ગમતા નથી જે આપણો સ્વાર્થ સાધતા નથી. સ્વાર્થ સાધનારા જીવો પણ જો તે કામ છોડી દે તો તેમના પ્રત્યે પણ ધિક્કાર શરૂ થઈ જાય છે.

જીવ જયારે કાળક્રમે લઘુકર્મી બને છે ત્યારે જ તેને અન્ય જીવો પ્રત્યે ધિક્કાર થતો નથી. હવે તો તેને જીવો વહાલા લાગે છે. નિકટમાં મોક્ષગામી જીવનું આ મુખ્ય લક્ષણ છે : જીવસ્નેહભાવ : સર્વજીવ સાથે સ્નેહપરિણામ.

વળી પોતાની જાત પ્રત્યેનો અહંભાવ પણ ખતમ થવા લાગે છે.

આથી જ કોઈ પોતાનું બહુમાન કે સન્માન કરે તેવી તેને અપેક્ષા હોતી નથી. આથી જ તેની જે વાસના હતી કે સહુ તેનું સન્માન કરે, તેની વાહવાહ કરે તે વાસના ખતમ થવાથી હવે તેને તેવી વાતોમાં કોઈ રસ રહેતો નથી.

આ વાતને લેખકશ્રી કહે છે કે, "ચંદનનો લેપ કરાય તો આનંદ નહિ; વાસલીથી કોઈ ચામડીને છોલી નાંખે તો શોક પણ નહિ. અરે, જાનથી મારી નાંખે તો ય પરવા નહિ.

સમતાની આ કેટલી બધી સુંદર અવસ્થા છે ! એનું સ્વરૂપ સાંભળવા માત્રથી આત્મા આનંદિત બની જાય છે.

પોતાની પ્રશંસાને સાંભળતાં જો ગલગલિયાં થાય તો તમે મૃત્યુ પામ્યા છો એમ સમજવું. તમે બીજાની નિંદા કરો છો ત્યારે તમે બીજાને મારી નાંખો છો તે વાત ભૂલવી નહિ.

મહાભારતમાં વ્યાસમુનિએ ગાંડીવધનુષ્યને લીધે યુધિષ્ઠિર અને અર્જુન વચ્ચે થયેલા ઝઘડાની વાતમાં આ વસ્તુ સરસ રીતે સમજાવી છે.

જો કોઈ માણસ તમારી સ્તુતિ કરે તો તેનાથી ફુલાઈ ન જવાય તે માટે પચાસ ટકા ઓછા કરી દેવા. જો કોઈ તમારી નિન્દા કરે તો તેનાથી ગુસ્સો ન આવે તે માટે પચાસ ટકા ઓછા કરી દેવા.

■ ■ ■

**सीहगिरिसुसीसाणं भद्दं गुरुवयणसद्दहंताणं ।**
**वयरो किर दाहि वायणत्ति न विकोविअं वयणं ॥९३॥**

**અર્થ :** સિંહગિરિ મહારાજના ગુરુવચન ઉપર શ્રદ્ધા ધારણ કરતા શિષ્યોનું કલ્યાણ થાઓ. "વજ્ર તમને વાચના આપશે." એવું ગુરુએ કહ્યું ત્યારે જેમણે તેમનું આ વચન ઉત્થાપ્યું નહિ.

**વિવેચન :** એક વાર ગુરુ સિંહગિરિ મહારાજને સાવ નાનકડા વજ્રની ઉત્કૃષ્ટ જ્ઞાનદશાનો ખ્યાલ આવ્યો. આવા જ્ઞાની સાધુની, "તે સાવ બાળક છે." એવું વિચારીને વાતે વાતે સાધુઓ તર્જના ન કરી દે એટલે તેના જ્ઞાનવૈભવનો ખ્યાલ આપવા માટે ગુરુએ શિષ્યોને કહ્યું, "આજે મારી ગેરહાજરીમાં તમને વજ્ર મુનિ વાચના આપશે."

આ શબ્દો સાંભળીને, 'તહત્તિ' કરીને સાધુઓએ બાળ વજ્ર મુનિ પાસે વાચના લીધી; જે તેમને અતિશય અદ્ભુત લાગી.

ગ્રન્થકારશ્રી કહે છે કે તે શિષ્યો ગુરુને કેટલા બધા સમર્પિત હશે કે તેમણે 'ગુરુ જે કહે તે તહત્તિ' કરી લીધું.

સંસાર ત્યાગીને સાધુ થવાય પણ મન ત્યાગ્યા પછી જ શિષ્ય બનાય.

જંગલમાં થાકેલો શિષ્ય સંન્યાસી ગુરુના ખોળામાં માથું મૂકીને ઘસઘસાટ ઊંઘી ગયો. શિષ્યને ઊંઘમાં ખલેલ ન પડે તે માટે ગુરુ એકદમ સ્થિર બનીને રહ્યા.

થોડી વારે દૈવી સાપ આવ્યો. તેણે શિષ્યને ડંખ મારીને પ્રાણ લેવાની ઇચ્છા દર્શાવી. ગુરુએ ધરાર ઇન્કાર કરતાં તેણે ગ્લાસ ભરીને લોહી માંગ્યું. તરત ઝોળીમાંથી છરી કાઢીને શિષ્યનું માથું સખ્ત પકડી રાખીને ધોરી નસ ઉપર છરી ફેરવી. લોહીની ધાર વછૂટી. ગ્લાસમાં લોહી ભરી લીધું. તે વખતે શિષ્યની આંખ ઊઘડી. ગુરુને છરી ફેરવતા જોયા. તરત ઊંઘી ગયો.

જ્યારે તે જાગ્યો ત્યારે ગુરુએ તેને પૂછ્યું, "જ્યારે તેં મને છરી વડે ધોરી નસ કાપતો જોયો ત્યારે તું ઊભો કેમ ન થઈ ગયો ? તેં વિરોધ કેમ ન કર્યો ? તેં ચીસ કેમ ન પાડી ?"

શિષ્યે કહ્યું, "ગુરુ જે કરે તે બધું બરોબર હોય. એટલું વિચારીને મેં કશું ન કર્યું."

દરેક સાધુને સર્વ વાતે ગુરુ ઉપર આવો અટલ વિશ્વાસ હોવો જોઈએ. આમ થાય તો જ ગુરુકૃપાની પ્રાપ્તિ થાય; જેના કારણે મુનિજીવનમાં સર્વત્ર પ્રગતિ થાય. શિષ્યના જીવનનું એકમેવ મંગલ ગુરુકૃપા છે. તેને પામવા માટે અપવાદ વિના ગુરુસમર્પણ કેળવવું જોઈએ.

ખરેખર તો ગુરુ પ્રત્યેનો ભરપૂર અહોભાવ જ શિષ્યના જીવનનો વિકાસ કરે છે; ભલે કદાચ ગુરુની કૃપા (પ્રસન્નતા) ન પણ મળે. એકલવ્યની ઉપર ગુરુ દ્રોણાચાર્યની કૃપા ક્યાં હતી ? અરે, એ તો એનો વિકાસ રૂંધવા માટે તેનો અંગૂઠો કાપી લેવા ઇચ્છતા હતા. તેમ કરીને જ જપ્યા. આમ છતાં એકપક્ષી રીતે એકલવ્યને ગુરુ ઉપર અપ્રતીમ અહોભાવ હતો એટલે તે સવાઈ અર્જુનની શક્તિ પામી શક્યો.

મુનિ-જીવનની સફળતા મોહનીયકર્મના ક્ષયોપશમથી છે. આ ક્ષયોપશમ દેવની ભક્તિ કે ગુરુની કૃપા વિના પ્રાપ્ત થઈ શકતો નથી. મોહનીય કર્મનો

જો ઉદય રહે તો જીવનમાં કામ, ક્રોધાદિ ઘણા દોષો જાગ્રત થાય. એનાથી મુનિપણું ખતમ થાય.

વેદોમાં ગુરુમહિમા વિશેષ ગવાયો છે. એક જગાએ કહ્યું છે,

**"પ્રભુ સેવા સોલહ વરસ, ગુરુસેવા પલ ચાર;**
**તો ભી નહિ બરોબરી વેદન કીઓ વિચાર."**

જે રીતે ગુરુ ગૌતમ પરમગુરુ પરમાત્મા મહાવીરદેવના અનન્ય ભક્ત હતા તે રીતે તમામ સાધુઓએ ગુરુભક્ત બનવું જોઈએ..

આધ્યાત્મિક વિકાસમાં સૌથી વધુ બાધક દોષ અહંકાર છે; અને સાધક ગુણ નમસ્કાર છે.

દેવગુરુભક્તિથી અહંકાર તૂટે છે અને નમસ્કારભાવ પૂરબહારમાં સધાય છે.

એક વર્ષનો ઘોર તપ કરી ચૂકેલા બાહુબલિજી અહંકાર દોષના કારણે કૈવલ્ય પામી શક્યા ન હતા. જેવો તે દોષ તૂટ્યો કે તત્ક્ષણ તેમને કૈવલ્યની પ્રાપ્તિ થઈ.

સ્થૂલભદ્રજીમાં વિદ્યાનો અહંકાર સળવળી ઊઠેલો જોઈને ગુરુએ તેમને વિદ્યાદાન(અર્થથી) બંધ કરી દીધું. સ્થૂલભદ્રજી અને આખો જૈન સંઘ ખૂબ કરગર્યો તો ય ગુરુએ છેલ્લા ચાર પૂર્વો અર્થથી તો ન જ ભણાવ્યા.

આ બે દૃષ્ટાન્તો ઉપરથી એ વાતનો ખ્યાલ આવશે કે 'અહંકાર' એ કેટલો મોટો દોષ છે ? જેનામાં આ દોષ ન દેખાય તેને કોટિ કોટિ વંદન. અચ્છા અચ્છા રૂસ્તમો પણ અહંકારનો શિકાર બનેલા દેખાય છે. જે મહાત્માને લઘુતા સ્પર્શી છે તે કલિકાલના ભગવાન છે.

પેલા કવિએ સાચું કહ્યું છે :

**" અહં રે અહં તું જા ને મરી, પછી મારામાં બાકી રહે તે હરિ."**

પ્રસ્તુત પ્રસંગમાં વજ્ર મુનિને પોતાના જ્ઞાનનો અહંકાર ન હતો તો તે રીતે તેમની પાસે પાઠ લેવા તૈયાર થઈ ગયેલા સાધુઓને પોતાની મોટાઈનો અહંકાર ન હતો. આમ બેય પક્ષ મહાન હતા.

અધ્યાત્મભાવને એ કાળ કેટલો અનુકૂળ હશે કે આવા પ્રસંગો બન્યા કરતા હશે !

આજની કમનસીબીની તો શી વાત કરવી !

પદવી આદિના નિમિત્તથી જે આસમાનને અડેલો અહંકાર મુનિઓમાં

જોવા મળે છે ત્યારે માથું કામ કરતું નથી. કાંઈ સૂઝતું પણ ન હતું. આજના ત્યાગી, તપસ્વી, જ્ઞાની, આરાધક, પ્રભાવક મુનિઓ કરતાં ભૂતકાળના મુનિઓ અતિ ઉત્કૃષ્ટ હતા તે વાત જો વિચારાય તો પોતાના 'શૂન્ય' બદલ શરમાઈ જવું પડે.

સાવ 'ઝીરો' પોતાને 'હીરો' માની લે એ કેટલું બધું બેહૂદું કહેવાય ?

સંયમજીવનની ગાડીને મોક્ષમાર્ગ ઉપર સડસડાટ દોડાવવી હોય તો અહંકાર અને આસક્તિના ભુકા બોલાવી દીધા વિના છૂટકો નથી એમ અનુભવથી સમજાયું છે.

■ ■ ■

**मिण गोणसंगुलीहिं गणेहिं व दंतचक्कलाइ से।**
**इच्छंति भाणिऊणं कज्जं तु त एव जाणंति ॥ २४ ॥**

**અર્થ :** ઓ, શિષ્ય ! "આંગળીઓથી સ્પર્શીને સાપને માપ; અથવા તેના દાંત (દંતસ્થાનો) ગણી આપ."

ગુરુએ આટલું કહ્યું કે તરત શિષ્યે 'તહત્તિ' (ઇચ્છં) કહ્યું અને તે કાર્ય કરવા માટે નીકળી ગયો.

કયું કાર્ય સાધવા માટે ગુરુએ આમ કહ્યું ? તેનો વિચાર પણ ન કર્યો કેમકે તે જાણતો હતો કે એ બધી વાત ગુરુ જાણે. આપણને તેનું શું કામ ?

**વિવેચન :** જરાક વિગતથી આ દૃષ્ટાન્ત જાણીએ.

વાત એ છે કે શિષ્યને પીઠના ભાગની એક નસ બીજી નસ ઉપર ચડી ગઈ હતી. જોરદાર ટચાકો દીધા વિના તે ઊતરે તેમ ન હતી. ગુરુએ એક ટુચકો કર્યો.

ગામની બહાર ઝેરી સાપનું બીલ હતું. ગુરુએ શિષ્યને કહ્યું કે, "તું ત્યાં જા. કાંકરીચાળો કર. સાપ એકદમ ગુસ્સે ભરાઈને બહાર આવી જશે. તારી ઉપર તરાપ મારવા પૂર્વે ગુસ્સાથી ફેણ હલાવશે. એ વખતે તું તેના દાંત ગણી લેજે. અને સાંભળ કે જો મને થાય કે મારે તને દાંત ગણવા રાખવો નથી : પાછો બોલાવી લેવો છે તો હું 'પાછો ફર' એવી બૂમ પાડું કે તરત પાછો ફરી જજે."

બધી વાતની શિષ્યે વિનયપૂર્વક હા કહી. તેણે જંગલની વાટ પકડી. સાપના બીલ પાસે પહોંચીને કાંકરો નાંખ્યો. સાપ ધસી આવ્યો. આ બાજુ ગુપ્ત રીતે ગુરુ શિષ્યની પાછળ પાંચ ડગલા ઉપર ઊભા રહી ગયા. જેવો

સાપ શિષ્યની ઉપર તરાપ મારે છે અને ઝેરની કોથળી દબાવે છે કે તરત ગુરુએ ચીસ પાડતાં કહ્યું, "પાછો ફર."

શિષ્ય સાપના આક્રમણથી એકદમ બી ગયો હતો. સાપના ધસી આવતાં તે જોરથી પાછો ફરી ગયો. તે જ વખતે જોરથી ટચાકો બોલાયો અને ચડી ગયેલી નસ ઊતરી ગઈ. શિષ્યને સારું થઈ ગયું.

જ્ઞાનીઓ કહે છે કે આ શિષ્ય કેવા ઉત્કૃષ્ટ કોટિના વિનયને ધારણ કરનારો કહેવાય. ગુરુનો જે પણ આદેશ હોય તેને આંખ મીંચીને સ્વીકારી લેવાની તૈયારી. એની સામે સવાલ પણ નહિ કરવાનો. બુદ્ધિ હોય તો પણ તેનાથી કશું વિચારવાનું પણ નહિ. ગુરુ જે કહે તે "તહત્તિ." આ સિવાય કશું નહિ.

આ પ્રસંગમાં ગુરુની જબરદસ્ત ગીતાર્થતા જોવા મળે છે. નસ ઉપર ચડી ગયેલી નસને કયો ટુચકો કરવાથી ઉતારી શકાય ? તેવું પણ જ્ઞાન ગુરુ ધરાવે છે.

ગુરુ એટલે જ ગીતાર્થ અને સંવિગ્ન. અર્થાત્ જ્ઞાની અને અનાસક્ત.

પિસ્તાલીસ આગમોના સંપૂર્ણ જાણકાર; સૂત્રથી અને અર્થથી.

પરપદાર્થો પ્રત્યે એકદમ અનાસક્ત. દેહ ઉપર પણ સાવ અનાસકત.

આમાંની એક વાતની પણ ઊણપવાળા મહાત્મા ગુરુ બનવાને લાયક કહી શકાય નહિ.

સમગ્ર ગચ્છનો કે સંઘનો ભાર જેના માથે હોય તેમનામાં જો આ બે વસ્તુ ન હોય તો તે ક્યારેક સહુને ઘણું મોટું નુકસાન કરી નાંખે.

પ્રસ્તુત પ્રસંગમાં ગુરુથી ન બોલી શકાય તેવી મૃષાવાદ જેવી ભાષા લાગે છે; ગુરુમાં દાંભિકતા લાગે છે વગેરે.... છતાં આ બધું બરોબર છે.

ગીતાર્થ જે કરે તે બધું બરોબર.

જ્ઞાનીઓ કહે છે, "ગીતાર્થ ઝેર પાય તો ય બરોબર.

અગીતાર્થ અમૃત પાય તો ય ખોટું.

બારસાસૂત્રના છેલ્લા સૂત્રોમાં એક વાત વારંવાર ઉલ્લેખાય છે : **आयरिया पच्चवायं जाणंति।** લાભ કે અલાભ બધું આચાર્ય (ગુરુ) જાણે છે, તેને જે ઠીક પડે તે કરે. તેમને તેમ કરવાની પૂર્ણ સત્તા છે.

અહીં ગુરુ એટલે ગચ્છના ગીતાર્થ સંવિગ્ન આચાર્ય સમજવા. સામાન્ય આચાર્યોને ગુરુ ન કહેવાય. દિગ્બંધન-પ્રાપ્ત સાધુઓને પણ ગુરુ ન કહેવાય. એમને સંઘાટક કહેવાય. તે એકબીજાને સહાયક બને એટલું જ.

આજે તો તેવા સાધુ-સાધ્વી પોતાને ગુરુ માની લઈને ચેલાને કે ચેલીને લઈને ભારતનો દિગ્વિજય (!) કરવા નીકળી પડે છે. સાધુ થયા બાદ ઘણા બધાની ઇચ્છા એવી હોય છે કે, "હું ઝટ શિષ્ય બનાવી દઉં. જેથી મારે ગુરુની ગુલામી કરવી ન પડે. હાય, શિષ્ય મેળવવાનો; ગુરુને ખોવાના... આ કઈ જાતનો ન્યાય ! આવા સ્વચ્છંદી સાધુઓ - જેમને પરલોક કે પરમલોકની કોઈ ચિંતા નથી તે - નિશ્ચિતપણે દુર્ગતિમાં જવાના. દીર્ઘકાળ સુધી સંસારમાં ભટકવાના.

સામાન્ય રીતે જીવમાં અનાદિકાલીન સ્વચ્છંદતા જ હોય છે. જ્યાં સુધી તે ખતમ ન થાય ત્યાં સુધી શ્વેત વસ્ત્રો ધારણ કરીને, ખૂબ વિદ્વાન થઈને કે મહાન વ્યાખ્યાનકાર બનીને સ્વહિત સાધી શકાતું નથી.

શિષ્ય તો તે કહેવાય જે સદા ગુરુચરણોમાં જ રહેવાનું પસંદ કરે. ગુરુ જો દૂર જવાની આજ્ઞા ન કરે તો ક્યારે ય પળ માટે ય દૂર થવાની જેની ઇચ્છા નથી.

ગુરુથી વિખૂટા પડીને ખાનપાન, માનપાનાદિમાં મસ્ત રહેનારા સાધુઓનો આ ભવ દોષોથી ખદબદી ઊઠે છે. પરભવ દુઃખોથી ઊભરાઈ જાય છે.

સ્વચ્છંદતાનું પાપ આ જ ભવમાં પરચા આપ્યા વિના રહેતું નથી.

જેના અંતરમાં સાચેસાચ 'મોક્ષ' પામવાની લગન જાગી છે તેને ગુરુસેવા વિના ચાલે નહિ. ગુરુસેવા તેના શ્વાસપ્રાણ બની રહે. તે ગમે તેવો પુણ્યવાન કે વિદ્વાન હોય તો પણ પોતાના ગુરુની પાસે (ગુરુગૌતમની જેમ) નાનકડા બાળ જેવો અબૂઝ રહેવાનું પસંદ કરે. એમ કરીને એ ગુરુ સાથે વખતોવખત લાડ પણ કરે. ગુરુ પણ એને જીજાન ચાહે.

આવા શિષ્યોનું મોહનીયકર્મ ચકનાચૂર થાય. તેથી તેના દોષો બળીને ખાખ થાય. તે વિદ્વાન કે પુણ્યવાન્ બને તે પહેલાં જ જ્ઞાનવાન (કેવળજ્ઞાનવાન) બની જાય.

યાદ કરો, મુનિ માષતુષને ! મુનિ કૂરગડુને !

મુનિજીવનની મુખ્યતમ આરાધના ગુરુપારતન્ત્ર્ય કેળવવા દ્વારા ગુરુકૃપા પામવાની છે.

જ્ઞાનીઓ કહે છે કે દ્રવ્યદીક્ષા લેનારા પણ અનંત આત્માઓ માત્ર ગુરુપારતન્ત્ર્યને સિદ્ધ કરીને કેવળજ્ઞાન પામીને મોક્ષમાં પધારી ગયા.

ગુરુને સંપૂર્ણ પરતન્ત્ર થવાથી પોતાની જાત શૂન્ય બને છે. પોતાને શૂન્યનો સાક્ષાત્કાર થાય છે. તેનો આનંદ અવર્ણનીય બને છે. આ સ્થિતિમાં જ પૂર્ણ-સ્વરૂપની પ્રાપ્તિ થાય છે.

જે શૂન્ય બને તે પૂર્ણ બને.

સદ્નસીબે મને કોઈ સદ્બુદ્ધિ સૂઝી અને દીક્ષા લેતાની સાથે ગુરુપારતન્ત્ર્યના ભાવને દૈનંદિન ઉત્સ્ફુર્ત કરતો ગયો. તેનાથી મારો સાર્વત્રિક વિકાસ થયો. પણ એક વાત કરું કે ત્રણથી ચાર વાર મેં ગુરુદ્રોહ કર્યો. હા. તેનો જોરદાર પરચો પણ મને મળ્યો. આ પરચો પામ્યા પછી હું ગુરુને વધુ સન્મુખ થયો. મને ગુરુમહિમા બરોબર સમજાયો.

જેમ પશુઓને સ્તનપાન થાય ત્યાં સુધી માતાની જરૂર હોય છે તેમ કેટલાક મુનિઓને શિષ્ય થાય ત્યાં સુધી ગુરુની ઓથ જરૂરી હોય છે. કેટલાકને આચાર્યપદવી પ્રાપ્ત થવા સુધી જરૂર હોય છે.

મને લાગે છે કે આ તો સંસારત્યાગી આત્માઓની નરી અધમતા કહેવાય.

કોઈ સંસારી શ્રવણ માતાપિતાની અદ્ભુત સેવા કરે.

કોઈ ત્યાગી શ્રમણ ગુરુની સેવા ઓતપ્રોત બનીને કરે.

મીઠાની પૂતળી સમુદ્રમાં નાંખી હોય તો કેવી સેકંડોમાં વિલીન થઈ જાય છે ! આવી રીતે પોતાના અભ્યંતર અસ્તિત્વનું જે આત્મા વિસર્જન કરી શકે તે આત્મા વિકાસ પામી શકે.

અભિમન્યુ એટલે અભિમાન.

અભિમન્યુ સાતમાં કોઠામાં હાર્યો : મર્યો. બધું જીતેલો માણસ અહંકારના સાતમા કોઠામાં હારી જાય. ખતમ થઈ જાય.

સ્થૂલિભદ્રજી, બાહુબલિજી, મરીચિ, નંદિષેણ, લક્ષ્મણા વગેરે તરફ નજર કરતાં અહંકાર-દોષની ટોચ-ખતરનાકતા હોવાનું અનુમાન થાય છે.

જેણે અહંકારનું વિસર્જન કરવું હોય તેણે ગુરુ-ચરણનું શરણ અંતઃકરણથી સ્વીકારી લેવું જોઈએ. એ ચરણોની ભાવભરી સેવા સદા કરવી જોઈએ. મુમુક્ષુ આત્માને એવી પ્રતીતિ થવી જોઈએ કે તેને ગુરુચરણ સિવાય કશી વાતમાં લેશ પણ રસ નથી.

સર્વ આર્યધર્મોએ ગુરુ-મહિમા મન મૂકીને ગાયો છે.

જે ગુરુદ્રોહ કરે છે તેમનું બ્રહ્મચર્ય સાબૂત રહી શકતું નથી. ગુરુ બ્રહ્મસ્વરૂપ છે તેમનો દ્રોહ એટલે બ્રહ્મનો દ્રોહ... એથી બ્રહ્મ-વ્રતનું ખંડન...

ગુરુદ્રોહનું એક જ પાપ એવું છે કે જેનો પરચો આ જ ભવમાં મળી જતો હોય છે. મહાદ્રોહીને દોષો ઘેરી વળે છે; અલ્પદ્રોહીને રોગાદિ દુઃખો પછાડી દે છે.

સ્વપ્નમાં ય ગુરુદ્રોહ કરવો ન જોઈએ.

પ્રસ્તુત શ્લોકમાં ગુરુ શિષ્યની પરીક્ષા કરે છે. જ્યારે એવા પણ પ્રસંગો સાંભળવા મળે છે જેમાં શિષ્ય ગુરુની પરીક્ષા કરે છે.

'મારા ગુરુ માલમલીદા વાપરે છે ? કે રૂક્ષભોજન કરે છે ?' તે જાણવા માટે ખાનગીમાં ગૂર્જરેશ્વર કુમારપાળે નજર કરી હતી. ગુરુ હેમચન્દ્રાચાર્યજીને આયંબિલ કરતા જોઈને ખુશખુશાલ બની ગયો હતો.

ભલા ! ગુરુ જો લોઢાની નાવ હોય કે કાગળની નાવ હોય તો તેનું શરણ લેનાર પણ ડૂબે જ ને ? નાવ તો લાકડાની હોવી જોઈએ જે ઉભયને તારે.

પોતાના ગુરુ રામકૃષ્ણ પરમહંસના શરીરને ગરમ જોઈને કામસંજ્ઞાની તીવ્રતાવાળા કલ્પીને શિષ્ય માથુરબાબુએ વેશ્યાઓ મોકલીને કસોટી કરી હતી.

ગોરખનાથને ખબર પડી કે ગુરુ મચ્છંદરનાથ રાણીઓના આવાસમાં જઈ બેઠા છે એટલે તે જોરશોરથી બોલતા બોલતા તેમની પાસે ગયો, "ચેત, મચ્છંદર ! ગોરખ આયા."

રામકૃષ્ણ પરમહંસને આરાધ્યદેવ માનીને જીવન પસાર કરી ગયેલા સ્વામી વિવેકાનંદને વારંવાર શંકા થતી કે "ગુરુને સાક્ષાત્કાર થયો હશે કે નહિ ?"

પરમહંસ મૃત્યુપથારીએ આવી ગયા. બધા શિષ્યો વીંટળાઈને બેઠા છે. એ વખતે વિવેકાનંદના હૈયે પેલો શંકાનો કીડો સળવળી ઊઠ્યો. વિવેકાનંદે મનોમન કહ્યું, "જો ગુરુ અત્યારે મારી શંકાનો જવાબ દે તો સાક્ષાત્કાર થયેલો માનું."

જેવું વિવેકાનંદ વિચારે છે કે તત્ક્ષણ પરમહંસ બૂમ પાડવાપૂર્વક બોલી ઊઠે છે, "અરે વિવેકાનંદ ! હજી પણ તને મારા સાક્ષાત્કારના વિષયમાં શંકા પડે છે ?" તરત સ્વામીજી પગે પડી ગયા. માફી માંગી.

સૌથી કઠિન ગુરુપરીક્ષા તો ભાઈ ! ધંધુકાના આમરાજાની.

એ અજૈન હતા; પરન્તુ બાળવયથી 'બપ્પભટ્ટિ' નામના જૈનસાધુના સંગે રંગાયેલા હતા એટલે તેમને ગુરુ તરીકે સ્વીકાર્યા હતા. એક નાનકડી વાતમાં રાજાને ગુરુના બ્રહ્મચર્યવ્રતમાં શંકા પડી.

તે જ રાત્રિએ અગિયાર વાગે પુરુષ વેષે નર્તકીને મોકલી. જે કાંઈ કરવું પડે તે બધું કરી દઈને પતન કરવાનો યત્ન કરવા જણાવ્યું.

જ્યારે નર્તકી ઉપાશ્રયે પહોંચી ત્યારે માત્ર ગુરુ જાગતા હતા. સુવાની તૈયારીમાં હતા. લાંબા થઈને સૂતા હતા. નર્તકી પગ દબાવવા લાગતાં તેના સ્પર્શ ઉપરથી ગુરુને ખ્યાલ આવી ગયો કે તે નારી છે. નર નથી.

ગુરુએ તેને કરડાકીથી પૂછ્યું, "અહીં કેમ આવી છે ?" બેધડક રીતે નર્તકીએ જવાબ આપ્યો, "તમને વ્રતથી ભ્રષ્ટ કરવા માટે મને આમરાજે તમારી પાસે મોકલી છે."

આ સાંભળતાંની ક્ષણે જ ગુરુ યોગનિદ્રામાં પોઢી ગયા. દેહથી આત્માને માનસિક રીતે જુદો પાડી દીધો.

નર્તકીએ કામ ચાલુ કર્યું કે ગુરુ તો 'લાકડું' બની ગયા હતા. એમને કોઈ વાતની ખબર પડતી ન હતી. કહેવાય છે કે તે બાઈએ બધું બધું કરી નાંખ્યું. અંતે થાકી. ચૂપ થઈને ગુરુને હાથ જોડીને ભાવવિભોર બનીને બેઠી. વહેલી સવારે ગુરુએ સમાધિ ત્યાગી. માફી માંગીને નર્તકીએ રાજા પાસે જઈને એ મહાન્ ગુરુનો મન મૂકીને મહિમા ગાયો.

કોણ મહાન્ ? સ્થૂલિભદ્રજી કે બપ્પભટ્ટિજી ? સ્થૂલિભદ્રજીએ તો રૂપકોશાને ૩ા હાથ છેટી રાખી હતી. જ્યારે આ મહાત્માએ બધી રજા આપી હતી.

દેખીતી રીતે બપ્પભટ્ટીજી મહાન લાગે પણ વસ્તુતઃ સ્થૂલિભદ્રજી એટલા માટે મહાન છે કે તેમને જે પડકાર ઝીલવાનો હતો તે લાગટ ચાર માસ સુધી હતો. બપ્પભટ્ટીજીને માત્ર છ કલાક સુધી હતો. વળી સ્થૂલિભદ્રજી રૂપકોશાના ભુક્તભોગી હતા એટલે તેમને તેની સાથેની ક્રીડાઓનું ભયાનક સ્મરણ થઈને પતન પામવાની પૂરી શક્યતા હતી; પરન્તુ તેમાંથી ય તે હેમખેમ પાર ઊતરી ગયા.

અસ્તુ. આપણી મૂળ વાત એ છે કે જેમ ગુરુ શિષ્ય-પરીક્ષા કરે તેમ શિષ્ય પણ ગુરુ-પરીક્ષા અવશ્ય કરી શકે. જો ગુરુ બે પૈસા જેટલા પણ નબળા નીકળે તો શિષ્યના વિકાસનો કચ્ચરઘાણ નીકળી જાય.

પ્રસ્તુત શ્લોક ગુરુની શિષ્ય-પરીક્ષા અંગેનો છે.

આ શ્લોકમાં **कज्जं तु त एव जाणंति** - પદ દ્વારા સુંદર વાત કરી છે.

ગુરુને સમર્પિત થઈ જવાથી શિષ્યને પ્રજ્ઞાપનીયતાનો સૌથી મોટો લાભ મળે છે.

સામાન્યતઃ શિષ્યમાં દોષો ઘણા હોવાના. એટલે તો એ ગુરુ બનાવે છે. તેમને પોતાની ઉપર શાસન **[शासितुं योग्यः शिष्यः]** કરવા કહે છે. સાચો શિષ્ય તે છે કે પોતાના હિત માટે ગુરુ ગમે તેટલાં કટું વચનો કહે તો પણ તેને સહવાની અને સ્વીકારવાની તૈયારી હોય છે. આવો શિષ્ય જ દોષોની શુદ્ધિ પામે છે અને પુષ્કળ પુણ્યની વૃદ્ધિ પામે છે. એ ભવિષ્યનો મહાન શાસનપ્રભાવક ગચ્છાચાર્ય કે સંઘાચાર્ય બને છે.

ભામિની વિલાસ ગ્રન્થમાં કહ્યું છે કે, ''ગુરુના તિરસ્કારભર્યા કઠોર શબ્દોને જે શિષ્ય સહી શકે તે જ મહાન બને. જેમ સરાણ ઉપર ઘસાવવા માટે તૈયાર થયેલો મણિ રાજાના મુગટમાં સ્થાન પામી શકે.

અન્યત્ર કહ્યું છે :

**ગુરુની ગાળ, ઘીની નાળ.**

ગુરુના કઠોર વચનથી જે શિષ્યને માઠું લાગી જાય તે શિષ્યનું ભાવી અંધકારમય જાણવું. તેનું પુણ્ય ન વધે, તેની શુદ્ધિ પણ ન વધે.

પ્રસ્તુત શ્લોકમાં જે શિષ્યની વાત કરી છે તે એવો શિષ્ય છે જેની પીઠ પાછળની નસો એકબીજા ઉપર ચડી ગઈ છે. ગીતાર્થ - બધી વાતોના જાણકાર - ગુરુ તેને ટુચકો આપે છે. આ ટુચકામાં બે ત્રણ વાર ગુરુ એવા આદેશો આપે છે જેની ઉપર શિષ્ય વિચારમાં પડી જાય અથવા માથું ઊંચકે. પણ 'તહત્તિ' સિવાય શિષ્ય કશી વાત કરતો નથી. મોતના મુખમાં જવાની વાતને ય શિષ્ય તત્ક્ષણ સંમતિ આપે છે.

શિષ્યે એવો સવાલ મનમાં કદી નહિ ઉઠાવવો કે, ''ગુરુ આમ કેમ કહે છે?''

અથવા ગુરુએ સૂચવેલી કોઈ પણ વાતથી વિરુદ્ધ કામ કદી કરવું નહિ.

કોઈ પ્રાચીન જૈન ગ્રન્થમાં એક વાત આવે છે કે ગુરુ-શિષ્ય શૌચ માટે જંગલમાં ગયા છે. કામ પતાવીને વહેલો પાછો ફરેલો શિષ્ય મહાદેવના મંદિરમાં બેસે છે. ત્યાંના કબાટમાંથી પુસ્તક વાંચવા કાઢે છે. તે વિદ્યા-મન્ત્રોનું પુસ્તક હતું. તેણે જે પાનું ખોલ્યું તેમાં કાળીમેંશ ચામડીને સુવર્ણમયી બનાવવાનો પ્રયોગ જોવા મળ્યો. તેણે તે પ્રયોગની ધારણા કરી લીધી. પણ તે પ્રયોગમાં 'આરણક' શબ્દ આવ્યો. તેનો અર્થ તેને સમજાયો નહિ એટલે તેણે ગુરુને તે શબ્દનો અર્થ પૂછ્યો. વિગતથી બધી વાત જાણ્યા બાદ ગુરુએ તેને કહ્યું, ''આ પ્રયોગ ક્યારે પણ કરીશ નહિ. તને મરણાન્ત કષ્ટ આવશે. ગુરુએ આરણકનો અર્થ કહ્યો ''અડાયુ છાણ.''

કાળક્રમે શિષ્યની આચાર્યપદવી થઈ. ગુરુ કાળધર્મ પામ્યા.

એક વાર રાજા વંદનાર્થે આવ્યો. તેના કાળામેંશ પુત્રને જોઈને ગુરુને તેની ઉપર પ્રયોગ કરવાનું મન થયું.

આ પ્રયોગમાં પાણીનો કુંડ કરીને તેમાં પાણી ભરવાનું હતું. તેમાં મન્ત્રિત આરણક નાંખવાથી તે વધુ ને વધુ ગરમ થતું હતું. રાજકુંવર ઊકળતું પાણી અસહ્ય બને એટલે ભાગવા લાગે તેવી શક્યતા જાણીને આચાર્યે તેના બે હાથ, સાંકળેથી સજ્જડ બાંધ્યા હતા. રાજાને ૫૦ કદમ દૂર રહેવાની ફરજ પાડી હતી. બધું ગોઠવીને આચાર્ય એક શિષ્ય સાથે શૌચ માટે જંગલમાં દૂર ચાલ્યા ગયા.

અહીં પાણી વધુ ગરમ થતાં અસહ્ય બન્યું. રાજકુંવરે ચીસાચીસ કરી મૂકતાં પિતાની લાગણી હચમચી ઊઠી. પોતાના કુંવરને મારી નાંખવાના કાવત્રાની કલ્પના કરીને આચાર્યના ધડ-મસ્તક જુદા કરી દેવાના આદેશ સાથે ઘોડેસ્વારને મારતે ઘોડે મોકલ્યો. બીજી બાજુ કુંવરને પાણીમાંથી બહાર કાઢ્યો. અરે, આ શું ? કુંવર તો કાળોમેંશ મટીને ઘઉંવર્ણો તો થઈ ગયો હતો. જો પ્રયોગ ચાલુ રહેત તો કાયા સુવર્ણમયી થઈ જાત.

રાજાને અફસોસ થયો. તરત જ બીજા ઘોડેસ્વારને દોડાવ્યો. પેલા આચાર્યનો વધ થતો અટકાવવા.

પહેલા ઘોડેસ્વારે આચાર્યને વધના આદેશની વાત કરી એટલે તેઓ તેની સાથે વાતે ચડ્યા કે આવો આદેશ થઈ શકે નહિ. પણ એટલી વારમાં બીજો ઘોડેસ્વાર ધસમસતો આવતો જોઈને પહેલા ઘોડેસ્વારને લાગ્યું કે રાજાની આજ્ઞાનો મેં અમલ કર્યો નથી એટલે રાજાએ મારો વધ કરી દેવા અસ્વાર દોડાવ્યો લાગે છે. તરત ઘોડેસ્વારે આચાર્યના ગળે તલવાર ઝીંકી દીધી.

ગુરુની ના ઉપર કામ કરવાથી શિષ્ય સુખી થઈ શકે નહિ. આ પ્રસંગમાં તો શિષ્યને મોતનું દુઃખ આવ્યું પણ લાગ પડે તો આથી ય મોટું દોષોથી જીવનની બરબાદીનું દુઃખ જીવતેજીવ આવી જાય.

ગુરુદ્રોહી સાધુ જીવનકાળમાં કાં તો પાગલ થાય, કાં તો રોગગ્રસ્ત થાય, કાં તો સાધુજીવનથી પતિત થાય; કાં તો શિષ્યાદિકના સંક્લેશમાં પરેશાન થઈ જાય.

જેણે ગુરુની અવ્વલકોટિની સેવા કરી હોય એવો શિષ્ય ઘણા શિષ્યોનો ગુરુ થાય. એના શિષ્યો એને ફૂલની જેમ રાખે. એનું અપ્રતીમ બહુમાન કરે.

એનું જીવન દોષોથી પર હોય. આવા મહાન ગુરુ ગુણોના ભંડાર હોય. આવા ગુરુનું અસ્તિત્વ ગુલાબના ફૂલ જેવું હોય; જેની સોડમ ચારે બાજુ ફેલાય. એને માણનારા શિષ્યો અને ભક્તો મસ્તીમાં આવી જાય.

આપણે 'ગુરુ' પદથી જે ગુરુમહિમા કરીએ છીએ તે શાસ્ત્રકારોને ગુરુ તરીકે જે માન્ય હોય તેવા મહાત્માઓ માટે આ વાતો સમજવી. નબળા થયેલા દેશકાળના પ્રભાવમાં આવેલા અને થઈ બેઠેલા 'ગુરુ' માટે આપણે વાત કરતા નથી.

શાસ્ત્રોક્ત ગુરુ-તત્ત્વની વાતો આજના જે તે ગુરુઓ માટે લાગુ કરી શકાય નહિ.

ઉત્તમ કોટિના ગુરુજનો માટે અજૈન લોકોએ પણ ખાસ્સો મહિમા કર્યો છે. એક જગાએ કહ્યું છે કે "જીવતા જાગતા ગુરુના દર્શન મળે એ તો મહાપુણ્ય ગણાય જ; પરન્તુ એવા ગુરુને વંદના કરવા ઘરેથી નીકળેલા ભક્તને ખબર પડી કે ગુરુનો દેહાન્ત થયો છે. તો જો તેમના મૃતકનું દર્શન મળે તો તે પણ ભક્તનો જબરો પુણ્યોદય કહેવાય. અરે, મૃતકનો અગ્નિસંસ્કાર થતાં જે આગના ભડકા આકાશને આંબ્યા તેનું દર્શન થાય તો ય ભક્તને મોક્ષ પ્રાપ્ત થાય. આગ પણ નહિ, ગુરુના દેહની રાખનું દર્શન કે સ્પર્શન મળે તો ય ભક્તનું જીવન ધન્ય બની ગયું કહેવાય.

અહો; જો આટલું બધું ગુરુનું મહત્ત્વ હોય તો શિષ્યોએ-તેઓ પણ છેવટે છદ્મસ્થ છે; સંજ્વલન કષાયના નિશ્ચિત ઉદયને આધીન છે એટલે કોઈ ક્રોધાદિ દોષ જોઈને - ઊંચાનીચા થવું ન જોઈએ. તેમના પ્રત્યે તિરસ્કાર નહિ કરવો જોઈએ. એવા ગુરુમાં ગુરુ ગૌતમ (ગુરુતત્ત્વ)ની સ્થાપના કરીને તેમની આરાધના કરવી જોઈએ.

આમ થવાથી ગુરુને શિષ્યમાં - જે ઉત્કૃષ્ટ કોટિનો શિષ્યનો ગુણ કહેવાય તે - પ્રજ્ઞાપનીયત્વ નામના ગુણનું દર્શન થાય છે.

પ્રજ્ઞાપનીય એટલે જેને ગુરુ હિતશિક્ષાદાન બેધડક કરી શકે; જેને ઠપકારી શકે, જેને લાફો પણ મારી શકે. ટૂંકમાં તે શિષ્ય ગુરુને કહે છે, "ગુરુદેવ ! ગમે તેવી કડક ભાષામાં જ્યારે જે કાંઈ મને કહેવું હોય તે કહેજો." જ્યારે ગુરુ પાસે આ રીતે સત્તા હાથવગી થાય છે ત્યારે તે શિષ્યને ખૂબ 'સારો' તૈયાર કરી શકે છે.

જેનાથી ગુરુ ગભરાય તે શિષ્યોને તો ધિક્કાર છે.

શિષ્યની કરડાકી વગેરેથી ગુરુને 'બિચારા' 'પરાધીન' 'દબાયેલા' રહેવું પડે એ તો શિષ્યની ભયાનક દુર્ગતિઓનું સૂચક કહેવાય.

■ ■ ■

**करणविउ कयाइ सेयं कायं वयंति आयरिया ।**
**तं तह सद्दहिअव्वं भविअव्वं कारणेण तर्हिं॥ ९५ ॥**

**અર્થ :** ક્યારેક - પ્રયોજનને સમજનાર - ગુરુ જો શિષ્યને કહે કે, "વત્સ ! કાગડા ધોળા છે." તો શિષ્યે તે વાતને સ્વીકારવી. અહીં એવું વિચારવું કે, "ગુરુ કદી ખોટું કહે નહિ. તેમની વાત પાછળ ચોક્કસ કોઈ ભેદ રહેલો હશે એટલે મારે શંકા-કુશંકા કરવી જોઈએ નહિ.

**વિવેચન :** અહીં કહેવાનું તાત્પર્ય એટલું છે કે ગુરુના વચનને લેશ પણ શંકા કર્યા વિના સ્વીકારી લેવું. આવો અભિગમ અપનાવનાર શિષ્યને ગુરુ પ્રત્યે અપ્રતીમ શ્રદ્ધા ઉત્પન્ન થાય. સામેથી ગુરુનો ખૂબ સ્નેહ મળે એટલે શિષ્યનું જીવન ઊર્ધ્વગામી બને. તે ખૂબ પુણ્ય બાંધીને જિનશાસનનો પ્રભાવક મહાત્મા બને અને તે શુદ્ધિ પામીને પંચાચારનો ઉત્તમ પાલક બને.

જૈનશાસનને આવા ઘણા બત્રીસ લક્ષણા મહાત્માઓની જરૂર છે. ગુરુપારતન્ત્ર્ય વિના તે શક્ય નથી.

જ્યારે રામચંદ્રજીએ વનવાસ દરમ્યાન હનુમાનને કહ્યું કે, "તારું મન પડે ત્યાં પર્ણકુટિર બનાવી દે. આ રમણીય સ્થળ છે. આપણે થોડા દિવસ અહીં રહીએ."

આ સાંભળીને હનુમાન રડવા લાગ્યા; કેમકે રામચન્દ્રજીની આ આજ્ઞાનું પાલન તે કરી શકે તેમ ન હતા. રામચન્દ્રજીએ તેને રડવાનું કારણ પૂછ્યું ત્યારે તેણે જણાવ્યું કે, "જ્યારથી મેં મારું મન તમારા ચરણોમાં વિલીન કરી દીધું છે ત્યારથી મારી પાસે મન જેવી કોઈ વસ્તુ નથી તો હવે શી રીતે કુટિર બનાવું ?"

આવી રીતે જે શિષ્ય મનનું વિસર્જન કરી દે અને ગુરુમય બની જાય તે જ મહાપુણ્યવાન અને મહાશુદ્ધિમાન્ બની શકે.

■ ■ ■

**जो गिण्हइ गुरुवयणं भण्णंतं भावओ विसुद्धमणो ।**
**ओसहमिव पिज्जंतं तं तस्स सुहावहं होइ॥ ९६ ॥**

**અર્થ :** ગુરુના મુખેથી નીકળતી આજ્ઞાને જે શિષ્ય તરત ઝીલી લે છે તે પણ અત્યંત પ્રસન્નતાથી અને નિર્મળ મનથી... તેવા શિષ્યની તો શી વાત કરવી ?

જેમ ઔષધ લેવાથી રોગ જાય તેમ આવા શિષ્યનો કર્મરોગ ભાગી જાય.

**વિવેચન :** ગુરુ પ્રત્યે ઉત્કૃષ્ટ આદર જન્મે તે માટે તેમનો થયેલો અનંત ઉપકાર વિચારવો જોઈએ. વળી દીક્ષા આપ્યા પછી દીક્ષાના જીવનમાં જબરદસ્ત ઉલ્લાસ પ્રગટ કર્યો તે પણ વિચારવું જોઈએ. દીક્ષાનો યોગ અને દીક્ષાનો ક્ષેમ એ ઉત્તરોત્તર ચડિયાતી વસ્તુ છે.

દીક્ષા માટે જરૂરી વૈરાગ્ય ગુરુ જ - સંસારની અસારતાનું જોરદાર ભાન કરાવીને- હૈયામાં પ્રગટ કરે. આ વૈરાગ્ય થવાનું કામ અતિ મુશ્કેલ છે. નજર કરો સંસાર તરફ, કરોડો લોકો રાગની ધરતી ઉપર આળોટી રહ્યા છે. સંસારના ભીષણ સ્વરૂપના અજ્ઞાનથી તેમનું મન ભરચક છે. એ લોકો રાગદશાથી કેટલા બધા અને કેવા કાતિલ પાપો અહર્નિશ બાંધ્યા કરે છે ? એનાથી એ આત્માઓની દુર્ગતિ કેટલા ભયાનક દુઃખોથી ઊભરાઈ જવાની ? આ બધા ત્રાસમાંથી તે વૈરાગ્યદાતા ગુરુએ આપણને ઉગાર્યા. દીક્ષાના જીવનની કઠોરતા જોઈને આપણને જે ભય લાગતો હતો કે દીક્ષા પળાશે કે નહિ ? તે ભય તે ગુરુએ દૂર કર્યો ! દીક્ષાનો વેષ સ્વીકાર્યા બાદ વાત્સલ્યપૂર્ણ બનીને ગુરુએ તાલીમ આપી. દીક્ષાના જીવનમાં જ્યારે પણ દુઃખપ્રેરિત કે દોષપ્રેરિત માનસિક ખળભળાટ થયો ત્યારે ગુરુએ સમાધિ આપતી વાતો કરીને આપણને સ્વસ્થ કર્યા.

એ આપણી મા બન્યા.

એ આપણા બાપ બન્યા.

એ આપણું શું ન બન્યા ?

આ રીતે ઉપકારનો વિચાર કરવાથી ગુરુ તરફ અનહદ સદ્ભાવ જાગે. ક્યારેક કર્મદોષથી એ સદ્ભાવ ખંડિત થાય ત્યારે આ વિચારોથી ફરી જીવંત બને.

વળી ગુરુ માબાપ આદિની જેમ માત્ર આ ભવના ઉપકારી નથી; એ તો ભવોભવના ઉપકારી છે. પરભવના કાતિલ દુઃખો અને દોષોના જીવનમાં આપણો પ્રવેશ જ ન થાય તેવી સ્થિતિ ગુરુભક્તિથી ઉત્પન્ન થાય છે.

એ તો ઠીક; પણ દોષોનું જબરું શમન થાય છે.

આખા જગતને જે કામવાસના સતાવે છે; ક્રોધ ભડકાવે છે, માયા બહેકાવે છે, ધનમૂર્ચ્છા ખૂનખરાબા કરાવે છે, ખાવાની લાલસા પાગલ કરી દે છે તે બધા દોષોનું શમન - સહજ રીતે - ગુરુકૃપાપ્રાપ્ત શિષ્યને થાય છે. હવે એ શિષ્ય શા માટે ગુરુને પૂછે કે, "ગુરુદેવ ! કાગડા તો કાળા હોય છે. આપે ધોળા કેમ કહ્યા ?"

આ વાતનું સમાધાન એ રીતે થાય કે કોઈ દેશમાં કાગડા ધોળા થતા હશે એટલે એ અપેક્ષાથી કાગડાને ધોળા કહ્યા તે બરોબર છે.

બાકી આ શ્લોકનું તાત્પર્ય એ છે કે, "જો ગુરુની ખોટી જણાતી વાતમાં પણ આંખ મીંચીને સંમતિ દેવાની હોય તો તેમની સાચી વાતમાં તો હૈયાના કેવા ઉછાળા સાથે સંમતિ દેવી જોઈએ ?

બીજું ગુરુની આવી બાબતોમાં ખાનગીમાં શિષ્ય જરૂર કારણ પૂછી શકે; એનું તાત્પર્ય પૂછી શકે. કેમકે આ રીતે પણ ગુરુ જૂઠું તો ન જ બોલે.

જાહેરમાં ગુરુની વાતમાં સંમતિ દઈને ખાનગીમાં જિજ્ઞાસા થવી જોઈએ.

બીજી વાત કરું.

કોઈ ગુરુ ગ્લાન હોય, વૃદ્ધ હોય કે અત્યન્ત તપસ્વી હોય તો તેમની સેવાનો લાભ પૂરો લેવો. જો તેમને એકાદ જ શિષ્ય હોય તો તે શિષ્યને પૂરેપૂરો લાભ મળે છે તેનો આનંદ માણવો પણ કંટાળો લાવવો નહિ. હવે આ તો શિષ્યનું સદ્ભાગ્ય કહેવાય કે જેની ગુરુસેવામાં બીજો કોઈ ગુરુભાઈ લાભ લેવાનો નથી.

પંથકમુનિ શેલક ગુરુમય બની ગયા હતા.

કુટુંબની વહુ આખો દિવસ પતિમય, સંતાનમય સાસુ-સસરામય હોય છે. તેને કામ કરવામાં દિવસ નાનો પડતો હોય છે. આ બધું કરવામાં તેને જરા ય કંટાળો આવતો નથી. ઊલટો અવર્ણનીય આનંદ અનુભવે છે. શિષ્યની પણ આવી જ સ્થિતિ હોવી જોઈએ.

મેં એવા એક વૃદ્ધ ગુરુ અને એક જુવાન શિષ્યની જોડી જોઈ છે જેમાં શિષ્ય ગુરુની બધી સેવા કરે છે; તેમને સમજાવી-પટાવીને ખવડાવે છે; વાતો કરીને હસાવે છે; પગ વગેરે દબાવી દઈને સ્વસ્થ કરે છે. આ વખતે ગુરુના મોં ઉપર એ શિષ્ય ઉપરનો સ્નેહ એકદમ સ્પષ્ટ રીતે જોવા મળતો હતો. ધન્ય બની ગયો; ધન્ય બની ગયો; તે શિષ્ય.

આવો કોઈ શિષ્ય સ્વાધ્યાયાદિ કરતો ન હોય તો કાંઈ વાંધો નથી. ગ્લાનગુરુસેવા મહાસ્વાધ્યાય છે.

■ ■ ■

**अणुवत्तगा विणीआ बहुक्खमा निच्चभत्तिमंता य ।**
**गुरुकूलवासी अमुई धन्ना सीसा इह सुसीला ॥१७॥**

**અર્થ :** ગુરુની ઈચ્છાને અનુસરનારા, વિનયી, રોષરહિત, ખૂબ ક્ષમાવાન, હંમેશ માટે ગુરુભક્ત, ગુરુકૂલમાં રહેનારા, જ્ઞાનાદિ કાર્ય સિદ્ધ થઈ જાય પછી પણ ગુરુનો ત્યાગ નહિ કરનારા અને સારા શીલ (ચારિત્ર અથવા સ્વભાવ)વાળા શિષ્યો આ જગત્માં ધન્ય બની ગયા કહેવાય.

**વિવેચન :** શિષ્ય તો અનંતગુણી હોય પણ તેમાં ય આ શ્લોકમાં બતાડેલા ઉત્તમગુણોથી તો તે અવશ્ય સંપન્ન હોય.

શિષ્યો અનુવર્ત્તક હોય એટલે કે ગુરુ જે પ્રમાણે કહે, ઈચ્છે, આજ્ઞા કરે તે જ પ્રમાણે તે કરે.

જો શિષ્ય ગુર્વાજ્ઞાને સંપૂર્ણ વફાદાર રહે તો જ ગુરુને તેનો વિકાસ કરવાનું ફાવે.

પથ્થર સામે થતો નથી માટે જ શિલ્પી તેને ટાંકણા મારીને વિશ્વવન્દ્ય મૂર્તિ બનાવી શકે છે.

સામા થનારા શિષ્યનું કોઈ ભાવિ નથી. તેનો વિકાસ શક્ય નથી.

જ્યાં સુધી ચિત્રકાર પિતા તેના દીકરાને ચિત્રકામ શીખવતા ટોકતા રહ્યા અને દીકરો પણ વિનયભાવે તે પ્રમાણે કામ કરતો ગયો ત્યાં સુધી દીકરાનો બરોબર વિકાસ થયો; પણ જે દી તે સામે થઈ ગયો અને બોલ્યો, "કાયમ શું ભૂલ કાઢ્યા કરો છો ? કોક દહાડો તો કાંક મારું સારું બોલો ?" આ સાંભળીને પિતાએ તેને કહ્યું, "દીકરા ! દોસ્ત ! શું વાત કરું ? આજે જ આ વાત હું તને કરવાનો હતો કે હવે તું બધું ભણી ગયો છે. તું ભવિષ્યમાં મહાન્ ચિત્રકાર બનીશ."

પિતાએ સદા માટે અહંકારી જણાયેલા દીકરાને શિખવાડવાનું બંધ કર્યું.

અહીં એક વાત કરું. ગુરુએ શિષ્યના વિકાસમાં ચારે બાજુથી કાળજી કરવી પડે. શિષ્યને જ્ઞાનના અજીર્ણ રૂપ અહંકાર વગેરે ન થઈ જાય તેની કાળજી કરવી જોઈએ. શિષ્યનો ઉત્સાહ વધતો જાય તે માટે તેની વખતોવખત અનુમોદના કરવી જોઈએ.

ઓલા કુંભારે કહ્યું છે કે ઓ ગુરુજનો ! તમારા ચેલાઓને - હું જે રીતે ઘડો ઘડું છું એ રીતે ઘડજો. જો આવી સાવધાની ન રાખું તો મારો ઘડો કાચો રહી જાય કે તરડાઈ જઈને તૂટી જાય.

પહેલાં માટીને બરોબર પગેથી ગૂંદી નાંખું છું. પછી ચાક ઉપર ચડાવું છું. પછી તેને ઘડતાં જતાં બહારથી તેને હથેલી વડે થપથપાવું છું : જાણે કે તેને મારતો હોઉં. પણ અંદરથી બીજા હાથે તેને ઝાલી રાખું છું. પંપાળું છું. આમ થતાં તે બહારની થપાટે તૂટી જતો નથી. તમારે ચેલાને એક હાથે ઠોકવો તો બીજા હાથે બરોબર પંપાળવો : જરૂર પડે તો તેના નાનકડા દોષની ઉપેક્ષા કરવી અથવા તેના નાનકડા ગુણને મેરુ જેવડો મોટો ચીતરીને તેને ખુશખુશાલ કરી દેવો. આમ થશે તો ફુલાઈ ગયેલા એ ફુલણજી તમને ધાર્યું કામ આપશે.

ભલા ! આ જો મસ્કો કહેવાતો હોય તો મસ્કો કહો. પણ તેને ઉપબૃંહણા કહેવી જોઈએ. બાળજીવોનો આત્મ-વિકાસ આ રીતે જ થાય. આવા જીવો સ્નેહથી (હૂંફથી) આગળ વધે. તે સ્નેહના ખૂબ ભૂખ્યા હોય. ગુરુએ તેની ભૂખ પૂરી કરવી જોઈએ. બેશક, અવસરે કડક પણ થવું જોઈએ. પરન્તુ સ્નેહ દાખવવા તરફનું પલ્લું જ કાયમ ભારે રહેવું જોઈએ.

એટલે જ જ્ઞાનીઓએ શિષ્યોની જેમ ગુરુઓને પણ અનુવર્તક હોવાનું કહ્યું છે.

શિષ્ય અનુવર્ત્તક એટલે ગુર્વાજ્ઞાપાલક

ગુરુ અનુવર્તક એટલે સ્નેહમય.

આમાં ગુરુએ ગીતાર્થતાને બરોબર કામે લગાડવી જોઈએ. શિષ્યના ભાવોને જાણવા જોઈએ. જો શાસ્ત્રબાધ ન આવતો હોય તો તેને પ્રસન્ન રાખવા માટે બધું કરવું જોઈએ. હા. સારું-મીઠું ખવડાવવું પણ જોઈએ. તેની સ્વાધ્યાય-અરુચિને પણ ક્યારેક ક્ષન્તવ્ય ગણવી જોઈએ.

ખરેખર સાધુ-જીવનનું પાલન ખૂબ કઠિન છે. જો ગુરુઓ શિષ્યોને વાત્સલ્યદાન ન કરે; વધુ પડતી સખ્તાઈ રાખે તો તેમને સાધુ-જીવનનું પાલન મુશ્કેલ બની જાય. ગુરુએ 'બાપ'નો રોલ ભજવવાથી વિશેષ 'મા'નો રોલ ભજવવો જોઈએ. વર્તમાનકાળ એ હૂંડા અવસર્પિણીનો કાળ છે. અહીં સાધુજીવનનું પાલન અતિકષ્ટમય છે. આવા સમયમાં ગુરુજનોની વધુ પડતી સખ્તાઈ કદાચ શિષ્યના જીવનને ઊથલાવી નાંખે.

પોતે જેટલા કડક આચારના પાલક તેટલા જ પાલક દરેક શિષ્યે બનવું જ પડે તેવો આગ્રહ ગુરુજનોએ નહિ રાખવો જોઈએ.

કેટલાક ગુરુઓની વિચિત્ર વર્તણૂક જોઈને એવું કહેવાનું મન થાય છે કે આવા લોકોને બાળ-ઉછેરની પહેલાં તાલીમ આપવી જોઈએ. તેના અભાવમાં બાળદીક્ષિતોનું જીવનગુલાબ કરમાઈ જતું હોય છે. તેમાં કીડા (વાસના) પડતા હોય છે.

'અનુવર્તક' ગુણ ગુરુનો હોય કેમકે ગુરુએ શિષ્યની અનુકૂળતા પ્રમાણે વર્તવાનું હોય છે. આ રીતે ગુરુ પ્રેમ સંપાદન કરે પછી શિષ્ય પાસે ધાર્યાં કામ કરાવી શકાય.

પણ અહીં તો શિષ્યે ગુરુના આજ્ઞાપાલક બનવાનું કહ્યું છે. આ તો બહુ સામાન્ય વાત છે. શિષ્ય તો ગુર્વાજ્ઞા પ્રમાણે ચાલે જ; પરન્તુ અહીં જે વાત કરી છે તે ગુરુના વિહાર, ભોજન, સ્વાધ્યાય, શાસનસેવા વગેરે વિષયોમાં તેમની ઈચ્છા પ્રમાણે શિષ્યે ચાલવું એમ કહ્યું છે. ગુરુની આવી બધી વાતોમાં જો શિષ્ય પોતાનું ડહાપણ ચલાવે : કીટ કીટ કરે તો ગુરુને ખૂબ ઉદ્વેગ થયા કરે. આવું ન થવા દેવા માટે ગુરુની પ્રસન્નતા જેમાં હોય તે રીતે શિષ્યે વર્તવાની વાત સૂચિત કરી છે.

શિષ્યોનો બીજો ગુણ વિનય બતાડ્યો છે. વિનય એ અહંકારમુક્ત અવસ્થાનો ગુણ છે. જો શિષ્ય અવિનયી : ઉદ્ધત હોય તો તેનો વિકાસ ન થાય.

ઉત્તરાધ્યયન સૂત્રમાં અવિનયી શિષ્યને હડકાયેલી કૂતરી જેવો કહ્યો છે; જેને બધા હટ્હટ્ કરે છે.

ગુરુદ્રોહ પુણ્યને બાળી નાંખે છે. એટલે શિષ્ય ચારે બાજુથી હટ્ હટ્ થાય તેમાં શી નવાઈ ?

શિષ્યનો ત્રીજો ગુણ પ્રશમભાવ કહ્યો. તે એકદમ શાન્ત હોય. તેને ક્રોધ ન હોય તેમ તેની પાંચ ઈન્દ્રિયો પણ તોફાની ન હોય કિન્તુ શાન્ત હોય. તેના રાગ-દ્વેષના અધ્યવસાયો શાન્ત હોય. આમ તે ક્રોધ ન હોવાથી શાન્ત હોય; ઈન્દ્રિયો ઉત્તેજિત ન હોવાથી પ્રશાન્ત હોય અને રાગાદિ અધ્યવસાયો જીવંત ન હોય એટલે ઉપશાન્ત હોય.

આવો શિષ્ય ક્ષમાવાન હોય; અર્થાત્ તેનામાં સહન કરવાની શક્તિ અમાપ હોય. એટલે જ તે નાની વાતોને Let go કરે; મોટી વાતોને Let god કરે.

જે આત્માઓ પાસે સહનશક્તિ નથી તે નાની વાતોમાં માથું ગુમાવે છે; સહન કરી શકતા નથી; કેટલાક એવા કઠોર શબ્દો તે બોલી નાંખે છે જેને કોઈ ભૂલી શકતું નથી.

જેટલી સહન કરવાની શક્તિ વધુ તેટલી મુનિજીવનમાં સફળતા વધુ. સહ્યા વિના સાધુપણું હોઈ શકે નહિ. શૌર્ય વિના સૈનિકપણું હોઈ શકે ખરું ?

સૂર વિનાની કોયલ કદી હોય ?

તેજ વિનાનો દીવો હોય ?

શિષ્ય ગુરુભક્ત હોય એમ આ શ્લોકમાં કહ્યું છે. સ્વાનુભવે હું એમ કહેવા માંગું છું કે શિષ્ય ગુરુ પાછળ પાગલ હોય. તે દિન-રાત ગુરુમય હોય. આમ હોય તો જ તેનું સ્વપરકલ્યાણકારિત્વ પૂરબહારમાં નીખરી ઊઠે.

સાચા શિષ્યો ગુરુકૂલવાસમાં તો અવશ્ય રહે.

ગુરુકૂલવાસ એટલે ગુરુની આજ્ઞામાં વાસ.

આથી ગુરુની આજ્ઞા થતાં ગુરુથી સો કિલોમીટર દૂર થયેલો શિષ્ય પણ ગુરુકૂલવાસી કહેવાય. અને ગુરુને ત્રાસ આપતો ગુરુની પાસે જ રહેતો શિષ્ય ગુરુકૂલવાસી ન કહેવાય.

ગુરુકૂલવાસ ઉપરાન્ત ગચ્છવાસ જ્ઞાનીઓએ જણાવ્યો છે. આમાં ગચ્છની અંદર - ગુરુની સાથે જ શિષ્યે રહેવાનું છે. આ સાધુજીવનના પ્રારંભમાં બહુ જરૂરી છે.

ગચ્છમાં રહેવાથી સહજ રીતે દોષો દૂર રહે છે. ખોટું કરવા માંગે તો ય ઘણાઓની વચ્ચે રહેવાથી ખોટું થઈ શકતું નથી.

કહ્યું છે :

**काउमणो वि अकज्जं न किरइ काउं बहुजणमज्झे ।**

એકાન્તવાસ એ ઉત્તમ આરાધકો માટે સારો; ત્યાં તેમને 'રામ' જડે. બાકી નબળા કે પ્રારંભિક કક્ષાના આરાધકોને તો ત્યાં 'કામ' જડે. આવા સાધુઓએ જાહેરમાં બેસવું જોઈએ. જો કદાચ રૂમમાં બેસવું પડે તો બારણું ખુલ્લું રાખીને બેસવું જોઈએ.

વિશિષ્ટ કક્ષાના મહાત્માઓને જ ગુરુ કાર્યવશાત્ પોતાનાથી દૂર મૂકે : તે ગુરુકૂલવાસી કહેવાય. તેઓ ગુરુની સાથે રહે કે દૂર રહે, તેમને સદાનો ગુરુકૂલવાસ હોય. હા. દૂર જાય ત્યારે તેમને ગચ્છવાસ ન મળે. પરન્તુ ગચ્છવાસના જે લાભો હોય તે તેમને પ્રાપ્ત થયા હોવાથી ગચ્છવાસની જરૂર રહે નહિ. બાકી તો ગચ્છવાસ પણ અત્યન્ત જરૂરી છે.

ગચ્છવાસમાં પઠન-પાઠન, તપ-પ્રેરણા, ગુરુની સાક્ષાત્ સેવા, પરસ્પરની હૂંફજનિત સાધુતાનો ખૂબ આનંદ, ગ્લાન-સેવા વગેરે પુષ્કળ લાભો થાય છે.

નૂતન સાધુઓને પાંચેક વર્ષ તો ગચ્છવાસ સહિત ગુરુકૂલવાસમાં રાખવા જોઈએ. આથી તેમને બધા પ્રકારની તાલીમ મળી જાય.

જે ગુરુઓ તાજા - બે ત્રણ વર્ષના - દીક્ષિત સાધુઓને ઉતાવળે ગચ્છવાસથી મુક્ત કરે છે - ક્ષેત્રો સાચવવા વગેરેની લાલચથી – તે ગુરુઓ શિષ્યહિતના હત્યારા છે. માત્ર ક્ષેત્ર, પક્ષ, સગાવહાલાંને કે ભક્તોને સાચવી લેવા માટે કે પોતાની વાહવાહ કરતાં ઉપધાનાદિ અનુષ્ઠાનો માટે નૂતન દીક્ષિતોને ગુરુકૂલવાસથી દૂર કરવા એ તેમના ભાવપ્રાણોની ગુરુ દ્વારા થતી ક્રૂર હત્યા છે.

જે શિષ્યે દીક્ષા લેતી વખતે પોતાનું મસ્તક તાસકમાં મૂકીને ગુરુને સોંપી દીધું તેને ગુરુએ હાર પહેરાવવાનો હોય : કાપી નાંખવાનું ન હોય. અસ્તુ.

જ્ઞાનીઓ શિષ્યોને કહે છે કે, ''ગુરુકૂલવાસ અને ગચ્છવાસમાં બ્રહ્મચર્યપાલન, સ્વાધ્યાય, ગ્લાનસેવા, તપકરણ વગેરે જે અઢળક લાભો મળે છે તેની સામે ભલે કદાચ આપસમાં સાધુઓ ઝઘડતા જોવાનો કે નિન્દાકુથળીકરણનો ગેરલાભ જોવા મળે પણ તેથી કાંઈ તે ગચ્છવાસ છોડી ન દેવાય.

તળાવમાં ચાલતી મારામારીથી ત્રાસીને જો કોઈ માછલી તળાવનો સદા માટે ત્યાગ કરી દે તો તેના નસીબમાં મોત સિવાય બીજું શું આવે ?

સંયુક્ત કુટુંબના કેટલાક માઈનસથી કંટાળીને જે પુત્રવધૂ સંયુક્ત કુટુંબનો ત્યાગ કરે છે : પતિ સાથે અન્યત્ર એકલી રહેવા જાય છે તેને ભલે ઝઘડા મટી ગયાનો આનંદ હોય. પણ તેનું શીલ સુરક્ષિત રહી શકતું નથી. સંયુક્ત કુટુંબની જીવનશૈલીના લાભો સાગર જેવડા છે; ગેરલાભો ખાબોચિયાં જેટલા છે.

કોઈ પણ સાધુએ ગચ્છવાસનો ત્યાગ કરીને હારાકીરી કરવી ન જોઈએ.

તે જ સાધુને ગચ્છવાસ છોડવાનું મન થાય છે જેને સ્વચ્છંદતાનો રંગ લાગી ગયો હોય. ભોગરસરૂપ ખાનપાન અને માનપાનનો ચસકો લાગી ગયો હોય.

ઉત્તમ શિષ્ય તે કહેવાય કે જેણે ગુરુ પાસેથી અને ગચ્છના મુનિઓ પાસેથી જે કાંઈ જ્ઞાનાદિનું સંપાદન કરી લીધું હોય તો પણ ગુરુનો અને ગચ્છનો ત્યાગ કરવાનો વિચાર પણ ન કરે. જે સાધુ થવાનું છે તે શાસ્ત્રજ્ઞાનથી વિદ્વાન કે બહુશ્રુત થવા માટે નથી. એ તો રાગદ્વેષના મળોને સાફ કરવા માટે છે. આ મળ-સફાઈ તો ગમે તેટલા વિદ્વાન બનાય તે પછી પણ ચાલુ જ રાખવાની હોય છે કેમકે રાગાદિમળોનું આત્મા ઉપર પુષ્કળ જોર છે.

હું તે શિષ્યોને કોટિ વંદન કરું છું જે પોતાના ગુરુના એકલદોકલ શિષ્ય હોવાનો લાભ તેમની ચોવીસ કલાકની સેવા કરવા દ્વારા મેળવે છે. ગુરુને ક્ષણ

માટે પણ છૂટા મૂકતા નથી. તેનો સ્વાધ્યાય, તેનો તપ, તેની વિદ્વત્તા કે શાસનપ્રભાવક્તા - બધું - ગુરુસેવામાં સમાઈ જાય છે. અપેક્ષાએ એવું કહી શકાય કે ઘણા શિષ્યોવાળા ગુરુના શિષ્ય કરતાં સાવ ઓછા - એકાદ બે જ - શિષ્યોવાળા ગુરુનો શિષ્ય અત્યન્ત પુણ્યવાન કહેવાય કેમકે તેને એકલાને ગુરુસેવાનો તમામ લાભ રાત ને દી મળ્યા કરે છે. જો આ સાધુના હૈયે - આ બદલ - હર્ષ સમાતો ન હોય તો તે પાંચ સાત ભવે કૈવલ્ય પામી જશે તેમ માનવું રહ્યું.

મીરાએ ગુરુ-પ્રશસ્તિ કરતાં ગાયું છે :

**ભવસાગર અબ સૂક ગયો હૈ. મીટ ગઈ દુવિધા તરનન કી.**

ગ્રન્થકારે આ શ્લોકમાં શિષ્ય સુશીલ હોવો જોઈએ તેમ જણાવ્યું છે.

શીલ એટલે બ્રહ્મચર્ય ગણાય છે. આ વ્રતપાલનમાં શિષ્ય એકદમ કટ્ટર હોવો જોઈએ. એની મુખાકૃતિ એવી કરડાકીભરી હોય કે વિજાતીય તત્ત્વો એનો સંગ કરતાં ખૂબ ડરે.

આ વ્રતનું ખૂબ મહત્ત્વ એટલા માટે છે કે તેના પાલનથી રક્ષાતું વીર્ય ઓજ બને છે. આ ઓજને કારણે તે સાધુ દ્રવ્ય-આરોગ્ય અને ભાવ-આરોગ્યને સિદ્ધ કરવામાં સફળ થાય છે. ઓજ એ રોગપ્રતિકારશક્તિ હોવાથી સાધુને રોગનો હુમલો ક્વચિત્ થાય છે. આ ઓજ આત્મામાં ભરપૂર પ્રસન્નતા ઉત્પન્ન કરે છે. કોઈ પણ ક્ષેત્રમાં સફળ થવા માટે ચિત્તપ્રસન્નતા અત્યન્ત જરૂરી છે. જેમને ગુરુની કૃપા મળે છે તે શિષ્યો અત્યન્ત આનંદમાં રહે છે. તેઓ પોતાને કૃતકૃત્ય બની ગયેલા માને છે. જે ક્ષેત્રમાં તે ઝંપલાવે તેમાં સફળતા મળ્યા વિના રહેતી નથી.

શીલ શબ્દનો બીજો અર્થ છે; સ્વભાવ.

સુશિષ્યો તે છે; જેમનો સ્વભાવ કદાપિ તુચ્છ(પિત્તળ) નથી પણ ગુણાધિષ્ઠિત (રોયલ) છે.

તુચ્છ સ્વભાવના શિષ્યોમાં ક્ષુદ્રતા, હાસ્ય, મશ્કરી, નિન્દા-કુથલી, અવિનય, ઉચ્છૃંખલતા, અવિવેક, ખાઉધરાપણું, અસભ્યતા, કંજૂસાઈ, ક્રોધ વગેરે દોષો હોય છે. એકાદ પણ તુચ્છતાને કારણે આખો સમુદાય પરેશાન હોય છે. આથી ગુરુ પણ ઉદ્વિગ્ન રહેતા હોય છે.

જે શિષ્યોનો સ્વભાવ રોયલ હોય છે તે સહુને પ્રિય થઈ પડે છે. તેના ઉદારતા, ગંભીરતા, સરળતા, કૃતજ્ઞતા, સહિષ્ણુતા, નિરભિમાનિતા વગેરે ગુણોના

ગુલાબ સદા મઘમઘતા રહે છે. તેની સુવાસ ચારે બાજુ ફેલાતી રહે છે. સહુને તેનો સંગ પ્રિય લાગે છે. તેની વાણી મધથી પણ મધુર હોય છે. કડવી ભાષા તે કદી બોલતો નથી. તેનો પરાર્થપણાનો ગુણ તમામને આકૃષ્ટ રાખે છે.

જ્ઞાનીઓએ જણાવેલું શિષ્યનું 'સુશીલત્વ' વાંચીને મારા જેવાને આ ગુણ પામવાનો ખૂબ ભાવ જાગે. આ એક જ ગુણ બીજા ઘણાબધા ગુણોને ખેંચી લાવે.

આવા ગુણસંપન્ન શિષ્યોને ગ્રન્થકારશ્રીએ ધન્ય કહ્યા. ધન્યવાદને પાત્ર જણાવ્યા.

કદાચ કોઈ ઓછું ભણ્યો કે કોઈએ ઓછો તપ કર્યો તે ચાલે પણ ગુણસંપન્નતા વિના તો ન ચાલે.

સાધુ વિદ્વાન ન હોય તો ચાલે પણ તે ગુણવાન ન હોય તો બિલકુલ ન ચાલે.

■ ■ ■

**जीवंतस्स इह जसो कित्ती मयस्स परभवे धम्मो ।**
**सगुणस्सय, निग्गुणस्स य अजसो कित्ती अहम्मो य ॥१८॥**

**અર્થ :** જે ગુણવંત શિષ્ય છે તેને આ ભવમાં જીવે ત્યાં સુધી યશ મળે છે. મરે તે પછી પરભવમાં ધર્મની પ્રાપ્તિ છે.

જે નિર્ગુણ શિષ્ય છે તેના લલાટમાં આ લોકે અપયશ અને અપકીર્તિ તથા પરભવે અધર્મની પ્રાપ્તિ લખાયેલી છે.

**વિવેચન :** મુમુક્ષુ આત્મા મોક્ષ તો પામશે ત્યારે પામશે, તે ખૂબ દૂર છે. વળી દેવાદિ સદ્ગતિની પ્રાપ્તિ પણ નજીકમાં નથી. ધર્મ કરનારા આત્માને ધર્મ-આરાધના એ રોકડીઓ વેપાર છે. એને તરત આ લોકમાં યશ-કીર્તિ મળે છે. તે લોકપ્રિય બને છે. લોકપ્રિયતા પ્રાપ્ત થવા પાછળ પૂર્વના ભવોનું જ પુણ્યબળ કામ કરે એવો નિયમ નથી. શાસ્ત્રાજ્ઞા પ્રમાણે અત્યન્ત ઉલ્લસિત ભાવે જે આત્માઓ પુણ્ય બાંધે છે તે આ જ ભવનું ઉગ્રપુણ્ય છે. તે આ ભવે ઉદયમાં જરૂર આવી શકે છે.

જ્ઞાનીઓ કહે છે, "જો અધર્મી લોકોને પરલોકમાં રસ ન હોય તો કાંઈ વાંધો નહિ. તેમને આ લોકમાં યશ, કીર્તિ, ધન વગેરે જોઈએ છે કે નહિ ? જો હા. તો પણ તેમણે ધર્મ જ કરવો પડશે. હવે જો પરલોક જેવી કોઈ વસ્તુ હશે તો આ ધર્મથી ત્યાં પણ સુખ મળશે, જો પરલોક હશે જ નહિ

તો ધર્મ કરવામાં બગડી શું ગયું ? આ લોકના યશ, કીર્ત્તિ, ધન વગેરે તો મળ્યા જ ને ?

પ્રસ્તુતમાં મુમુક્ષુ આત્માઓની વાત નથી પણ સુશિષ્યોની વાત છે. આ તો બત્રીસલક્ષણા આત્માઓ કહેવાય. ગુરુસેવા, જિનાજ્ઞાપાલન, ગુણિયલપણું વગેરે પૂર્વોક્ત ગુણો જેની પાસે હોય તે તો વાલિઓ વાલ્મિકી બને. અને કાલિયો મહાકવિ કાલિદાસ બને.

આવા ઉત્તમ સાધુઓની જૈનસંઘને પુષ્કળ જરૂર છે. નિશ્ચય અને વ્યવહારને સુયોગ્ય રીતે સ્વ-પરમાં આયોજન બુદ્ધિવાળો એક સાધુ એટલે એક બત્રીસલક્ષણો મુનિવર.

વર્તમાન વિષમ સ્થિતિઓમાંથી જિનશાસનરૂપી નાવડાને બહાર કાઢવા માટે કોક-કેટલાક- બત્રીસલક્ષણાઓના બલિદાન આપવા પડશે. પ્રચંડ પુણ્યાનુબંધી પુણ્ય વિના ગુરુકૃપાની છીપમાં આવા મૂલ્યવાન મોતી પેદા થઈ શકતા નથી.

■ ■ ■

**वुड्ढावासेवि ठियं अहव गिलाणं गुरुं परिभवंति ।**
**दत्तुव्व धम्मविमंसएण दुस्सिक्खियं तं पि ॥ ९९॥**

**અર્થ :** ગુરુ વૃદ્ધાવસ્થામાં આવ્યા હોય અથવા ગ્લાન અવસ્થામાં રહેતા હોય, તેમને જો શિષ્ય હેરાન કરે તે ધર્મશાસ્ત્રની રીતે વિચારણા કરતાં દુષ્ટ કહેવાય.

**વિવેચન :** કોઈ પણ હાલતમાં ગુરુ હોય તેમને ત્યજાય તો નહિ પરન્તુ તિરસ્કારાય પણ નહિ.

જે ગુરુએ પોતાની શારીરિકાદિ સ્થિતિ સારી હતી ત્યારે તન-મન નીચોવીને શિષ્યને ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા આપી હતી. સારણા, વારણાદિક યથાસમયે કરતા રહીને તેને ઉન્માર્ગ-પ્રસ્થિત થવા દીધો ન હતો. તેની પ્રકૃતિમાં પડેલી વિષમતાઓને દૂર કરવા માટે ભારે જહેમત ઉઠાવી હતી અને ચાલાકી (ગીતાર્થતા) વાપરી હતી તે ગુરુ હવે નબળા પડ્યા એટલે શું શિષ્યથી તિરસ્કારાય કે ત્યજાય ? અરે, આવા સમયે તો ગુરુની પાસે જ તેમનો પડછાયો બનીને રહેવું જોઈએ. ગુરુના અનંત ઉપકારનો બદલો તો નહિ વળે પણ ઔચિત્ય આચર્યાનો આનંદ ખૂબ આવશે.

ગુરુના કાળધર્મના સમયે દોડી આવવું એ કાંઈ મોટું કર્તવ્યપાલન નથી. ખરેખર તો તેમની વિષમ સ્થિતિમાં દીર્ઘકાળ સુધી સેવાસમુત્સુક બનવું જોઈએ.

જે શિષ્યો સુશિષ્ય છે છતાં કોઈ કારણસર ગુરુસેવાનો લાભ લઈ શક્યા નથી તે પાછળથી ખૂબ પસ્તાય છે.

ગૂર્જરેશ્વર કુમારપાળના જીવતાં કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રસૂરિજી મહારાજનો કાળધર્મ થયો. સ્મશાનમાં ચિતાની આગના ભડકા જોઈને ગૂર્જરેશ્વર કોઈ વિચાર આવતાં હીબકાં ભરીને રડવા લાગ્યા. સહવર્તીઓએ કારણ પૂછતાં તેમણે કહ્યું, ''આ મારા ભવોભવના તારણહાર ગુરુદેવ ! હું રાજા હતો એટલે રાજપિંડ સાધુથી ન લેવાય તે નિયમાનુસાર તેમણે મારા રસોડેથી આહાર ન લીધો. અરે; પીવા માટે તો પાણી ન લીધું પણ પગ ધોવા માટે ય પાણી ન લીધું.

જો મેં રાજાપણું છોડી દીધું હોત : જો હું સામાન્ય શ્રાવક બની ગયો હોત તો મારા રસોડાનું 'બધું' તે વહોરી શકત. અહો, એથી મને કેટલો લાભ થાત ! હવે આજે રાંડ્યા પછીના ડહાપણની જેમ બધા વિચારો આવ્યા. હાય, હવે તો શું થાય !

જ્યાં સુધી ગુરુ જીવંત છે ત્યાં સુધી સાધુએ પોતાની દુકાન (!) ભૂલમાં ચાલુ કરવી ન જોઈએ. ના...નાનકડી હાટડી પણ નહિ. એ બધું કામ ગુરુકૃપાથી ભવિષ્યમાં થવાનું છે. આજે તો જીવતા ગુરુની સેવામાં જ અહર્નિશ લાગી પડવું જોઈએ.

તપાગચ્છાધિરાજ પૂજ્ય હીરસૂરિજી મ. સાહેબે ઊનાના ચાલુ ચાતુર્માસમાં વિહાર કરીને પોતાની પાસે સેનસૂરિ મહારાજ સાહેબને બોલાવ્યા હતા. કોઈ ખૂબ અગત્યની વાત કરવાની હશે એમ સમજીને સેનસૂરિજી મહારાજે અપવાદો સેવીને ઉગ્ર વિહાર કર્યો. પણ તે પાટણ આવ્યા ત્યાં પૂજ્ય હીરસૂરિ મ. સાહેબ કાળધર્મ પામી ગયા.

ગુરુને ન મળી શક્વા બદલ સેનસૂરિ મ. સાહેબ પાટણના સંઘ સમક્ષ ચોધાર આંસુએ રડ્યા.

એમ લાગે છે કે પૂજ્ય હીરસૂરિજી મ. સાહેબ આ પટ્ટધર શિષ્યને અત્યન્ત અમૂલ્ય અને એકદમ ગુપ્ત મન્ત્ર, તન્ત્ર કે તેવું જ કાંઈક આપવા માંગતા હશે જેના સાન્નિધ્યથી દિવ્યબળો પ્રાપ્ત થતા હોય અને જિનશાસનની જબરી પ્રભાવના કરી શકાતી હોય. આ વસ્તુઓને પચાવવાની પાત્રતા માત્ર સેનસૂરિજીમાં હશે. કાશ ! જૈનસંઘનું આચાર્યપરંપરાગત દિવ્ય અનુસંધાન તૂટ્યું. એમ લાગે છે કે ત્યારથી જૈનાચાર્યો સુધ્ધામાં વેરઝેરનાં બી રોપાણાં. સેનસૂરિજી મહારાજને તો ઝેર આપીને અંતરંગબળો દ્વારા મારી નાંખવામાં આવ્યા.

ખરેખર તો ગુરુનો કાળધર્મ થતા ભક્તોએ અને શિષ્યોએ ચોધાર રડવું ન જોઈએ. કેમકે ગુરુ તો ઊર્ધ્વગતિ જ પામ્યા છે. વળી મૃત્યુ તો કોઈનું થયું જ નથી. જે મૃત્યુ કહેવાય છે તે માત્ર દેહ અને આત્માનું છૂટા થવું તે છે.

આ બધું જ્ઞાન હોવા છતાં પરિપક્વ અને ગીતાર્થ ધુરંધરો પણ ગુરુવિરહ થતાં ચોધાર રડતા હોય છે. બેશક, આ તેમની ગુરુભક્તિ છે. ભક્તિ આગળ જ્ઞાનનું બળ ઓછું પડે ત્યારે આવું બને.

અરે, ખુદ ગૌતમસ્વામીજી પરમગુરુનો વિરહ થતાં કેવા બાળની જેમ ધ્રુસકે રોઈ પડ્યા હતા. હવે બીજાની તો શી વાત કરવી ?

કોઈ પણ શિષ્યે ગુરુની ગ્લાન-અવસ્થામાં અને વૃદ્ધાવસ્થામાં સેવા કરવાનો અમૂલ્ય લાભ છોડવો ન જોઈએ.

ગ્રન્થકારશ્રીએ ઉચ્છ્રૃંખલ સાધુ તરીકે દત્ત મુનિનું દૃષ્ટાન્ત આપ્યું છે.

સ્થિરવાસ રહેલા અસલી મહાત્મા ગુરુદેવ ઉપર તેણે જાતજાતની કુશંકાઓ કરી હતી. એ તો સારું થયું કે ત્યાંના ક્ષેત્રદેવતાએ તે મુનિને બરોબર સબક શિખવાડી દીધો.

જો સાધુ ગ્લાન કે વૃદ્ધ સાધુની અપૂર્વ ભાવ સાથે સેવા કરશે તો તેની જીવંત સેવા જોઈને કેટલાક આત્માઓને સાધુ થવાનું મન થશે.

સહુ જાણે છે કે ગૃહસ્થજીવનમાં વડીલોની સેવા કેવી થાય છે ? અરે, ત્યાં તો વડીલોને ઘરડાઘરમાં ઘાલી દેવાય છે. અથવા ઘરમાં ખૂબ ત્રાસ અપાય છે. પૂરતું ખાવાનું ય દેવાતું નથી. નાનકડી ભૂલે કડવા વેણથી ધિક્કારાય છે. કેટલાય વયસ્કો આત્મહત્યા ઇચ્છે છે. કેટલાક તો 'મર્સીફુલ ડેથ'ના આયોજન નીચે મૃત્યુ સ્વીકારી લે છે.

હજી એટલું સારું છે કે જૈન શ્રમણ-સંસ્થામાં આ દોષે વધુ પગપેસારો કર્યો નથી પણ છતાં ય જે વીસેક ટકા જેટલું બગડ્યું છે એ પણ ખૂબ આઘાતજનક છે.

હવે તો વૃદ્ધાવસ્થાનો ભય દૂર રાખવા માટે કેટલાક સમુદાયો અથવા નાનકડા ગ્રુપો ભકતો પાસેથી ધન ઉઘરાવીને અમદાવાદ વગેરે સ્થળોની સોસાયટીઓમાં ફલેટ લેવા લાગ્યા છે. આવું પોતાની માલિકીનું કાયમી ઘર કરાય એટલે આસપાસના વતનીઓ ખૂબ અકળાય. માત્રુ વગેરે પરઠવવાની વાત સહુને અકારી લાગે. તેમને દાદ ન દઈને - ધિઠ્ઠ બનીને અને કાયમ ગાળો ખાઈને - જ રહેવું પડે.

બીજી મોટી ગરબડ યુવા-યુવતી સાધુ સાધ્વીઓની થવા સંભવ છે. લિફટવાળો, છાપાવાળો, દૂધવાળો, શાકની લારીવાળો વગેરે સાથે જો યુવા-સાધુને હમેશ પરિચય રહ્યા કરે તો બચવું અતિ મુશ્કેલ છે.

આ ઉપરાન્ત માલિકીનું મકાન થાય એટલે ઢગલાબંધ પેટી-પટારાઓનો પરિગ્રહ થાય. એની મૂર્ચ્છા અત્યન્ત કાતિલ થઈ શકે છે.

એમ લાગે છે કે આ બધાં દૂષણોથી સહુને મુક્ત કરવા માટે - ન છૂટકે ઘરડાઘર જેવું 'કાંઈક' કરવું પડે. સ્ત્રી અને પુરુષનાં અલગ સ્થાનો થાય. આ સ્થાનો તીર્થભૂમિમાં થાય; જ્યાં ભોજનશાળા વગેરેની સુલભતા હોય. આ સ્થળે એકાદ દવાખાનું કરવું પડે. પણ સબૂર ! આપણે ધારીએ તેટલું સરળ આ કામ નથી.

ગ્લાન અને વૃદ્ધનું મન આળું રહેતું હોય છે. તેમને વાતવાતમાં ખોટું લાગી જાય ખરું. એમની અપેક્ષા પુષ્કળ હોય છે. જો તે પૂરી ન થાય તો આવેશ પણ જોરદાર આવે ખરો.

વળી દરેકનું મોત અત્યન્ત સમાધિપૂર્વક થાય તે જવાબદારી કાર્યકરોની ખરી જ.

જે કાળમાં કામ કરનારા માણસો ન મળતા હોય તે કાળમાં ઝાડા, પેસાબ, ઊલટીને પણ સાફ કરે તેવા માણસો મોં માગ્યા પગારે મળતા નથી. આ સ્થિતિમાં મોતની પળો શી રીતે સમાધિમાં પસાર થાય ? જો ગમે તે રીતે બધા મરે તો તે અત્યન્ત અનુચિત ગણાય.

હા. એટલું થઈ શકે કે ઘરડાઘરમાં તેમને જ આવવા દેવા જોઈએ જેમની સેવા માટે કોઈ એકાદ પણ સાધુ કે સાધ્વી સાથે જ રહેવા તૈયાર હોય.

આવી વ્યવસ્થા કરીને નાના નાના ઘરડાઘરો ઠેર ઠેર થાય તો પોતાનું ઘર બનાવી લેવાની પાપજનક પરંપરાઓમાંથી છુટકારો થઈ જાય ખરો.

જીવનના ૪૦-૫૦ વર્ષોમાં જે આત્માઓ ઘોર તપ વગેરે કરી ચૂક્યા છે તે ગ્લાન કે વૃદ્ધ અવસ્થામાં નિરાધાર રહે તે વાત જૈન સંઘ માટે અનુચિત કહેવાય. દસ ક્રોડ જેટલી રકમ એકઠી કરીને ચાર દિશામાં ચાર ઘરડાઘરો તો થવા જોઈએ. બેશક, એનો ટ્રસ્ટીગણ ત્યાગીઓ પ્રત્યે અત્યન્ત આદરભાવ રાખનારો હોવો જોઈએ.

પ્રસ્તુતમાં આવીએ.

શિષ્યો જો ગ્લાન કે વૃદ્ધોની અનન્યભાવે સેવા કરે તો તેમનું જીવન ધન્ય બને તેમ ગ્રન્થકારે કહ્યું.

એક સ્થળે કહ્યું છે કે જે આત્માઓની દેવ (ભગવાન) પ્રત્યે ઉત્કૃષ્ટ ભક્તિ છે તે આત્માઓની તેટલી જ ઉત્કૃષ્ટ ભક્તિ જો ગુરુ ઉપર થઈ જાય તો તેના અંતરમાં જ્ઞાનનો એવો પ્રકાશ ફાટે કે ગૂઢ પદોના તાત્પર્યો સુધ્ધાંની તેને સહજમાં ખબર પડી જાય.

**यस्य देवे परा भक्तिः यथा देवे तथा गुरौ ।**
**तस्यैते सकला अर्थाः प्रकाशन्ते महात्मनः ॥**

■ ■ ■

**आयरियभत्तिरागो कस्स सुनक्खत्तमहरिसी सरिसो ।**
**अपि जीविअं ववसिअं न चेव गुरुपरिभवो सहिओ ॥ १०० ॥**

**અર્થ :** પેલા સુનક્ષત્ર (અને સર્વાનુભૂતિ) મહર્ષિ જેવો ગુરુ ઉપર ભક્તિરાગ કોને હશે ? જેણે પોતાના પ્રાણ દઈ દીધા પણ ગુરુની તર્જના તો ન જ સહી.

**વિવેચન :** ક્રોધાંધ બનીને ધસમસતા આવી રહેલા ગોશાળાને જાણીને દેવાધિદેવે તમામ સાધુઓને એક બાજુ થઈ જવા માટે કહ્યું. જો કોઈ બીજી બાજુએ આવી જશે તો ગોશાલક તેને બાળી નાંખશે તેમ પણ કહ્યું.

પરન્તુ ગોશાલકે આવીને પ્રભુ ઉપર ગાળાગાળીનો વરસાદ કર્યો. આ બાબતને સુનક્ષત્ર અને સર્વાનુભૂતિ મુનિઓ સહી શક્યા નહિ. તેઓ ખૂબ આવેશમાં આવીને ગોશાલક તરફ ધસી ગયા.

હાય. ગોશાલકે મોંમાંથી તેજોલેશ્યાના આગના ભડકા છોડી મૂક્યા. મુનિઓને આગ લપેટાઈ ગઈ. જોતજોતામાં તેમના દેહ ભડથું થઈ ગયા.

સવાલ થશે કે સાધુથી ક્રોધ થાય ખરો ? તેનો જવાબ એ છે કે પ્રશસ્ત ક્રોધ થાય, અપ્રશસ્ત ક્રોધ ન થાય. દેવાદિ સંબંધિત ક્રોધ, વડીલોનો બાળકોના હિત માટે થતો ક્રોધ વગેરે પ્રશસ્ત કહેવાય. સુનક્ષત્રાદિનો ક્રોધ પ્રશસ્ત હતો માટે જ કાળધર્મ પામીને બે મુનિઓ બારમા દેવલોકે ગયા.

જો પ્રશસ્ત ક્રોધ પણ એકાન્તે ખરાબ ગણાતો હોય તો (૧) કાલકસૂરિજીના ક્રોધનું શું ? (૨) વિષ્ણુકુમાર મુનિના ક્રોધનું શું ? (૩) પુલાકલબ્ધિધર મુનિના અવસરોચિત ક્રોધનું શું ? (૪) રાષ્ટ્ર ઉપર ધસી આવતા મુસ્લિમોને સબક શિખવાડતા વસ્તુપાળ-તેજપાળના ક્રોધનું શું ?

ભલા ! આ બધા દેવાદિની કે ધર્મશાસનની રક્ષાના હેતુથી કરાયેલા ક્રોધ છે. તે પ્રશસ્ત છે. તે કરી શકાય. તેનાથી નિશ્ચિત દેવગતિ પ્રાપ્ત થાય.

પ્રસ્તુતમાં બે મુનિઓની વાતમાં સમજવા જેવું તત્ત્વ એ છે કે આ જ બે મુનિઓને દેવાધિદેવ પ્રત્યે કેવો અતાગ રાગ હશે ? બાકીના મુનિઓ શાન્ત રહ્યા એમાં એમની રાગની અલ્પતા હોય અથવા મુખ્યત્વે તો પરમાત્માની આજ્ઞાપાલકતાનો ભાવ હોય.

છતાં એવું કહી શકાય ખરું કે, એટલો આજ્ઞાપાલકતાનો ભાવ ઉચ્ચ આત્માઓમાં ભલે હોય, બાકીના આત્માઓને તો પ્રશસ્ત ક્રોધ આવી જ જાય.

એ આત્માઓ સાધ્વીજીના શીલને લૂંટાતું કે મંદિરે મૂર્તિનું ખંડન કરાતું કે મુનિરાજની મશ્કરી કરાતું – કશું ય – જોઈ શકે નહિ. એ તો પળમાં કૂદી પડે.

જે અપ્રશસ્ત કષાયો વગેરે છે તેમને દૂર કરવા માટે તો પ્રશસ્તની જરૂર પડે જ. હા. એ પ્રશસ્ત કષાયાદિ અધ્યવસાયો આપમેળે ચાલ્યા જાય. તેમને કાઢવા માટે પુરુષાર્થ કરવો ન પડે.

પેટનો મળ કાઢવા માટે દિવેલ લેવું પડે. પછી દિવેલ તો આપમેળે પેટમાંથી નીકળી જાય.

લાકડાને બાળતો અગ્નિ અંતે આપમેળે શમી જાય છે ને ?

ખરેખર તો એમ કહેવું યોગ્ય લાગે છે કે અપ્રશસ્તભાવોનું જે જોર હોય છે તેથી વધુ જોર પ્રશસ્તભાવોમાં હોવું જોઈએ.

સ્ત્રી ઉપર રાગ પણ ગુરુ ઉપર તો મહારાગ.

ધન ઉપર રાગ પણ ધર્મ ઉપર તો મહારાગ.

કુટુમ્બ ઉપર રાગ પણ સંઘ ઉપર મહારાગ.

રાગ તેની ઉપર છે જે જાનથી ખતમ થઈ જાય ત્યારે બહુ ચિન્તા ન થાય.

મહારાગ જેની ઉપર હોય તેને હૈયે સુરક્ષિત રાખવા માટે જાનની બાજી લગાવી દેવાય.

ધનનો રાગી ગુંડાઓને ધન આપીને જીવ બચાવે.

દેવનો રાગી જીવ દઈને દેવને બચાવે.

એવું કદાચ કલ્પી શકાય ખરું કે સુનક્ષત્રાદિ મુનિઓમાં દેવાધિદેવ ઉપર મહારાગ હતો; જ્યારે શેષમાં રાગ હતો. તત્ત્વ ગીતાર્થો જાણે.

■ ■ ■

**पुण्णेहिं चोइआ पुरक्कडेहिं सिरिभायणं भविअसत्ता ।**
**गुरुमागमेसिभद्दा देवयमिव पज्जुवासंति ॥ १०१ ॥**

**અર્થ :** જેઓ પૂર્વે બાંધેલા પુણ્યાનુબંધી પુણ્યકર્મના ઉદયથી ગુરુ-સેવા તરફ પ્રેરાએલા છે; જેઓ અભ્યન્તર લક્ષ્મીનું પાત્ર બન્યા છે, નજીકના આગામી કાળમાં જેમનું આત્મહિત થવાનું નિશ્ચિત છે તે સરળ શિષ્યો પોતાના ગુરુની સેવા દેવની જેમ કરતા હોય છે.

**વિવેચન :** ગુરુસેવાની પ્રાપ્તિ એ કાંઈ સામાન્ય કોટિના પુણ્યથી શક્ય નથી. ઉત્કૃષ્ટ કોટિના નિર્મળ પુણ્યાનુબંધી પુણ્યથી જ ખૂબ સારા - મહાસંયમી ગુરુની પ્રાપ્તિ થાય.

જો કે નબળા સંયમી ગુરુમાં ય એકલવ્યની જેમ ગૌતમ-ગુરુની કલ્પના કરીને ઉત્કૃષ્ટ આરાધના થઈ શકે ખરી. ચંડરુદ્રાચાર્ય પોતાના શિષ્યને લાકડીથી મારીને લોહીલુહાણ કરી રહ્યા તો ય તે ગુરુને જ આલંબન બનાવીને તેમના શિષ્ય વીતરાગ-દશાને પામી ગયા.

તો પણ જો સહજ રીતે ઉત્કૃષ્ટ કોટિના સંયમી મહાત્મા ગુરુ તરીકે મળે તો ગુરુસેવાની ભાવવૃદ્ધિ સરળ રીતે થાય. વીર્યોલ્લાસ ખૂબ વધી જાય..

ગુરુના નબળા આચરણમાં શિષ્યે ઉત્કૃષ્ટ આચાર સેવવો એ કોઈ સામાન્ય વાત નથી. આવી સ્થિતિમાં જો શિષ્યનું આત્મહિત વર્ધમાન બનતું હોય તો તેનો યશ ગુરુને ન આપતાં શિષ્યના આત્માને (ઉપાદાનકારણને) આપવો જોઈએ. હા. ગુરુને નિમિત્ત બન્યાનો યશ આપી શકાય ખરો.

જે મોક્ષનું અવન્ધ્ય કારણ છે તે ગુરુસેવા વિનયરત્ન - શિષ્ય (શિષ્યાભાસ)ને પાપાનુબંધી પુણ્યોદયે મળી તેથી જ તેનો આત્મા કાજળથી પણ વધુ કાળો રહ્યો. તેણે ગુરુસેવાના લેબાશ નીચે ગુરુની કરપીણ હત્યા કરી. તે સાતમી નારકે ગયો. (હા. તે અભવી જીવ હતો.)

જેના અનુબન્ધો પણ સુંદર પડે; જે અનુબંધો આત્માને ઠેઠ મોક્ષ સુધી અપ્રતિહત ગતિથી લઈ જાય તે તો પુણ્યાનુબંધી પુણ્યથી જ મળે..

પુણ્યથી શ્રેષ્ઠ ગુરુ મળે.

પુણ્યાનુબંધથી ગુરુસેવાના શ્રેષ્ઠ ભાવો મળે.

જે શિષ્યોને પુણ્યાઈની ખામીથી સુગુરુ ન મળ્યા કે શિષ્યને તાલીમ દેવામાં કુશળ એવા ગુરુ ન મળ્યા તે શિષ્યનું દુર્ભાગ્ય કહેવાય.

સામાન્યતઃ તો ગુરુ બદલી શકાતા નથી પરન્તુ જો કહેવાતા ગુરુ દેવાધિદેવની આજ્ઞાને ઝાઝી માથે ચડાવતા નથી; ચોથા વગેરે વ્રતમાં શિથીલ છે તેવા ગુરુનો પોતાનું આત્મહિત ત્યાં જોખમાઈ ન જાય તે માટે સત્વર ત્યાગ કરવો જોઈએ. એવા સ્થાને જવું જ્યાં રત્નત્રયીની ઉપાસના ખૂબ સારી રીતે થઈ શકે.

ક્યારેક તો શિષ્યોની ઉચ્છ્રૃંખલતાથી વાજ આવી જઈને ગુરુઓ - કાલકસૂરિજી વગેરે - પરગચ્છમાં ચાલી જતા હોય છે.

જે શિષ્યો વિશિષ્ટ કોટિની ગુરુસેવામાં લીન હોય છે તેમનું ભાવી અતિ સુંદર હોય છે. તેઓ ત્રીજા આચાર્યપદે આરૂઢ થાય કે સો શિષ્યોના ગુરુ થાય એ જેટલી મોટી વાત છે તેના કરતાં તેઓ રાગાદિ દોષોને ગુરુસેવા કરતાં ક્ષીણપ્રાયઃ કરી દે એ ખૂબ મોટી વાત છે.

સુશિષ્યોને આવી અનેક અભ્યંતર લક્ષ્મીની પ્રાપ્તિ થતી હોય છે. એવા પુણ્યોદયકાળમાં તેમને અહંકાર કે આસક્તિ ન જાગે તે તેમને સૌથી મોટો મળેલો ગુરુસેવાનો લાભ કહેવાય.

આવી સ્થિતિ પ્રાપ્ત થાય તો જ તે પુણ્યોદય પુણ્યાનુબંધી કહેવાય.

પુણ્યે ઈષ્ટ સામગ્રી મળે.

પુણ્યાનુબંધે ગુણવૈભવ મળે.

ગુરુભક્ત શિષ્યોનો વિકાસ અહીં સુધી પર્યાપ્ત નથી. તેઓ પોતાના સમગ્ર ભાવીને પ્રકાશમય બનાવે છે. ઠેઠ કૈવલ્ય-લક્ષ્મીને તેઓ પ્રાપ્ત કરી લે છે.

ધન્ય છે તે શિષ્યોને કે જેમને એટલા બધા ઉત્તમોત્તમ સંયમધર મહાત્મા ગુરુ તરીકે મળવાથી સંયમધર્મના પાલનનો ઉલ્લાસ ચોવીસ કલાક જીવંત રહે છે. આ શિષ્યો ગુરુને દેવાધિદેવની જેમ સેવે છે..

અપેક્ષાએ તો દેવાધિદેવ કરતાં ય ગુરુ ઉત્તમ છે કેમકે શિષ્યોના ઉપર અગણિત ઉપકારોની હેલિ વરસાવવાનું કામ તો ગુરુએ કર્યું છે. અરે, દેવને ઓળખાવનાર પણ તે છે. ધર્મને સમજાવનાર પણ તે છે.

આ કારણે પંચાશક ગ્રન્થમાં સમ્યગ્દૃષ્ટિ આત્માના ત્રણ લિંગોમાં બીજા લિંગની વાત કરતાં કહ્યું છે કે, ''સમકિતી જીવ ગુરુ-દેવનો ભક્ત હોય.'' ત્યાં સવાલ કર્યો છે કે, દેવ-ગુરુને બદલે ગુરુદેવ એવો ક્રમ કેમ ગોઠવ્યો ? તેનો ઉત્તર આપ્યો છે કે જીવો માટે દેવ કરતાં ગુરુ આસન્ન ઉપકારી છે માટે તેમનો પ્રથમ નંબર લગાડ્યો.

અજૈનો પણ આ રીતે "ગુરુ ગોવિંદ દોનુ ખડે..." પદોથી ગુરુમહિમા કરે છે.

અનુભવે પણ આ વાત બરોબર લાગે છે. જેમના પ્રત્યક્ષ દર્શનાદિ કર્યા, જેમની ઠીક ઠીક સેવા કરી, જેમણે અપૂર્વ વાચનાઓ આપી, જેમણે સંયમ-જીવનની વાત્સલ્યભાવથી તાલીમ આપી તે ગુરુ જ વધુ સેવ્ય લાગે ને ? હા. દેવ પણ ઉપકારી ખરા; પરન્તુ પરંપરયાં.

આથી ગ્રન્થકારે આ શ્લોકમાં સાચું કહ્યું છે કે, સુશિષ્યો ગુરુની સેવા ભગવાનની જેમ કરતા હોય છે.

અજૈનોમાં એકલવ્ય અને જૈનધર્મમાં ગૌતમસ્વામીજી યાદ આવે છે.

કેટલાક શિષ્યો ગુરુની સેવા કરતા રહીને પોતાની ભૌતિક મલાઈઓ ખાઈ લે છે. એટલે સુધી કે આચાર્યપદ પણ મેળવી લે છે.

કેટલાક શિષ્યો ગુરુની સેવા કરીને ગુરુનો કબજો લઈ લે છે. ગુરુને સાવ પરાધીન બનવું પડે છે. એને પૂછ્યા વિના પાણી પણ પી શકતા નથી. બીજા શિષ્યો ઉપર ગુરુ દ્વારા દાદાગીરી ચલાવે છે. આજની ભાષામાં આ ગુરુભક્ત (!) શિષ્યો 'સેક્રેટરી' કહેવાય છે. જે સાધુઓ તે સેક્રેટરીનું બધું સંભાળી લે તેને ગુરુની પાસે રહેવા દે; બીજાઓને ત્રાસ દેવા દ્વારા ગુરુ દ્વારા રવાના કરાવી દે.

સેક્રેટરીઓ પ્રાયઃ દરેક સમુદાયમાં હોય છે. તેમની પ્રકૃતિ સુંદર હોય તો તે સહુ સહવર્તીઓનું હિત કરે છે બાકી તો સ્ટીમરોલરની જેમ ફરી વળીને કચ્ચરઘાણ વાળી દે છે.

સેક્રેટરીઓના ત્રાસથી કેટલીકવાર સાધુઓને એટલો બધો મનસ્તાપ થાય છે કે છેવટે તેઓ ઘરભેગા થાય છે અથવા અન્ય સમુદાયમાં ચાલી જાય છે.

કીડીને પણ જીવાડતો સેક્રેટરી દાઢમાં સાધુ પ્રત્યે એકદમ ક્રૂર અથવા કઠોર બની જાય છે. કોણ એમના સામ્રાજ્યમાંથી પેલા ફૂલ જેવા નજાકત સાધુઓને છોડાવી શકે !

એવું સાંભળવા મળ્યું છે કે મહોપાધ્યાયજીને એક જ શિષ્ય હતો. તેમનો પરમ ભક્ત હતો. આજની ભાષામાં આરબ હતો. સાંજે પાણી ચૂકવવાના સમયે પણ ગુરુ ધમધમાટ ગતિથી ગ્રન્થલેખન કરતા હોય ત્યારે શિષ્ય પહેલેથી પાણી ચૂકવી દેવાની વિનંતી કરતો. એ વખતે અતિશય સ્નેહ બતાડતો, કાલી કાલી ભાષામાં પાણી વાપરી લેવા સમજાવતો. પણ કેટલીય વાર સૂર્યાસ્ત થઈ જતો અને પાણી વાપરવાનું રદ થઈ જતું. શિષ્યની આંખોથી આંસુ પડી જતા.

કેવા એ ગુરુ, લેખન-લીન !
કેવો એ શિષ્ય, ગુરુ-તલ્લીન !

દીક્ષા દેવા દ્વારા, દીક્ષા પળાવવા દ્વારા, સારણા વગેરે કરવા દ્વારા, મસ્ત એવું વાત્સલ્ય દેવા દ્વારા, ખૂબ ભણાવવા દ્વારા, ગુરુ શિષ્ય ઉપર ભવોભવના કેવા ઉપકારી બની જાય છે ! આ વાત જેના ખ્યાલમાં આવી ગઈ તે શા માટે દેવની જેમ ગુરુપૂજા ન કરે !

દેવાધિદેવ અને સ્વર્ગીય દેવની ઉત્કૃષ્ટ સેવા કરતાં જે લાભો થાય કે જે પરચા મળે તેનાથી પણ વધુ લાભ ગુરુની સેવા દ્વારા મળે છે. પરચાઓ તો વખતોવખત થયા કરે. ના. એ સાઈબાબાની જેમ આકાશેથી રાખ, પેંડો કે લોકેટ કાઢીને બતાડવા જેવા પરચા ન હોય પણ ગુરુસેવાકારી શિષ્યોને વચનસિદ્ધિ પ્રાપ્ત થતી હોય છે. એથી એ જે બોલે તે બની જાય છે. બીજા નંબરમાં અન્તઃપ્રેરણા થતી હોય છે. જ્યોતિષ વગેરે ભણ્યા વિના એમને ભાવીમાં થનારી ઘટનાઓની આગળથી ખબર પડી જાય છે..

■ ■ ■

**बहुसुक्खसयसहस्साणं दायगा, मोअगा दुहसहस्साणं**
**आयरिआ फुडमेअं केसिपएसी व ते हेउ ॥ १०२ ॥**

■ ■ ■

**नरयगइगमणपडिहत्थए कए तह पएसिणा रण्णा**
**अमरविमाणं पत्तं, तं आयरियप्पभावेणं ॥ १०३ ॥**

**અર્થ :-** આચાર્યો કેવા હોય ?

હજારો આત્માઓને સદ્ગતિ આદિના સુખો તરફ વાળી દેનારા હોય અને હજારો આત્માઓને જાલીમ દુઃખોથી મુક્ત કરાવનારા હોય.

આ વાત સ્પષ્ટરૂપે સમજવી હોય તો કેશિ ગણિ તરફ નજર કરવી ? સરસ રીતે પ્રદેશી રાજાના ભાવી સુખોમાં તે હેતુ બન્યા હતા.

અહા, જેમનું પ્રયાણ નરકગતિ તરફ નક્કી થઈ ગયું હતું તેને કેશી ગણિએ સ્વર્ગ તરફ વાળી દીધા !

**વિવેચન :** સાધુઓનું કાર્ય છે; યોગ્ય જીવોને બોધ આપીને સન્માર્ગે વાળવાનું. ભયાનક બહારવટીઆઓ, લૂંટારુંઓ, વ્યભિચારીઓ વગેરેને તેઓ સન્માર્ગસ્થિત કરી શક્યા છે.

તારક તીર્થંકરદેવોની વાત ન્યારી છે. એ તો હોલ-સેલમાં જથ્થાબંધ રીતે લાખો આત્માઓને દુઃખમુક્ત કરીને સુખ તરફ વાળે; પરન્તુ અન્ય મુનિઓ પોતાની પાત્રતાદિ મુજબ થોડાંકને તો જરૂર દુઃખમુક્ત કરે.

'આચાર્ય' એટલે સમગ્ર જૈનસંઘના અગ્રણી : ગચ્છાચાર્ય કે સંઘાચાર્ય. એ સ્વ-હિત પહેલું પાકું કરી લે; પછી પરહિતકરણમાં ઝંપલાવે. આ માટે તેઓ યોગ્યતા પ્રાપ્ત થયા બાદ દેશ-દેશાન્તરમાં પરિભ્રમણ કરે. તે તે દેશની ભાષાઓમાં પ્રવચનો આપે.

ક્યારેક જરૂર લાગે તો - અપવાદ માર્ગે - રાજા રજવાડાઓના કે મોટા શ્રીમંત લોકોના માથે આવેલી આફતને દૂર કરી આપીને જૈનધર્મનો જયજયકાર બોલાવે. એ વખતે આશ્ચર્યસ્તબ્ધ બનેલા હજારો અજૈનો જૈનધર્મનો સ્વીકાર કરે.

ઓસીઆ અને પદ્માવતી નગરીના લાખો લોકોને એક સાથે રત્નપ્રભસૂરિજીએ જૈનધર્મ સ્વીકારાવ્યો હતો. તે લોકો ઓસવાળ અને પોરવાડ કહેવાયા.

જૈનશાસનના મહાશાસનપ્રભાવક સમ્રાટ સંપ્રતિએ ક્રોડો લોકોને જૈન બનાવ્યા હતા.

ગૂર્જરેશ્વર કુમારપાળે હજારો અગરવાલોને જૈનધર્મયુક્ત કર્યા હતા.

આચાર્યો સૂરિમન્ત્રનો જપ કરે એથી તેમનામાં વિરાટ શક્તિઓ ઉત્પન્ન થાય. જો તેઓ સાચા અર્થમાં ગુરુકૃપા પ્રાપ્ત કરે તો જબરદસ્ત ચમત્કાર સર્જી શકે.

એમનું બ્રહ્મચર્ય પાલન પણ ખૂબ ઉત્કૃષ્ટ હોય છે તેથી પણ તેમનામાં વિપુલ શક્તિનું ઉત્પાદન થાય.

આચાર્યનું લક્ષ જીવોને માત્ર મોક્ષદાન છે; કેમ કે જીવોનું સાચું હિત તેમને મોક્ષદાન કરાવવા દ્વારા જ છે.

જૈનશાસનમાં જે કોઈ ધર્મ—દીક્ષા લેવાથી માંડીને નવકારમન્ત્રનો જપ કરવા સુધીનો - આચરાય છે તેનું લક્ષ એકમાત્ર મોક્ષપ્રાપ્તિ છે.

ક્યારેક જ - અનિવાર્ય સંયોગમાં - કોઈ ગીતાર્થ મહાત્માને યોગ્ય લાગે તો - અપવાદરૂપે સાંસારિક પદાર્થની પ્રાપ્તિ માટે પણ ધર્મ થતો હોય છે ખરો. પરન્તુ અહીં પણ સામા જીવની જેવી પાત્રતા જણાય કે તરત તેને મોક્ષલક્ષી બનાવી દેવાની ભાવના તે ધર્મગુરુમાં હોય છે.

ક્યારેક શાખાચન્દ્રમસન્યાય મુજબ જીવને મોક્ષલક્ષી બનાવાય છે.

હજારો જીવોને સુખ આપનારા આચાર્ય હોય એમ આ શ્લોકમાં કહ્યું

તો અહીં 'સુખ' શબ્દથી મુખ્યત્વે આત્મસુખ સમજવાનું છે. અથવા તેની અભિમુખ કરતું ભોગસુખ સમજવાનું છે.

પ્રદેશી રાજા સર્વદોષોથી ભરેલો ખૂંખાર, ક્રૂર રાજા હતો. અત્યન્ત નાસ્તિક હતો. પણ મન્ત્રી-પ્રેરણાથી એક વાર કેશિ-ગણીનો સત્સંગ થયો અને તેણે કરેલા કૂટ પ્રશ્નોના જે સુંદર સમાધાન મળ્યા તેથી તે ધર્માભિમુખ બન્યો.

જો કે તેની કામાન્ધ રાણી સૂર્યકાન્તાએ તેને વિષપ્રયોગથી હણી નાંખ્યો પણ સમાધિથી મરણાન્ત વેદના સહન કરીને તેણે અપૂર્વ આત્મહિત સાધ્યું.

જેને કોઈ રીતે આવી સિદ્ધિ મળી ન શકે તેને પણ આચાર્યો કેવા પલટી નાંખતા હોય છે ! આમાં મુખ્ય કારણ આચાર્યોનું અત્યન્ત નિર્મળ ચારિત્રબળ છે.

અકબર કેવો કામી, ક્રોધી, હિંસક, ખૂંખાર બાદશાહ હતો ! તેને આચાર્ય હીરસૂરિજીએ ઉત્કૃષ્ટ ચારિત્રબળથી ઠેકાણે લાવી દીધો !

અહિંસાના પિંજરમાં સિંહને પૂરી દીધો !

સુહસ્તિસૂરિ મહારાજે સંપ્રતિના જીવ ભિખારીને દીક્ષા આપવાનો જબરદસ્ત અપવાદ માર્ગ ખેલી નાંખીને જૈનશાસનને સમ્રાટ સંપ્રતિની ભેટ આપી !

હેમચન્દ્રસૂરિજી મહારાજે સિદ્ધરાજ અને કુમારપાળ જેવા બે ધુરંધર રાજાઓને ચારિત્રબળ, મન્ત્રબળ અને દિવ્યબળથી જિનશાસનના અનુરાગી બનાવ્યા. તેમના દ્વારા શાસનપ્રભાવના કરાવી.

સિદ્ધસેન દિવાકરસૂરિજીએ મહાપ્રતાપી વિક્રમાદિત્યને તાર્યો.

જિનશાસનમાં આચાર્યોએ જિનાજ્ઞાના કટ્ટર પાલનરૂપ વિશુદ્ધ ચારિત્રબળથી જૈનધર્મની પુષ્કળ રક્ષા કરી છે. તેનો વ્યાપ વખતોવખત વધાર્યો છે. તેના મૂળ ઊંડે સુધી લઈ ગયા છે.

કેટલાક આચાર્યોના શુદ્ધ ચારિત્રબળથી ખેંચાઈને દેવો આવીને બેસતા : વાતો કરતા.

નાડોલમાં માનદેવસૂરિજી પાસે ચક્રેશ્વરી અને પદ્માવતી બેઠેલી જોઈને વંદનાર્થે આવેલો શ્રાવક ભડકી ગયો હતો.

હેમચન્દ્રસૂરિજી મહારાજ પાસે પ્રત્યક્ષ દેવસાન્નિધ્ય હતું. મા સરસ્વતી વગર સાધનાએ વશ થયા હતા.

નન્નસૂરિ અને ગોવિંદસૂરિજીની વ્યાખ્યાનશક્તિ બેમિસાલ હતી.

બપ્પભટ્ટસૂરિજીનું બ્રહ્મચર્ય ઉત્કૃષ્ટકક્ષાનું હતું.

એ તો સ્પષ્ટ છે કે જે મહાત્માઓ જૈનશાસનની પ્રભાવના અજૈનો સુધી વિસ્તારે છે અથવા રાજકારણના ક્ષેત્રમાં વ્યાપે છે તેમની પાસે નિશ્ચિતપણે દૈવીબળ હશે જ. કાં માણિભદ્રાદિ પ્રસન્ન હોય અથવા તેમના સ્વર્ગીય ગુરુદેવ પોતે હોય. આવું કશું ન હોય તો તેમનું પોતાનું પ્રકૃષ્ટ પુણ્યાનુબંધી પુણ્યકર્મ હોય.

યતિઓના કાળમાં તો તે સૂરિવરો પાસે મન્ત્રતન્ત્રાદિકની તથા શુદ્ધ બ્રહ્મચર્યપાલનની શક્તિ હોવાથી તેઓ યોગ્ય સમયે રાજા-મહારાજાઓ સુધી પોતાનો પ્રભાવ ફેલાવતા.

એક રાજા પ્રતિબુદ્ધ થતો ત્યારે તેનું આખું નગર પ્રતિબુદ્ધ બનતું. તમામ લોકો જૈનધર્મનો સ્વીકાર કરી લેતા.

રત્નપ્રભસૂરિજીએ રાજપુત્રના સર્પદંશનું દુઃસાધ્ય ઝેર ઉતારી દઈને રાજાને એવો પ્રસન્ન કર્યો હતો કે તેના સહિત લાખો પ્રજાજનોએ જૈનધર્મનો સ્વીકાર કર્યો. આ બધા જૈનોના સંગઠન માટે 'મહાજન' નામની સંસ્થાની સ્થાપના કરી. ઓસીઆના બનેલા જૈનો ઓસવાળ કહેવાયા ; પદ્માવતી નગરીના બનેલા જૈનો પોરવાડ કહેવાયા.

હાય, આજે આ 'મહાજન' સંસ્થા મૃતપ્રાયઃ થવા લાગી છે. એને મારવાનું કામ નવી ફૂટી નીકળેલી ઢગલાબંધ સંસ્થાઓ – લાયન્સ, રોટરી, સોશ્યલગ્રુપ - વગેરે કરી રહેલ છે.

સાચો જૈન આવી સંસ્થાઓનો સભ્ય થાય નહિ.

બીજી વાત કરું. જે પરંપરાગત પ્રાચીન ધર્મો છે; જૈનધર્મ, શૈવધર્મ, વૈષ્ણવ ધર્મ વગેરે - તેમને ધરતી ઉપરથી વિસર્જિત કરવા માટે નવા આકર્ષક ધર્મો ઊભા કરવામાં આવ્યા છે. દા.ત. બ્રહ્માકુમારી, દાદા ભગવાન કહાનપંથ, રાજચન્દ્ર પંથ વગેરે.

આ બધું કામ વિદેશોમાં રહેલી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ ભેદી રીતે કરે છે. તે સંસ્થાઓ નવા ધર્મોને ખૂબ પૈસો આપે છે; જેથી તે ધર્મો તગડા બનીને પરંપરાગત ધર્મોના સહજ વિસર્જનમાં ઉપયોગી બને.

આવી તો ઘણીબધી વાતો છે જે ધર્મસંસ્કૃતિનિષ્ઠ આત્માઓને અત્યન્ત વ્યગ્ર કરે; પરન્તુ આ તો આભ ફાટી ગયું છે એટલે કશું થઈ શકે તેમ નથી.

નિયતિને તેનું કામ કરવા દઈએ..

નિયતિને સલામ કરીએ.

ઝાઝી ચિન્તા કરવાથી આયુષ્યને ધક્કો લાગે.
જીવન ગુમાવી દેવાય. ના. આવું તો નહિ કરવું જોઈએ.

■ ■ ■

**धम्ममएहिं अइसुंदरेहिं कारणगुणोवणीएहिं ।**
**पल्हायंतो व्व मणं सीसं चोएइ आयरिओ ॥ १०४ ॥**

**અર્થ :** જે રત્નત્રયીના પોષક ગુણો (કે ભાવો) છે તે દર્શાવવા - પોષવા વડે ધર્મમય આચાર્ય શિષ્યના મનને પ્રફુલ્લિત કરે અને તેને હિતશિક્ષા આપે.

**વિવેચન :** જે તે વાતો - વિકથાઓ - આચાર્ય કરે નહિ. તે આત્મગુણપોષક વાતો જ કરે. નકામી વાતોમાં રાજકથા, દેશકથા, સ્ત્રીકથા અને ભક્ત(ભોજન) કથા ગણાય.

આ વિકથાઓ કરવાથી ગચ્છ હસાહસી, ઠઠ્ઠામશ્કરી, આર્તધ્યાન, વિષય કે કષાયપોષણ વગેરે દોષોમાં ગરકાવ થાય છે. આ કથાઓમાં અનાદિ કુસંસ્કારોને લીધે એવો રસ પડે છે કે તે પછી તે શિષ્યોને ધર્મકથા, શાસ્ત્રસ્વાધ્યાય, કણ્ઠસ્થીકરણ, પઠન-પાઠન વગેરેમાં થોડોક પણ રસ પડતો નથી.

એક વાર ધર્મગ્રન્થો નીરસ બની જાય એટલે આ આધારસ્તંભ તૂટી જતાં સાધુજીવન પડી ભાંગે. કદાચ વેષ પકડી રખાય પણ તેવા વેષનું મૂલ્ય બે બદામ જેટલું નથી.

દીક્ષા લેતાંની સાથે સાધુએ છાપાં, સાપ્તાહિકો, માસિકો વગેરે બધુ નહિ વાંચવાની પ્રતિજ્ઞા કરી લેવી જોઈએ. જો એકવાર ચસકો લાગશે તો તે કોઈ હાલતમાં છૂટશે નહિ. આ પછી વિષયવિકારો ઉત્તેજિત થશે. કષાયો માઝા મૂકશે.

આજના આ વાંચનમાં 'સેક્સ' ને ઉત્તેજિત કરી મૂકે તેવા ફોટાઓ બીભત્સ રીતે જોવા મળે છે. હાય, પછી તો ચારિત્રજીવન ખરડાઈ જવામાં શું બાકી રહે.

આ વાંચન પહેલેથી બંધ રખાવીને આચાર્યે ધર્મગ્રન્થોના વાંચન - લેખન તરફ શિષ્યોને વાળી દેવા જોઈએ. તેમને સરસ રીતે સમજાય, તેમાં ખૂબ રસ પડે તે રીતે ભણાવવા જોઈએ.

આ ગ્રન્થકાર આ શ્લોકમાં સરસ વાત કરે છે કે શિષ્યોને ભણાવતા ગુરુ અધ્યયન મગજના ભારરૂપ ન બની જાય એટલા માટે વચ્ચે કોઈ ટુચકો કહે, કોઈ વાત કરે, કોઈ અનુભવ કહે કે જેથી શિષ્યોનું મન હળવું Relex

બની જાય. વર્તમાનકાળમાં તો આ નીતિની વિશેષ જરૂર છે કેમકે દૂધ, ઘી વગેરે ખોરાકો નબળા પડી ગયા છે અથવા દુર્લભ બન્યા છે; એટલે મુનિઓનું શરીર સખ્ત પરિશ્રમ કરવા માટે સક્ષમ રહ્યું નથી. એ રીતે મગજના જ્ઞાનતંતુઓ નબળા પડ્યા હોવાથી વધારે સમય ગોખી શકાતું નથી કે ભણી શકાતું નથી. આ વાતોનો આચાર્યને ખ્યાલ હોય એટલે તે શિષ્યોને ક્યારેક જ્ઞાન સાથે ગમ્મત જેવું પણ કરાવતા રહે.

જૈન શાસ્ત્રોમાં અસલમાં તો ક્રોડો કથાઓ હતી પરન્તુ ગ્રન્થોનો હ્રાસ થવા છતાં પણ હજારો સુંદર કથાઓ વિદ્યમાન છે. ગુરુ તેનો અભ્યાસ કરીને શિષ્યોને સરસ કથાઓ કરે.

સબૂર ! આવી વાતો જે સત્ય હોય તે કહેવાય.

જૂઠી વાર્તાઓ (જોડી દીધેલી) ન કહેવાય.

આચાર્ય મિથ્યા વચન તો ન જ બોલી શકે ને ?

આમ છતાં પણ જો શ્રવણ કરનાર જીવ ખૂબ પ્રાથમિક કક્ષાનો હોય, સાવ બાળક હોય તો તેને ધર્મ પમાડવા માટે કાલ્પનિક કથાઓ પણ કહી શકાય.

આચારાંગ સૂત્રમાં પુંડરીક અધ્યયન કાલ્પનિક જ છે.

પીપળપાન ખરંત, હસતી કૂપળીઆં... પંક્તિમાં કહેલી વાત કાલ્પનિક છે.

ઉપમિતિભવ પ્રપંચા ગ્રન્થ - સમસ્ત - કાલ્પનિક છે.

જીવો જે રીતે બોધ પામે તે રીતે તેને બોધ પમાડવો જોઈએ : મોક્ષાભિમુખ બનાવવો જોઈએ.

કહેવત છે કે, "જે પાણીએ મગ ચડે તે પાણીએ ચડાવી દેવા. સ્થૂલ કક્ષાના જીવો સામે ઝાઝી માથાકૂટ કરવી નહિ.

આપણને મમ્‌મમ્‌થી કામ છે; ટપટપથી નહિ.

જો કે આજના વ્યાખ્યાનકારો શ્રોતાઓનું ગાંડુ મનોરંજન કરવાના આશયથી શાયરીઓ બોલે છે, ગઝલો ગાય છે અને ડાયરા પણ બેસાડે છે. આ બધું બરોબર ન કહેવાય.

સુધર્માસ્વામીજીની પાટ ઉપરથી જે તે વાતો ન કરાય. એટલે જ ગીતાર્થોએ જ પ્રવચન કરવું જોઈએ. લોકરંજન કરતાં પ્રવચનો ખૂબ હાસ્યાસ્પદ લાગે છે. સાધુનું પ્રવચન વૈરાગ્યગર્ભિત હોવું જોઈએ. કઠોર આત્માઓ પણ પ્રવચન સાંભળતાં પીગળી જાય : જાગી જાય.

**जीअं काउण पणं तुरुमिणिदत्तस्स कालिअज्जेण ।**
**अवि अ सरीरं चत्तं न य भणिअमहम्मसंजुत्तं ॥१०५॥**

**અર્થ :** તુરુમિણી નગરીના - મન્ત્રીપણામાંથી રાજા બનેલા - દત્ત બ્રાહ્મણની આગળ પ્રસંગ આવતાં શરીરની મમતા મૂકી દેવારૂપે જીવનને હોડમાં મૂકી દીધું પણ અધર્મયુક્ત વચન તો ન જ બોલ્યા.

**વિવેચન :** આ શ્લોકનો પૂર્વના શ્લોક સાથે સંબંધ છે. પૂર્વીય શ્લોકમાં કહ્યું કે આચાર્ય શિષ્યને ધર્મમય વાતો કરીને પ્રસન્ન કરે. અહીં આ શ્લોકમાં આપેલા દૃષ્ટાન્તથી એ વાત કરવી છે કે કાલકસૂરિજીની જેમ અધર્મની વાત તો કોઈ પણ આચાર્ય ન કરે.

શિષ્યનું મન પ્રસન્ન કરવાની વાત ખૂબ સરસ કહેવાય. જેટલી ચિત્ત-પ્રસન્નતા તેટલી પ્રગતિ. પણ આ વાત સાધવા માટે અધર્મનો માર્ગ તો ન જ લેવાય.

હજી કદાચ સાચું ન બોલી શકાય તે ચાલે પણ જૂઠું તો ન જ બોલી શકાય.

શિષ્યને પ્રસન્ન રાખવા માટે જૂઠું બોલવું કે દોષો સેવવા તે બરોબર નહિ.

ના... આચાર્ય તેને પ્રસન્ન રાખવા આધાકર્માદિ દોષવાળી વસ્તુ ન જ વપરાવે. તેની ભૌતિક શોખની વસ્તુ પૂરી ન પાડે. એને ગમતી - રાજકારણ વગેરેની નિરર્થક - કથાઓ પણ ન કરે.

ટૂંકમાં દ્રવ્યદયા કરીને શિષ્યને પ્રસન્ન રાખવાની વાત બરોબર નથી. સાચા ગુરુ તો શિષ્યની ભાવદયા કરે. હા. તેના માંદગી વગેરેના સમયમાં તેની દ્રવ્યદયા પણ કરવી જોઈએ; અને ગુરુ તેની માંદગીની સ્થિતિનો લાભ પૂરો ઉઠાવે.

કોઈ શિષ્યને ગુરુથી મનભેદ થયો હોય, તેણે અબોલા લીધા હોય, તેમનું માનતો ન હોય તેવા વખતે તેને પોતાને વશ કરવા માટે ગુરુ માટે તેની માંદગી એ શ્રેષ્ઠ સ્થિતિ છે. જેટલી સુંદર એની ચાકરી થાય એટલો એ શિષ્ય કૂણો પડે. પોતાની ભૂલનું ભાન થાય. છેલ્લે પગે પડીને ગુરુની માફી માંગે.

સંસારત્યાગ કરીને દીક્ષા લેવી એ ખાવાનો ખેલ છે પરન્તુ એ દીક્ષાને શાસ્ત્રીય રીતે પાળવી એ ખાંડાનો ખેલ છે. જ્ઞાનીઓ કહે છે કે દીક્ષાના પહેલાં બાર માસનો અનુભવ કરતો સાધુ અનુત્તર વિમાનના ભૌતિક આનંદથી

વધુ આધ્યાત્મિક આનંદનો અનુભવ કરવા લાગે. કાશ ! આજે કેટલાય ત્યાગીઓ આ સમયમાં આર્તધ્યાનની પરાકાષ્ટાને અનુભવતા જોવા મળે છે.

બેફામ જીવન જીવવું એ જ દુ:ખનું કારણ છે. ખાનદાન આત્માઓ તેવું જીવન જીવીને અંદરથી અત્યન્ત દુ:ખી હોય છે. પણ ગુરુઓ જેમને ભીતરના આધ્યાત્મિક આનંદની અનુભૂતિ કરાવી શકતા નથી તે બિચારા શિષ્યો ભૌતિક આનંદ - ખાનપાનાદિ-માં તણાઈ જાય છે. થોડાક સમય પછી તો એવા નિષ્ઠુર બને છે કે કોઈના પણ બે હિતવચનો સાંભળવા તૈયાર હોતા નથી.

ફરી કહું છું કે સાચા અર્થનું - શાસ્ત્રોક્ત જીવનનું પાલન અતિશય અઘરું છે. આનંદઘનજીએ તો કહ્યું છે કે, "એ માર્ગ એટલો બધો કઠિન છે કે ત્યાં પગ પણ મૂકવો મુશ્કેલ છે. (ચરણધરણ નહિ ઠાય.)

આથી જ તેમણે 'ગુરુગમ લેજો રે જોડ' કહીને મોક્ષની વિકટ વાટમાં ભોમિયા તરીકે ગુરુને સાથે રાખવાનું જણાવેલ છે.

'ચારિત્ર ખાંડાની ધાર' એ વાત ગુરુ બરોબર જાણે છે માટે તેને ખબર છે કે લેતાં લેવાઈ ગયેલી દીક્ષા કદાચ શિષ્યને ભારે પડશે. તેવું ન બને તે માટે ગુરુ શિષ્યને અનેક રીતે પ્રસન્ન રાખે. અરે ક્યારેક તો જો નિર્દોષ મિષ્ટ વગેરે મળી જાય તો તે વહાલથી વપરાવીને તેને એકદમ પ્રસન્ન કરે. ગુરુ તો દરેક શિષ્યની દુ:ખતી નસ જાણતા હોય છે.

આ અત્યન્ત વિષમ કાળ છે. શિષ્યોની સામાન્યકોટિની દોષિત ઇચ્છા (ચા પીવી, મંજન કરવું વગેરે...)ના અનુવર્તક બનવું પડે. જે ગુરુઓ આવી બાબતોને સમજવામાં અપરિપક્વ હોય તેઓ આવી બાબતોને ખૂબ ગંભીર ગણીને શિષ્યને માનસિક રીતે કચડી નાંખે છે. આનો પ્રત્યાઘાત શિષ્યના આર્તધ્યાનમાં પરિણમે છે.

જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ - ત્રણેય કક્ષાના ગુરુઓના અલગ અલગ ગુણો જણાવ્યા છે પણ તે ત્રણેયમાં 'અનુવર્ત્તકપણું' જણાવ્યું છે. આ ઉપરથી આ ગુણના મહત્ત્વનો ખ્યાલ આવી જશે.

ભલભલાના રોફ ઊતરી જાય તેવું કઠિન સાધુજીવન છે. આ સ્થિતિમાં શિષ્યોને આચાર્યે પુષ્કળ (યથાયોગ્ય) વાત્સલ્ય દેવું પડે. આને દર્શનાચારનો આચાર કહેવામાં આવ્યો છે.

જે ગુરુઓ વાત્સલ્યદાનમાં ઊણા પડે છે કે પક્ષપાતી બને છે તેમનો

સમુદાય ચોવીસ કલાક અજંપાભરેલો જોવા મળે છે.

દીક્ષા લેનાર આત્માએ જ્યારે મા, બાપ, ભાઈ, બેન, પતિ, પત્ની - બધાનો સ્નેહ ખેંચી લઈને ગુરુમાં પોતાનું સર્વસ્વ અર્પિત કરી દીધું હોય પછી જો ગુરુ ૧પાા આની સ્નેહ આપે તો ય તેમનો વિશ્વાસઘાત થયો કહેવાય.

આવા કારણે ગ્રન્થકાર કહે છે કે ગુરુ વિવિધ રીતે શિષ્યોને સ્નેહ આપે.

આ શ્લોકના બે હપ્તા છે. બીજા હપ્તામાં **ગ્રન્થકારશ્રી કહે છે કે,** "તે સ્નેહ અધર્મ દ્વારા-અસત્ય બોલવા દ્વારા ન આપે, ગુરુથી જૂઠું તો ન જ બોલાય. તેના બીજા મહાવ્રતને ભાંગો લાગે.

આ બાબતમાં કાલકસૂરિજીનું દૃષ્ટાન્ત આપું.

દત્ત નામનો રાજા જે યજ્ઞયાગાદિ કરાવતો હતો તેને સાચો ધર્મ કહેવા તેણે ખૂબ યત્ન કર્યો પણ કાલકસૂરિજી અડોલ રહ્યા. તેમણે કહ્યું, "જેમાં હિંસા થતી હોય તેને ધર્મ કહેવાય જ નહિ."

રાજાનો ખોફ વહોરવાની તૈયારી સાથે સૂરિજીએ સત્યનું જ પ્રતિપાદન કર્યું.

પૂર્વે કમલપ્રભ આચાર્ય થયા હતા. તેમણે એક પ્રસંગે ભારે નીડરતા દાખવીને ચૈત્યવાસી (શિથીલાચારી) સાધુઓ સમક્ષ કહ્યું કે, "સાધુથી ચૈત્યવાસ - ચૈત્યનો તમામ વહીવટ - કરાય નહિ."

જ્ઞાનીઓ કહે છે કે, "બદનામ થવાનો કે જાન જવાનો ભય હોવા છતાં તે આચાર્ય સત્ય બોલ્યા તેથી તેમણે તીર્થંકરનામકર્મના દળિયા ભેગા કર્યા.

પણ બીજી વાર મોટી ભૂલ કરી. તે વખતે લોકોમાં અપયશ થવાના ભયથી જૂઠું બોલ્યા. જ્ઞાનીઓ કહે છે કે તે જ ક્ષણે તેમના તીર્થંકરનામકર્મનાં દલિકો વીખરાઈ ગયા.

કહેવાય છે કે યુધિષ્ઠિર મિશ્ર - અસત્ય **अश्वत्थामा हतः नरो वा कुंजरो वा** બોલ્યા. તત્ક્ષણ ધરતીથી ચાર આંગળ અધ્ધર ચાલતો રથ જમીનને અડી ગયો.

ચારિત્ર ખોવા છતાં મરીચિ-મુનિએ સમ્યક્ત્વ ટકાવીને કમાલ કરી હતી. પણ જ્યારે કપિલ સાથેની વાતમાં તે શિષ્ય કરવામાં લોભમાં અસત્ય બોલ્યા **कविला इत्थं पि अहयं पि** કે તરત સમ્યગ્દર્શન ચાલી ગયું.

આવી જ વાત સત્યવાદી વસુરાજાના પ્રસંગમાં આવે છે.

આવા અસત્યોનો આશ્રય લઈને આચાર્ય શિષ્યોને પ્રસન્ન ન કરે. અસત્ય

એટલે અસત્ય વચન થાય; અથવા અસત્ય આચરણ થાય. પૂર્વે કહ્યું તેમ નિષ્કારણ શિષ્યને આધાકર્મી મિષ્ટાન્ન ખવડાવવું. એ રીતે એને પ્રસન્ન કરવો.

શય્યંભવસૂરિજીએ પુત્ર-મુનિ મનક માટે સાધુઓને વાત કરી હોત કે, "આ મારો સંસારીપણાનો દીકરો છે." તો સાધુઓ તે બાળમુનિ સાથે કેટલા બધા લાડ કરત ? કેવું કેવું ખવડાવત ? પણ આ અસત્ય-આચરણથી તે સાધુનું કેટલું અહિત થાત ? આ વિચારીને પિતા-મુનિએ તે વાત ગુપ્ત રાખી. બાળમુનિની ભાવદયા કરી.

ગુરુ ગીતાર્થ હોય. સામાન્યતઃ શિષ્યોની ભાવદયા વિચારે પણ ક્યારેક એવા વિશિષ્ટ સંયોગમાં શિષ્યોને પ્રસન્ન રાખવા દ્રવ્યદયા પણ કરે. ગુરુ શિષ્યોને પ્રસન્ન એટલા માટે રાખે છે કે તેથી તેમની ભણાવવાની, તપ કરાવવાની, વૈયાવચ્ચ કરાવવાની ભાવનાઓ શિષ્યો પાસે પૂરી કરાવી શકાય. ભાઈ ! એ તો જે પાણીએ મગ ચડે તે પાણીએ મગ ચડાવવા પડે.

બાળકક્ષાના શિષ્યો માટે આવું બધું (ચાલાકી !) કરવું પડે.

જો ગાયના શરીરે કંતાનિયું ઘસી દેવાય તો ગાયને ચળ આવતી બંધ થાય. આથી તેની પ્રસન્નતા ખૂબ વધે. એટલે તે ઓછામાં ઓછું ૦ા થી ૦ાા લીટર દૂધ વધારે આપે.

પ્રસન્નતા સાધના માર્ગે આગળ વધવા માટે અત્યન્ત જરૂરી વસ્તુ છે. જે સાધુઓ દીક્ષા લીધા પછી આગામી કાળમાં કેવી રીતે આત્મવિકાસ કરવો ? તેની સમજ પામતા નથી તે સાવ બેચેન બની જાય છે. ઉદ્વિગ્ન રહે છે. તેમને વિશિષ્ટ પ્રવૃત્તિ નહિ મળતાં રાત ને દી અપ્રસન્ન રહે છે.

જો શિષ્યોને પ્રસન્ન રાખવાની રીત ગુરુને ન આવડતી હોય તો શિષ્યોનું સાધુજીવન આનંદશૂન્ય બની જાય છે. આવા જીવનની પ્રત્યેક પળ પુષ્કળ અશુભ કર્મબંધ કરાવે છે.

શિષ્યોનો આધ્યાત્મિક વિકાસ કરવાની શક્તિ ગુરુમાં ન હોય તો નવા શિષ્યો કરવાનું બંધ કરી દેવું પડે.

ગચ્છના શિષ્યો જે દોષો (ચોથા અવ્રત સિવાય) સેવે તેનો કર્મબંધ ગુરુને ચારગણો થઈને ચોંટે. અને ચોથા વ્રતમાં સોળગણો કર્મબંધ થાય. અપાત્ર વ્યક્તિને દીક્ષા આપ્યાની ગુરુને થતી સજા !

આ જાણ્યા પછી કયો ડાહ્યો આત્મા શિષ્યલોભ કરશે ?

જીવને તાત્કાલિક મોક્ષ ન મળે તો તે બહુ ચિન્તાનો વિષય ન કહેવાય

પરન્તુ જો તેને આગામી ભવમાં સદ્ગતિ ન મળે તો દુર્ગતિના દુઃખોની કલ્પના કરતાં ધ્રૂજી જાય. દુનિયાભરનું કલ્યાણ ભલે થાઓ પણ મારું અકલ્યાણ (દુર્ગતિગમન) તો ન જ થવું જોઈએ.

આ બહુ ચોખ્ખી વાત છે. આથી જ દુર્ગતિભીરુ આત્માઓ પાપભીરુ બને છે. પાપ કરતાં ધ્રૂજવા લાગે છે.

પાપ કરવા એ અલગ વાત છે પણ શિષ્યોએ કરેલાં પાપો ચાર ગુણા કે સોળગુણા થઈને ગુરુને ચોંટે એ તો કયા ગુરુને પોષાય ? આથી જ શિષ્યોને પ્રસન્ન રાખીને ગુરુએ તેમને સાધક - આત્મહિતકારક બનાવવા જોઈએ.

ગુરુ ગમે તેટલા જિનશાસનનાં કાર્યોમાં વ્યસ્ત હોય તો ય તેમણે દિવસમાં એક વાર કે છેવટે રાતે બધા શિષ્યોની ભેગા બેસવું જોઈએ. વિકથામાં ન ખપે તેવી અલકમલકની વાતો કરીને શિષ્યો સાથે સહવાસ કરવો જોઈએ અને તેમને પ્રસન્ન કરવા જોઈએ. જો ગુરુ આમ કરવામાં નિષ્ફળ જાય તો શિષ્ય અન્તર્મુખ બની શકે નહિ. તેમ થતાં બહિર્મુખ બન્યા વિના રહે નહિ.

ચોવીસ કલાકમાં એકાદ વાર પણ જો ગુરુ શિષ્યની સામે પણ ન જુએ તો કોઈ રીતે ચાલી શકે નહિ. આ શ્લોકની મુખ્ય વાત એ છે કે શિષ્યને પ્રસન્ન રાખવામાં પણ ગુરુએ અસત્યાદિ અધર્મોનો આશ્રય લેવો જોઈએ નહિ.

પેલો રોહગુપ્ત ! 'નોજીવ'ના અસત્યની સ્થાપના કરીને રાજસભામાં વિજય પામીને ગુરુ પાસે આવ્યો તો ગુરુએ તેને જરા ય સન્માનિત ન કર્યો, બલકે ઠપકો આપ્યો. તેના ઉત્સૂત્રને પડકાર્યું. ગુરુએ જ્વલંત વિજય પ્રાપ્ત કર્યો. રોહગુપ્તને ગધેડે બેસાડીને, માથે ચૂનો ચોપડીને નગર બહાર અને સંઘબહાર કરી દીધો.

■■■

**फुडपागडमकहंतो जहट्ठियं बोहिलाभं उवहणइ ।**
**जह भगवओ विसालो जरामरणमहोअही आसि ॥ १०६ ॥**

**અર્થ :** સ્પષ્ટ અને પ્રગટ, યથાવસ્થિતપણે ધર્મની પ્રરુપણા ન કરનાર બોધિલાભને હણે છે. ભગવાન મહાવીરદેવના આત્મા - મરીચિ મુનિનો ગરબડિયું સત્ય બોલવાને લીધે એક કોટાકોટિ સાગરોપમ પ્રમાણ સંસાર વધી ગયો.

**વિવેચન : "कविला ! इत्थं पि अहयं पि"**મરીચિ મુનિએ કપિલને કહ્યું. શરીરની માવજતમાં ચારિત્ર ખોયું.

શિષ્યની લ્હાયમાં સમ્યક્ત્વ ખોયું.

પ્રથમ તીર્થંકરદેવના શાસનનો આત્મા મરીચિ ચોવીસમા તીર્થંકરદેવ થયા. વચ્ચે એક કોટાકોટિ [એક ક્રોડને એક ક્રોડથી ગુણાય એટલે એક કોટાકોટિ થાય.] સાગરોપમનો સુદીર્ઘ સંસાર ઠોકાઈ ગયો.

અધર્મ વચન એ ઉત્સૂત્ર વચન છે અને અધર્મ વ્યાપાર એ ઉત્સૂત્ર જીવન છે. 'ઉત્સૂત્ર' એ ખૂબ મોટું પાપ છે.

કોઈ ગામમાં ભિક્ષાર્થે નીકળેલા સ્વરોદયના અચ્છા જાણકાર મુનિ અજૈન ઘરમાં ગયા. તે ઘરની બાઈનો પતિ ધંધાર્થે નીકળેલો મહિનાઓ સુધી ઘરે પાછો ન ફર્યાથી ખૂબ ચિંતાર્ત્ત હતી.

તેણે મુનિને તે અંગે સવાલ કર્યો કે, "મારા પતિ ક્યારે ઘરે આવશે ?"

મુનિએ જવાબ આપ્યો, "આજે સાંજે." આથી એકદમ પ્રસન્ન થયેલી બાઈએ પતિને સત્કારવા માટે સોળ શણગાર સજ્યા.

પતિ આવ્યો. પત્નીને એ હાલતમાં જોઈને તેને શંકા પડી કે, "નક્કી કોઈ પરપુરુષને સત્કારવા તે બનીઠનીને ઊભી હતી."

પત્નીએ ઘણું કહ્યું કે તે તેમને જ સત્કારવા ઊભી હતી. પત્નીએ કહ્યું કે, "જૈન સાધુ દ્વારા આ વાતની તેને જાણ થઈ હતી."

અકળાયેલો પતિ પારખું કરવા ઉપાશ્રયે ગયો. પત્નીની વાત સાચી નીકળી. એણે સાધુને પૂછ્યું કે, "જો તમે આટલા સારા જાણકાર હો તો મારી ઘોડીના પેટમાં શું છે ? તે કહો."

સાધુ મહારાજ ભાષા-સમિતિ ચૂક્યા. કહ્યું કે, "બે જીવો છે."

પેલા રજપૂતે ઉતાવળા થઈને તરત આ વાતનું પારખું કરવા ઘોડીના પેટ ઉપર તલવાર ઝીંકી દીધી. ઘોડી અને બે બચ્ચા સંપૂર્ણ કપાઈ ગયા.

ઘરે બાઈને ખબર પડતાં આઘાત લાગ્યો. તેણીએ ફાંસલો ખાધો.

સાધુ મહારાજે પોતાની ગંભીર ભૂલ બદલ આજીવન અનશન કરીને પ્રાણત્યાગ કર્યો.

જરાક પણ ડહાપણ કરવામાં કેટલું જોખમ છે ? માટે જ ગુરુએ ખૂબ સંમિત વાણી રાખવી જોઈએ.

મરીચિ મુનિ પોતાનાથી પ્રબુદ્ધ થનારને એક જ વાત - તદ્દન સાચી

- બેધડક કહેતા કે, "ધર્મ તો પરમાત્મા ઋષભદેવ પાસે છે. ત્યાં જ દીક્ષા લો. મારી પાસે નહિ. હું સાધુ નથી. શિથીલાચારી છું વગેરે." આવા શુદ્ધ માર્ગના પ્રરુપક, પરમાત્મા મહાવીરદેવના આત્મસ્વરૂપ મરીચિ અધર્મવચન બોલીને કેવા ઊથલી પડ્યા ?

'શરીર' એ બહુ જોખમી વસ્તુ છે. તેના દ્વારા સાધના કરીને મોક્ષ પામી શકાય તો તેનાથી સાતમી નારક પણ પામી શકાય. મરીચિમુનિએ દેહમૂર્ચ્છાના કારણે ચારિત્ર ખોયું. શિષ્યમોહના કારણે સમ્યકૂત્વ ખોયું.

■ ■ ■

**कारुण्णरुण्णसिंगार भावभंयजीवियंतकरणेहिं ।**
**साहू अवि अ मरंति न य नियनिअमं विराहिंति ॥ १०७॥**

**અર્થ :** સાધુને કોઈ ચલિત કરવા આવે, કરુણસ્વરે સ્વજનાદિનો વિલાપ સાંભળવા મળે, સ્ત્રીઓના કામોત્તેજક શૃંગાર-હાવભાવ આવે, રાજા તરફથી પ્રાણનાશક ભય આવે તે વખતે સાધુ મોતને સ્વીકારે છે પણ વ્રતની વિરાધના કરતા નથી.

**વિવેચન :** સાધુને સૌથી પ્રિય રજોહરણ એથી પણ વધુ પ્રિય જિનાજ્ઞા.

એક વાર રજોહરણને કોઈ ઝૂંટવી શકશે પણ જિનાજ્ઞાના બહુમાનને તો તેના અંતરમાંથી કદી ખેંચી નહિ લઈ શકે.

સાધુ જીવ આપી દેશે પણ જીવન (સાધુ-જીવન) તો નહિ જ આપે. એને જીવ કરતાં ય જીવન વધુ વહાલું છે.

ગ્રન્થકાર કહે છે કે આવા સાધુને મોટો દેવ પણ ચલિત ન કરી શકે. અપ્સરા ય હલાવી ન શકે.

જિનાજ્ઞા પ્રત્યે ઉત્કૃષ્ટતમ બહુમાનનું આ પરિણામ છે. આ બહુમાન જેટલું ઓછું તેટલો સાધુત્વનો ચમકારો ઓછો.

જિન કરતાં ય જિનાજ્ઞા મહત્ત્વની છે માટે જ દેરાસરમાં બેસીને બે ત્રણ કલાકની પ્રભુભક્તિ કરવાને બદલે ઉપાશ્રયમાં રહીને તમામ જિનાજ્ઞાઓનું પાલન કરવા તરફ સાધુએ લક્ષ રાખવાનું હોય છે.

જે સાધુ આ રીતે જિનાજ્ઞામાં લીન બનેલો હોય, સ્વાધ્યાયમાં વિશેષ ઓતપ્રોત રહેતો હોય તેને નારી લાકડાની પૂતળી દેખાય, મિષ્ટાન્નમાં વિષ્ઠાનું

દર્શન થાય; આત્માના અમરત્વનું ગાન ગાતા એ સાધુને કોઈની મોતની ધમકીની લેશ પણ અસર ન થાય.

ભગવાન જિનેશ્વરદેવ ઉપરની અચલ શ્રદ્ધા કે - તેમણે કહ્યા મુજબ હું વર્તીશ તો મારા અશુભ કર્મોનો ક્ષય થશે. આમ થતાં મારા સર્વ દુઃખોનો ક્ષય થશે. મને પરલોકે સદ્‌ગતિ મળશે. તેમ કરતાં છેલ્લે મુક્તિ મળશે. - આવી શ્રદ્ધાના કારણે જ નારીના કામણોથી, ભક્તોના મિષ્ટ ભોજનથી, પુણ્યોદયે મળતા ઈષ્ટપદાર્થોથી સાધુ અલિપ્ત રહી શકે : અવિચલ રહી શકે. બાકી, અનાદિકાળના આ સંસ્કારોથી અલિપ્ત રહેવાનું કામ બીજી કોઈ રીતે શક્ય નથી.

મને યાદ આવે છે; રાજા સિદ્ધરાજ જયસિંહને ચૂપ કરી દેતાં વીરાચાર્ય, શાહજહાંએ ધરેલા શાહજાદીના હાથ તરફ નફરત કરીને તત્ક્ષણ રાજમહેલમાંથી ચાલી જતાં પંન્યાસ સિદ્ધિચન્દ્ર, રૂપકોશા સામે અવિરત ટક્કર લેતાં સ્થૂલિભદ્રજી, પોતાની સંસારી પત્નીએ પુનઃ સંસારમાં આવવાની માંગણીને ઠુકરાવતા અને ગળે ફાંસો ખાઈ લેતા સાધુ, અરે ! ઘેબરપાક, કોળાપાક વગેરેના દેવના પ્રલોભનને હસી નાંખતા વજ્રસ્વામીજી, કાચું પાણી પીને, તૃષા મિટાવીને જીવન ટકાવવાની વાતનો ધરાર ઈન્કાર કરીને મોતને ચૂમી ભરી દેતાં ધનશર્મા બાળમુનિ, વજ્રસ્વામીની સાથે ધગધગતી શિલા ઉપર અનશન કરીને સદ્‌ગતિની વાટ પકડી લેતાં બાળમુનિ, રૂપ અને સ્વરથી તણાઈ આવેલી શાહજાદીને વૈરાગ્ય પમાડીને શાન્ત કરી દેતાં વીરાચાર્ય, રૂક્મિણીની પ્રજ્વળી ઉઠેલી કામુક્તાને અદ્‌ભુત વ્યાખ્યાન દ્વારા સાવ ઠારી નાંખતા વજ્રસ્વામીજી... કેટલા દૃષ્ટાન્તો આપું ?

જિનશાસન આવા જિનાજ્ઞાના કટ્ટરપાલકોથી જ ધરતી ઉપર જયવંતુ રહ્યું છે.

હાલમાં બહુ મોટા પ્રમાણમાં હિંસા, ભ્રષ્ટાચાર, નાસ્તિકતા વગેરે પાપો ફેલાયા છે. એમ જ લાગે કે આજકાલમાં આ પાપો પોકારશે અને લાખો માનવોને કાં ધરતીમાં શમાવી નાંખશે અથવા વંટોળિયામાં ઝડપી લઈને તેમની લાશ પાડી દેશે, છેવટે સમુદ્ર ધરતી ઉપર ફરી વળીને બધું પોતાના પેટમાં પધરાવી દેશે.

વિદેશી લોકો પણ ભારતીય આર્યમહાપ્રજાનો સર્વનાશ કરીને ભારત દેશનો કબજો લેવા માટે છેલ્લા પાંચસો વર્ષોથી પ્રયત્ન કરી રહ્યા છે. એ લોકોએ અત્યારે પણ આ પ્રજાના દિલ અને દિમાગને તો સાવ બદલી નાંખ્યા છે.

પ્રજાનું ઈસાઈકરણ થવા લાગ્યું છે.

આમ છતાં આર્યપ્રજા કેમ ટકી રહી છે ? પાકિસ્તાન, લંકા, અફઘાનિસ્તાન, બંગલાદેશ વગેરે સરહદી રાષ્ટ્રો લગભગ ખતમ થયા છે તો ભારતની પ્રજાનું અસ્તિત્વ કેમ ટકી રહ્યું છે ? આનો જવાબ એક જ છે કે સર્વવિરતિધર મુનિઓ જે શ્રેષ્ઠ અનુષ્ઠાનો આરાધી રહ્યા છે તેના પ્રભાવે આર્યપ્રજાનો સર્વનાશ થતો નથી. મેલા મનના માણસોની મુરાદ કદી બર આવવાની નથી.

ધર્મ કહે છે, ''તમે મારી રક્ષા કરો. પછી તમે જેની કહેશો તે બધાની રક્ષા હું કરીશ.''

ધર્મની રક્ષા એટલે ધર્મને જીવંત રાખવો. શાસ્ત્રોક્ત ક્રિયાકાંડોને જીવનમાં ચુસ્તપણે આચરવારૂપે ધર્મની રક્ષા થાય.

ધર્મનું સ્વયંભૂ બળ અગાધ છે. આ વાત ઉપરથી એમ લાગે છે કે આપણે બાહ્ય ધમાધમમાં પડવાને બદલે આંતરિક આરાધનાઓ જીવંત રીતે કરવી જોઈએ. આથી વધુ જો પુણ્યબળ, વાગ્બળ અને શુદ્ધિબળ પાસે હોય તો ધર્મીજનોએ એકાદ કલાકનો ધર્મબોધ આપવો. બાકીના તમામ સાધુ, સાધ્વીઓએ શાસ્ત્રોક્ત ચરણસિત્તરી આદિ, ચક્રવાલ સામાચારી વગેરેમાં રાત ને દી ઓતપ્રોત બની જવું જોઈએ.

માઈકમાં બોલીને પચીસ હજાર લોકોને ધર્મશ્રવણ કરાવવા કરતાં ઊંઘમાં પડખું ફેરવતાં ઓઘો ફેરવવામાં ઘણું વધુ સ્વપરહિત થવાનું છે.

છાપાંઓ વાંચીને તેની ઉપરથી લોકોને ધાર્મિક વ્યાખ્યાનો દેવા તે કરતાં ત્રણ કલાક સુધી ગાથાઓ ગોખવામાં વધુ સ્વ-પરહિત થવાનું છે.

સેલ્યુલર, ફેક્સ, ઝેરોક્સ, ઈન્ફોટેક વગેરે વૈજ્ઞાનિક સાધનોનો ઉપયોગ કરાવવાથી વિશ્વના ખૂણે ખૂણે ધર્મ પ્રસરાવવાના લાભ કરતાં એ બધું ત્યાગીને, પદ્માસનસ્થ બનીને એકાકાર સ્વરૂપે બાર નવકાર ગણવામાં સ્વ-પરહિત વધુ થવાનું છે.

હજારો કિલોમીટરનો વિહાર ડોળીમાં કરવો, તીર્થયાત્રા કરવી, ગામેગામ પ્રવચનો કરવા કરતાં સ્થિરવાસ કરીને ઉપાશ્રયના શાસ્ત્રોક્ત નવ ખૂણા બદલવાની વિધિ કરવી એમાં વધુ સ્વ-પરહિત થવાનું છે.

આ શ્રદ્ધા ઘણા બધાની ડગી ગઈ છે. વર્તમાન દેશકાળમાં દેવાધિદેવે બતાવેલ ક્રિયાકાંડોનું સાધુજીવન ધર્મપ્રસાર માટે બળવાન ન ગણાય એવી માન્યતા કેટલાકો ધરાવે છે. આ લોકો વૈજ્ઞાનિક સાધનોનો ઉપયોગ કરવાનું

કહે છે. પણ તેઓ જાણતા નથી કે આ સ્થૂલ પદાર્થો છે. તેમના કરતાં સૂક્ષ્મની આરાધનાની શક્તિ ઘણીબધી વધારે છે.

ભૂતકાળમાં થયેલા ઉત્કૃષ્ટ તપસ્વી કે ક્રિયાકાંડી આરાધક સાધુઓ પાસે વૈજ્ઞાનિક સાધનો કયાં હતાં ? તેઓ તેમની આરાધનાના બળથી પ્રભુના શાસનને અઢી હજાર વર્ષ સુધી આરામથી જયવંતુ રાખી શક્યા છે.

આપણે પણ એ જ નીતિથી આગળ વધવું પડશે. જો પરંપરાગત મૂલ્યોની આરાધના કરવા દ્વારા અંકાયેલા ચીલાથી આઘાપાછા થશું તો ધર્મ ગુમાવી બેસીશું. વિજ્ઞાન તો અત્યારથી જ લવ – વાયરસ વગેરે દ્વારા હચમચી ઊઠયું છે. ગમે તે પળે ભયાનક હોનારત થવાની છે. એની જોડે રહીશું તો આપણો પણ નાશ થશે.

જેને રહેવું હોય તેને નગરોમાં રહેવા દો, આપણે ગામડાઓમાં ચાલી જઈએ. ત્યાં મહદંશે વિજ્ઞાનકૃત સંહાર નહીં થાય. ત્યાં ધર્મ ટકી જશે.

પાંચ ઇન્દ્રિયોના પ્રલોભનોથી બાર ગાઉ છેટા રહીને જો શાસ્ત્રોક્ત સાધુત્વનું પાલન કરશું તો આપણે એકે હજારા છીએ. કોઈ વાતની ફિકર કરવાની જરૂર નથી. 'હાથી ચલે બજાર.' ન્યાય નજરમાં રાખીને મસ્તીથી આગળ વધીએ.

જૈનશાસન એ તો મલપતો હાથી છે. કોક વિદ્વેષી એને કાંકરીચાળો કરે. પણ તેથી શું થઈ ગયું ? "હાથીને કોકે કાંકરી મારી તેથી તે ઘાયલ થયો, લોહીલુહાણ થયો" એવું ક્યાંય બન્યું છે ખરૂં ?

બેશક, ભેદી રીતે ધર્મનાશ કરી રહેલા ઈસાઈ લોકોના કારસા જાણીને ભય તો લાગી જાય પણ એટલા બધા ભયભીત થવાની જરૂર નથી. આપણો સ્વરક્ષાનો ધર્મપુરુષાર્થ બરોબર ચાલતો રહે. એકદમ શાસ્ત્રોક્ત નીતિનું જીવન જીવીએ. તે માટે જરૂર પડે તો મહાનગરો છોડી દઈએ. આનાથી જે સૂક્ષ્મ બળ ઉત્પન્ન થશે તે ગેબી રીતે આપણી તરફેણમાં બધું ઠીકઠાક કરી દેશે.

વાદળોમાં અટવાયેલો સૂરજ એકાએક બહાર આવશે. સર્વત્ર પ્રકાશના તેજકિરણો રેલાવશે.

સાધુ સૌ પ્રથમ જિનાજ્ઞાપાલક હોય. હા, તે પછી તે પ્રવચનકાર હોઈ શકે, લેખક પણ થઈ શકે.

સરહદે રહેલો સૈનિક પહેલા શૂરવીર તો હોવો જ જોઈએ. અચ્છા ગાયક હોવું એ સૈનિકનું લક્ષણ નથી. એ ખરૂં કે સાચા અર્થમાં સૈનિક બનેલો

માણસ પછીથી ગાયક બને તો વાંધો નહિ. કેમ કે એનાથી એનું સૈનિકપણું ઘસાતું નથી.

જો પાંચ હજાર સાધુ-સાધ્વીઓ સાચા અર્થમાં સરેરાશ (દેશકાલાધીન) સાધુ હોય તો તેમના સૂક્ષ્મના બળથી ભારતીય પ્રજાની બધી મુસીબતો ગાયબ થઈ જાય.

મગજ કામ ન કરે એટલી બધી ગુલામ દશામાં દેશની પ્રજા સપડાતી જાય છે. આ વાત વિચારતાં છાતીની ધડકન બંધ થઈ જાય. પણ આ બધું ય સાધુત્વના બળથી પવનમાં રૂ ઊડી જાય તેમ કલાકોમાં ઊડી જાય તેમ છે.

સવાલ એ છે કે શું સાધુ 'સાધુ' બનશે ? ખૂબ નિરાશાજનક જવાબ મળે છે.

ભોગરસ, વિજ્ઞાન અને શિક્ષણ - આ ત્રણ વસ્તુઓએ સાધુજીવન ઉપર સર્વત્ર પ્રહાર કર્યા છે.

વિજ્ઞાનથી સમ્યગ્દર્શનને ધક્કો લાગ્યો છે.

શિક્ષણથી સમ્યગ્જ્ઞાનના પાયા હચમચી ઊઠ્યા છે.

ભોગરસથી સમ્યક્ચારિત્રના ફુરચેફુરચા ઉડવા લાગ્યા છે.

સાધુ થવાની પાત્રતા મુખ્યત્વે વૈરાગ્યમાં... જેનો વૈરાગ્યભાવ થોડો પણ કાચો હોય તે જો સાધુ થાય તો તેની આ રત્નત્રયી મરણતોલ હાલતમાં આવી જાય.

કેટલાય સંસારત્યાગીઓની હાલત જરા ય સારી નથી. તેઓ રિબાતા હોય તેવું તેમના મોં પરથી લાગે છે.

સંસાર વધુ ને વધુ દુઃખમય બનતો જતો હોવાથી તેનાથી ડરી ગયેલા કેટલાય આત્માઓ સંસાર ત્યાગે છે. દીક્ષા લે છે. આમાંથી કોક જ આત્મા સ્વાધ્યાય, ગુરુસંગ, પ્રભુભક્તિ આદિમાં લીન બનીને જ્ઞાનગર્ભિત વૈરાગ્ય પામી શકે છે. બાકીના તમામની સ્થિતિ, નહિ ઘરનો નહિ ઘાટનો એવા કૂતરા જેવી થાય છે.

આવા સાધુઓ કે સાધ્વીઓનું ચિત્ત અત્યંત ઉદ્વિગ્ન રહેવાથી તેઓ આપસના ઉદ્વેગ, સંક્લેશ અને સંઘર્ષનો ભોગ બને છે. આખું ગ્રુપ એની ઝપટમાં આવીને પરેશાન થાય છે.

કોકે તો આ સ્થિતિ ઉપર ગંભીરપણે વિચારવું પડશે. શ્રમણસંઘને ભેગો કરીને આ વાત ઉપર પરામર્શ કરીને નિર્ણયો લેવા પડશે.

બાકી જો આજની રીતે ઢગલાબંધ દીક્ષાઓ દીધે જ રાખવાની હશે તો આ વર્ગમાં જોડાયેલા કેટલાક આત્માઓની સ્થિતિ એટલી વિષમ બનશે કે તેમને ત્યાંથી છોડાવવા સુધીની દયા આચરવી પડશે.

જેનું મન ઉદ્વિગ્ન (અપ્રસન્ન) જ રહે તેનું તન રક્તહીન-ફિક્કું બને, તેનો જઠરાગ્નિ શાન્ત પડી જાય. તેથી ખાવાની રુચિ ન થાય. ખાધેલાંનું અજીર્ણ થાય, દવાઓ લેવાની શરૂ થાય, જે કદી બંધ ન થાય.

જે મુનિજીવન ચિત્ત-પ્રસન્નતા દ્વારા અપૂર્વ કર્મક્ષય માટે પ્રભુએ બતાડ્યું છે તે મુનિજીવન વિપુલ અશુભ કર્મબંધ કરનારું થઈ પડે એ વાત કેટલી બધી દુ:ખદ કહેવાય ?

બાકી જો સાત હજારમાંથી સાતસો જેટલા સાધુ-સાધ્વીઓ સાચા અર્થમાં શ્રમણત્વને પામે તો તેમની સૂક્ષ્મની તાકાતથી તેઓ જગતના ઘણાબધા ભયને દૂર કરી શકે. અરિહંતદેવની સૂક્ષ્મની તાકાત કેવી કાર્યરત હોય છે તે સમજીએ તો આ વાત બરોબર સમજાશે.

ક્યારે એવા સાધુ કે સાધ્વીના દર્શન થશે જેઓ સદાના મૌની હોય, બધું હસતે મોંએ સહતા હોય, જ્ઞાની હોય, ક્રિયાકટ્ટર હોય, શાન્ત-પ્રશાન્ત હોય, ઉત્તમ પરિણતિવાળા હોય, જિતેન્દ્રિય હોય, લોકસંપર્કથી સાવ પર હોય, દેહાધ્યાસથી બાર ગાઉ છેટા હોય, જીવમાત્ર પ્રત્યે કરુણાર્ત હોય, ગુરુસેવામય હોય, સર્વની વૈયાવચ્ચમાં માહિર હોય.

મોટાં ટોળાઓ કરતાં આવા થોડાક પણ જિનશાસનસેવા માટે ખૂબ થઈ પડે. પૂજ્ય હરિભદ્રસૂરિજી મહારાજે કહ્યું છે કે, 'જે ચોખ્ખું હોય તે થોડું પણ ઘણું છે.' **यदल्पं तदपि बहु**

■ ■ ■

**अप्पहियमायरंतो अणुमोअंतो य सुग्गइं लहइ ।**
**रहकारदाणअणुमोअगो मिगो जह य बलदेवो ॥१०८॥**

**અર્થ** : જે આત્મહિતને આચરે છે વળી જે બીજાઓની આત્મસાધનાની અનુમોદના કરે છે તે આત્મા સદ્‌ગતિને પામે છે. જેમ રથકારે દાન આપ્યું, મુનિએ તેની પાસે (પોતાને) અપાવ્યું, અને હરણે અનુમોદના કરી. આ ત્રણેય આત્માઓ પાંચમા દેવલોકે ગયા.

**વિવેચન** : જ્ઞાનીઓ કહે છે કે કરણ, કરાવણ, અનુમોદન સરીખા નિપજાય.

એટલે કે જો કરનારા આત્માના જેવા જોરદાર અધ્યવસાયો હોય, અને તેની અનુમોદના કરનારનો પણ ચિત્તપરિણામ એટલો જ જોરદાર હોય તો ધર્મ કરનારના જેટલો જ લાભ શેષ બે આત્માઓને પ્રાપ્ત થાય. ના... જો અધ્યવસાયો નબળા હોય તો કરાવવા કે અનુમોદના માત્રથી વિશિષ્ટ લાભ ન થાય.

બળદેવ મુનિ વનમાં રહેતા હતા. જે ભિક્ષા મળે તેનાથી નિર્વાહ કરતા હતા. તેની ચેષ્ટા ઉપરથી પૂરી સમજ પામેલું હરણિયું તેમના કાર્યમાં એ રીતે સહાયક બનવા લાગ્યું કે જેવી તેને ખબર પડે કે ભાતનો ડબ્બો લઈને કોઈ માણસ વનમાં આવ્યો છે કે તરત તે હરણિયું મહારાજને ખેંચીને તેની પાસે લઈ જતું.

આ રીતે એક વાર કોઈ રથકાર પાસે મહારાજને લઈ ગયું. તે જગાએ માથા ઉપર જે વૃક્ષ હતું તેની ડાળ તૂટુંતૂટું થતી હતી. વહોરાવવાની પળમાં મોટી ડીબાંગ ડાળ તૂટી. એક લાઇનમાં ઊભેલા ત્રણેયના માથે પડી. ભારે વજનથી તે ત્રણેય એકસાથે મૃત્યુ પામ્યા. રથકાર વગેરે ત્રણેયના અધ્યવસાયો સમાન રીતે ઉત્કૃષ્ટ હોવાથી ત્રણેય પાંચમા દેવલોકે ગયા.

જેટલી શક્તિ પહોંચે તેટલો ધર્મ જીવે કરવો જોઈએ. પણ ધર્મ કરીને તે ધરાતો નથી એટલે બીજાઓની પાસે ધર્મ કરાવે છે. આથી પણ તે તૃપ્ત થતો નથી એટલે આખા બ્રહ્માંડમાં ચાલતા ધર્મોની તે ભારોભાર અનુમોદના કરે છે.

દા. ત. એક માણસ સામાયિક-ધર્મ કરે છે. તેને સામાયિક ખૂબ ગમે છે એટલે તે દિવસ દરમ્યાન વધુમાં વધુ પાંચ, સાત, આઠ સામાયિક કરે છે. પણ તેનાથી તેને તૃપ્તિ થતી નથી એટલે તે મિત્રો, સ્વજનો વગેરેને કહે છે, "ભાઈઓ ! તમે સામાયિક કરો. એનાથી તમને ખૂબ આનંદ આવશે, પુષ્કળ અશુભ કર્મક્ષય થશે, શુભ કર્મબંધ થશે." આમ કહીને તે ૯૦-૧૦૦-૨૦૦ લોકોને સામાયિક કરાવતો થયો, પણ સબૂર, હજી તે ધરાતો નથી એટલે વિશ્વમાં જે લાખો સામાયિકો થઈ રહ્યા છે તેની હાર્દિક અનુમોદના કર્યા વિના રહી શકતો નથી.

કરવું પછી જ કરાવવું...
કરાવ્યા પછી જ અનુમોદવું.

ના... શક્તિ છતાં કરવું કાંઈ નહિ અને દુનિયાની અનુમોદના કરવી તે ચાલે નહિ.

લખપતિ માણસ એક રૂપિયાનું દાન ન કરે અને બીજાઓ પાસે દાન

કરાવવાની વાતો કરે કે દાનીઓના દાનની અનુમોદના કરે તે ચાલે નહિ.

જેને કર્યાનો ખૂબ આનંદ થાય છે તે કરાવ્યા વિના રહી શકે નહિ. અને તે પછી અનુમોદ્યા વિના પણ રહી શકે નહિ.

હરણિયાએ મહારાજને રથકાર પાસે ખેંચી જઈને દાન-ધર્મ કરાવ્યો અને દાનની ક્રિયા જોતાં તેની ખૂબ અનુમોદના કરતાં હર્ષવિભોર બની ગયો.

જેઓ છતી શક્તિએ ધર્મ કરતા નથી પણ કરાવે છે ખરા, અથવા ધર્મ કરતા નથી પણ બીજાઓના ધર્મની અનુમોદના કરે છે ખરા તેમને વિશિષ્ટ લાભ પ્રાપ્ત થતો નથી.

બાકી અનુમોદનાની તાકાત જરાય ઓછી નથી. એના બળે આત્મા કૈવલ્ય પણ પામી શકે છે.

દેશવિરતિધર આત્માઓની જેમ સર્વવિરતિધરો દ્રવ્યપૂજા નથી કરી શકતા પરંતુ તેની અનુમોદના (અરિહંતચેઈઆણંનો કાઉસગ્ગ કરવા વડે) કરીને તમામ દ્રવ્યક્રિયાનો લાભ મેળવી લે છે.

ધર્મ થાય કેટલો ?
ધર્મ કરાવવો કેટલો ?
અનુમોદના તો તમામની.

■ ■ ■

**जं तं कयं पूरणेन अइ दुक्करं चिरकालं।**
**जइ तं दयावरो इह करिंतु तो सफलयं हुंतं ॥१०९॥**

**અર્થ** : પૂરણ નામના તાપસે બાર વર્ષ સુધી અતિ ઘોર તપ કર્યો પણ જો તે તપ દયા-તત્પર બનીને કર્યો હોત તો તે વિશિષ્ટ ફળદાતા બની જાત.

**વિવેચન** : તામલી તાપસ જેવો આ પૂરણ તાપસ હતો. તેણે બાર વર્ષ સુધી છઠને પારણે છઠ કર્યો. પારણાના દિવસે ચાર ખાનાવાળું પાત્ર લઈને પરિમિત ઘરે ભિક્ષા માટે જતો. તેમાં પહેલાં ખાનામાં જે અન્નાદિ પડે તે પંખીઓને આપતો. બીજા ખાનાનું મત્સ્યાદિને આપતો. ત્રીજા ખાનામાં જે પડયું તે બધું કૂતરા વગેરેને દેતો. ચોથા ખાનાનું પોતે ખાતો. એક માસની સંલેખના કરીને તે ચમરેન્દ્ર થયો.

જો તેણે 'દયા'ને સૂક્ષ્મતાથી સમજી હોત અને તે રીતે આચરણ કર્યું હોત તો તે ચમરેન્દ્ર કરતાં ઘણી ઊંચી દેવગતિ પ્રાપ્ત કરત.

સૂક્ષ્મ દયાનું જ્ઞાન જૈનધર્મ સિવાય ક્યાંય નથી. પૂર્વે જણાવ્યું તેમ તાપસોને લીલ-ફૂગમાં અનંતા જીવ છે, પૃથ્વી આદિ ચારમાં અસંખ્ય જીવો છે વગેરે વાતોની ખબર નથી એટલે તેઓ તે લીલફૂગાદિનો આહાર કરે છે અને પૃથ્વ્યાદિ જીવોનો ઘાતક પંચાગ્નિ તપ કરે છે.

જો આ બધી જીવ-સૃષ્ટિનું જ્ઞાન ન હોય તો ગમે તેટલો કરેલો ઘોર તપ નિષ્ફળ જાય.

ધર્મ તે છે; જ્યાં સૂક્ષ્મ અહિંસાનું આચરણ છે. સૂક્ષ્મ અહિંસાના જ્ઞાન વિના આચરણ શી રીતે થાય ? એટલે જ્ઞાનયોગ એ સૌથી મહત્ત્વનો યોગ છે.

ગીતામાં શ્રીકૃષ્ણે પણ આ વાતનું સમર્થન કરતાં કહ્યું છે કે ચાર પ્રકારના મારા ભક્તો (આર્ત્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી, જ્ઞાની)માં મને 'જ્ઞાની' સૌથી પ્રિય છે.

જૈનદર્શન કહે છે કે બીજા કોઈ પણ ધર્મયોગથી દર સમયે જેટલો કર્મક્ષય થાય તેથી અનન્તગુણ કર્મક્ષય જ્ઞાનદશાથી થાય. ક્રોડો ભવોના પાપકર્મો એક શ્વાસોચ્છ્વાસના જ્ઞાનયોગમાં બળીને ભસ્મ થઈ જાય.

આનું કારણ એ છે કે જ્ઞાની આત્મા પોતાની જ્ઞાનદશાથી જીવ અને જગતનું વાસ્તવિક સ્વરૂપ જાણે છે. આથી તેને જીવો ઉપર દ્વેષ થતો નથી કે જગત ઉપર રાગ થતો નથી. મૈત્ર્યાદિ ચાર ભાવનાઓ અને અનિત્યાદિ બાર ભાવનાઓનું જ્ઞાન તેના આત્માને એકદમ જાગ્રત રાખે છે. એને રાગદ્વેષ થવાની શક્યતાઓ એકદમ પાતળી હોય છે. આ સ્થિતિમાં અકલ્પનીય કર્મક્ષય દર ક્ષણે તે કરે છે.

આ આત્માને જીવમાત્ર પ્રત્યે પુષ્કળ કરુણા હોય છે. જડમાત્ર પ્રત્યે વૈરાગ્યની સ્થિતિ રહ્યા કરે છે. આમ કર્મબંધ થવાના બે મુખ્ય કારણો - રાગ અને દ્વેષ - તે ધરાવતો નથી.

જેની પાસે આવી જ્ઞાનદશા નથી તે જડ આત્માઓને નિમિત્ત મળતાં રાગ કે દ્વેષ ભડકી ઉઠ્યા વિના રહેતા નથી. આ આત્મા તેવા પ્રસંગે સ્વસ્થ રહી શકતો નથી. નિમિત્ત મળતાંની સાથે તે પતન પામે છે. સૌભરિ મુનિ, ગૌતમ મુનિ વગેરે ઘણા આત્માઓના પતન સાંભળવા મળે છે. પૂરણ ઋષિ ચમરેન્દ્ર બન્યો પણ જ્ઞાનજડ હોવાથી તેને પ્રાપ્ત-પદનું ખૂબ અભિમાન રહેતું. એકદા પોતાના મસ્તકની બરોબર ઉપર સૌધર્મેન્દ્રનું પાદપીઠ અને તેની ઉપર તેના પગ જોયા એટલે અપમાનથી નખશિશ સળગી ગયો. પોતાની અલ્પ-પુણ્યાઈનો વિચાર કર્યા વિના સૌધર્મેન્દ્રની પાસે વજ્ર લઈને ધસી ગયો, જ્યાં

તેને સૌધર્મેન્દ્રે બરોબરનો સબક શિખવાડી દીધો.

જ્ઞાનદશા વિનાના ધર્મ સાથે જે મિથ્યાત્વ છે તેનું બીજું નામ 'અજ્ઞાન' છે. આ જ જીવને કદી ઊંચે આવવા દેતું નથી. જીવનો વિકાસ થવામાં સહાયક સમ્યગ્દર્શન ગુણ છે.

સમ્યગ્દર્શનની સાથે જ સમ્યગ્જ્ઞાન હોય છે. જેમ દીપકની સાથે પ્રકાશ હોય છે.

■ ■ ■

**कारणनीयावासी सुट्ठुयरं उज्जमेण जइयव्वं ।**
**जह ते संगमथेरा सपाडिहेरा तया आसी ॥ ११० ॥**

**અર્થ** : વૃદ્ધાવસ્થા, ગ્લાનાવસ્થા વગેરેના કારણસર જો સાધુને કોક ઠેકાણે નિત્યવાસ કરવો પડે તો ય તેણે સંયમજીવન તો ઉત્કૃષ્ટ પાળવું.. સંગમ સ્થવિર આ રીતે જીવતા હતા એટલે તેમનામાં દેવસાન્નિધ્યનો વિશિષ્ટ અતિશય પ્રાપ્ત થયો હતો.

**વિવેચન** : ગમે તે અવસ્થા હોય, જિનાજ્ઞાપ્રતિબદ્ધ જીવન જીવવું જોઈએ. શારીરિક બળ વગેરે સારા હોય તો ઉત્સર્ગમાર્ગની જિનાજ્ઞાઓને બરોબર પાળવી જોઈએ. જો જંઘાબળ (વિહારશક્તિ) ક્ષીણ થઈ હોય, ભયંકર બીમારી આવી હોય તો અપવાદમાર્ગનું મુનિજીવન જીવવું જ જોઈએ. ગ્લાનત્વાદિના કારણે શાસ્ત્રોક્ત અપવાદમાર્ગનું જીવન એટલે ગીતાર્થ ગુર્વાજ્ઞાથી મોસંબીનો રસ પીવાનો પરંતુ તે રસ, રસથી (આસક્તિથી) તો નહિ જ પીવાનો. યથાશક્ય તેને કડવો, તૂરો વગેરે બનાવી દેવાનો. ગ્લાન સાધુને બેઠા પ્રતિક્રમણ કરવું પડે તો ય એકદમ અપ્રમત્તભાવે કરવાનું, વિધિપૂર્વક કરવાનું, યથાશક્ય વચ્ચે વચ્ચે ઊભા પણ થવાનું.

અપવાદ માર્ગે જે દોષો સેવવા પડે તે શી રીતે ઓછામાં ઓછા સેવાય તે અંગે પ્રયત્નશીલ રહેવાનું. શાસ્ત્રમાં ત્રિપર્યટન-વિધિ વગેરે બતાડી છે.

જે સાધુને જિનાજ્ઞા વહાલી લાગી હોય તે સાધુ ઉત્સર્ગ-માર્ગનું જીવન જીવવાનું જ પસંદ કરે.

તે શા માટે કામળીના કાળ સમયે વિહાર કરે ? શૌચાદિ માટે બહાર જાય ? તે શા માટે ગ્લાનદશામાં દવા લઈને સારા થવાને બદલે ત્રણેક ઉપવાસ કરી લેવાનું પસંદ ન કરે ? તે શા માટે વર્ષાકાળમાં વિરાધનાઓથી ઊગરવા માટે વધુમાં વધુ દિવસ ચોવિહાર ઉપવાસ ન કરે ?

અપવાદ માર્ગ એ તો જ માર્ગ છે : નિર્દોષ માર્ગ છે જો તેનું સેવન કરવામાં રાગાદિ પરિણતિઓ જાગ્રત ન થતી હોય. મોસંબીનો રસ અપવાદ માર્ગે તે જ પીવે છે જે તેમાં લેશમાત્ર ખુશ નથી. ઉપરથી જેને આ દોષ સેવ્યાનો ભરપૂર ત્રાસ થાય છે. ઉત્સર્ગમાર્ગે મોસંબી-ત્યાગ બહુ સારો પણ અપવાદમાર્ગે આસક્તિ વિના મોસંબીના રસનું સેવન એ બહુ કઠિન.

વળી, અપવાદ માર્ગનું સેવન ત્યારે જ સાચું મનાય જ્યારે તે સાધુ ઉત્સર્ગ માર્ગે ઝટ ચડી જવાના પૂરા લક્ષવાળો હોય.

રાગાદિ દોષપૂર્વક અપવાદનું સેવન કરનારો સાધુ કે ઉત્સર્ગને લક્ષમાંથી ચૂકીને સદા અપવાદનું સેવન કરતો સાધુ અપવાદ માર્ગનું સેવન કરે છે એમ કહેવાય નહિ.

એ નથી ઉત્સર્ગમાર્ગી.

એ નથી અપવાદમાર્ગી.

એ છે નકરો ઉન્માર્ગી.

ઉન્માર્ગીને સાધુ કહેવાય નહિ.

એમાં ય જેના પરિણામ નિષ્ઠુર બની જતાં હોય તેને તો સાધુવેષમાં પાકો સંસારી કહેવાય.

સામાન્યતઃ એમ કહી શકાય કે આગમગ્રંથોમાં જે છેદ-ગ્રંથો છે તે મુનિ-જીવનના અપવાદમાર્ગોને દર્શાવતા ગ્રંથો છે.

જેટલું મહત્ત્વ મુનિ-જીવનનું છે તેનાથી વધુ મહત્ત્વ સમાધિના પરિણામોનું છે. ઉત્કૃષ્ટ ઉત્સર્ગમાર્ગનું જીવન જીવવા જતાં જો રોગાદિના કે અશાતાના કારણે સમાધિ તૂટે તો સદ્ગતિ થાય નહિ. જે સદ્ગતિ અને સમાધિમરણ પામવા માટે સાધુજીવન લીધું છે તે જ જો દુર્ગતિનું કારણ બને તો શું કામનું ? આથી તો આજીવન અનશન કરનાર સાધુ જો તીવ્ર અસમાધિને ઉત્પન્ન કરે તેવી સ્થિતિમાં આવી જાય તો છેદગ્રંથમાં તેનો અપવાદ જણાવેલ છે.

છેદ-ગ્રંથો અપવાદોથી ભરપૂર હોવાને કારણે તેને ભણવાની પાત્રતા ધરાવતા સાધુને જ તે ભણાવાય. જો આમાં ગુરુ ભૂલ કરે તો તે અનંત સંસારી થાય. અપાત્ર સાધુને અપવાદની વાતો પચે નહિ. કદાચ તે ભડકી જાય, વગર કારણે અપવાદમાર્ગો બેફામપણે સેવવા લાગી જાય એટલે તેનો પણ અનંત સંસાર થાય.

અપાત્રને દીક્ષા, અપાત્રને શિષ્ય, અપાત્રને અધ્યયન અને અપાત્રને

પદવી જૈન સંઘને છિન્નભિન્ન કરનારા તત્ત્વો છે. આજે તો ચારે ય અપાત્રતાને લ્હાણી કરાઈ રહી છે. આથી જૈન સંઘમાં અસંગઠિતતા, તીવ્ર શિથિલાચાર અને ભરપૂર ઉચ્છૃંખલતા ફેલાયાં છે. આવી સ્થિતિમાં જે આત્માઓ દીક્ષા લે તેમની તો શી વલે થાય ? કેવા આર્તધ્યાનનો ભોગ બની જાય ?

વર્તમાનકાળમાં જેઓ 'મહાગીતાર્થ' કહેવાય છે તેઓ આ બધી વાતોનો વિચાર કરતા હશે ખરા ? જો તેઓ કોઈ પણ કારણસર 'દબાતા હોય' તેથી તેમને લાચારીથી આ બધું કરવું પડતું હોય તો તે જૈનસંઘનું દુર્ભાગ્ય ગણાય. આથી જ આચાર્યોને ભીમ અને કાન્તગુણથી ઉપેત કહ્યા છે. અકલંક ચારિત્રના ધારક કહ્યા છે.

કેટલાય ગ્રુપોમાં 'અપાત્ર-દાન'ને કારણે ઉદ્વેગ, અંધાધૂંધી, સ્વચ્છંદતા અને ટાંટિયાખેંચ જોવા મળે છે. આ બધી બાબતો જૈનસંઘના મજબૂત સંગઠનને હચમચાવી ચૂકી છે. સંગઠન તૂટવામાં શ્રમણો મુખ્ય કારણ છે, શ્રાવકો નહિ.

મારા જેવાના જીવન તરફ નજર કરતાં એવું લાગે છે કે કેટલાય બધા શ્રમણો અને શ્રમણીઓ અપવાદના ઉન્માર્ગે બિન્ધાસ્ત જામી પડ્યા છે. ખાવા-પીવાથી માંડીને માન-સન્માન સુધીની બધી પ્રવૃત્તિમાં ક્યાંય અપવાદ નામનો 'માર્ગ' જોવા મળતો નથી. આ વાયરસ નવા થતાં દીક્ષિતોમાં ખૂબ ઝડપથી ફેલાતો જાય છે.

આવા સાત હજાર આત્માઓ પાસે સ્વહિતની કે પરહિતની કોઈ આશા રાખી શકાય નહિ.

'ઉન્માર્ગ'નું સેવન કરનાર સાધુ-સાધ્વીઓને મોટા બે નુકસાન થાય છે. બુદ્ધિનો ભ્રંશ અને આરોગ્યનો ક્ષય.

મુનિજીવનમાં બુદ્ધિ નિર્મળ હોવી જોઈએ અને આરોગ્ય નીરોગી હોવું જોઈએ. જેમના આ બે બગડ્યા તેમનું શું ન બગડ્યું ? અરે, ભાઈ બાવાના બે બગડવાથી આખા જૈનસંઘનું બગડ્યું... એ તો ધ્યાનમાં લો.

■ ■ ■

**एयंतनियावासी घरसरणाईसु जह ममत्तं पि ।**
**कह न पडिहंति कलिकलुसरागदोसाण आवाए ॥१११॥**
**अविकत्तिउण जीवे कतो घरसरणगुत्ति संठप्पं।**
**अवि कत्तिआ अ तं तह पडिआ असंजयाण पहे ॥११२॥**

**અર્થ** : નિષ્કારણ સદા માટે સ્થિરવાસ કરનારા, વળી ઘર, છાપરું

વગેરેની સાર-સંભાળ કરવારૂપ મમતામાં પડનારા સાધુઓ કલહ, હિંસા વગેરે પાપો તથા ક્રોધાદિના દોષોના સેવનમાં કેમ નહિ ફસાય ?

જીવોના છેદનાદિ કર્યા વિના તો ઘર, છાપરું, વાડ, દીવાલ વગેરેનું વખતોવખત જરૂરી એવું સમારકામ શી રીતે થશે ? આવું છેદનાદિ કરનાર સાધુ તો અસંયમના માર્ગે લપસી પડ્યો કહેવાય.

**વિવેચન** : આ બે શ્લોકોમાં ગ્રંથકાર કહે છે કે જેને કોઈ કારણ નથી તે સાધુએ તો સ્થિરવાસ કરવાનો છે જ નહિ. આગાઢ કારણવશ જે સાધુ સ્થિરવાસ કરે તેણે પણ તે મકાન, ડેલી, દીવાલ, બારી વગેરે કોઈ પણ વસ્તુ ઉપર મમત્વ તો નહિ જ કરવાનું. હવે જે સાધુ કારણ વિના સ્થિરવાસ કરે તે પણ જો આ બધી બાબતોની મમતા કરવા લાગે તે પડોશી, માલિક વગેરે સાથે કજિયા કંકાસમાં પડી જાય, તેને ક્રોધાદિ આવી જાય, તે વસ્તુઓની મૂર્ચ્છામાં ફસાઈ પડે.

વળી એ ઘર વગેરે ઉપર મમત્વ થાય એટલે જો કોઈ વસ્તુની મરામતની જરૂર પડે ત્યારે મૂર્ચ્છાવાન સાધુ તે મરામત વગેરે પણ કરે અને કરાવે. અરે ! ક્યાંક ખીલી મારવી પડે તો જરૂર મારે, રંગ લગાડવાનો હોય તો તેમ પણ કરે. આગળ વધીને બગીચો હોય તો તેના છોડને પાણી પણ પાય.

ટૂંકમાં તેનો આત્મા તે સ્થળે તન્મય બની જાય.

આમ થતાં તે સાધુ 'સાધુ' મટી જાય.

સાધુ દીક્ષા લે છે તે પાંચ મહાવ્રતોના અણિશુદ્ધ પાલન માટે લે છે. આવું પાલન અશુભ નિમિત્તોથી ઊભરાયેલા ગૃહસ્થજીવનમાં શક્ય નથી.

પાંચ મહાવ્રતોમાં જે પ્રથમ : સર્વથા હિંસાવિરમણ મહાવ્રત છે તે જ મુખ્ય છે બાકીના મહાવ્રતો તેની પુષ્ટિ સાધવા માટે છે : તેના રક્ષકો છે.

એક છોડ છે, બીજી ચાર તેની વાડ છે.

મહાવ્રતોનું પાલન કરતાં દોષ લાગે તે અત્યંત સુશક્ય છે. સાધુએ ગુરુ પાસે વિધિવત્ પ્રાયશ્ચિત્ત કરીને તે અતિચારાદિ દોષોનું નિવારણ કરવાનું છે.

આમ સાધુ માત્ર સ્વાત્મરતિમાં લીન રહે. જ્ઞાનીઓ કહે છે કે પરપ્રવૃત્તિમાં તે બધિર, અન્ધ અને મૂક હોય.

આવા સાધુને પોતાના દેહ ઉપર પણ મૂર્ચ્છા ન હોય. મેલના થર જામી જાય ત્યાં સુધી મેલને ખણીને દૂર કરવાની લાગણી તેને થાય નહિ. દેહના રોગો તરફ પણ તેની સરીઆમ ઉપેક્ષા હોય.

મુમુક્ષુ આત્માએ બે છોડવાના છે (૧) ઘર (૨) દેહ.

જ્યારે તે દીક્ષા લે છે ત્યારે ઘર છોડે છે. જેણે ઘર છોડ્યું તેણે ધન, કુટુંબ, સ્ત્રી વગેરે બધું છોડ્યું. આથી સાધુ અણગાર (અગાર (ઘર) વિનાનો) કહેવાય છે. પણ સબૂર, હજી પણ તેણે દેહ નથી છોડ્યો. ના, એ છૂટે એમ નથી. સર્વ કર્મક્ષય થાય ત્યારે જ દેહ છૂટે છે. એ વખતે મુમુક્ષુ શરીરી મટીને અશરીરી (સિદ્ધ પરમાત્મા) બને છે. મુમુક્ષુ આત્માનું દીક્ષાજીવનમાં એક જ લક્ષ હોય છે, સર્વ કર્મક્ષય કરીને દેહ છોડી દેવો.

જ્યાં સુધી દેહ ન છૂટી જાય ત્યાં સુધી 'ઘર' ફરી ફરીને વળગે છે.

પ્રસ્તુત બે શ્લોકોમાં આ વાતના પાયા ઉપર ઈમારત ચણવામાં આવી છે. અહીં ગ્રંથકારે સવાલ કર્યો છે કે શું ઘર છોડીને બેઠેલો સાધુ ફરી કોઈ ઘરમાં (નિષ્કારણ) સ્થિરવાસ કરવા ગયો છે ? હાય, ત્યાં તેને સર્વત્ર મમતા થશે. પછી ક્યાંકથી ખીલી નીકળી ગઈ કે વંડીમાં કૂતરું પેસી ગયું તો તેનો આત્મા ઊંચોનીચો થઈ જશે.

જો તે મમત્વની જાળમાં વધુ ફસાશે તો ચંડકૌશિકનો પૂર્વભવીય સાધુ જેવો બની જશે. ફળ-ફુલાદિને પાણી પાતો ! તે તોડવા આવેલાને મારવા દોડતો ! રાગથી રિબાતો ! દ્વેષથી સળગતો! અરે, તેનો સાધુવેષ જ રહી જશે. બાકી પૂરો ઘરબારી બની જશે. કદાચ ફ્લૅટધારી કે ફાર્મધારી બની જશે.

સાધુથી આવી બધી પ્રવૃત્તિ થાય ખરી ?

એક વાત પહેલી પતાવી દઉં કે આગાઢ કારણે જો કોઈ વૃદ્ધ કે ગ્લાન સાધુને ક્યાંક સ્થિરવાસ રહેવું પડે તો તે બેશક રહી શકે પરંતુ તેની નાનકડી કાંકરી ઉપર પણ તેનું મમત્વ ન હોવું જોઈએ. જેમનાથી વિહાર ન થાય : જેમનું જંઘાબળ ક્ષીણ થયું હોય તેમણે નિશ્ચિત સ્થિરવાસ કરવો જોઈએ. જો તેઓ ડોળી કે પાલખી વગેરેમાં ફરે તો તે ઘણી રીતે અયોગ્ય ગણાય. એમાં વિરાધના વગેરે ઘણા દોષો લાગે. શાસ્ત્રકારોએ અસાધારણ કારણ વિના આ રજા આપી નથી. છતાં જો શિષ્યો ગુરુને ડોળીમાં ઉઠાવીને ગુરુસેવાનો લાભ લેતા હોય તો તે વાત હકારાત્મક રીતે વિચારી શકાય ખરી. પરંતુ આવું વિશિષ્ટ પુણ્ય કેટલા આત્માઓ ધરાવે ?

ના... હાલમાં જે 'વ્હીલ-ચેર' નીકળી છે તે તો અત્યંત ત્યાજ્ય છે. ટૂંક સમયમાં તેને મશીન લાગી જશે અને મોટરની જેમ તે દોડતી થઈ જશે. (ઘોર વિરાધનાની વાત વધારામાં છે.) જ્ઞાનીઓએ જે સ્થિરવાસ વ્યવસ્થા બતાડી છે તે જ બરોબર છે. આ સ્થિરવાસમાં પણ નવકલ્પી વિહારની આજ્ઞા પ્રત્યે સાપેક્ષભાવ જળવાઈ રહે તે માટેની વિધિ કરવી જોઈએ.

પ્રાચીનકાળના પરંપરાગત શાસ્ત્રનિર્દિષ્ટ મૂલ્યોનો અને વ્યવહારમાં પ્રજાકીય જીવનમાં ગોઠવાયેલી વ્યવસ્થાઓનો હ્રાસ થવાથી શ્રમણસંસ્થાની ઉપર કેટલીક અનિષ્ટ બાબતો ઊભરી આવી છે.

'ઘરડાઘરો' એ મોટું અનિષ્ટ છે. શ્રમણ-શ્રમણીઓના કાયમી ફલેટો, ગૃહસ્થોની સાથે - તદ્દન પાસે –રહેણાંક, સંડાસ-બાથરૂમનો ઉપયોગ, લાઇટ-પંખાદિકનો ઉપયોગ, યાંત્રિક વસ્તુઓની જરૂરિયાત વખતે સીધી આદેશ દેવાની નિષ્ઠુર ભાષાનો બિન્ધાસ્ત ઉપયોગ વગેરે આ જમાનાના પવનના ઝેરી સંતાનો છે.

આ બધું યોગ્ય પાટે ચડાવવા માટે ગંભીરપણે વિચારવા માટે આચાર્ય-સંમેલન બોલાવવું જોઈએ. સંઘાચાર્યની સ્થાપના કરીને તમામ નિર્ણયો લેવા જોઈએ. જો આ બધું નહિ થાય તો વિશ્વમાં અદ્વિતીય એવું શ્રમણસંઘનું માળખું જોતજોતામાં ભાંગી પડશે. જુઠ્ઠા આશ્વાસનોમાં તણાતા રહેવાની વાત બરોબર નથી.

જો આ શ્રમણસંઘ શાસ્ત્રોક્ત રીતે મજબૂત તો આખા વિશ્વમાં સુખ, શાન્તિ અને પવિત્રતા. અન્યથા સર્વત્ર હાહાકાર, દુઃખોના દાવાનળ, દોષોના ઝંઝાવાત.

શ્રમણત્વ એ ધરતીને ઊંચકતા શેષનાગનું મસ્તક છે. એ જરાક પણ હાલ્યું તો ચારે બાજુ હાહાકાર મચી જાય.

મારી એવી દ્રઢ નહિ પણ અતિદ્રઢ શ્રદ્ધા છે કે સ્વનું, પરનું અને સર્વનું વાસ્તવિક હિત વિરતિધર્મની વિશુદ્ધ આરાધનામાં છે. આજના વિષમ કાળની તમામ સમસ્યાઓનો ઉકેલ માત્ર વિરતિધર્મના પાલનથી ઉત્પન્ન થતાં બળમાં રહેલો છે.

જેઓ કતલખાનાઓના ક્રોડો ઢોરોની વાર્ષિક કતલથી ત્રાસી ગયા હોય, વાર્ષિક પાંચ કરોડ ગર્ભપાતથી જો વાજ આવી ગયા હોય, ભ્રષ્ટાચારોના ડુંગરો જોઈને જેઓના મસ્તક શરમથી ઝૂકી જતાં હોય, ગરીબો, નિરાધારોની અસહાયતા અને દુઃખમયતા જોઈને જેમની આંખો કરુણાથી રોઈ જતી હોય, પશુઓના ખોળીએ રહેલા જીવોના ચિત્કારોથી અને દુઃખોથી જેમના હૈયાં હચમચી ઊઠીને ચીસો પાડતાં હોય, જેમને પોતાના હિતની પુષ્કળ ચિંતા થતી હોય તે બધાને મારી સલાહ છે કે તેઓ વિરતિધર્મ તરફ વળે. યથાશક્તિ વધુમાં વધુ વળે. શક્ય હોય તો ઉત્તમ રીતે સર્વવિરતિધર્મને આરાધે.

જેમ પોતાની આરાધનાઓ 'સ્વ'નું કલ્યાણ કરે તેમ સર્વનું પણ કલ્યાણ કરે તેનામાં ઉભયકલ્યાણકારિતા છે. જ્ઞાનીઓએ કહ્યું છે કે, "પોતાની કોઈ પણ સિદ્ધિ એ બીજાને મળનારી સિદ્ધિઓનું સાધન બને છે. (**सिद्धिः परार्थता**)

આત્મહિતની સિદ્ધિ એ જ પરાર્થ. આ સિવાય કોઈ પરાર્થ હોઈ શકે નહિ. એવો પરાર્થ તે આભાસરૂપ છે. એ ઝાંઝવાના જળ જેવો ભ્રાન્ત પરાર્થ છે.

ઉપાધ્યાયજી કહે છે કે, "જે જ્ઞાની, ક્રિયાતત્પર, શાન્ત, ભાવિતાત્મા અને જિતેન્દ્રિય બનવા રૂપે સ્વાત્મહિતને સાધી ચૂક્યો હોય તે જ પરાત્મહિત કરવાને લાયક કહેવાય. જે પોતે તર્યો નથી તે બીજાને શી રીતે તારવાનો છે ?

જિનશાસનમાં બધી સત્તા ગીતાર્થ (અથવા ગીતાર્થનિશ્રિત ગીતાર્થ)ને પ્રાપ્ત થઈ છે. પાણી વહોરવા જવાથી માંડીને, નવકારમંત્ર શિખવાડવાથી લઈને, પાટ ઉપર બેસીને વ્યાખ્યાન કરવા સુધીની બધી પાત્રતા ગીતાર્થમાં જણાવી છે. જે ગીતાર્થ નથી તેનાથી કોઈ પરાર્થ થઈ શકે નહિ.

આવો સાધુ કોઈને શિષ્ય બનાવી શકે નહિ, કોઈને આગમાદિ ગ્રન્થો ભણાવી શકે નહિ, પદવી તો લઈ શકે જ નહિ.

■ ■ ■

**थोवो वि गिहिपसंगो जइणो सुद्धस्स पंकमावहइ ।**
**जह सो वरित्तरिसी हसिओ पज्जोअनरवइणा ॥ ११३ ॥**

**અર્થ** : થોડોક પણ ગૃહસ્થ સાથે સાધુ સંબંધ કરે તો તેના શુદ્ધ જીવનને ડાઘ લાગી જાય.

વારત્રક ઋષિની હાંસી-પ્રદ્યોતક રાજાએ કરી તો કેવું પરિણામ આવ્યું ?

**વિવેચન :** પહેલાં તો મારા અનુભવની વાત કરું.

એક વખત હું ઉપાશ્રયના મોટા હોલમાં બેસીને સ્વાધ્યાય કરતો હતો. કોઈ માણસ આવ્યો. તેણે મને બાજુમાં આવેલી નાની ગેલેરીમાં આવવા કહ્યું. કુતૂહલથી પ્રેરાઈને હું ત્યાં ગયો. ઝોળીમાંથી મોટું દેત આલ્બમ કાઢીને - તે ખોલ્યા વિના - તેણે મને કહ્યું, "જો તમારા ભક્ત પાસેથી મને હમણાં સો રૂપિયા અપાવો તો આ આલ્બમ જે હોટ પિક્ચરો છે તે તમને અડધા કલાક માટે જોવા આપું."

મને 'હોટ-પિક્ચરો'ના અર્થની તેના કહેવાથી ખબર પડી કે સ્ત્રીઓના સાવ બીભત્સ અંગોપાંગોને દેખાડતાં ગરમાગરમ ચિત્રો."

હું એની ઉપર એકદમ ભડકી ગયો. મેં તેને કહ્યું, "મારે તમારા ચિત્રો જોવા નથી. પણ મહેરબાની કરીને આ ચિત્રો તરફ કોઈ શ્રમણને તમે લલચાવશો નહિ." જવાબમાં તે મૂછમાં હસ્યો. હું તેની મૂંગી વાત પામી ગયો. મેં નિઃસાસો નાંખ્યો અને તે ચાલી ગયો.

ગ્રંથકારશ્રી તદ્દન સાચું કહે છે કે, ચારિત્રજીવનની સફેદ ચાદરને ગૃહસ્થ-પરિચય દ્વારા કાળા ડાઘ લાગી જવાની પૂરી શક્યતા છે.

વર્તમાનમાં વિજ્ઞાન અને ભોગરસ પૂરપાટ વેગે આગળ વધ્યા છે. બધા ભોગરસોને કોઈ પણ મર્યાદા વિના બેફામ રીતે માણી શકાય તેટલી બધી સગવડ વૈજ્ઞાનિક સાધનો-ટી.વી.ચેનલો, કોમ્પ્યુટરો, ઇન્ટરનેટ વગેરે – દ્વારા કરી આપી છે.જો સાધુ કે સાધ્વી વૈરાગ્યમાં નબળા હોય અને તે છોકરા કે છોકરીઓના પરિચયમાં રહેતા હોય તો તેઓ ઘણી ગંદી - જાતીય ઉશ્કેરાટ ઊભો કરી દે તેવી – વાતો કરતા હોય છે. આ છોકરા–છોકરીઓને મા-બાપ વગેરે વડીલોના સારા સંસ્કાર મળ્યા હોતા નથી. વળી, શાળા-કૉલેજોમાં બેફામ કુસંગ થતો હોય છે. અશુભ નિમિત્તોથી તેમની વાસનાઓ અકાળે ઉશ્કેરાયેલી રહે છે. તેઓ સાધુ-સાધ્વીજીના કાનમાં ગંદી વાતો કર્યા વિના રહેતા નથી. જો સાધુ-સાધ્વી અપરિણીત હોય, યુવાન હોય કે સાવ બાળ હોય તો તેમની જાતીય વાસનાઓ ઉશ્કેરાઈ ગયા વિના રહેતી નથી. હવે તેમને જે જે વસ્તુની જરૂર હોય તે બધી પેલા કામુક છોકરાઓ પૂરી પાડે છે. એટલું જ નહિ પણ તેમને પોતાને ઘેર લઈ જઈને ચેનલો વગેરે બતાડે છે.

પાયામાં સુખમય સંસાર તરફ ઘોર તિરસ્કાર ઉત્પન્ન થયો ન હોય અને તે સંસારનો ત્યાગ - મા-બાપે દીક્ષા લીધી છે માટે કે અન્ય દબાણોથી - થઈ ગયો હોય તે બધાની જિંદગી સો ટકાના જોખમમાં સમજવી. કદાચ કોક સાધુ ખાનદાની, મજબૂરી વગેરે કારણોસર સાધુવેશ ન છોડે તેથી કોઈ ફરક પડતો નથી. સાધુના સ્વાંગમાં રહીને પૂરા સંસારીનું જીવન જીવવું એ ભયાનક દુર્ગતિનું કારણ છે. આના કરતાં વિધિવત્ વેષત્યાગ કરી દેવો તે સારો છે. હરામનું ખાવું એ કરતાં મજૂરી કરીને સંસારમાં રહીને કેમ રોજી-રોટી ન રળવાં ?

ગુરુઓ દ્વારા કરાતી અપાત્ર દીક્ષાઓ અને ઉતાવળે દીક્ષાઓને લીધે આવી શાસનહીલનાજનક બાબતો બનતી હોય છે. આમાં પણ આ કાળમાં સાસરિયામાં દુઃખો વધ્યા હોવાથી નારીઓ ઝટપટ દીક્ષા લઈ લે છે પણ પાછળથી બહેનપણી વગેરે સંસારી લોકોનો પરિચય થતાં, તેમની પાસેથી ગંદી વાતો સાંભળતા તેમનો આત્મા સંયમજીવનથી ઉભગી જાય છે.

કેટલીક વાર એવું પણ બને છે કે ચોલ-મજીઠના રંગ જેવો વૈરાગ્ય હોવા છતાં સાધુ ગૃહસ્થનું નિમિત્ત મળતાં ઊથલી પડતો હોય છે. આવા વખતે નિકાચિત કર્મના ઉદયને કારણ તરીકે ગણી શકાય.

સંભૂતિ મુનિને નારીના વાળની લટ અડી અને ભડકી ગયા.

સિંહગુફાવાસી મુનિને કોશાનો માત્ર દર્શનરૂપ પરિચય થયો અને પતન પામી ગયા.

તળાવના ઊંડાણમાં ધ્યાનસ્થ બેઠેલા તાપસ સૌભરિની પાસે મત્સ્યયુગલ આવ્યું. જાતીય ભોગ ભોગવ્યો. તે જોઈને મુનિ ભડકી ગયા.

નંદિષેણ મુનિ કામલતાના સંગે સાફ થઈ ગયા.

તમામ ગુરુજનોને મારી નમ્ર વિનંતી છે કે લાલચમાં આવીને જેને તેને તમે દીક્ષા ન દો. તેમાં ય નાની ઉંમરના સંતાનો માટે તો લાખ વાર વિચાર કરો. ઉંમર વધતાં તેઓની ચિત્તવૃત્તિ કલુષિત થવાના નિમિત્તો ચારે બાજુ પડેલા છે. ગુરુ વ્યાખ્યાનાદિમાં જાય અને નાનકડા બાળ કે કિશોર મુનિઓ આઘાપાછા થઈ જાય. એમની ઉપર ચોવીસ કલાકની ચોકી મૂકવી જોઈએ.

જો એ શક્ય ન હોય તો લઘુ વયસ્કોને ઝટપટ દીક્ષા આપવી ન જોઈએ. બીજા જીવોનો સંસાર વધે એટલે તે જીવને દીક્ષા દેનારનો સંસાર તો પુષ્કળ વધી જાય.

ગુરુ બનવાથી દલ્લો મળવાને બદલે દુર્ગતિ મળવાની શક્યતા ખૂબ વધી જાય છે.

તે ગુરુવર્યોને મારો સવાલ છે કે તમે પક્ષને મજબૂત રાખવા માટે વિવિધ ક્ષેત્રોમાં બે-બે સાધુઓને ચોમાસા કરવા રવાના કરો છો ત્યારે તેમનામાં જે અગીતાર્થ સાધુ હોય - બાળ કે કિશોર હોય - તેમના સંયમજીવનની કાળજી કોણ કરશે? એ વાતની ચિંતા સતાવે છે ખરી ? જે તમારી આંખેથી ચોવીસે ય કલાક માટે છૂટા પડ્યા તેમના ચારિત્રજીવનની સુરક્ષાની તમને સો ટકાની ખાતરી છે ખરી ?

જો ના... તો તમારે દુર્ગતિઓમાં દીર્ઘકાલીન ભ્રમણ માટે તૈયાર રહેવું રહ્યું. જે બાળ વગેરે સાધુ તાસકમાં મૂકીને મસ્તક તમને સોંપે તે મસ્તકને કાપી નાંખવાનું હીચકારું કામ થાય ખરું ?

વડીલ દીક્ષા લે એટલા માત્રથી સંતાનોને દીક્ષા દેવી એ જરા ય ઉચિત નથી. એવા અપરિપક્વ વિરાગવાળા સંતાનો નાનપણમાં તોફાની થશે, પછી ઉચ્છૃંખલ થશે, પછી વિષયાસક્ત બનશે, સમાન વયના સંસારી છોકરાઓ બાળમુનિના મિત્ર બનશે, બાળમુનિને ગંદી પણ વાતો કરશે, બાળમુનિ પતનની

દિશા તરફ ડગ માંડશે.

ગ્રંથકારશ્રીએ થોડોક પણ ગૃહસ્થનો સંગ કરવાની ના પાડી છે તે ખૂબ સાચું છે.

આચાર્ય કૈલાસસાગરસૂરિજીને વંદન કરવા માટે જ્યારે તેમના ધર્મપત્ની આવતા અને પાંચ દસ મિનિટ બેસતા ત્યારે આચાર્યશ્રી તેમને પૂરી પીઠ કરીને બેસતા.

મહાત્મા શાલિભદ્ર જરાકમાં મોક્ષ પામતા અટકી ગયા. પોતાની તરફ એક વાર નજર કરવાની વિનંતી કરુણ સ્વરે કરતી મા ભદ્રા તરફ તે પીગળી ગયા. સ્નેહભરી નજર માવડી તરફ કરી. અને... મોક્ષને બદલે સર્વાર્થસિદ્ધ વિમાનનો સંસાર આત્મા ઉપર ઠોકાઈ ગયો.

વીરાચાર્યને સિદ્ધરાજ જયસિંહ ખૂબ સન્માનતા. તેમને રોજ રાજસભામાં બોલાવતા. બન્ને નિકટપરિચિત બન્યા. કહેવત છે, 'अतिपरिचयादवज्ञा.' એ મુજબ એક દી રાજાએ ગુરુને અપમાનમિશ્રિત ભાષામાં કહ્યું 'કેમ છો, ગુરુદેવ ? મોં પર આટલી બધી લાલી દેખાય છે તેનું કારણ તમને રાજનું માન મળે છે તે જ છે ને ?'

આચાર્યશ્રીથી આ હાડોહાડ અપમાન સહન ન થતાં તે રાજસભા છોડીને ચાલી ગયા.

ભલે ગુરુએ પંન્યાસ સિદ્ધિચન્દ્રજીને કહ્યું હતું કે, 'બાદશાહ શાહજહાંના પરિવારને રાજમહેલમાં જઈને રોજ એક કલાક દેશના આપવી.' પણ આમાં શાહજાદીને પંન્યાસજીના દેદીપ્યમાન દેહ ઉપર કામ જાગ્રત થઈ ગયો. એ માંગણી થતાં ભડકી ઊઠેલા પંન્યાસજી ધડાકાભડાકા કરતા રાજમહેલ છોડીને ચાલી ગયા.

સાધુથી એકલા ઉપાશ્રય બહાર જવાય નહિ પણ ગમે તે કારણસર અષાઢાભૂતિ મુનિ તે રીતે ગયા. રોજ વિશ્વકર્મા નટના ઘરની વાટ એટલા માટે પકડતા કે ત્યાં સિંહકેસરીઆ લાડુ મળતા. આ લાડુની લ્હાયમાં નટની બે જુવાન રૂપાળી દીકરીઓ સાથે પરિચય થઈ ગયો. પછી તો શું થાય ? મુનિનું પતન થયું.

સંઘાટકરૂપે (બે સાધુએ) ગોચરી આદિ જવાની મર્યાદા અત્યંત સુંદર છે. એનો ભંગ કરનારાને મોહરાજ ભેદી રીતે ઉપાડી લે છે. મહાત્મા નંદિષેણ

કામલતાને ત્યાં એકલા ગયા'તા. અરણિક મુનિવર એકલા ગોચરી વહોરવા ગયા'તા. સુવ્રત મુનિ એકલા નીકળી પડ્યા'તા.

જેમ ગૃહસ્થોનો પરિચય વિઘાતક છે તેમ ગૃહસ્થોના ફ્લેટમાં ઊતરવું, રાત રોકાવું, ગોચરી વાપરવી, સંસારી લોકો સાથે ગપ્પાં મારવાં... એ બધું અત્યંત ભયાનક છે. ફ્લેટના પલંગ, બાથરૂમ વગેરે તમામ ચીજો વિકારજનક હોય છે. વસ્ત્રો ઉદ્‌ભટ હોય છે. ભોજન માદક હોય છે.

પગલા કરવાની રીત પણ સારી ન કહેવાય. ગુરુજનો દ્વારા શરૂ કરાતી આ બધી પરંપરાઓ અગીતાર્થ-શિરોમણિ શિષ્યોમાં સપાટાબંધ ફેલાઈ ગયા વિના રહેતી નથી. એવા કેટલાય સાધુના ભાવપ્રાણો ખતમ થાય છે.

જે ઘર સાધુએ છોડ્યું છે તે ઘર અને તે ઘરવાસી લોકોથી શા માટે છેટા રહેવું ન જોઈએ ?

એક આચાર્યના શિષ્ય પાસે એવો વિદ્યાપાઠ આવ્યો જેનો વિધિસર રીતે પ્રયોગ થાય તો ગમે તેવો-હબસી જેવો-કાળો માણસ સુવર્ણમય દેહધારી બની જાય. તેણે આચાર્યને આ વાત કરી. દુરદર્શી આચાર્યે તેનો ઉપયોગ કદી નહિ કરવાની સૂચના કરી પણ સૂરિજીના કાળધર્મ બાદ આ સાધુ કોઈ રાજકુટુંબના નિકટના પરિચયમાં આવ્યો. એકદા રાજાએ પોતાના અતિશ્યામ યુવાન રાજકુમારને રૂપાળો કરવા વિનંતી કરી. સાધુ રાજાના દબાણ નીચે આવી ગયા. ના ન પાડી શક્યા. પણ થોડીક ગેરસમજમાં રાજાએ તે સાધુને જાનથી મારી નાંખ્યા.

ગૃહસ્થ પરિચય ખૂબ વિઘાતક છે તે હવે બરોબર સમજાશે.

જેમ સાધુએ કર્મધૂનન કરવાનું છે તેમ બીજા નંબરે સ્વજનધૂનન-સ્વજનમમતાક્ષય-પણ કરવાનું છે. સ્વજનો પ્રત્યેની મમતા મોટા રૂસ્તમ જેવા સાધુને બરબાદ કરી દે છે.

અરણિક મુનિના પિતા-મુનિ આ વાતનું આબેહૂબ દૃષ્ટાંત છે. આની સામે મનક મુનિના પિતા શય્યંભવસૂરિ અત્યંત ઉજ્વળ દૃષ્ટાંત છે.

કેટલાક સાધુ-સાધ્વીને પોતાના સંસારી માતાપિતાદિના આગમનથી હૈયે અતિ આનંદ ઊભરાતો હોય છે. સ્વાધ્યાયાદિ બધા યોગો છોડીને કલાકો સુધી તેમની જોડે વાતો કરતા હોય છે. આ વાતોમાં ઘરના સુખ-દુઃખની વાતો તો આવે જ. જો સારી વાતો આવે તો હર્ષ અનુભવે. દા.ત. ઘરે ભાભીએ બાબાને જન્મ આપ્યો. નાના ભાઈનું લગ્ન થયું. કન્યા ખૂબ સરસ મળી. ધંધામાં

પાંચ લાખ રૂપિયાની કમાણી થઈ. વગેરે.

જો કોઈ દુઃખદ વાત જાણવા મળે તો એકદમ નારાજ થાય. દા.ત. બાપાનું મૃત્યુ થયું, ઘરમાં મોટી ચોરી થઈ, બેનના છૂટાછેડા થયા, ભાઈએ ધંધામાં મોટું નુકસાન કર્યું. વગેરે. અરે, એક વયોવૃદ્ધ સાધુને તો મેં દર પંદર દિવસે દીકરાના વેપારના ચોપડા તપાસતાં જોયા છે.

હાય... આ તો સાધુપણાને આગ લાગી ગઈ ! આમાં સાધુપણું ક્યાં રહ્યું ? જો સાચુ- સર્વાંગસુંદર-સાધુપણું પાળવું હોય તો ઘરનો અને ઘરવાળાઓનો પરિચય સદંતર ત્યાગી દેવો પડશે. નહિ તો સાધુત્વ સદંતર ગુમાવી દેવું પડશે.

મહામુસીબતે ત્રિકાળમાં દુર્લભ એવું સર્વવિરતિ રત્ન ગૃહસ્થોના પરિચયમાં કોડીનું કરી દેવું એ કેટલી મૂર્ખાઈ કહેવાય.

■ ■ ■

**सब्भावो वीसंभो नेहो रइवइयरो य जुवइजणे ।**
**सयणघरसंपसारो तवसीलयाइं फेडेज्जा ॥११४॥**

**અર્થ :** સાધુની વસતીમાં અકાળ સમયે નારીએ (સ્ત્રીએ કે સાધ્વીએ) હાજર રહેવું, વિજાતીય ઉપર ખૂબ વિશ્વાસ મૂકવો, સ્નેહરાગ કરવો, કામરાગને ઉત્પન્ન કરતી વાતો-કામુક ઈશારા, હાવભાવ વગેરે સહિત-કરવી, નારીના ગૃહસ્થજીવનની વાતો કરવી – આ બાબતો મુનિના તપ, શીલ (ઉત્તર ગુણો) અને મહાવ્રતોનો નાશ કરે છે.

**વિવેચન :** સાધુપણું સાચા અર્થમાં પાળવું એ અતિ મુશ્કેલ છે. આ માટે ખૂબ ઉગ્ર તપ કરવો જોઈએ, સુવિશુદ્ધ બ્રહ્મચર્ય પાળવું જોઈએ અને અસિધારા જેવા મહાવ્રતોનું રાત ને દિ' સેવન કરવું જોઈએ.

ઘણી મહેનતે સાધુત્વ પ્રાપ્ત થાય છે. સોમાંથી પંચાણું આત્માઓ તો માત્ર વેષધારી રહે છે.

ગ્રંથકારશ્રી કહે છે કે, આવા ઉત્તમ સાધુપણાને ક્ષણમાં ખતમ કરી દેવાની તાકાત નારી પ્રત્યેની જાતીય વાસનાઓના જાગરણમાં છે.

પણ સબૂર, જો સાધુ નવ વાડોનું બરોબર પાલન કરે તો તેને કોઈ વાંધો ન આવે. પતન તે સાધુનું થાય છે જે ઉત્તેજક નિમિત્તોનો સંગ કરી બેસે છે.

કાં તો તે જ નિમિત્તોની પાસે જાય છે અથવા નિમિત્તો તેની પાસે આવી જાય છે. આ બે બાબતો બહુ ખરાબ છે.

નિમિત્ત મળ્યું તો જ સંભૂતિ મુનિ, સિંહગુફાવાસી મુનિ, રહનેમિજી વગેરે ગબડ્યા છે.

બિચારા સંભૂતિ મુનિ ! એ કાંઈ નિમિત્તની પાસે નહોતા ગયા, પણ નિમિત્ત તેમની પાસે (વાળની લટ) આવી ગયું... તેમના પતનનું બીજ પડી ગયું. બિચારાએ સાતમી નારક તરફ વિદાય લીધી.

ગમે તેમ હોય પણ બ્રહ્મવ્રત અખંડિત રીતે પાળવાની જે સાધુની ભાવના હોય તેણે સ્ત્રી સાથે વાત કરવી ન જોઈએ. વાત કરવી પડે તો આંખેથી તેને જોવી ન જોઈએ. જરૂર પૂરતી વાત કરીને તે સ્થળેથી સરકી જવું જોઈએ. વાત કરતાં હાસ્યાદિક તો ન જ થવા જોઈએ. આ બધા કામોત્તેજક હાવભાવો છે.

દરેક સાધુમાં અનાદિકાલીન જાતીય વિકારો સત્તામાં પડેલા જ છે. આહારાદિ ચાર સંજ્ઞાને પુષ્કળ પ્રમાણમાં જીવે પોષી હોવાથી આત્મામાં એકરસ થઈ છે. જો આ દારૂગોળાને નિમિત્તનો કાકડો મળે તો ગગનને આંબતી આગ પેદા થયા વિના ન રહે. અને જો નિમિત્ત ન મળે તો પ્રાયઃ વિકારની ટીશી પણ ન ફૂટે.

આધ્યાત્મિક ઉત્થાનમાં દ્રવ્ય અને ભાવ વીર્યની - ઓજ અને તેજની પુષ્કળ જરૂર હોય છે. આ ખૂબ શક્તિમાન પદાર્થ છે. આનાથી જીવ તપ વગેરેમાં ધારી છલાંગ મારી શકે છે. આથી જ બ્રહ્મચર્યને ખૂબ મહત્ત્વ આપવામાં આવ્યું છે. બીજા મહાવ્રતોમાં અપવાદને સ્થાન છે પણ અહીં નથી.

આ દોષ માત્ર કાયાથી સેવાતો નથી. એમ કરાય ત્યાં જ મન પણ તેમાં રગદોળાય છે. મનની રાગ-પરિણતિ ઉત્તેજિત થતાં આત્મા સ્વઘરમાંથી બહાર નીકળી જાય છે. આ જ આત્માનું આધ્યાત્મિક પતન કહેવાય.

નર અને નારીના દેહમાં પૂરી સમાનતા નથી, ત્રણેક અંગોમાં અસમાનતા છે આથી જ તેમને પરસ્પરનું આકર્ષણ થાય છે. કામનો વિચાર આવતાં જ લોહી ગરમ થાય, લોહીની ગરમીથી લિંગ ઉત્તેજિત થાય. તરત વીર્યનું સ્ખલન થાય. આ સ્ખલન એ મુનિજીવનની બહુ મોટી હોનારત કહેવાય.

નરને નારીથી વધુ સાવધાન રહેવાનું છે કેમકે તેને વાસના જાગ્રત થયા પછી નિયંત્રણ રાખવું કઠિન છે. હા, જાગેલી વાસના ઝટ પૂરી થઈ જાય ખરી.

નારીને ઝટ વાસના જાગતી નથી. એ ખરું કે જાગ્યા પછી એ ઝટ શમતી નથી.

જ્ઞાનીઓએ 'નારી'ને ખૂબ ભાંડી હોય - 'નારી નરકની દીવડી' તેમ લાગે છે પણ વસ્તુતઃ તેમ નથી. નારી એટલે નારી નહિ પણ વાસના. વાસના નરકની દીવડી.

જે વ્યક્તિને વાસના સતાવતી નથી, નારીને જે કાષ્ટની પૂતળી ગણે છે તે વર્તમાનકાળના ભગવાન છે.

જાતીય વાસનાને શાંત રાખવાનો સરળ ઉપાય છે, અશુચિ ભાવનાનું શરણ.

નર કે નારીના દેહમાં ખૂબ ગંદકી ભરેલી છે. ખરેખર તો એને હાથ પણ લગાડી શકાય તેમ નથી. તે જોવાનું પણ ગમતું નથી. ગમે તેટલી રૂપાળી દેખાતી વ્યક્તિની અશુચિ- મળ, મૂત્ર, વિષ્ઠા, શ્લેષ્મ, મેલ, ચરબી, માંસ, હાડપિંજર વગેરે-ને સ્મરણમાં લવાય તો તત્ક્ષણ 'છી... છી... છી...' થઈ જાય. આ એટલી બધી સાચી વાત છે કે આખા જગતને તેનો સ્વીકાર કરવો પડે તેમ છે.

અન્ય પરપદાર્થોથી વિરાગ પામવા માટે એકલી વિનાશી ભાવના ચાલી જાય. પણ જાતીય પદાર્થોથી વિરાગ પામવા માટે અશુચિ ભાવના પણ જરૂરી છે.

માત્ર ચામડીનો રૂપાળો રંગ પણ જો તે ચામડી ન હોય તો નકરો લોહી, માંસ, ચરબી, હાડપિંજરથી બિહામણો પદાર્થ છે.

જાતીય વાસનાઓને શાન્ત કરવાનો તદ્દન સરળ ઉપાય દેવની ભક્તિ અને ગુરુની કૃપા છે. જ્ઞાનીઓ કહે છે કે કામ એ નિર્દય છે અને ચંડાળ છે પરંતુ તે કૃપાપાત્ર આત્માઓને હાથ લગાડી શકતો નથી.

જો એવો કોઈ ગુરુકૂલવાસ અને ગચ્છવાસ મળે જેમાં ગચ્છાચાર્ય બ્રહ્મચર્યના પાલનના વિષયમાં એકદમ કટ્ટર હોય અને બધી જાતની નિયંત્રણા બનાવીને શિષ્યોને સહજ રીતે બ્રહ્મવ્રતના પાલનમાં લાવી મૂકતા હોય તો એ ગચ્છપરંપરામાં ગુરુદત્ત સંસ્કારો સહેલાઈથી ઊતર્યા કરતા હોય છે. જ્યાં ખાટલે જ મોટી ખોડ હોય છે ત્યાં આખી પરંપરા ભ્રષ્ટ જોવા મળે છે.

કોઈ પણ સાધુના નિર્મળ કે મલિન ચારિત્રનો મુખ્ય આધાર ગુરુ પર છે. ગુરુની વિશિષ્ટ તાલીમ છે. શિષ્યની આરાધનામાં સફળતાનો યશ અને નિષ્ફળતાનો અપયશ પણ ગુરુને જ ફાળે જાય છે.

જ્ઞાનીઓ કહે છે કે જે ગચ્છમાં સંયમજીવનની તાલીમ (સારણા આદિ) ન હોય તે ગચ્છનો સાધુઓએ ત્યાગ કરી દેવો. તેવા ગુરુનો પણ ત્યાગ કરી દેવો.

આ શ્લોકમાં ગ્રંથકારશ્રી કહે છે કે નારીના કારણે શિથિલ બનતો સાધુ પોતાના જીવનમાં જે તપ, શીલ અને વ્રત કમાયો છે તે બધું ખોઈ નાંખે છે.

■ ■ ■

**जोइस निमित्त अक्खर कोउ आएस भुइकम्मेहिं ।**
**करणाणुमोअणाहि अ साहुस्स तवक्खओ होइ ॥ ११५ ॥**

**અર્થ :** જ્યોતિષ ભાખવું, અષ્ટાંગ નિમિત્તથી ફલાદેશ કહેવો, મૂળાક્ષરાદિ વિદ્યા શીખવવી, ભવિષ્યવાણી કરવી, દોરા-ધાગા મંત્રી આપવા, મન્ત્રાદિ પ્રયોગ કરવા અથવા આ બધું કરાવવું કે તે બધાની અનુમોદના કરવી... આ બધી બાબતોથી સાધુનો જે તપ છે તેનો નાશ થાય છે.

**વિવેચન :** જૈન સાધુ એટલે એકાન્તે મોક્ષલક્ષી જીવન જીવનારો અને સહુને તે જીવાડનારો.

જેણે સુખમય સંસાર ઉપર તીવ્ર નફરત કરી હોય તે શા માટે તેના તરફ રાગ કરે ? તેની પુષ્ટિ થાય તેવા કામ કરે ?

સંસાર ભોગવવો એ જેમ પાપ છે તેમ સાધુએ તે ભોગવાય તેવી સગવડો કરી આપવી તે પણ પાપ છે.

ગૃહસ્થોના સુખ-દુઃખની બાબતમાં સાધુએ શા માટે પંડવું જોઈએ ? તે રીતે તેમનો સંસાર સારો ચાલે એવી આકાંક્ષા સાધુ કરે એ કેટલું મોટું પાપ કહેવાય ?

સાધુ તો સુખની પ્રાર્થના કરવા આવેલા ગૃહસ્થને સંસારની અસારતાનું એવું જબરું ભાન કરાવી દે કે તેના રોમરોમમાંથી સુખનો રાગ અને દુઃખનો દ્વેષ ક્યાંય ભાગી છૂટે.

જેની પાસે હૈયામાં ઠસોઠસ સંસારનો રાગ ભરીને આવેલા શ્રાવકને પાછા ફરતાં તે રાગ હૈયેથી જે સાવ ખાલી કરાવી નાંખે તે જ સાધુ કહેવાય.

(આ બધી વાતોમાં મહાગીતાર્થોને જે અપવાદ જ્યારે સેવવાનું જરૂરી લાગે ત્યારે તે સેવી શકે છે.)

સંસારસુખ ત્યાગીને જે દીક્ષા લે છે તેની તમામ આરાધના માત્ર મોક્ષ પામવા માટે હોય છે. જો ગુરુસેવાદિકના પ્રભાવે તેના મોહનીયાદિ કર્મોનો

ઠીક ઠીક ક્ષયોપશમ થાય તો તે અન્ય જીવોના મોક્ષને સાધતું પરહિત પણ કરી શકે છે; અન્યથા નહિ. આ વાતમાં સાધુએ સંસારીઓના સંસારસુખને સહાયક બનવાનું ક્યાંય આવતું નથી. પરંતુ જે સાધુઓ મોક્ષલક્ષ ચૂકે છે, જેમને પોતે થૂંકેલો સંસાર સુંદર લાગે છે તે સાધુ તે સુખના ભોગવટા તરફ લક્ષ કરવા લાગે છે. તે માટે મન્ત્રાદિકનો આધાર લે છે. જો મન્ત્રાદિકમાં ખરેખર સિદ્ધિ મળે તો તે 'પાગલ' બનીને સેંકડો હજારો સંસારીઓના સુખોને સાધનારો અને ભીડને ભાંગનારો બને છે. આમ થતાં લોકો તેને ભગવાન માને છે. તેની પાસે સેંકડો મોટરો ખડી રહે છે. આમ થતાં પેલા ભાઈનું માથું અહંકારથી ફાટવા લાગે છે. એ પછી તો એ રાતું કપડું દેખીને જોરમાં આવી ગયેલા ગેંડાની જેમ બેકાબૂ બને છે.

સામાન્યતઃ આવા સાધુઓ પોતાના કે બીજાના પુણ્યનો ઉદય થાય તો જ ફેંકેલા દાવમાં સફળ થાય છે. પણ જો દસ પ્રયોગમાંથી ત્રણમાં ય સફળતા મળી તો તે ત્રણ ભક્તો તે સાધુનો સર્વત્ર જયજયકાર બોલાવે છે, તેના ચમત્કારોનો ચોફેર પ્રચાર કરે છે. આમ દર દસે ત્રણની સંખ્યા વધતા સેંકડો ભક્તો ઊભા થાય છે. તુચ્છ કક્ષાનો સાધુ 'ભગવાન' તરીકે પૂજાવા લાગે છે.

બેશક, આમાં વિજાતીયસંપર્કજનિત રાગ અને પોતાને પ્રતિકૂળ વર્તતા લોકો ઉપર દ્વેષ થવો એ ખૂબ સામાન્ય વાત હોય છે. આ પછી તો રાગમાંથી બધા પ્રકારના ભોગના પાપો અને દ્વેષમાંથી મારણ-ટુમણ સુધીના બધા પ્રકારનો ઝેરી સંસાર ખડો થઈ જાય છે.

વર્તમાનમાં તો મન્ત્રાદિકના સાધકોને કોઈ દેવ કે ભૂત-પ્રેત વશ થતાં હોય તેવું માનવામાં આવે તેવું નથી. (આમાં ય દેવ તો નહિ જ.) કદાચ કલિકાલના પ્રભાવે મલિન તત્ત્વોનું પુષ્કળ જોર હોવાથી ભૂત વશ થઈ જાય ખરું અને તેના દ્વારા કોઈ બત્રીસલક્ષણાનો ભોગ લેવાઈ જાય પણ ખરો. આ બાબતમાં કવચ તરીકે સહુએ ૧૦૮ નવકાર-ઉવસગ્ગહરંનો જાપ અખંડપણે કરવો જોઈએ.

મન્ત્રાદિકના માધ્યમથી વિજાતીય પરિચય અત્યંત સુલભ અને સરળ બને છે, જેમાં પતન થવાની સો ટકાની શક્યતા છે. બીજું જેની પ્રાર્થના કરાય તે બધી બાબતો સાંસારિક હોવાથી તેની અનુમોદના તીવ્રતાથી થાય. વળી જો ધાર્યા પ્રમાણે ન બને કે ઊલટું પડે તો સંસારી લોકોને સાધુ પ્રત્યે

કે ધર્મ પ્રત્યે દ્વેષ થાય, તેઓ ધર્મ હારી જાય.

સાધુ પોતાના ઇહલૌકિક સુખ માટે જ મન્ત્રાદિકનું શરણ લે છે એ નિર્વિવાદ હકીકત છે. તે અત્યંત સુખલંપટ કે દુ:ખભીરુ બન્યો હોય ત્યારે જ તેને આ માર્ગે જઈને ધનાદિકની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો પડે.

મારી સમજ એવી છે કે જો સાધુ સાધુજીવનની સ્વસ્થતા, પ્રસન્નતા કે સમતા ખોઈ બેઠો હોય, ભોગાભિમુખ થયો હોય તો તેણે સાધુવેષ છોડીને ગૃહસ્થ બની જવું જોઈએ. પણ આ રીતે 'મહાવીરની પછેડી'ને ડાઘ ન લગાડવા જોઈએ. જિનશાસનની હીલના નહિ થવા દેવી જોઈએ.

અહીં મોટી મોંકાણ મંડાય છે. જેઓ સંસારનો બોજ ઉઠાવવા માટે કાયર બની ગયા હોય છે તેઓ - ભોગો ખૂબ ગમવા છતાં - ગૃહસ્થ બનવા તૈયાર થતાં નથી. સંસારની આવડતનો અભાવ, હાડકાની હરામી વગેરે તેમને સંસારમાં જતાં અટકાવે છે. આ લોકો સાધુવેષમાં રહીને ભોગીઓ પણ ન ભોગવી શકે તેટલા બધા અર્થ–કામના, માનપાનના અને ખાનપાનના ભોગો ભોગવે છે. હવે શું કરવા ઘર માંડે ? બૈરું કરે ?

પોતાના સુખ-દુ:ખની ચિન્તા કરે તેવા સાધુઓ કોને ન ગમે ? તેના સુખાદિ માટે કેવા પાગલ બની જાય ? તેમના ચારિત્ર ઉપર એવી શ્રદ્ધા મૂકી દે કે ઘરની નારીઓને પણ બેફામ રીતે ગમનાગમનની છૂટ આપે.

જ્યોતિષ, કથા, વૈદક, મંત્ર એ બધું શીખવા માટે સારું છે, ઉપયોગી પણ છે (જિનાલયની પ્રતિષ્ઠા, મુમુક્ષુની દીક્ષા, શુભકાર્યનો આરંભ વગેરે બાબતોમાં) પણ તેનો ઉપયોગ સાંસારિક બાબત માટે ન જ કરવો જોઈએ. એ એવું લપસણિયું પગથિયું છે જ્યાંથી ગુરુકૃપા વિનાના સાધુઓ લપસી ગયા વિના રહે નહિ.

કેટલીકવાર જિનશાસનના રક્ષાદિક કાર્ય માટે આ વસ્તુઓ ખૂબ ઉપયોગી છે. પૂર્વના કાળમાં મહાગીતાર્થ પુરુષોએ તેનો શ્રેષ્ઠ ઉપયોગ પણ કર્યો છે. આજે પણ તેવો ઉપયોગ કરી શકાય.

અરે, ગૃહસ્થો માટે પણ મન્ત્રાદિકનો ઉપયોગ વિશિષ્ટ પ્રસંગોમાં કરી શકાય. દા.ત. એક જૈન શ્રાવકના દસ લાખ રૂપિયા ધંધામાં સલવાઈ ગયા. કોઈ માન્ત્રિક સાધુ પાસે તે ગયો. આફતમાંથી મુક્ત કરવા માંગણી કરી. જો જૈન સાધુ કહે કે, "અમે સાંસારિક બાબતોમાં પડીએ નહિ."

પેલો કહે : "તો હવે હું અજમેરની દરગાહે જઈને ચાદર ચડાવીને માનતા માનીશ."

તે ગયો. ફાવ્યો. પૈસા છૂટા થયા. તેણે ઈસ્લામનો સ્વીકાર કર્યો.

આવા સંજોગોમાં ગૃહસ્થને ગમે તેવા સ્થળે જતો અટકાવવા પૂરતું બધું કરી શકાય.

વળી જે બીજે જવા માંગતો જ નથી. તેની એક જ વાત છે કે "હે દાદા પાર્શ્વનાથ ! તાર કે માર... તારા શરણે આવ્યો છું. બીજે તો નહિ જ જાઉં" તો તેને જરૂર સહાયક બની શકાય.

આવા પ્રસંગે માન્ત્રિક સાધુએ આપદ્ગ્રસ્તના દિલમાં સંસારની અસારતાનું ભાન કરાવવા માટે યત્ન જરૂર કરવો. એક વાર નાગના ગળામાંથી આવી ઝેરની કોથળી કાઢી લીધા પછી નિર્વિષ નાગ ભયાવહ રહેતો નથી.

આ છે, જૈનધર્મની શૈલી.

બાકી અપવાદ સિવાય જ્યોતિષાદિનું કોઈ પણ કાર્ય ગૃહસ્થો અંગે કરવું જોઈએ નહિ. સાધુએ સદા ગૃહસ્થોથી દૂર રહેવું જોઈએ. મન્ત્રાદિ પ્રવૃત્તિ ગૃહસ્થને વધુ નજીક લાવી દઈને સાધુના જીવનને જોખમમાં મૂકી દે તેવી પૂરી શક્યતા છે.

કેટલાક સાધુઓ એટલા માટે મન્ત્રાદિનો માર્ગ પકડે છે કે તેમને માંદગીના, ઉત્સવના, ભણવાના કાર્યોમાં ભક્તો મદદ કરે. મન્ત્રદાનથી ભક્તો ખાસ્સાં બની જાય ખરાં.

પણ આમ કરવા જતાં માર્ગભ્રષ્ટ થવાય તેનું શું ?

દરેક સાધુએ વિશુદ્ધ સંયમના પાલન ઉપર પૂર્ણ શ્રદ્ધા રાખવી. તેનાથી બધી અનુકૂળતાઓ પૂરી થશે જ તેમ માનવું. કદાચ તેમ ન થયું તો કર્મક્ષયનો લાભ મળશે તેમ માનવું. પરંતુ મન્ત્રાદિકના જોખમી માર્ગે તો ન જ જવું. છેલ્લે જેને મન્ત્ર જોઈતો જ હોય તો જગતમાં જેનો જોટો નથી તેવો નમસ્કાર મંત્ર આપવો. અથવા નવકારની જોડે ઉવસગ્ગહરં મન્ત્ર ગણવા કહેવું. ૨૭ વખત 'નવકાર ઉવસગ્ગહરં' સંયુક્ત રીતે ગણવા કહેવું. બાકી મન્ત્રો જેટલા ફળે છે તેથી વધુ તેની શ્રદ્ધા ફળે છે. ગુરુ જેટલા ફળે છે તેથી વધુ તેમની ઉપરની શ્રદ્ધા ફળે છે. આનંદઘનજીએ રાણીને મન્ત્ર આપ્યો, 'રાજા કુ રાની મિલે તો આનંદઘનકુ ક્યા' એ મન્ત્ર ફળ્યો... શ્રદ્ધાથી જ ને ?

સાચા સાધુઓ આજ્ઞાપાલનની મોક્ષમાર્ગની સીધી કેડીએ ચૂપચાપ ચાલ્યા જતા હોય છે : કશું આઘુંપાછું કર્યા વિના.

ગ્રંથકારશ્રી કહે છે કે જે સાધુઓ મન્ત્રાદિકમાં પડે છે તેઓ બીજું- ભૌતિક- ગમે તેટલું કદાચ પુણ્યબળે કમાઈ લેતા હશે, પરંતુ તેમના તપનો ક્ષય થઈ જાય છે.

તપ એટલે અઠ્ઠમ, અઠ્ઠાઈ વગેરે અનશન રૂપ તપ જ નહિ પરંતુ સાધુ જિનાજ્ઞાપાલન સ્વરૂપ જે તપ કરે છે તે તપ.

સાધુનું આ રીતનું 'તપ' ધોવાઈને સાફ થાય છે.

જ્ઞાનીઓ કહે છે કે આવો સાધુ એક પૈસો કમાવવા જતાં એક રૂપિયો ખોઈ બેસે છે.

આ લોકના સુખમાં કાયર બની જતાં પરલોકના ઘોર દુઃખો પોતાની ઉપર ઠોકી બેસાડે છે.

■ ■ ■

**जह जह कीरइ संगो तह तह पसरो खणे खणे होइ ।**
**थोवो वि होइ बहुओ न य लहइ धिइं निरुंभंतो ॥ ११६ ॥**

**અર્થ :** જેમ જેમ મુનિ ગૃહસ્થનો સંગ કરે છે, તેમ તેમ ક્ષણે ક્ષણે તે સંગ વધતો જાય છે. તે 'સંગ' થોડોક પણ 'ઘણો' બની જાય છે. પછી તો ગુરુ રોકે તો ય તે સાધુ રોકાતો નથી, સંગ છોડી શકતો નથી.

**વિવેચન :** નાનકડો પણ ઘા, નાનકડું પણ ઋણ, નાનકડો ય ક્રોધાદિ કષાય કે નાનકડી પણ આગ જેમ જોખમી છે તેમ સાધુનો ગૃહસ્થ સાથેનો નાનકડો ય સંગ જોખમી છે. અરે, આ સંગ તો ઓલા ત્રણ કે આગના તણખાથી વધુ ખતરનાક બની શકે છે. જેમ પાણીમાં પડેલું તેલનું ટીપું તરત પ્રસરવા લાગી જાય છે તેવી ગૃહસ્થના સંગની સ્થિતિ હોય છે.

સાધુનો સંગ પુરુષ સાથે થયા બાદ તેની પત્ની કે દીકરીઓ વગેરે સાથે થઈને ભયાનક અહિત કરનારો બની શકે છે.

વંદન કરવા આવેલા ભાઈની સાથે આવેલી કુંવારી બેન સાથે વાતો કરતાં થઈ જવાય છે.

આ બધા માતાજીના કૂંડાળા છે જેમાં પગ પડયા પછી ભૂતડીઓ ચોંટી પડયા વિના રહેતી નથી.

આ વાત એટલી આગળ વધે છે કે જો કોઈ રીતે ગુરુને ખબર પડે અને તેને રોકે તો ય તે સાધુ કાબૂમાં આવતો નથી.

કૂલવાલક મુનિ નારીઓની મશ્કરી કરતો સાધુ હતો. ગુરુએ તેને ટોક્યો, વારંવાર ટોક્યો પણ તે ન માન્યો. છેવટે ગુરુથી આવેશમાં બોલાઈ ગયું, 'મૂર્ખ સાધુ ! કેમ મારી વાત માનતો નથી ? કોક વાર નારીથી જ તારું પતન થઈ જશે.''

હા... એમ જ થયું. મુનિ સંસારી બનીને ડાકુ બની ગયો.

એક ઊલટું- સુંદર દૃષ્ટાંત આપું.

સિદ્ધસેન દિવાકરસૂરિજીને અશુભકર્મોદય થતાં રાજનું સન્માન ન પચ્યું. તે સુવર્ણપાલખીમાં રાજસભાએ જતાં-આવતાં થયા. ગામડામાં જ રહેતાં, વયોવૃદ્ધ વાદિદેવસૂરિજી શિષ્યની સાન ઠેકાણે લાવવા દોડી આવ્યા. શિષ્યને 'નાટક' કરીને એવા ટોક્યા કે ઝટ ઠેકાણે આવી ગયા.

ગુરુનું કામ સતત શિષ્યને ટોકતા રહેવાનું. જરાક આઘોપાછો થાય કે કાન આમળવાનો.

આવું કરતાં જો શિષ્યને કૂલવાલક મુનિની જેમ ખોટું લાગી જાય તો ભોગ લાગ્યા શિષ્યના. તેનો જીવનવિકાસ તો અટકી જાય પરંતુ પતન પણ થઈ જાય.

ક્યારેક તો શિષ્ય એવો માતેલા સાંઢ જેવો બને કે ટોકતાં ગુરુને શિંગડાં ભરાવીને અપમાનિત કરી નાંખે. આમ થાય એટલે બિચારા ગુરુની કાયમ માટે બોલતી બંધ થઈ જાય.

ધિક્કાર છે તે શિષ્યોને; જેમને ટોકતાં ગુરુને પ્રતિકાર થવાની બીક લાગે છે.

અરે, એક ગંભીર વાત કરું.

શિષ્ય જે ગરમ ગરમ રાબ લાવ્યો. તેને દાઢના દુઃખાવામાં શાતા પામવા માટે ડોસા ગુરુએ પી લીધી ! આથી શિષ્યને અતિશય ક્રોધ આવ્યો. તેણે ગુરુને આગઝરતા શબ્દોમાં ઝાટકી નાંખ્યા. ગુરુ ડરી ગયા. રાત પડે તે પહેલાં વિહાર કરીને પાંચ સાત ગાઉ દૂર ગયા. ત્યાં કોઈ ગચ્છમાં જોડાઈ ગયા. આજીવન અનશન કર્યું. પાંચમા ઉપવાસે નિર્યામણાપૂર્વક કાળધર્મ થઈ ગયો. એ સમયમાં મહાપારિઠાવણિવિધિ (અગ્નિસંસ્કાર નહિ) થતી હતી. તે વિધિ થઈ. થોડા કલાકમાં પેલો ક્રોધાન્ધ બનેલો શિષ્ય ગુરુને શોધતો આવી ચડ્યો.

મૃતક પાસે ગયો. અતિશય ક્રોધમાં બેફામ બોલીને મોટો પથ્થર લઈને મૃતકની દાઢ તોડી નાંખી. તે વખતે બોલ્યોઃ "જે દાઢને રાબનો ચસકો લાગ્યો'તો તેને ઠેકાણે પાડી દીધી. હાશ, હવે મને શાન્તિ થઈ."

જો ગુરુ શિષ્યને ટોકે અને ભડકો થાય તો તે ગચ્છમાં સાધુઓનું શાંતિથી રહેવું અતિ મુશ્કેલ બની જાય.

■ ■ ■

**जो चयइ उत्तरगुणे मूलगुणेऽवि अचिरेण सो चयइ ।**
**जह जह कुणइ पमायं ? पिल्लिज्जइ तह कसाएहिं ॥ ११७ ॥**

**અર્થ :** જે સાધુ ઉત્તરગુણમાં ગરબડ કરે છે તે બહુ જલદી મૂલગુણો ગુમાવે છે. તે જેમ જેમ પ્રમાદ કરે છે તેમ તેમ તે કષાયોની ઉત્તેજનાથી પીસાતો જાય છે.

**વિવેચન :** જ્ઞાનીઓ કહે છે કે જો નાવડીને પડેલા નાનકડા છિદ્રોની અવગણના કરાય તો તે મોટા છિદ્રો બની જાય. નાવને ડૂબાડી દે.

નાનાં છિદ્રો તરફ ગંભીર થવું રહ્યું, તેનો ઉપાય કરવો રહ્યો.

વ્રતો સંબંધમાં પણ એવું છે.

ભિક્ષા સંબંધિત દોષોથી માંડીને ચરણસિત્તરી કરણસિત્તરી સંબંધિત જે બાબતો છે તે ઉત્તરગુણ સ્વરૂપ છે.

વિષયોની લમ્પટતા અને ક્રોધાદિ કષાયોની તીવ્રતા એ મૂલગુણને સંબંધકર્તા બાબતો છે.

જે સાધુ ગોચરી-ચર્યા, ગોચરી વાપરવી વગેરે બાબતોમાં લાગનારા સંબંધિત દોષો પ્રત્યે ઉપેક્ષાભાવ રાખેઃ તે દોષોને બહુ ગંભીર ન સમજે તે સાધુને તે દોષોના સેવનથી મૂલગુણો (મહાવ્રતો)ને ધક્કો પહોંચાડતા વિષયો અને કષાયોના હુમલાઓની પૂરી સંભાવના રહે.

અહિંસક ચિત્તપરિણતિ, મૂર્ચ્છાત્યાગ, વિશુદ્ધ બ્રહ્મચર્ય, સખત અપરિગ્રહ વગેરે એવા મૂલગુણો છે કે ગોચરીના દોષો અને તેમાંથી ઉત્પન્ન થતી પ્રમાદ વગેરે અવસ્થાઓનું સેવન તેમની ઉપર હુમલો કર્યા વિના રહેતા નથી. પહેલાં સીધો પ્રહાર નિર્મળ બુદ્ધિ ઉપર થાય પછી મૂલગુણો ઉપર થાય.

આથી સાધુએ તપસ્વી અને અપ્રમત્ત અવશ્ય બનવું જોઈએ. આમાં જેટલી કચાશ રહેશે તેટલું બ્રહ્મચર્ય જોખમાઈ જશે, કરુણાની પરિણતિ દૂર

થઈને હૈયે કઠોરતા ફેલાશે, જ્યાં ત્યાં મૂર્ચ્છા વ્યાપક બનતી જશે. આમ થતાં સંયમજીવનનો કચ્ચરઘાણ વળી જશે. "આટલામાં શું થઈ ગયું ? એમાં શું વાંધો ?" એવો વિચાર સાધુએ ન કરવો જોઈએ.

ગૃહસ્થના દીવાનખાનાના ગાલીચામાં પડેલી નાનકડી ટાંચણી, "ભલે પડી, મને શું કરી દેવાની છે ?" આવો વિચાર કરનારને તે ટાંચણી વાગી તો સેપ્ટીક થઈને, ધનુર થઈને જાન જવાનો સંભવ છે.

આવું નાનકડા દોષો માટે નહિ વિચારવું. સ્ત્રી સામે નજર કરવી, કોકની નિંદા કરવી, નિષ્કારણ આધાકર્મી વાપરવું, પૈસાની વાતમાં પડવું, કાચમાં મોં જોયા કરવું, ફોટા પડાવવા, રોજ મોં ધોવું, નારી સાથે હસીખુશીપૂર્વક વાતો કરવી વગેરે દોષો દેખાવે નાના છે પણ અનુબંધમાં ભારે તોફાની છે. રાઈના દાણા જેવા આ દોષો મોટા દૈત ઘડાને ફોડી નાંખવાનું સામર્થ્ય ધરાવે છે.

આ રીતે નાની બાબત સમજવાને લીધે જ મહાત્મા નંદિષેણ, અષાઢાભૂતિ મુનિ વગેરે મહાદોષોનો ભોગ બની ગયા.

ઉત્તરગુણ સંબંધિત દોષ વિગઈઓનું બેફામ સેવન. અને મૂલગુણ સંબંધિત દોષ વાસનાનો કે કષાયોનો ભડકો.

આ બે દોષ ભેગા થઈને - આગ, પેટ્રોલ બનીને - આખા મુનિજીવનને સળગાવી દઈ શકે છે. ખાસ કરીને આ બેથી તો છેટા જ રહેવું સારું.

ટૂંકમાં, જો મહાવ્રતોનું બરોબર પાલન કરવું હોય તો ઉત્તરગુણોનું કડકાઈથી પાલન કરવું જોઈએ.

જો બ્રહ્મચર્યનું બરોબર પાલન કરવું હોય તો તેની નવ વાડોનું સખ્તાઈથી પાલન કરવું જોઈએ.

ઉત્તરગુણોમાં શિથીલતા મૂલગુણોથી ગબડાવી દીધા વિના રહેશે નહિ.

જો તમે મોટાને સુરક્ષિત રાખવા માંગતા હો તો તમારે નાનાને સુરક્ષિત રાખવા પડશે.

નવ વાડોને જ ચોથા મહાવ્રત સ્વરૂપ ગણીને ગંભીરતા સાથે પાળશો તો જ ચોથું મહાવ્રત અખંડિત રીતે પાળી શકાશે.

મુનિએ ભાષાસમિતિનું પાલન ન કર્યું અને સ્ત્રીએ પૂછેલો પ્રશ્ન - 'મારા પતિ ક્યારે આવશે ?'-નો જવાબ દઈ દીધો – આજે જ સાંજે - એમાં તો પાંચ હત્યાઓ થઈ ગઈ. મુનિ મહાદોષના ભાગી થયા.

પૂંજયા પ્રમાર્જ્યા વિના કશું ન થાય. પણ ડોશી ઘંટીને પૂંજવાનું ચૂક્યા તો ઝેરી સાપ પીસાઈ ગયો. તે લોટના રોટલા ખાનારું આખું કુટુંબ મૃત્યુ પામ્યું.

ઉત્તરગુણરૂપ ઈરિયાસમિતિને અપ્રમત્ત રીતે પાળતાં જોઈને અહોભાવથી ઝૂકી ગયેલો તામલી તાપસ સમક્તિ પામી ગયો.

ગોચરી વહોરવાની ક્રિયા અત્યંત વિધિસર થઈ. તે જોઈને નટ ઈલાચી વાંસડા પર કેવળજ્ઞાન પામ્યો.

ગાલીચા નીચે ઢગલાબંધ કુંથુઆ અકબર બાદશાહને દેખાડાતાં જ તેને જૈનધર્મ માટે પુષ્કળ માન થઈ ગયું.

ધર્મ એવી વસ્તુ છે જેમાં પોતે તરે, જેનાથી બીજા ઘણા તરે.

ટૂંકી વાત સમજી રાખવી કે ભોજનવિધિ એ ઉત્તરગુણમાં છે. વિષય-કષાયો મૂલગુણમાં છે. જેટલી ભોજનવિધિમાં ભૂલો (આસક્તિથી ખાવું, આધાકર્મી વાપરવું, પ્રતિકૂળ મળતાં ગુસ્સો કરવો) થશે તેટલો તેનો પરચો મૂલગુણો ઉપર પડશે. તે મૂલગુણોને આઘાત પહોંચાડશે. એટલે કે કાં વિષયાંધતા ભડકી ઊઠશે અથવા ક્રોધાદિ સળગી ઊઠશે.

■ ■ ■

**जो निच्छएण गिण्हइ देहच्चाए वि न य घिइं मुअइ ।**
**सो सोहेइ सकज्जं जह चंडवडिंसओ राया ॥ ११८॥**

**અર્થ :** જે મુમુક્ષુ મૂલ ઉત્તરગુણોને ભારે દઢતા સાથે વળગી રહે છે કદાચ જાન જાય તો તૈયાર રહે છે પણ વ્રતત્યાગ કરતો નથી તે આત્મા ઈષ્ટસિદ્ધિ પામે છે.

**વિવેચન :** જેમ સિંહની જેમ વ્રતો લીધા તેમ સિંહની જેમ તે પાળવા જોઈએ. સિંહની જેમ વ્રતો લઈને પાળવાની બાબતમાં શિયાળ - સત્ત્વહીન-નહિ બનવું જોઈએ. લગભગ એંસી ટકા મુમુક્ષુઓ પાછળથી શિયાળ બની જાય છે. પૂર્વના કાળમાં બાર માસનો દીક્ષાપર્યાય થતાં મુમુક્ષુ અપૂર્વ અભ્યંતર આનંદની પરાકાષ્ઠાએ પહોંચતો હતો. જ્યારે આજે કાળના પ્રભાવે (!) ઉદ્વેગની પરાકાષ્ઠાએ પહોંચી જવાનું દેખાય છે. આમાં કાળને માથે કલંક લગાડવું તે બરોબર નથી. ખરેખર તો જ્વલંત વૈરાગ્યની જ મોટી ખામી હોય છે.

ચન્દ્રાવતંસક બહુ મોટા રાજા હોવા સાથે અત્યંત ધર્મનિષ્ઠ હતા. એક વાર રાજકાજનું કામ કરતાં કરતાં સામાયિકમાં લીન થવાની ભાવના જાગી.

કામ છોડીને શયનખંડમાં ગયા. ત્યાં કાયોત્સર્ગમાં ઊભા રહ્યા. તે વખતે સંધ્યા થઈ હતી. ચારે બાજુ દીવા પ્રગટાવાઈ ગયા હતા રાજાએ સંકલ્પ કર્યો કે, 'અમુક દીવો હોલવાય ત્યારે કાયોત્સર્ગ પારવો.'

દાસીએ રાજાનો ધર્મભંગ ન થાય તેવી લાગણીથી પ્રેરાઈને દર બે કલાકે દીવામાં ઘી પૂરવાનું ચાલુ રાખ્યું.

સવારે દીવો હોલવાતાં રાજાએ કાઉસગ્ગ પાર્યો; પરંતુ આખી રાતનો અતિ શ્રમ દેહ ખમી ન શકતાં મૃત્યુ થઈ ગયું. રાજા સદ્ગતિ પામ્યા.

**'कार्यं साधयामि देहं वा पातयामि'**ના અનાહત નાદ સાથે જે આત્મા દીક્ષા લે તે જ કઠોર અને ઉગ્ર પરીષહોને સામે ચાલીને ભેટી શકે. અતિશય ઉત્કટ કોટિનો જડવિરાગ જીવનમાં ધબકતો હોય, મોક્ષ પામવાની ભાવના પરાકાષ્ઠાએ પહોંચી હોય ત્યારે જ મુમુક્ષુ આત્મા દેહનો ખાત્મો બોલાવી દે તેવા ઉપસર્ગોને પ્રેમથી ભેટી શકે. માટે જ કહ્યું છે,

**હરિનો મારગ છે શૂરાનો; કાયરનું નહિ કામ જો ને.**

**शरस्य जैनधर्मोऽस्ति, कायरस्य कदापि न**

મને મણિઉદ્યોત મહારાજ યાદ આવે છે. તેમને પીઠ ઉપર જીવોથી ખદબદ થતું અને રસીથી ભરેલું પાઠું થયું હતું. અસહ્ય પીડાને ભારે પ્રસન્નતાથી તે સહતા હતા. એકદા આકાશેથી કોઈ સમ્યગ્દૃષ્ટિ દેવ પસાર થયો. તેણે આ મહાત્માની ગગનસ્પર્શી ઊંચાઈ જોઈ. તેનું મસ્તક ઝૂકી ગયું. ધરતી ઉપર આવીને મહાત્માને વંદનાદિ કરીને કહ્યું કે, "હું વિશિષ્ટ દેવ છું. આપ મને રજા આપો તો પાઠું મટાડી દઉં. પાઠાની વેદના અપાર છે."

મહારાજે ઝટ કહ્યું, "ઓ દેવ ! તું મારો દોસ્ત છે કે દુશ્મન ! આ પાઠાની વેદનાને પ્રસન્નતાપૂર્વક સહતા રહેવામાં દરેક સમયે મને અનંત કર્મોના કચ્ચરઘાણનો લાભ મળે છે. તું શી રીતે તેને અટકાવી શકે ?"

આવી દુઃખસહિષ્ણુતા સનત મુનિની હતી. મહાભયાનક સોળ રોગોને તેમણે લાગટ સાતસો વર્ષ સુધી સહ્યા. આ રોગોમાં ઘણી બધી લબ્ધિઓ ઉત્પન્ન થઈ હતી; જેનાથી રોગોને મટાડી દેવાનું કામ રમતવાત હતી. છતાં તેમણે એટલા માટે તે દુઃખને સહવાનું ચાલુ રાખ્યું જેથી તેમને દરેક ક્ષણે અપૂર્વ કર્મક્ષયનો લાભ થાય.

મુનિ એટલે કર્મક્ષયનો માશૂક.

સ્વેચ્છાએ સહ્યા વિના કર્મક્ષય શક્ય નથી. સૌથી મોટો કર્મક્ષય દેહને દુઃખ દેવાથી થાય છે.

કહ્યું છે : **'देहदुःखं महाफलं.'**

જે મહાત્મા હોય તે કર્મક્ષય માટે દુઃખને - ખૂબ દુઃખને - ઈચ્છે. દેવાધિદેવે તો વધુ દુઃખ પામવા માટે અનાર્યભૂમિમાં વિહાર કર્યો હતો. ત્યાં તેમને પુષ્કળ મારપીટ વગેરે થયા. જેને અત્યંત પ્રસન્નતાથી સહ્યા.

જો સાધુપણું એટલે દુઃખમય જીવન હોય તો તેવું સાધુપણું વર્તમાનકાળમાં પાળવું અતિ અઘરું બને છે. એમ લાગે કે આવું સાધુપણું માંડ વીસ ટકા જેટલા સાધુ-સાધ્વી પાળી શકતા હશે.

અમારા જેવા સુખશીલ વેષધારી સાધુ તો રત્નત્રયીના ધારક કહેવાય નહિ. અમારી સહન કરવાની કોઈ શક્તિ નથી અને ક્યારેય શક્ય પણ નથી. અરે, દુઃખ સહવાની ઈચ્છા પણ નથી. તો એ નક્કી થયું કે અમે કેટલાક સાધુઓ સાધુવેષે સંસારી છીએ.

નિશ્ચયનય કહે છે કે વેષ પ્રમાણેનું જીવન ન હોય તો વેષ ત્યાગીને ગૃહસ્થ બની જવું જોઈએ.

કેટલાકો હાડકાના હરામ થવાથી, સંસારમાં ઘણી પ્રતિકૂળતાઓ જણાવવાથી વેષ મૂકતા નથી. તેના આધારે 'ચરી ખાવાની' અનુકૂળતા પૂરેપૂરી મળી જાય છે. આવા સાધુઓ દિવસે દિવસે વધુને વધુ સ્વચ્છંદી સાધુજીવન જીવીને શ્રમણ-સંસ્થાને કલંક લગાડે છે.

આ બગડેલી કેરી આખા કરંડીઆની સારી કેરીઓને બગાડે તેવી શક્યતા રહે છે.

જ્ઞાનીઓએ સ્પષ્ટ કહ્યું છે કે આવા વેષધારીઓએ સંસારમાં જઈને 'સુશ્રાવક' બનવું જ રહ્યું. વિશ્વની લોકોત્તર શ્રમણ-સંસ્થાને પોતાના ભૌતિક સ્વાર્થ ખાતર બદનામ ન થવા દેવી જોઈએ.

વળી જે સાધુ રડતી આંખે વિધિપૂર્વક ગુરુને રજોહરણ સમર્પિત કરે છે તેને પુનઃ સાધુપણું પ્રાપ્ત થવાની શક્યતા રહે છે. નંદિષેણનું દૃષ્ટાન્ત આપણી નજર સામે છે.

ટૂંકી વાત એ છે કે ઈહલૌકિક સુખો તરફ જેની મીઠી નજર છે તે આત્માનું આંતર-બળ તૂટવા લાગે છે. આમ થવાથી તે શિથીલ બનીને છેલ્લે

પતન પામે છે.

ગ્રન્થકારશ્રીએ પૂર્વે કહ્યું છે કે ઉત્તરગુણોના પાલનની બાબતમાં જે સાધુ શિથીલ રહે તેના મૂલગુણો હચમચી જાય.

■ ■ ■

**सीउण्हखुप्पिवासं दुस्सीज्जपरीसहं किलेसं च ।**
**जो सहइ तस्स धम्मो जो धिइमं सो तवं चरइ ॥११९॥**

**અર્થ :** શીત, ઉષ્ણ, ક્ષુધા, તૃષા, ઊંચી-નીચી શયનભૂમિ, વિવિધ પરીષહોની પીડા તેમજ બીજા કષ્ટોને જે સમતાથી સહે છે એને જ ધર્મ હોય. [તે જ સાધુ ધર્માત્મા કહેવાય.] કેમકે જે નિષ્પ્રકંપ ચિત્તથી ધૈર્યવાન્ હોય છે તેને જ પરિષહ સહવારૂપ તપશ્ચર્યાનું આચરણ હોય છે.

**વિવેચન :** દુઃખોને સ્વેચ્છાએ જે સહે તે જ સાધુ.

સહવાની પળો તે જ સાધુત્વની પળો.

સહવાનું બે રીતે હોય. સ્વેચ્છાએ [મોક્ષલક્ષપૂર્વક] અને અનિચ્છાએ.

પશુઓ, નારકો અને ઘણાબધા માનવો વગેરેને ખૂબ સહવું પડે છે પણ તે બધું અનિચ્છાએ હોય છે.

તેઓ સહવારૂપ ધર્મ કરે છે તેનાથી પુણ્યકર્મ બાંધે છે. ખૂબ સહે છે માટે ખૂબ પુણ્ય બાંધે છે.

ખૂબ પુણ્ય બાંધે છે એટલે મનુષ્યાદિ ગતિમાં લાખોપતિ, ક્રોડપતિ કે અબજપતિ શ્રીમંત થાય છે.

પણ જે સહન કર્યું તે સ્વેચ્છાએ કર્યું હોત તો પુણ્યના બંધની સાથે પુણ્યનો અનુબંધ તૈયાર કરત. તેમ થતાં તેમને ક્રોડપતિના જીવનમાં પુષ્કળ ગુણો મળત. પણ અનિચ્છાએ સહન કર્યું એટલે પુષ્કળ દોષો મળ્યા.

દુનિયાના ધનાઢ્ય માણસો ગુણવાન જેવા મળતા નથી. હા. તેઓ ખૂબ ધનવાન હોય છે તેનું કારણ આ છે કે તેઓ પશુજીવનમાં અનિચ્છાએ ખૂબ સહન કરીને મનુષ્યભવમાં આવેલા છે.

લગભગ તમામ ધનવાન લોકો ગુણવાન્ નહિ હોવાનું અને દુષ્ટ હોવાનું કારણ આ છે.

જ્ઞાનીઓ કહે છે કે જેમણે પરભવોમાં ધનવાન બનવા સાથે ગુણવાન બનવું હોય તેમણે સ્વેચ્છાએ ખૂબ સહન કરવારૂપ ધર્મ કરવો જોઈએ.

આવો ધર્મ તે જિનાજ્ઞાસ્વરૂપ મુનિજીવનનું કઠોર પાલન.

સાધુનો વેષ પહેરવાથી કાંઈ ન થાય. તેમાં પરિષહો, કષ્ટો, તપશ્ચર્યાઓ, ઉગ્ર વિહારો વગેરે સ્વેચ્છાએ ખૂબ કરવા જોઈએ. આમાં ખૂબ સહવું પડે તેથી વિપુલ કર્મક્ષય થાય અને પ્રચંડ પુણ્યનો બંધ થાય. વળી આ સ્વેચ્છાએ સહ્યું છે એટલે ગુણવાન જીવનની પ્રાપ્તિ થાય.

જૈન ધર્મ મોક્ષલક્ષ સાથે સખત સહન કરવાની વાત કરે છે. આથી જ વિપુલ કર્મક્ષય થાય.

પૂર્વના કાળના લાખો મહાપુરુષોએ મરણાન્ત કષ્ટો સહ્યા છે. કેટલાક સર્વકર્મક્ષય કરીને મોક્ષે ગયા છે તો કેટલાક વિપુલકર્મક્ષય કરીને સદ્‌ગતિમાં ગયા છે.

જે સાધુઓથી (મારા જેવા સાધુથી) કશું સહન થતું નથી તેમનો વિપુલ પ્રમાણમાં અશુભકર્મક્ષય કેવી રીતે થશે ? તે વિના તેઓ સદ્‌ગતિ શી રીતે પામશે ?

ન સહાતું હોય તો સહન કરવાની શક્તિ ઉત્તરોત્તર વધારવી જોઈએ : તે અંગેનો મહાવરો પાડવો જોઈએ.

પણ જો કોઈ સાધુ આવું કાંઈ કરવા તૈયાર ન થાય અને એકદમ ખાનપાન, માનપાનથી ભરપૂર જીવન જીવે; ભક્તોની વચ્ચે 'ભગવાન'ની જેમ ઝૂમે, બસ. જલસા જ કરે એ સાધુ પરાર્થ બહુ કરે છે એટલે પુણ્ય પુષ્કળ બાંધે પરન્તુ સ્વ-હિતનું નામ નથી; કેમકે સ્વેચ્છાએ સહન કર્યા સિવાય કોઈ સ્વહિત નથી એટલે ભાવીના ભવોમાં ગુણવાન નહિ બને. એકલો પુણ્યવાન્ આત્મા પરભવે પશુની દુનિયામાં કૂતરો કે ભૂંડ ન બને; હાથી બને અને તે પણ રજવાડાનો હાથી બને.

કૂતરો બને તો બીલ ગેટ જેવા અબજપતિને ત્યાં 'આલ્શેશ્યન' જાતનો કૂતરો બને.

હાય, આવા પુણ્યનો શો લાભ !

એટલે જ કહું છું કે પરહિત કરવા માત્રથી ન ચાલે; સ્વેચ્છાએ સહન તો કરવું જ જોઈએ. એ વિનાનું સાધુપણું જિનશાસનયુક્ત સદ્‌ગતિને આપી શકે તેમ નથી.

સહન કરવું એટલે ઘોર તપ કરવો; દીર્ઘકાલીન કાયોત્સર્ગ કરવો, ઉગ્ર

વિહાર કરવો, રોગાવસ્થામાં રોગને ખૂબ સહવો પણ ઔષધથી પ્રતિકાર નહિ કરવો, જ્યાં ડાંસ-મચ્છર ઢગલાબંધ હોય તેવા અવાવર સ્થાનમાં ખુલ્લા શરીરે કાયોત્સર્ગ કરવો.

ટૂંકમાં સઘળા અશુભકર્મોના ઉદયોને પ્રસન્નતાથી સહવા... એવા વખતે મોં ઉપર ઝલકતી પ્રસન્નતા દેખાડવી.

જેનાથી આમાંનું કશું ન થાય તે મારા જેવા સાધુઓએ તમામ સહિષ્ણુ આત્માઓની ભારોભાર અનુમોદના કરવી. જો કે આ કાર્ય પણ સહેલું નથી (ઈર્ષ્યાદિના કારણે) છતાં સુખશીલ આત્માઓ તે કરી શકે તેમ છે.

સહન કરવું, સહન કરાવવું અને સહન કરે તેની અનુમોદના કરવી.

બીજી રીતે :

ધર્મ કરવો, કરાવવો અને અનુમોદવો.

મારા જેવાના જીવનમાં 'કરણ' નથી પરન્તુ કરાવણ છે. કેમકે મને ધર્મ અત્યંત વહાલો છે માટે હું ઘણાને તે કરવાની પ્રેરણા કરું છું.

વળી ચોતરફ થતાં ધર્મની અનુમોદના તો ભરપૂર કરું છું.

એક બાજુ જો પોતાના દુષ્કૃતોની ધિક્કાર ગર્હા ચાલતી હોય અને બીજી બાજુ જગત્‌ના સર્વ જીવોના સુકૃતો - સહન કરવું, ધર્મ કરવો વગેરે તમામ – ની ભારોભાર અનુમોદના ચાલતી હોય તો દુર્ગતિ થવાનો કોઈ સવાલ આવતો નથી.

ચાલો, આપણે ઘોર તપસ્વીઓના તપની, ઉપસર્ગોના વાવાઝોડાને ઝીલનારા સુપ્રસન્ન મુનિઓની, દેહ ઉપર સિતમ ગુજારતા મહાત્માઓની ભરપૂર અનુમોદના કરીએ. એટલા બધા તીવ્રભાવથી અનુમોદના કરીએ કે એ મુનિઓના 'કરણ' કરતાં વધુ 'અનુમોદન'થી આપણને લાભ પ્રાપ્ત થઈ જાય.

મને યાદ આવે છે; ત્રિશૂળ ઉપર લટકેલા, માંસના લોચા નીકળી ગયેલા, લોહીની ધારાઓ વહેવડાવતાં અંન્નિકા પુત્ર આચાર્ય ! કેવો ઘોર પરિષહ પ્રસન્નતા સાથે સહ્યો ! આવી ભયાનક વેદનામાં ય પાણીના અસંખ્ય જીવોની કરુણા વિચારી.

પેલા ગજસુકુમાલ ! સોમિલ સસરાએ માથે અંગારા મૂક્યા. ખોપરી તડ-તડ ફાટવા લાગી. એ વખતે સસરાના ઉપકારનું ચિંતન કરવા લાગ્યા.

ચામડી ઉતરતાં ખંધક મુનિ ! ઘાણીમાં પીલાતા સ્કંદક સૂરિના ૫૦૦

શિષ્યો, અરે, પરમાત્મા મહાવીરદેવ તો સાવ ભુલાઈ ગયા. સૌથી વધુ અઘોર અને ઉગ્ર પરિષહો તેમણે સહ્યા. અનંતા કર્મોના ભુક્કા બોલાવી દઈને વીતરાગ પ્રભુ બની ગયા.

જો દુઃખને સહવામાં જરાક પણ પાછી પાની મહાપુરુષોએ કરી હોત તો ભવનો અન્ત લાવી દેતી પળો સાગરોપમોના કાળ સુધી લંબાઈ જાત.

કદાચ એ વખતે પોતાના મનને કહેતાં હશે, ઓ મન ! જરાક વધુ સહી લે. હવે તો મોક્ષ સાવ નજીકમાં છે. બેડો પાર થઈ જવાનો છે. જરાક માટે તું બગાડીશ નહિ. હવે તો આ રહ્યો મોક્ષ ! હાથવેંત જેટલો જ છેટો ! બસ બેડો પાર... સહી લે. સહી લે. કાયાની જરાય દયા ખાઈશ નહિ.

■ ■ ■

**धम्ममिणं जाणंता गिहिणो वि दृढव्वया विमुअ साहू।**
**कमलामेलाहरणे सागरचंदेण इत्थुवमा ।। १२० ।।**

**અર્થ :** અરે, શું વાત કરું ? જે શ્રાવકો જિનોક્ત ધર્મને બરોબર જાણે છે તેઓ પણ ઉગ્ર વ્રતો લે છે અને પૂરી તાકાતથી તે પાળે છે.

પરમાત્મા નેમિનાથની દેશના સાંભળીને મહાશ્રાવક બનેલો સાગરચન્દ્ર સ્મશાને કાયોત્સર્ગ કરતો હતો. તે વખતે તેના દુશ્મન બનેલા સાગરચન્દ્રે (સોમિલ સસરાની જેમ) માથે અંગારા ભર્યા. અસહ્ય વેદના હોવા છતાં પૂરી સમાધિથી સહીને સાગરચન્દ્ર સ્વર્ગે ગયો. જુઓ, શ્રાવકો પણ કેવા ધૈર્યવંતા !

**વિવેચન :** પરમાત્મા મહાવીરદેવના દસ મહાશ્રાવકોમાં એક મહાશતક હતા. શ્રાવક-જીવનની ઉત્કૃષ્ટ આરાધના કરતા.

એક વાર અવાવર ભોંયરામાં કાયોત્સર્ગ કરવા ગયા. તે અરસામાં ત્યાં તેમની કુલટા પત્ની રેવતી કોઈ જાર-પુરુષને લઈને આવી. તેણે કામક્રીડા કરવા માટે ખાટલો નાંખ્યો. તેના એક પાયામાં ખીલો હતો તે ઊભો બહાર નીકળી ગયો હતો. તે પાયો મહાશતકના પગ ઉપર પડ્યો. તે વખતે ખીલો તે પગમાં સોંસરો ઊતરી ગયો. લોહીની ધાર ચાલુ થઈ. અસહ્ય વેદના થઈ પણ શતકે 'ઉફ' પણ ન કર્યું. મનથી પણ રેવતી માટે કુવિચાર ન કર્યો. બાદ તેમને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. રેવતીનું આયુષ્ય માત્ર સાત દિવસનું અને પહેલી નારકે ગમન જોતાં તેમનો આત્મા દ્રવી ઊઠ્યો. આ બધી વાત રેવતીને કહીને "હજી પણ ચેતી જા.." વગેરે વાતો કરી.

મહાશતક કેવા ઉગ્રકક્ષાના આરાધક !

એવા જ રાજા ચન્દ્રાવતંસક હતા; જેમનો પ્રસંગ પૂર્વે આવી ગયો છે.

એવા જ રાજા આદિત્યયશા હતા.

અરે, ઓલા ચન્દ્રયશા રાજા વ્રતપાલનમાં કેટલા બધા દૃઢ હતા. બે નારીઓના (દેવીઓના) અતિશય રૂપમાં ફસાઈ જઈને તેમની સાથે લગ્ન કરવા તો તૈયાર થયા; પણ ભાન ભૂલીને તેમની માંગણી કબૂલી લીધી કે તેઓ જ્યારે જે આજ્ઞા કરે તે માન્ય રાખવી.

રાજાને દર ચૌદસના પૌષધ-વ્રતની પ્રતિજ્ઞા હતી. પહેલી ચૌદસ આવી. પત્નીઓએ આજ્ઞા કરી કે, "તમારે પૌષધ ન કરીને અમારી સાથે મોજ કરવી."

રાજા બે બાજુથી ફસાયા. પૌષધ કરે તો રાણીનો વચનભંગ થતો હતો. રાણીનું વચન પાળવા જાય તો વ્રતભંગનું પાપ થાય. રાજાને એકે ય ભંગ મંજૂર ન હતો. તેમણે વિચાર્યું કે જો જીવનનો અન્ત લાવી દઉં તો એક પણ ભંગ કરવો નહિ પડે.

તરત કેડેથી તલવાર ખેંચી કાઢીને ગળે ઝીંકવા લાગ્યા પણ ગળું તો પોલાદ બની ગયું. રાણીઓ પ્રસન્ન થઈ ગઈ.

રાજા વજ્રજંઘની વાત કરું. તે રોજ દિક્‌પરિમાણવ્રત ધારતા. એક દી વિમાનમાં ઊડ્યા. રસ્તામાં અચાનક ખબર પડી કે, 'અહીં જ મર્યાદા પૂરી થઈ છે. હવે આગળ ન વધાય. વળી ધરતી ઉપર જ્યાં ઉતરાણ થાય ત્યાં કટ્ટર દુશ્મન વસે છે. તે પકડી લે અને ફાંસીએ ચડાવી દે કે જેલમાં પૂરી દે.'

આ બધું છતાં વ્રતભંગ નહિ જ થવા દેવા વિમાનનું ઉતરાણ કરાવ્યું. દુશ્મન રાજાના સૈનિકોને તો આનંદ આનંદ થઈ ગયો. રાજાને પકડી લીધો. બહુ ઊંચી દીવાલો ધરાવતા ગોળ કિલ્લામાં તેને ભૂખ્યો મારી નાંખવા પૂરી દીધો.

પણ ગામના લોકોની લાગણી આ રાજા ધર્માત્મા હોવાથી ખેંચાણી. તેમણે કિલ્લા જેટલી ઊંચાઈએ ખાવાની ચીજોના પેકેટો ફેંકવાનું ચાલુ કર્યું.

દુશ્મન રાજા ઢીલો પડી ગયો. વજ્રજંઘને માનભેર મુક્ત કર્યા.

આજે પણ દૃઢ રીતે વ્રત પાળતાં શ્રાવકો જોવા મળે છે.

વઢવાણના રતિલાલ જીવણભાઈ ઉત્કૃષ્ટ કક્ષાના શ્રાવક હતા. હર્નીયાનું ઓપરેશન કરાવતાં તેમણે ક્લોરોફોર્મ સૂંઘ્યું ન હતું; કેમકે તેમને શંકા હતી કે ડૉક્ટર કોઈ અભક્ષ્ય વસ્તુ આપી દેશે.

સાવ સભાન અવસ્થામાં–અસહ્ય વેદનાની સાથે તેમણે વારંવાર છરીથી શરીર કપાવ્યું.

આ શ્રમણોપાસકને શિખરજીની યાત્રા કરતાં સર્પ કરડ્યો હતો. તેમને લોકોએ બરફ ખાઈ લેવા કહ્યું; પણ તેમણે ધરાર ઇન્કાર કર્યો. છેવટે એક

ભાઈએ તેમને જમીન ઉપર પછાડી દીધા અને છાતી ઉપર ચડી બેઠા. જેવો બરફનો ટુકડો મોંમા નાંખવા ગયા કે રતિભાઈએ બધું જોર ભેગું કરીને તે ભાઈને છાતી ઉપરથી ધકેલી મૂક્યા. બરફ તો ન જ લીધો.

ગ્રન્થકારશ્રી કહે છે કે જો શ્રાવકો અને શ્રાવિકાઓ ટૂંકા ભવોમાં મોક્ષ પામી જવાની લગનને કારણે જીવનમાં ઉગ્ર તપશ્ચર્યાદિ કરતા હોય અને તે રીતે વિપુલ કર્મક્ષય કરતા હોય તો સાધુઓએ તો ખૂબ સહવું જોઈએ.

સાધુનો ભેખ જ પુષ્કળ સહન કરીને પુષ્કળ કર્મક્ષય કરવાનો છે. તે શી રીતે ભોગરસી ગૃહસ્થોની જેમ સાવ સુખશીલ, પ્રમાદી, રસલાલચુ, ક્રોધી બની શકે ?

ખરી વાત એ છે કે તે સાધુ એક કલાક માટે પણ ભૂખ્યો રહી શકતો ન હોય : તેનાથી ભૂખનું દુઃખ સહાતું ન હોય તો તેથી તે જે અશુભ કર્મનો વિપુલ બંધ કરશે તેના ફળરૂપે તે તિર્યંચગતિમાં એવા સ્થાને બળદ બનશે જ્યાં કલાકોના કલાકો સુધી ખાવાનું જરા ય નહિ મળે અને પુષ્કળ ભાર અને માર ખાવો પડશે.

હવે જો આ બધું પરલોકે સહાય તેમ ન હોય તો સાધુના જીવનમાં થોડુંક પણ ભૂખ વગેરેનું દુઃખ સહવાનો ઇન્કાર તે શી રીતે કરતો હશે ?

શું તેને જિનોક્ત પરલોક અને તેના દુઃખોનું અસ્તિત્વ કબૂલ નથી ? અરે ! આથી તો તે નાસ્તિક કહેવાશે. અથવા એવા પરલોકાદિના વિપાકો પ્રત્યે તે નિષ્ઠુર બની ગયો હશે.

જો તે આસ્તિક અને કોમળ હોય તો વર્તમાન સાધુજીવનની શિથીલતાને તેણે બાર ગાઉ છેટેથી સલામ કરી દીધી હોય.

તમ્મર આવી જાય તેવા પરલોકના કટૂ વિપાકો હોય છે. શ્રેણિક, સુલસ કસાઈ, શ્રીકૃષ્ણ વગેરે આત્માઓ પરલોકના દુઃખો પોતાની ઉપર ત્રાટકવાના છે એવી જિનવાણી સાંભળ્યા બાદ કેવા ધ્રૂજતા હતા ? રડતા હતા ? પ્રભુના ચરણોને પખાળતા હતા ?

ઓ સાધુ ! જરાતરામાં સુખશીલ ન બન. મોંમાં દાંત વચ્ચે કચરો ભરાઈ જાય તો ય જે ત્રાસી જાય છે; સખ્ત કબજિયાત થાય તો જેનું મગજ ખરાબ થઈ જાય છે, ધાર્યા કરતાં કોઈ બાબત વિપરીત થાય છે તો જેનું માથું ભમી જાય છે; જેનાથી આટલું ય દુઃખ સહન થતું નથી... એ માથાનું દુઃખ નહિ સહી શકનાર આત્મા જ્યારે ભૂંડભવે માથું કપાઈ જશે ત્યારે તે દુઃખ સહન કરશે ખરો ?

મનને ઢીલું પાડ્યા વિના મજબૂત બનીને મુનિજીવનમાં વધુ ને વધુ સ્વૈચ્છિક રીતે દુઃખ ભોગવવું જોઈએ. આમ કરીને સાચા સાધુ બની શકાય એવું ગ્રન્થકારશ્રી આપણને જણાવે છે.

■ ■ ■

**देवेहिं कामदेवो गिही वि न वि चालिओ तवगुणेहिं ।**
**मत्तगयंगभुयंगम रक्खसघोरट्टहासेहिं ।। १२१ ।।**

**અર્થ :** કામદેવ શ્રાવક ગૃહસ્થ હતા છતાં તપ વગેરે ગુણોને લીધે દેવો પણ ચલાયમાન કરી શક્યા નથી. અરે, તોફાની હાથી કે કાતિલ સર્પ, અથવા ભયંકર રાક્ષસના ઘોર અટ્ટહાસ્યો પણ તેમને ચલિત કરી શક્યા નહિ.

**વિવેચન :** પરમાત્મા મહાવીરદેવના જે દસ ગૃહસ્થ શ્રમણોપાસકો હતા તેમાં બીજા નંબરના કામદેવ હતા. તે અત્યંત ધનવાન હતા. તેમને ભદ્રા પત્ની હતી. પ્રભુ પાસે ધર્મદેશના સાંભળીને સમ્યક્ત્વ સહિત બાર વ્રતોને ધારણ કર્યા. જીવાદિ નવ તત્ત્વોના સારા જાણકાર પણ બન્યા.

એક દિવસ કામદેવના ધર્મ-ધૈર્યની ઈન્દ્રે દેવસભામાં ભરપૂર પ્રશંસા કરતાં ઈર્ષ્યાથી ભડકેલો કોઈ દેવ તેની પરીક્ષા કરવા આવ્યો. તેણે પૌષધમાં મધ્યરાત્રિએ કાયોત્સર્ગમાં રહેલા કામદેવ શ્રાવક સામે રાક્ષસનું રૂપ લીધું. કામદેવને પૌષધ-વ્રત તોડવાનું દબાણ કર્યું પણ તે અવિચલ રહ્યા.

ત્યાર બાદ ક્રમશઃ હાથી અને સર્પના વિકરાળ રૂપો ધારણ કરીને દેવે અતિશય ભયાનક પરિસ્થિતિ ઊભી કરીને વ્રત ત્યાગવા માટે ધમકીઓ આપવા સાથે જણાવ્યું પણ તે બધું નિષ્ફળ ગયું.

તે વખતે કામદેવ શ્રાવક વિચારવા લાગ્યા કે, 'નાનો પણ અતિચાર - દોષ ધર્મને છિન્નભિન્ન કરી દે તો વ્રતત્યાગનો અનાચાર-દોષ શું ન કરી શકે ? માટે પ્રાણાન્તે પણ હું વ્રતને ત્યાગીશ નહિ.' કામદેવની વ્રતદઢતા જોઈને દેવ પ્રત્યક્ષ થયા. કામદેવની ક્ષમા માંગી.

સવારે કામદેવ સમવસરણમાં પરમાત્માની પાસે ગયા. પ્રભુએ સઘળા સાધુ - સાધ્વીઓ સમક્ષ કામદેવના રાત્રિના ભયંકર દૈવી ઉપસર્ગોનું વર્ણન કર્યું. પછી કહ્યું કે, જો એક ગૃહસ્થની મોક્ષ પામવા માટે એટલી બધી લગન હોય કે ભયંકર દુઃખને પણ સમાધિથી સહન કરે તો સાધુઓ ! તમારું તો જીવન મોક્ષલક્ષ સાથે એકરસ થયું છે. તમે પરિષહો અને ઉપસર્ગોની સામે કેવા અડોલ રહેવા જોઈએ ? એ ન મળે તો સામે ચડીને તેમને ભેટવા જોઈએ ?

પ્રભુ કહે, "પોતાના સાંસારિક લાભોને મેળવવા માટે ઠંડી, ગરમી વગેરે દુઃસહ ઉપસર્ગોને સહે છે તો મોક્ષલક્ષને વીંધવા માટે કટિબદ્ધ બનેલા સાધુઓએ તો શું બાકી રાખવી જોઈએ ?"

કામદેવ શ્રાવક કેવા ધન્ય બની ગયા કે જેનું નામ ખુદ પરમાત્મા મહાવીરદેવે લીધું !

કેટલાકને એવું લાગશે કે, "આ તો બહુ ઊંચી સાધનાની વાતો કરી. આપણા માટે તે શક્ય નથી."

વાત એકદમ સાચી છે. પરંતુ બે વાત તો આપણા માટે જરૂર શક્ય છે.

(૧) આવો ઉત્તમ ધર્મ આપણે આરાધી શકતા નથી તેનું પારાવાર દુઃખ. એવા સમયની પ્રતીક્ષા.

(૨) જેઓ આવા ઉત્તમ ધર્મના આરાધક હોય તેમને હૃદયના ઉત્કટ ભાવ સાથ ભારોભાર વંદના.

ભારેકર્મી જીવો તો આવી દુઃખ વિનાની ગર્હા અને અનુમોદના પણ કરી શકે નહિ. આવું જે કરી શકે તે આત્માને નિશ્ચિતપણે ટૂંક સમયનો મોક્ષગામી જીવ માનવો પડે. ભલે કદાચ તેનું સત્ત્વ ખીલી ઊઠ્યું ન પણ હોય.

ગ્રન્થકારશ્રી દ્વારા જે વાતો રજૂ થઈ રહી છે તે સ્પષ્ટ રીતે કહે છે કે મુનિજીવન એ નકરું પ્રતિકૂળતામય હોય તો જ વાસ્તવિક મુનિજીવન કહેવાય. આ જીવનમાં અનુકૂળતાઓ ન હોવી જોઈએ એવો ખ્યાલ દરેક મુનિને હોવો જોઈએ.

તેણે સમજવું પડે કે અનુકૂળતાથી તો સંસાર ભર્યોભર્યો હતો. તે છોડીને મેં દીક્ષા એટલા માટે જ લીધી છે કે કર્મક્ષય માટે જે પ્રતિકૂળતાઓ - આગઝરતી પ્રતિકૂળતાઓની જરૂર છે તે મુનિજીવનમાં જ મળી શકે તેમ છે. અહીં અનુકૂળતાનું અર્થીપણું કે પ્રતિકૂળતાઓ-નું દ્વેષીપણું હોવું ન જોઈએ. એની હાજરીમાં સાધુ સાધુ તરીકે લાંબો સમય રહી શકે નહિ.

જેને મુનિજીવન પ્રતિકૂળતા-ભરપૂર લાગ્યું તે ઘર તરફ ડગ માંડવા લાગ્યા છે. અરણિક મુનિવર, મેઘકુમાર મુનિ, મરીચિ મુનિ, ભવદેવ મુનિ, રહનેમિ, કંડરિક મુનિ વગેરે.

ખરેખર મુનિ-જીવનનું પાલન એના મૂળ સ્વરૂપમાં અતિશય કઠોર છે. 'પડે તો ચકનાચૂર' એ વાત એકદમ સાચી છે..

કેટલાક અનુકૂળતાના અર્થી બનેલા છતાં ઘર તરફ ડગ માંડતા નથી. તેઓ સાધુવેષમાં જ સાંસારિક સુખસગવડોને ભોગવતા રહે છે. ક્યારેક પકડાયા તો નિર્લજ્જ અને નફ્ફટ બનીને મુકાબલો કરે છે. આવા સાધુઓ એવા 'ભરાડી' બને છે કે તેમનો પ્રતીકાર કરવાની કોઈની તાકાત હોતી નથી. ધીમે ધીમે આવા લોકોનું જૂથ બની જાય છે; જે જૈન સંઘ સામે બહારવટે ચડે છે.

ખેર.. બીજાઓનું ગમે તે સ્વરૂપ હોય; સારા ખાનદાન આત્માઓ તો મુનિ બનીને સાચા સંત બને. તેઓ દુઃખને સ્વીકારે અને સુખનો સામનો કરે. સંસારી લોકો દુઃખનો સામનો કરે, સુખનો સ્વીકાર કરે.

પહેલાનું ઉત્થાન થાય.

બીજાનું પતન થાય.

કામદેવ કેટલો બધો ધન્ય આત્મા કહેવાય કે જેનું નામ પરમાત્માના મુખે ચડ્યું. ભલે તેણે ભયાનક ત્રણ ઉપસર્ગોના માઈનસ મેળવ્યા પણ તેના જ કારણે તેના નામને પરમાત્માના મુખે ચડવા મળ્યું એ કેટલા બધા પ્લસ કહેવાય !

આવું મેઘકુમારનું બન્યું. દીક્ષા લેતાંની સાથે તેના ભાવ પડી ગયા. ઘરે જવાનું નક્કી કરી લીધું. સવારે પ્રભુને ઓઘો પરત કરવા માટે ગયા. ત્યાં પ્રભુએ, "ઓ મેઘ ! તેં ઘરે જવાનો કેવો ખરાબ વિચાર કર્યો !" ઈત્યાદિ વાતો કરી.

ત્રણ લોકના નાથ; દેવેન્દ્રવંદ્ય, મુનિગણપૂજ્ય એવા પરમાત્માના મુખે કોઈનું નામ ચડે તે અપેક્ષાએ તો ખૂબ સારી વાત કહેવાય !

કામદેવ શ્રાવક પાસે અઢળક ગોધન, ધાન્ય, ગોરસ વગેરે હતા. જેના આંકડા શાસ્ત્રોમાં આપેલા છે. તે વાંચતાં જ મગજ કામ ન કરે કે આટલી લાખો ગાયો વગેરે ભારતના ધનાઢ્ય માણસો રાખતા હશે !

હા. કામદેવે એ ચાર પગ, બે પગના પ્રાણીઓના પરિગ્રહનું પરિમાણ જરૂર કર્યું હતું.

પરન્તુ પશુધનનો પરિગ્રહ તો હતો જ. જૈનોથી પશુપાલન ન થઈ શકે એ વિધાન આ જોતાં બરોબર લાગતું નથી.

પશુપાલન કરવાથી દૂધ વગેરે ગોરસની પ્રાપ્તિ થાય છે એનાથી બુદ્ધિ ધારદાર બને છે; આરોગ્ય નીરોગી અને પુષ્ટ રૂહે છે. સંતતિ તગડી થાય

છે એ લાભો કરતાં સૌથી મોટો લાભ જીવમાત્ર પ્રત્યે કરુણા-ગુણ કેળવવાનો પ્રાપ્ત થાય છે.

સામાન્ય રીતે જીવ પર-જીવ પ્રત્યે કઠોર હોય છે. માતપિતા, સ્ત્રી વગેરે પ્રત્યે પણ કઠોર થતાં વાર લાગતી નથી. જો 'પશુ'નું પાલન કરાય તો તેના સંમાર્જન આદિ દ્વારા પશુ પ્રત્યે કરુણા ગુણ કેળવાય. આ ગુણ સર્વત્ર અમલી બને.

કોઈ પણ જાતની અપેક્ષા રાખ્યા વિના જૈનો પાંજરાપોળોમાં હજારો પશુઓ પ્રત્યે કરુણાનો વરસાદ વરસાવે છે અને ક્રોડો રૂપિયાનો ખર્ચ કરે છે તેથી જ આ કોમ વિશેષ સુખી છે એમ લાગે છે.

શ્રાવકો પશુપાલન કરતા હતા તેની સાબિતી વંદિત્તુ સૂત્રની... **दुपए चउप्पयंमि य, अइभार भत्तपाण वुच्छेए.....** વગેરે ગાથાઓથી પ્રાપ્ત થાય છે. જો પશુઓ પળાતા જ ન હોત તો તેમને ભૂખ્યા રાખવા વગેરે દોષો લાગત ક્યાંથી ?

બાકી તો શ્રાવકે આખો સંસાર ત્યાગવાનો છે તેમાં પશુત્યાગ પણ આદર્શ તરીકે આવી જાય છે. હાલમાં ડેરીનું દૂધ વગેરે જે રીતે ભ્રષ્ટ થયું છે તે જોતાં પશુપાલન અત્યન્ત આવશ્યક જણાય છે. ડેરીનું દૂધ તો ભારતીય પ્રજાના તન, મન, જીવન, ચિંતન અને બુદ્ધિ ઉપર સીધો પ્રહાર કરશે. બધું ભ્રષ્ટ કરી દેશે.

આ માટે તો વિદેશીઓ પશુને અનાર્થિક ગણાવીને કતલખાના ભેગા કરવાની સલાહ આપે છે.

જ્યાં સુધી પ્રાણીમાત્રને અને વનસ્પતિમાત્રને પર્યાવરણમાં લઈને સદાકાળનું અભય-કવચ નહિ અપાય ત્યાં સુધી પશુઓ, જંગલો વધુ ને વધુ કપાતા રહેશે. જે સમગ્ર પ્રજાનો સર્વનાશ નોંતરીને રહેશે.

અજૈનમાંથી જૈન બનેલા કામદેવના જીવનમાં પરિષહોને સહવાની ખૂબ ઊંચી સાધના આપણે જોઈ.

■ ■ ■

**भोगे अभुंजमाणावि केइ मोहा पडंति अहरगइं ।**
**कुविओ आहारत्थी जत्ताइजणस्स दमगुव्व ॥ १२२ ॥**

**અર્થ :** ભોગસુખોમાં પાગલ બનેલા જીવો તો અધોગતિને પામે પણ જેને ભોગવવા માટે લેશ પણ ભોગસુખ પ્રાપ્ત થયું નથી તેવા જીવો પણ સંસારમાં ફેંકાઈ જતા હોય છે.

**વિવેચન :** લોકો રાજગૃહી નગરની બહાર યાત્રા-ઉજવણીએ મસ્તીથી ગયા. પણ એક ભિખારીને કોઈએ કશું ન આપ્યું. તે ખૂબ ભૂખ્યો થયો હતો. તેને અતિ ભયંકર ક્રોધ આવ્યો. તે બધા લોકોને મારી નાંખવાનો સંકલ્પ કરીને પહાડ ઉપર ચડ્યો. પહાડની બરોબર નીચે લોકો હતા. તેણે ઉપરથી એક શિલાને ગબડાવી. તે વખતે તેનો પગ ખસી જતાં નીચે જઈ પડ્યો. શિલા તેના દેહ ઉપર પડી. દેહનો છૂંદો કરી નાંખ્યો.

બિચારો ભિખારી ! સાતમી નારકે ચાલી ગયો.

ગ્રન્થકારશ્રી કહે છે કે ભોગોને ભોગવે તેમની જ દુર્ગતિ થાય એવું નહિ સમજવું. જેની ભોગો ભોગવવાની ભૂખ આસમાનને આંબી હોય; તીવ્ર રૌદ્રધ્યાનમાં જીવ પડી ગયો હોય તો તેની પણ દુર્ગતિ થઈ જાય.

કોઈને કેરી ખાઈને અજીર્ણ થાય.

કોઈને કેરી ખાધા વિના પણ અજીર્ણ થઈ જાય.

પૂર્વભવોના તીક્ષ્ણ કર્મોનો ઉદય અત્યન્ત જલદ હોય છે. તે ઇન્સાનને હેવાન બનાવે; મહાનને શેતાન બનાવે.

દ્રમકના જે અધ્યવસાયો છે - ઉજાણીના તમામ લોકોને મારી નાંખવાના - એ કૃષ્ણલેશ્યારૂપ રૌદ્રધ્યાનના અધ્યવસાયો છે. આમાં જીવની સાતમી નારક થાય તેમાં શી નવાઈ ?

દરેક જીવે પૂર્વભવોના કર્મોને - ઉદયગત બને તે પહેલાં જ - અબાધાકાળમાં - ખતમ કરી દેવા માટે જેટલી શક્ય હોય તેટલી વધુ આરાધના કરવી. પ્રત્યેક જિનાજ્ઞામાં સકળ કર્મક્ષય કરવાની તાકાત છે. પૂરી શ્રદ્ધા સાથે - શરીર પર જરા ય દયા રાખ્યા વિના - ઘોર આરાધનામાં લાગી પડવું. આમ થશે તો જ પરલોક સુધરશે અને પરમલોક હાથવગો થશે.

■ ■ ■

**भवसयसहस्सदुलहे जाइजरामरणसागरुत्तारे ।**

**जिणवयणंमि गुणायर ! खणमवि मा काहिसि पमायं ॥ १२३ ॥**

**અર્થ :** હે ગુણોના ભંડાર પુરુષ ! લાખો ભવો પછી પણ જેને પામવાનું મુશ્કેલ છે, વળી જન્મ, જરા, મરણના સાગરમાંથી જીવને પાર ઉતારી દેનાર છે એવા જિનવચનને વિષે ક્ષણમાત્ર પણ તું પ્રમાદ કરીશ નહિ.

**વિવેચન :** જો કે દ્રવ્યથી જિનવચનની પ્રાપ્તિ તો સાવ સુલભ કહી શકાય. અભવ્ય જીવોને પણ તે મળી શકે પરન્તુ ભાવથી જિનવચનની સ્પર્શના લાખો ભવો પછી પણ ન મળે. સમગ્ર સંસારથી પાર કરી દેવાની તાકાત જિનવચનની આરાધનામાં છે.

જ્ઞાનીઓ કહે છે કે, જે આત્માઓ જિનવચન (જિનાજ્ઞા)ની આરાધના કરે છે તે માનવભવના ઉત્તમ માનવો છે; અને મુનિજીવનના શ્રેષ્ઠ મુનિઓ છે.

જિનવચનનું ઉમળકાભેર પાલન અથવા તેના પ્રત્યે જોરદાર પક્ષપાત એ બહુ બહુ મોટી વાત છે.

અનાદિ પરિભ્રમણમાં આ વાત ક્યારેય બની નથી. હવે જો કોઈ જીવને આ બાબત જીવંત બની હોય એટલે કે જો કોઈ જીવ એમ કહેતો હોય કે મને દેવાધિદેવની આજ્ઞાઓ અતિશય ગમે છે; ઓછુંવત્તું પાળું તો ય હું તેનો કટ્ટર પક્ષપાતી છું, જો એની વિરુદ્ધ કોઈ કાંઈ પણ બોલે તો મારું લોહી ઊકળી ગયા વિના રહેતું નથી; હું જિનાજ્ઞાને પાળી શકતો નથી તે બદલ અતિ અતિ દુ:ખી છું; ખૂબ ટેન્શનમાં રહું છું તો એ વાત નિશ્ચિત સમજવી કે એ જીવ નિકટમાં જ મોક્ષગામી બનવાનો છે.

જો તમને આવો કોઈ માણસ કે મુનિ જોવા મળે તો તમે તેને ભાવથી કોટિ કોટિ વંદન કરજો.

શિક્ષણ, હેરતભરી વિજ્ઞાનની સિદ્ધિઓ અને પ્રગતિઓની વચ્ચે રહીને પણ જે આત્મા ભગવાન જિનેશ્વરદેવની આજ્ઞાઓને જ સલામ ભરે છે તેને અમારી લાખ લાખ સલામ છે.

ગ્રન્થકારશ્રી કહે છે કે હે જીવ ! તું ભગવાન જિનેશ્વરદેવની પ્રત્યેક આજ્ઞાને પાળવા માટે તીવ્ર પુરુષાર્થ કર. તું જરા ય પાછો ન પડ. પ્રમાદને આધીન ન થા. છતાં જે તું પાળી ન શકે તેનો કટ્ટર પક્ષપાતી અવશ્ય થા.

ભલા ! કેટલીક આજ્ઞાઓનું પાલન બહુ કઠોર હોય તો તેનું પાલન ન પણ થાય પરન્તુ તે બધી આજ્ઞાઓ પ્રત્યે પક્ષપાત તો હોવો જ જોઈએ.

રાત્રિભોજનત્યાગનું પાલન ન કરી શકનારો જૈન તેનો કટ્ટર પક્ષપાતી તો હોય જ.

સાધુજીવનમાં તપ વગેરે ન કરી શકનાર સાધુ તપ વગેરેનો કટ્ટર પક્ષપાતી તો હોય જ. જો આમ થશે તો ક્રોડો ભવોથી પણ જેનો અન્ત આવ્યો નથી તે સંસારનો અન્ત થોડા ભવમાં આવી જશે.

■ ■ ■

**जं न लहइ सम्मत्तं लद्‌धुण वि जं न एइ संवेगं ।**
**विसयसुहेसु य रज्जइ सो दोसो रागदोसाणं ॥ १२४ ॥**

**અર્થ :** કેટલાક જીવો સમ્યગ્દર્શન પામતા નથી જો તે પામે છે તો ય 'સંવેગ' [મોક્ષાભિલાષ] વગેરે પામતા નથી અને વિષયસુખોમાં રાગી બની જાય છે. આ બધો પ્રભાવ રાગ અને દ્વેષ નામના મહાદોષોનો છે.

**વિવેચન :** સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અનંતાનુબન્ધી મોહનીય કર્મના ક્ષયોપશમથી થાય છે. આ જીવોનું ચોથું ગુણસ્થાન હોય. ક્ષાયિક સમ્યક્ત્વની વાત જવા દો; બાકીના સમ્યક્ત્વ તો ભવચક્રમાં બે હજારથી નવ હજાર વાર સુધી આવે અને જાય.

પણ સબૂર, એક વાર પણ સમ્યક્ત્વની સ્પર્શના જીવને થઈ જાય એટલે એનો બેડો પાર થઈ જાય. સંભવ છે કે ગોશાલકની જેમ સમ્યક્ત્વની પ્રાપ્તિ થયા બાદ અર્ધપુદ્‌ગલપરાવર્ત્તકાળનો - અનંત - સંસાર ઊભો રહે. પણ તેવા આત્માઓ ઓછા હોય છે. સામાન્યતઃ એમ કહી શકાય કે સમ્યક્ત્વની પ્રાપ્તિ એક વાર થઈ એટલે જીવનો સંસારવાસ ઘણોબધો કપાઈ જાય. કદાચ થોડા જ ભવોમાં તે સિદ્ધપદને પામી જાય.

જીવને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ એટલે એનો અર્થ એ નથી કે તેને સંસારના કોઈ પણ પદાર્થ ઉપર રાગ ન થાય. સંસારના કોઈ પણ પદાર્થ ઉપર રાગ થાય પરન્તુ તે 'રાગ' ઉપર રાગ ન થાય.

પૈસા ઉપર રાગ થાય. પણ પૈસાનો જે રાગ છે તે રાગની ઉપર રાગ ન થાય પણ દ્વેષ થાય.

પૈસા ઉપર રાગ છે એટલે પૈસો ખૂબ સારો લાગે પણ તે રાગ ઉપર રાગ નથી બલ્કે તિરસ્કાર છે એટલે ધનને સારું માનવા છતાં રાગને સારો માનતો નથી.

એને ધન ગમે છે; પણ રાગ ગમતો નથી. એટલે જ રાગ ક્યારે જશે ? તેની ચિન્તા કરતો રહે છે.

સમ્યક્ત્વની આ વિચારણા બરોબર સમજવી જોઈએ.

જેમ રાગ ઉપર રાગ થાય તેમ વસ્તુના દ્વેષ ઉપર પણ રાગ થાય. એટલે એ બોલે કે દ્વેષ તો સારો. એ તો કરવો જ જોઈએ. આનું નામ મિથ્યાત્વ.

સમ્યક્ત્વી એટલે રાગનો (દ્વેષનો) વિરાગી.

મિથ્યાત્વી એટલે રાગનો રાગી.

સાધુ એટલે વસ્તુનો ત્યાગી.

જ્યારે બે થી નવ હજાર વખત સમ્યક્ત્વની આવન-જાવન ચાલે છે ત્યારે જીવે ખૂબ સાવધાન રહેવું પડે. જો સમ્યક્ત્વના પતનના સમયમાં તે ગાફેલ રહે તો બહુ મોટો કર્મબંધ તે કરી બેસે. આથી એમ કહી શકાય કે જીવની સતત જાગૃતિ એટલે સમ્યક્ત્વ.

સમ્યક્ત્વના પાંચ કાર્ય-લિંગો છે. એટલે કે સમ્યક્ત્વ પ્રાપ્ત થયા બાદ આસ્તિક્ય, અનુકંપા, સંવેગ, નિર્વેદ અને શમ એ પાંચ વસ્તુઓ આત્મા પામે. આમાં આસ્તિક્ય તો અવશ્ય પામે. બાકીનાનો વિકલ્પ ગણાય.

આસ્તિક્ય, અનુકંપા, સંવેદ, નિર્વેદ અને શમ એ ક્રમ પ્રાપ્તિ-ક્રમ છે. અર્થાત્ સૌથી પહેલાં જીવ આસ્તિક્ય જ પામે; પછી ક્રમથી અનુકમ્પાદિ પામે.

શમ, નિર્વેદ, સંવેગ, અનુકંપા અને આસ્તિક્ય એ ગુણવૈશિષ્ટ ક્રમ છે. સૌથી ઊંચો ગુણ શમ કહેવાય. તે પછી નિર્વેદાદિ કહેવાય.

નિર્વેદ એટલે કાં સંસારથી વિરાગ અથવા મોક્ષ તરફ રાગ. આવું જ સંવેગ બાબતમાં સમજવું.

રાગ, દ્વેષની કેટલી તાકાત કે તેઓ સમ્યક્ત્વના કાર્યોને ઉત્પન્ન થવા દેતા નથી : અથવા ઊથલાવી મારે છે.

ગ્રન્થકારશ્રી કહે છે કે, "હે આત્માર્થી જીવો ! તમે જે લક્ષથી કષ્ટોને સહવા માટે કમર કસી છે તે લક્ષને મૂળમાંથી ઊથલાવી મારવાનું કામ રાગ અને દ્વેષરૂપી ચોટ્ટાઓ કરે છે."

આ દોષો જીવને કામભોગના સુખ તરફ આકર્ષતા હોય છે. આ આકર્ષણ જો તીવ્રતાને પામે તો જીવનો સંસાર ખૂબ વધી જાય છે..

■ ■ ■

**तो बहुगुणनासाणं सम्मत्तचरित्तगुणविणासाणं ।**

**न हु वसमागन्तव्वं रागद्दोसाण पावाणं ॥ १२५ ॥**

**અર્થ :** જ્યારે રાગ-દ્વેષ નામના બે દોષો ઘણાબધા ગુણોનો નાશ કરે છે; અરે, ગુણોના રાજા રૂપ સમ્યક્ત્વ અને ચારિત્રરૂપી ગુણોનો પણ વિનાશ કરે છે ત્યારે તેમને આધીન ન જ થવું જોઈએ.

**વિવેચન :** રાગ અને દ્વેષની કાતિલતા સમજાવીને ગ્રન્થકારશ્રી એ જ વાત કહે છે કે મહેરબાની કરીને ગુણોના નાશક રાગદ્વેષને વશ કોઈ થશો નહિ. જો જરાક પણ તેની તરફ ઢળ્યા કે તે તમારા વિકાસના બારે ય વહાણ ડુબાડી દેશે.

જ્ઞાનીઓએ આ વાત જિનપાલિત અને જિનરક્ષિત નામના બે સાહસિક દરિયાપારના પ્રવાસીઓના દૃષ્ટાન્તમાં કરી છે.

કોઈ વ્યન્તરીના ફંદામાં તેઓ ફસાયા હતા. કોઈ યક્ષની મદદથી તે ભાગી છૂટ્યા. યક્ષે કાંધ ઉપર બેસાડીને ભગાડ્યા હતા. પણ વ્યન્તરીને ખબર પડતાં તે તેમની પાછળ પડી. પોતાની તરફ લલચાવવા માટે તેણે ખૂબ કાકલૂદીભર્યા શબ્દોમાં - કરુણ રુદન સહિત - પાછા ફરવા માટે કાલાવાલા કર્યા. છેવટે તેણે કહ્યું કે "તમે એક વાર વર્ષોની જીવનસંગાથિની તરફ નજર તો કરો."

આ વચનોમાં એક ફસાયો. તેણે પાછળ વળીને જોયું. એ જ ક્ષણે વ્યન્તરીએ ત્રિશૂળ ઝીંક્યું. તેને ઊંચકી લીધો. તેના લોહીમાંસની મિજબાની ઉડાવીને પાછી ફરી.

જે જરાય ન લલચાયો. જેણે પાછું વળીને ન જ જોયું તે ભાઈ ઊગરી ગયો. યક્ષે તેને હેમખેમ દરિયાપાર મૂકી દીધો.

જ્ઞાનીઓ કહે છે કે જેઓ સંયમધર્મનો સ્વીકાર કરીને સંસાર તરફ (રાગ-દ્વેષ) આકર્ષાય છે : તેની તરફ નજર કરે છે તેમનું સંયમજીવન વીંધાઈ જઈને ખતમ થઈ જાય છે.

ગ્રન્થકારશ્રી હેતભરી ભાષામાં કહે છે કે તમે તે રાગદ્વેષને વશ થતા નહિ. અન્યથા તમે પ્રાપ્ત કરેલા સકળ ગુણોના, સઘળી શક્તિઓના અને બધી પુણ્યાઈના તેઓ ફુરચા ઉડાવી દેશે.

અમને ખબર છે કે મહાવ્રતો લેવામાં તમે કેટલો બધો શ્રમ લીધો છે ! સ્વજનોને સમજાવતાં તમને કેટલું કષ્ટ પડ્યું છે. વળી સાધુ થયા બાદ તમે જે ગુણવિકાસ અને શક્તિવિકાસ કર્યો છે તેમાં ય કેટલો શ્રમ પડ્યો છે ! આ બધું શું રાગ-દ્વેષના મલ્લોની રાક્ષસી મૂઠીમાં ચુરાઈ જશે ! અહો, આશ્ચર્યમ્.

■ ■ ■

**न तं कुणइ अमित्तो सुट्ठु वि, सुविराहिओ समत्थो वि।**
**जं दोवि अणिग्गहिआ करंति रागो अ दोसो य ॥१२६ ॥**

**અર્થ** : કોઈ માણસ સાથે જબરદસ્ત ઝઘડો કરાયો હોય, એથી એ કટ્ટર દુશ્મન બની ગયો હોય એ બધી રીતે પહોંચેલો માણસ આપણું જે અહિત કરે તેનાથી ઘણું મોટું અહિત આપણા કબજામાં જરાય નહિ આવેલા રાગ અને દ્વેષ કરે છે. પેલો શત્રુ આ ભવ પૂરતું જ અહિત કરી શકે. આ રાગ-દ્વેષ તો ભવોભવનું અહિત કરતા જ રહે.

**વિવેચન** : ગ્રન્થકારશ્રી રાગાદિ બે દોષોની ભયાનકતા બતાડે છે. ઇતિહાસના પાના ઉપર આ વાતની સાક્ષી આપતાં ઢગલાબંધ દૃષ્ટાન્તો છે. થોડાંક દૃષ્ટાન્ત અહીં જોઈએ.

સંભૂતિ મુનિ ! આજીવન અનશનના વ્રત સાથે ધ્યાનસ્થ બની ગયા હતા. મસમોટું વાવાઝોડું પણ એમને ટસના મસ કરી શકે તેમ ન હતું.

કાશ ! નારીના અંબોડાના વાળની નાનકડી લટ એને હલાવી ગઈ... હાય ! છેલ્લે તો એ જીવને નારીના રાગે સાતમી નારક ભેગો કરી દીધો ! કેટલી કાતિલતા રાગની !

સિંહગુફાવાસી મુનિ ! વિકરાળ વનરાજ તેને ડરાવી ન શક્યો. એ જ ડરી ગયો. પૂરો અહિંસક બની ગયો. એ સાધુના દર્શનમાત્રથી એ આખો ને આખો પલટાઈ ગયો. ચાર માસ ! ચોવિહાર ઉપવાસ ! સિંહની પાસે જ કાયોત્સર્ગ !

પણ રાગે એને રગદોળી નાંખ્યો. એને લોહી વમતો કરી દીધો. રૂપકોશા નારીના દર્શનમાત્રથી એ પાણી થઈ ગયો ! અઘટિત માંગણીનો ભોગ બન્યો.

આ વખતે આકાશે ઊભો રહીને તમાશો જોતો રાગ-મલ્લ કેવો મૂછ મરડતો, મરક મરક હસતો હશે !

રાગનો હજી એક સપાટો બતાડું.

પરમાત્મા નેમિનાથના પિતરાઈ મોટા ભાઈ રહનેમિ ! અંધારી ગુફામાં ધ્યાનસ્થ મુદ્રામાં દિવસોથી ઊભા હતા.

એકાએક સકારણ સાધ્વીજી (ભાભી) રાજીમતીજી તે ગુફામાં આવી ચઢ્યાં. વરસાદે ભીના થયેલા વસ્ત્રોને પથ્થરો ઉપર છૂટા મૂકીને ઊભાં રહ્યાં.

દિયરે ભાભીને જોયા. રાગ સર્પ સટાક કરતો ઊભો થઈ ગયો. જોરથી ડંખ્યો. આતમના પ્રદેશ પ્રદેશમાં તેનું વિષ વ્યાપી ગયું. દિયર મહારાજ મોહરાજની લવારા કરતી ભાષામાં બબડવા લાગ્યા : સાવ બેહૂદુ : તદન નિર્લજ્જ.

પણ સબૂર. સાધ્વીજીએ બાજી સંભાળી લીધી.

અબળા સબળા બની. બધું જોર કરીને મોહરાજને સજ્જડ તમાચો દઈ દીધો. મોહરાજ ધરતી ઉપર ઊંધો પછડાયો. લોહીલુહાણ થયો. દીયર-ભાભી વચ્ચે સંભવિત હોનારત જાગતી જ સમેટાઈ ગઈ.

આવા હોય છે; રાગના સપાટા અને ઝપાટા.

કોઈ એની ઝાપટમાં આવતા નહિ.

કોઈ એના કુંડાળે પગ મૂકતા નહિ.

કોઈ એની સાથે આંખ મિલાવતા નહિ.

જેવો ખરાબ રાગ છે; તેવો ખરાબ દ્વેષ છે.

હરિભદ્રસૂરિજી જેવા મહાત્માને એણે નખશિશ સળગાવી નાંખ્યા.

બાહુબલિજી અને સ્થૂલભદ્રજી જેવા મહામુનિઓને એણે અક્કડ કરી દીધા.

અગ્નિશર્મા તાપસને તો સાવ ધોઈ નાંખ્યો.

સ્કંદકસૂરિજીને છેલ્લી પળોમાં રાડ પડાવી દીધી !

આથી જ ગ્રન્થકારશ્રી કહે છે કે ધરતીના કટ્ટર શત્રુ કરતાં અતિ ભૂંડા આ રાગ-દ્વેષ નામના અંતરંગ શત્રુઓ છે.

■ ■ ■

**इहलोए आयासं अजसं च करंति गुणविणासणं च ।**
**पसवंति परलोए सारीरमणोगए दुक्खे ॥ १२७ ॥**

**અર્થ :** રાગ અને દ્વેષ આ લોક અને પરલોકમાં શું નથી બગાડતા !

આ લોકમાં તન ખલાસ કરે; મનને નબળું પાડે.

આત્માના ગુણોનો નાશ કરે.

આ તો આ લોકની વાત થઈ. પરલોકમાં પણ તન અને મન બે યના આરોગ્યનો ભાંગીને ભૂકો કરી નાંખે.

**વિવેચન :** અરે, ભાઈ ! આ લોક પૂરતાં જો એ રાગદ્વેષ ત્રાસ આપતાં હોય તો તો જાણે સમજ્યા; પણ પરલોકમાં ય દુઃખો પીછો છોડે નહિ એ તો કેટલું ભયંકર.

જગતના બધા દુઃખો કરતાં તનનાં અને મનનાં દુઃખો ઉત્તરોત્તર વધુ ઉદ્વેગજનક છે. આતમની સાથે તનના પુદ્‌ગલસ્કંધો-દૂધપાણીની જેમ— એકરસ

થયા હોવાથી તનને થતી પીડા આતમને ખૂબ વધુ ત્રાસ દેતા હોય છે.

મન પણ આતમસ્વરૂપ છે.

ભાવમન એટલે આતમ.

મનની પીડાઓ પણ અભેદસ્વરૂપ આતમને અતિશય ત્રાસ દે.

પરભવમાં તો અનંતા ભવ પણ જીવ કરે. આટલા બધા ભવો સુધી જીવને રાડ પડાવી દેવાનું કામ આ ભવમાં સેવાતા રાગદ્વેષ છે.

■ ■ ■

**धिद्धि अहो अकज्जं जं जाणंतो वि रागदोसेहिं ।**
**फलमउलं कडुअरसं तं चेव निसेवए जीवो ॥ १२८ ॥**

**અર્થ :** અરે, જીવ આ તે કેવું અકાર્ય કરે છે કે તેને ખબર છે કે રાગ-દ્વેષ સેવવાથી ખૂબ જ કડવાં ફળ તેને ભોગવવાં પડવાનાં છે છતાં જીવ તે જ રાગદ્વેષનું સેવન કરે છે !

**વિવેચન :** જ્ઞાનીઓએ વિષયસુખને કિંપાક નામના ફળતુલ્ય કહ્યું છે. તેનામાં માધુર્ય છે. તેનો વર્ણ સુંદર છે. તેનો સ્પર્શ મસૃણ છે. તેનો સ્વાદ મધને ક્યાંય ભુલાવી દે તેવો છે.

પણ સબૂર ! જો કોઈ આ બંધાથી આકર્ષાઈને ખાવા જાય તો જીભને અડતાંની સાથે જીવના પ્રાણ ચાલ્યા જાય. [આધુનિક યુગનું પોટેશ્યમ સાઈનાઈડ !]

કામભોગનાં સુખો આ ફળ જેવા છે. એના વિપાકો-આ લોકમાં અને પરલોકમાં-અતિ ભયાનક છે. જીવલેણ છે.

પેલો બ્રહ્મદત્ત ચક્રવર્તી ! પાગલ બની ગયો; ભોગરસમાં... મરીને સીધો સાતમી નારકભેગો થઈ ગયો !

પેલા એક હજાર વર્ષના ઘોર તપસ્વી કંડરિક મુનિ ! બે જ દિવસમાં રમત રમાઈ ગઈ. પૂરી તીવ્રતા સાથે ભોજનનાં સુખો ભોગવ્યા. સીધા સાતમી નારક ભેગા થઈ ગયા !

સાતની નારકમાં જવાની છેલ્લી તૈયારી કરતાં પિતા કાલસૌરિકની કાળઝાળ વેદનાને જોઈને દીકરો સુલસ ધ્રૂજી ઊઠ્યો. તેણે બાપના કસાઈના ધંધાનો સમૂળગો ત્યાગ કરી દીધો ! માવડીએ તેને બહુ સમજાવ્યો પણ

હિંસાના પાપના વિપાકને પરમાત્મા પાસેથી સાંભળ્યા બાદ તે એકનો બે ન થયો.

ઓલી જળો (જલૂકા). માણસના શરીરમાંથી બગડેલું લોહી બહાર કાઢવા માટે વૈદ્યો તેનો ઉપયોગ કરતા. બગડેલા ભાગ ઉપર તેને મૂકતા. તે બગડેલું બધું લોહી ચૂસી લેતી. એથી એ એકદમ તગડી (જાડી) બની જતી. એ પછી વૈદ્ય તેને જોરથી દબાવી દેતો. એવી નીચોવતો કે બધું લોહી વાસણમાં પડી જાય. નીચોવતા સમયની વેદના અતિ ભયાનક રહેતી.

ફરી વૈદ્ય તેને બગડેલા ભાગે મૂકતો. ફરી ગંદું લોહી પી જવાતું. ફરી સજ્જડ દબાવ સાથે નીચોવાતી.

દરેક વખત અસહ્ય વેદના ભોગવવા છતાં જળોને જ્યારે ફરીથી લોહી પીવા મળતું ત્યારે તે બધી વેદના ભૂલી જતી. એને એમ ન થતું કે, "હવે મારે લોહી નથી પીવું કેમ કે તેનો અંજામ અસહ્ય છે."

બીજું દૃષ્ટાન્ત આપું. ઉત્તરાધ્યયન સૂત્રમાં 'એલય' અધ્યયન આવે છે. તેમાં આ વાત કરી છે.

કોઈ કસાઈએ ઘરે ગાય-વાછડી અને પાડો રાખ્યા હતા. તે ગાય-વાછડીને સૂકું ઘાસ નીરતો, પાડાને તગારું ભરીને લીલા જવ દેતો.

વાછડીએ માવડીને આ વિષમતા બદલ સવાલ કર્યો. માવડીએ કહ્યું, "બેટા ! આપણને જે સૂકું ઘાસ છે એ જ બરોબર છે. ઓલો પાડો આજે ભલે લીલા જવ ખાતો પણ તેને એ ભારે પડી જવાના છે. ખરેખર એમ જ થયું.

કસાઈને ઘેર પાંચ-સાત મહેમાનો આવ્યા. ઘરમાં ભોજન માટેના લોટ વગેરે ન હતા એટલે તેણે લીલા જવ ખાઈને એકદમ તગડા બની ગયેલા પાડાને કાપી નાંખ્યો.

માવડી બોલી. બેટા ! જોયા ને લીલા જવના અંજામ !

રાગ-દ્વેષનો પડછાયો પણ ભયંકર છે. એના સેવનનો અંજામ આ લોકમાં અને પરલોકમાં અત્યન્ત કટુ છે. આ બધું જાણવા છતાં પણ જીવો તેને ચાહે છે. તેને સેવે છે. તેમાં જ મરે છે !

રાગદ્વેષના પરલોકના વિપાકોના દુઃખો ભલે આજે જણાતા ન હોય કે અનુભવાતા ન હોય પણ આ લોકમાં ય તેના ભયંકર અંજામ અનુભવવા ક્યાં નથી મળતા ?

તમાકુના સેવનથી થતું કેન્સર : તેની અતિશય પીડા કેટલી પ્રત્યક્ષ જોવા મળે છે ?

મરી ગયેલા માણસનું મૃતક અને તેનો અગ્નિસંસ્કાર જોનારાઓને કેવા સ્તબ્ધ બનાવી દે છે ?

જેલ વગેરેમાં પોલીસો દ્વારા આરોપીઓને થતી અસહ્ય મારપીટ શું પ્રત્યક્ષ જોવા નથી મળતી ?

હૉસ્પિટલોમાં વેદનાથી કણસતા માણસોની કાળી ચીસો છાતીના ધબકારા બંધ કરી દેતી નથી ?

વિમાનના અકસ્માતમાં સળગી ઊઠેલા માણસોના આકાશેથી ધરતી ઉપર પડતાં મડદાં અને તેમના થયેલા સેંકડો ટુકડાઓ : માંસના લોચાઓ શું કોઈએ કદી જોયા નથી ?

પતિ દ્વારા થતી પત્નીને ભયંકર મારઝૂડ જોઈ નથી ?

દીકરા દ્વારા પિટાતા બાપને કોઈએ જોયા નથી ?

લૂંટારુઓ દ્વારા કરાતા ખૂનના પ્રસંગો કાને સાંભળ્યા નથી ?

શું આ બધા રાગદ્વેષના આ લોકના જ પ્રત્યક્ષ અંજામો નથી ?

હાય; છતાં જીવ રાગદ્વેષને કેમ ત્યાગતો નહિ હોય ?

મોહનીય કર્મનું અત્યન્ત જોરદાર વશીકરણ થાય તો જીવ ખૂબ મૂંઝાઈ જાય. તેની દશા સનેપાત જેવી થાય.

■ ■ ■

**को दुक्खं पावेज्जा कस्स वि सुक्खेहिं विम्हओ हुज्जा ।**
**को न वि लभिज्ज मुक्खं रागद्दोसा जइ न हुज्जा ॥ १२९ ॥**

**અર્થ :** અરે, જો આ જગતમાં રાગ અને દ્વેષ જેવી વસ્તુ જ ન હોત તો કયો જીવ દુઃખી થાત ! સુખીઓને જોઈને કોને આશ્ચર્ય થાત ! કોણ મોક્ષ ન પામી જાત !

**વિવેચન :** જો આત્માના એક પણ પ્રદેશ ઉપર રાગ કે દ્વેષનો પર્યાય ન હોય તો કોઈ પણ આત્મા કદી દુઃખ ન પામે; કેમ કે રાગ-દ્વેષથી અશુભ કર્મબંધ થાય અને તે ઉદયમાં આવતાં આત્મા દુઃખી થાય.

વળી કોઈ પણ સુખી જીવને જોઈને એવો વિચાર ન આવત કે, "અહો ! આ જીવ કેટલો બધો સુખી ! અને હું કાંઈ જ નહિ !"

વળી બધા જીવો મોક્ષે પહોંચી જાત. મોક્ષે જતાં અટકાવનાર વસ્તુ રાગ-

દ્વેષ જ છે. તેનું જ જો આત્મા ઉપર અસ્તિત્વ ન હોય તો જીવ સંસારમાં કેવી રીતે રહી શકે ?

ગ્રન્થકારશ્રી કહે છે કે ક્યાંય પણ રાગ-દ્વેષ મત કરો. એ જ સકળ દુઃખ, ઈર્ષ્યા વગેરેનું મૂળ છે. એથી જ મોક્ષ થઈ શકતો નથી.

બધાં દુઃખો અને બધાં પાપોનો જનક રાગ અને દ્વેષ છે. તેમાં ય વળી રાગ એ દ્વેષનો જનક છે. જેમ અગ્નિ એ ધુમાડાનો જનક છે.

સર્વ જીવો દુઃખને નથી ઇચ્છતા અને કેટલાક સમજદાર જીવો તો મોક્ષને જ ઇચ્છે છે. એમણે બન્નેએ રાગ-દ્વેષને સદંતર ત્યાગી દેવા જોઈએ કેમ કે તેઓ જ દુઃખના જનક છે અને મોક્ષના પ્રતિબંધક છે.

બિચારા જીવો ! એમને દુઃખ તો સ્વપ્નમાં ય દીઠું ગમતું નથી અને ધર્માત્માઓને મોક્ષની તો લગન લાગી હોય છે. આમ છતાં તેઓ રાગ-દ્વેષ કર્યા વિના રહેતા નથી. જરાક નિમિત્ત મળતાં આ દોષો જાગ્રત થઈ જાય છે.

એ જીવો બિચારા શું કરે ? અનાદિ કાળથી જેમના ગાઢ સંસ્કારો આત્મામાં પડી ગયા છે તે દોષો નિમિત્ત મળતાંની સાથે ભડકી જતા હોય છે. હા. જો નિમિત્ત ન મળે તો ઊગરી જવાની ઘણી મોટી તક રહે ખરી.

એવું નિમિત્તોના અભાવનું જીવન એટલે દેવાધિદેવે પ્રરૂપેલું સર્વવિરતિ શ્રમણજીવન.

આ જીવનમાં તે જ આત્માઓ સહેલાઈથી રાગ-દ્વેષથી અલિપ્ત રહી શકે છે જેઓ તેની ઉત્તેજનાના નિમિત્તોની પાસે ફરકતા નથી. તે બાબતની ખૂબ કાળજી કરે છે.

બાકી જો કોઈ આત્મા નિમિત્ત સાથે અથડાઈ ગયો તો ભલે તે મોટો રુસ્તમ હોય તો ય બચી શકે નહિ. અનંતકાલીન કુસંસ્કારોનું અતિશય જોર જરાકમાં ભડકો કરી દીધા વિના રહેતો નથી.

ગ્રન્થકારશ્રી મુનિઓને ચેતવી રહ્યા છે કે હે મુનિઓ ! તમે રાગ-દ્વેષના ફંદામાં ફસાતા નહિ. પેટ્રોલમાં તણખો પડે અને જે ઝડપથી આગ ફેલાઈ જાય એ રીતે આત્મામાં રાગ-દ્વેષના આગ તેજગતિથી ફેલાઈ જાય છે.

છતાં મુખ્ય વાત એ છે કે રાગ-દ્વેષના ઉપશમની કાળજી કરવા કરતાં નિમિત્તોનો અભાવ બની રહે તેની ખૂબ કાળજી કરવી જોઈએ.

■ ■ ■

**माणी गुरुपडिणीओ अणत्थभरीओ अमग्गचारी अ ।**
**मोहं किलेसजालं सो खाइ जहेव गोसालो ॥ १३० ॥**

**અર્થ :** સાધુનું અંતર રાગ-દ્વેષથી સળગી રહ્યું છે તેની ખબર શી રીતે પડે ? તેનાં બાહ્ય લક્ષણો ક્યા છે ?

વિષયકષાયી જીવનાં બાહ્ય લક્ષણો પાંચ છે.

(૧) તે અભિમાની હોય.

(૨) તે ગુરુદ્રોહી હોય.

(૩) તે ઘણા દોષોથી ભરેલો હોય.

(૪) તે ઉન્માર્ગગામી હોય.

(૫) તેનું ચિત્ત નિરર્થક રીતે સંકલેશભરપૂર હોય.

બિચારો, ગોશાળાની જેમ નિરર્થક સતત સંક્લેશને ભોગવ્યા કરે.

**વિવેચન :** જન્મજન્માંતરોમાં સેવીને ગાઢ કરેલા રાગદ્વેષને અરિહંત-શરણપૂર્વક દુષ્કૃતગર્હા કરીને અને સુકૃતાનુમોદના કરીને પાતળા પાડી દેવા જોઈએ. એમાં જે નિષ્ફળ ગયો : એથી જેના રાગ-દ્વેષના પરિણામો કાતિલ રહ્યા કરે એ આત્મા અત્યન્ત અભિમાની હોય, ગુરુનો દ્રોહી હોય, અનર્થોને મચાવતો હોય, ઉત્સૂત્રભાષી હોય. બિચારો નિરર્થક રીતે (**मोहं**) સંકલેશનો જ ભોગવટો કરે.

ગોશાળાની આ જ હાલત હતી.

તેણે અષ્ટાંગનિમિત્તશાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો. વળી તેજોલેશ્યા સિદ્ધ કરી હતી. આથી લોકોને ભડકાવી દેતો. એમાં ભારે સફળતા મળવાથી તે ખૂબ અભિમાની બન્યો હતો. આ અભિમાનના કારણે તેણે પરમાત્મા મહાવીરદેવ સામે બળવો પોકાર્યો હતો. એણે પોતાની જાતને 'તીર્થંકર' તરીકે જાહેર કરી હતી.

પૂર્વે જણાવ્યા મુજબ એણે પ્રાપ્ત કરેલી શક્તિઓથી તે પુષ્કળ અનર્થ મચાવતો હતો. જે તે માણસ ઉપર કે આખા મહોલ્લા ઉપર ગુસ્સે ભરાઈને તેને સળગાવી દેતો. લોકો ત્રાસી ગયા હતા. કેટલીકવાર તો, "એના ગુરુ કોણ છે ? એને જ મારો." એમ કહીને પરમાત્મા મહાવીરદેવને મારઝૂડ કરતા.

આ માણસ ઉત્સૂત્રભાષી હતો. તેણે આજીવક મત (નગ્ન સાધુઓનો આ મત હતો.) સ્થાપીને મોટા ઉત્સૂત્રનો પ્રચાર કર્યો હતો.

ગોશાળાને ખબર હતી કે તેનું તીર્થંકરત્વ સાવ જૂઠું હતું એટલે તે માનસિક

રીતે ખૂબ પીડાતો હતો. એનું આ પાપ એને જ ખાતું હતું.

જે આત્માઓ જૂઠનું સેવન કરે છે તેમને તેમનું જૂઠ શરીરે થયેલી રસોળીની જેમ સતાવ્યા કરતું હોય છે.

સંકલેશની પીડા એવી અસહ્ય હોય છે કે આપઘાત કરવા સુધી મન થઈ જાય.

ગોશાળાએ ભગવાનને સળગાવ્યા, જ્યારે રાગી-દ્વેષી આત્માઓ નિષ્ઠુર બનીને ભગવાનની આજ્ઞાઓને સળગાવી દેતા હોય છે.

ભગવાન અને તેમની આજ્ઞા એક જ વસ્તુ હોવાથી જે આજ્ઞાને સળગાવે છે તે ભગવાનને જ - ગોશાળાની જેમ સળગાવે છે એમ કહી શકાય.

સકળ બ્રહ્માંડમાં જે શ્રેષ્ઠ છે તે અરિહંત અને તેમની આજ્ઞા (વચનો) છે. એને જે પગલૂછણિયું બનાવી દે તે રાગદ્વેષની પરિણતિ કેટલી બધી ધિક્કારપાત્ર ગણાય ?

કેટલાક આત્માઓ આ પરિણતિને હેય માને છે તો ય ત્યાગી શકતા નથી. એમને એ બદલ દુઃખ પણ ખૂબ હોય છે. જો કે નિષ્ઠુર આત્માઓ કરતાં આ આત્માઓ સારા કહેવાય; પરન્તુ આટલેથી અટકી ન જવાય.

ખોટી વાતોને તિરસ્કારવી જોઈએ અને ત્યાગવી પણ જોઈએ. તિરસ્કાર એ સમ્યગ્દર્શન છે અને ત્યાગ તે વિરતિ છે.

અનંતાનુબંધી કષાયોના ઘરના રાગ, દ્વેષ જો જોર મારતા હોય તો હેય પદાર્થો [સંસાર વગેરે] પ્રત્યે તિરસ્કાર નહિ થાય. જો તે કષાયો શાન્ત પડે ત્યારે જ આ તિરસ્કાર ઉત્પન્ન થાય છે.

બેશક રાગ, દ્વેષ પ્રત્યે તિરસ્કાર પહેલો હોવો જોઈએ. એના વિનાનો ત્યાગ નિષ્ફળ જાય છે.

ગોશાળો પૂર્વભવમાં જ રાગ, દ્વેષની પરિણતિઓને મજબૂત કરીને બેઠો હતો.

પૂર્વભવમાં તે ઈશ્વર નામનો માણસ હતો. તે વખતે બે ધર્મગુરુઓ (જૈનશ્રમણો) સાથે દ્વેષભાવથી તેની ટક્કર થઈ હતી. એ વખતે એણે કોઈ 'ધર્મ' સ્થાપવાનો સંકલ્પ કર્યો હતો. તેના આ બધા રાગ, દ્વેષના સંસ્કારો ગોશાળાના ભવમાં જાગ્રત થયા. તેને પરમાત્મા મહાવીરદેવ જેવા પરમગુરુ ઉપર દ્વેષ થયો. એને 'આજીવક' નામનો મત સ્થાપ્યો. એ રીતે એની પૂર્વભવની ધારણા પૂરી થઈ.

પણ આ બે ભવના રાગ-દ્વેષની રમતમાંથી એણે અનંતસંસારનું પરિભ્રમણ વધારી મૂક્યું. એ તો સારું થયું કે ગોશાળાના ભવમાં છેલ્લે પાપોનો તીવ્ર પશ્ચાત્તાપ થતાં તે સમ્યગ્દર્શન પામ્યો. તેના પ્રભાવે તેના અનંતા પુદ્‌ગલપરાવર્તનો સંસાર કપાઈ ગયો. હવે તો નાનકડો જ - અર્ધ - પુદ્‌ગલપરાવર્ત સંસાર બાકી રહ્યો. જો કે એ ભવોમાં પણ તેના તમામ મોત અતિશય ખરાબ રીતે થવાની વાત પરમાત્મા મહાવીરદેવે ગૌતમસ્વામીજીને કરી છે.

રાગ-દ્વેષની પરિણતિ ચાર પ્રકારની છે. અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનીય, પ્રત્યાખ્યાનીય અને સંજ્વલનના ઘરની પરિણતિઓ. આમાં પૂર્વ પૂર્વની પરિણતિ વધુ ને વધુ કાતિલ બનતી જાય છે. અહીં જે અનંતાનુબંધી કષાયોના ઘરની જે તીવ્રતમ પરિણતિ છે તેને જ આપણા પ્રસ્તુત વિચારોમાં સમજવાની છે.

ઊંચામાં ઊંચા સાધક મહાત્માને પણ સંજ્વલનના ઘરની રાગ-દ્વેષની પરિણતિ આ કાળમાં હોય જ. એ કાંઈ આત્માનું સત્યાનાશ ન વાળી દે.

સારા શ્રમણને પણ કેરીમાં રાગ થઈ શકે; સ્ત્રીને જોઈને વિકાર જાગી શકે, સ્વજનોને મળતાં સ્નેહ ઉત્પન્ન થઈ શકે, દેહ ઉપર મૂર્ચ્છા થઈ શકે; શિષ્ય ઉપર દ્વેષ થઈ શકે. આ બધા રાગ અને દ્વેષ સંજ્વલનના ઘરના હોવાથી તેઓ દુર્ગતિમાં લઈ જવાને સમર્થ નથી. જેના અનંતાનુબંધીના ઘરના રાગ-દ્વેષ મોળા પડી ગયા છે તેને સંજ્વલનના ઘરના રાગ, દ્વેષ થાય તો તે ગમે નહિ. અરે, તે હાલત ખૂબ વસમી લાગે..

આમ થવાથી સંજ્વલનના ઘરના - અશક્ય પરિહાર સ્વરૂપ રાગદ્વેષને ઝેરની કોથળી કાઢી લીધેલા સાપ જેવા કહી શકાય.

આ વાત ફરી ધ્યાનમાં લેવી કે જ્ઞાનીઓ જે રાગ-દ્વેષને અત્યન્ત ભયંકર કહે છે તે અનંતાનુબન્ધીના ઘરના રાગદ્વેષને અત્યન્ત ભયંકર કહે છે. એનો શિકાર બનેલા સાધુમાં પ્રસ્તુત શ્લોકમાં કહેલા માની, ગુરુદ્રોહી વગેરે અપલક્ષણો હોય છે.

આ વિશેષણોમાંનું પ્રત્યેક વિશેષણ અત્યન્ત ખતરનાક છે. એનાથી અનંતકાલીન સંસારની વૃદ્ધિ એકદમ સંભવિત બને છે. માટે જ મોક્ષાર્થી આત્માઓએ તીવ્ર રાગ અને તીવ્ર દ્વેષની સ્થિતિથી હંમેશ છેટા રહેવું જોઈએ. એમની સામાન્ય સ્થિતિમાં પણ તેમની ઉપેક્ષા કરવી ન જોઈએ. તેઓ ગમે ત્યારે મોટો ભડકો કરી શકે તેમ છે.

■ ■ ■

**कलहणकोहणसीलो भंडणसीलो विवायसीलो य ।
जीवो निच्चुज्जलिओ निरत्थयं संयमं चरइ ॥ १३१ ॥**

**અર્થ :** જે સાધુ કજિયા કરવાના સ્વભાવવાળો હોય, ક્રોધી હોય, બીજાઓના અછતા દોષો કાઢીને તેમને ભાંડતો હોય, ઝઘડા કરવાની તકો શોધતો હોય તે સાધુ અંતરમાં ચોવીસ કલાક સળગતો હોય. એનું સાધુ-જીવન સાવ નકામું ગણાય.

**વિવેચન :** સાધુત્વનો સ્વીકાર એ દોષોનો નાશ કરવા માટેની અપૂર્વ વ્યવસ્થા છે. સંસારની અસારતાનું બરોબર ભાન થાય, કર્મોની ગુલામીનો ખ્યાલ આવે અને રાગ-દ્વેષની પરિણતિઓ સર્વ-દુઃખોનું કારણ જણાય પછી સાધુ થયેલો આત્મા દોષોથી શી રીતે ઘેરાઈ જતો હશે ? એ સવાલ થાય. પરન્તુ આનું સમાધાન એ છે કે અનાદિકાળના કુસંસ્કારો જાગી ગયા પછી ક્યા દોષો જાગ્રત ન થાય ? તે જ સવાલ થઈ પડે છે.

અંતે તો જીવની જે નિયતિ હોય છે તે જ બનતું હોય છે; પણ એમ વિચારીને નિષ્ક્રિય ન થતાં દોષોને ખતમ કરવાનો પુરુષાર્થ કરતા રહેવો જોઈએ. એમાં સફળતા ન પણ મળે; પરન્તુ તેથી નિરાશ થઈ જવું ન જોઈએ. વસ્તુતઃ દોષ ઉપરની પ્રત્યેક લાલ આંખ તેને નબળો પાડે જ છે. ભલે તે વસ્તુ આપણી નજરમાં ન આવતી હોય.

મુનિવેષનો સ્વીકાર કર્યા પછી કેવા અચ્છા અચ્છા આત્માઓ કષાયોથી પટકાય છે ? તે આપણે જોઈએ.

ગ્રન્થકારશ્રી કહે છે કે એ આત્માઓ જેની તેની સાથે કજિયા કરવામાં, જરાતરામાં ક્રોધથી સળગી જવામાં, જે તે વાતમાં બીજાઓને ભાંડવામાં અને વિવાદો ઊભા કરવામાં સતત ચૂરચૂર હોય છે. આ જીવોના રોમ રોમ આવા કષાયોથી સળગ્યા કરતા હોય છે. આથી એમનું સંયમજીવન સાવ કચરો બની જાય છે.

આવાં કેટલાંક દૃષ્ટાન્તો આપું.

એક સાધુને વિશિષ્ટ અભ્યાસાર્થે ગુરુએ અન્ય ગચ્છમાં મોકલ્યો. આ ભાઈ ભણતા તો હતા જ પરન્તુ સાથે સાથે તે ગચ્છના સાધુઓના દોષો જોતા અને તેને એક કાગળ ઉપર નોંધી લેતા. એમાં તેણે છેલ્લે ગુરુને ઉદ્દેશીને લખ્યું હતું કે, ''આ ગચ્છમાં અઢળક દોષો છે; જે મેં અહીં ટાંક્યા છે. બીજું પણ કેટલુંક પછીથી લખી મોકલીશ.''

યોગાનુયોગ આ ચબરખી ગચ્છગુરુના આસન ઉપર - ઊડીને - જઈ પડી. તેમણે વાંચતાંની સાથે ઊંડો નીસાસો નાંખ્યો.

તેમના મનમાં વિચાર આવ્યો કે, 'ભૂતકાળના લોકો બીજાએ પોતાની ઉપર ઉપકાર કર્યો કે તરત અપકાર કરવા મંડી પડતા.

વર્તમાનકાળના લોકો એવા જણાય છે કે જેવો ઉપકાર કરવાનો કોઈ શરૂ કરે કે તરત તેની ઉપર અપકાર શરૂ થઈ જાય.

હવે મારા મનમાં એવો સવાલ ઊઠે છે કે ભવિષ્યના લોકો શું કરશે ? શું તેઓ ઉપકાર કરવાનું શરૂ થતાં પહેલાં જ અપકાર કરવાનું શરૂ કરી દેશે ?'

**आसीज्जनः कृतघ्नः क्रियमाणघ्नश्च सांप्रतम् ।**
**इति मे मनसि वितर्कः भविता लोकः कथं भविता ॥**

ભણવા માટે આવેલો સાધુ ઉપકારીઓના છિદ્રો જુએ, તેની નોંધ કરે તે કેટલું અયુક્ત ગણાય ?

આવા ઘણા સાધુઓ હોય છે જે આ રીતે દોષોથી ભરેલા હોય છે !

પેલા વરાહમિહિર ! પોતાને ગુરુએ આચાર્યપદ ન આપ્યું અને નાના ભાઈ ભદ્રબાહુ મુનિને તે પદ આપ્યું તેમાં તો ગુરુ સાથે એકદમ ઉગ્રતાથી ઝઘડી પડ્યા. એટલું જ નહિ પરન્તુ આવેશમાં સાધુવેષનો ય ત્યાગ કરી દીધો !

હું ચોથની સંવત્સરીનો આરંભ કરનારા કાલકસૂરિજીની વાત કરું. તેમના શિષ્યો એકદમ ઉચ્છ્રંખલ હતા. ખૂબ સમજાવ્યા છતાં ન માન્યા; અને ગુરુ માટે ચોવીસ કલાકનો માથાનો દુ:ખાવો બની ગયા ત્યારે તેમણે શિષ્યોને કાઢી મૂકવાને બદલે પોતે જ એકાકી ગચ્છમાંથી વહેલી સવારે ચાલી ગયા.

શિષ્યોએ કેવી બેહદ અંધાધૂંધી ફેલાવી હશે કે યુગપ્રધાન જેવા આચાર્યને જાણે ભાગી છૂટવું પડ્યું !

પેલો વિનયરત્ન ! ભલે અભવ્ય હતો પણ તેનું કામ કેટલું ભયંકર હતું. સંઘના આચાર્યશ્રીનું ખૂન કરવા માટેની તક ઝડપવા માટે તે જૈન-સાધુ બન્યો. બાર વર્ષે તેની ભાવના પૂરી થઈ. તેણે આચાર્યનું ખૂન કર્યું. તે ભાગી છૂટ્યો.

દત્ત સાધુ અને કૂલવાલક મુનિ કેટલા બધા ગુરુદ્રોહી હતા ! હાય, દત્તને કેવો પરચો મળ્યો ! અને કૂલવાલકનો તો ભયાનક સંસાર વધી ગયો ! એણે તો એક ભવમાં સેંકડો મોટા પાપો કરી નાંખ્યાં.

રોહગુપ્ત મુનિ કેટલો ઉચ્છ્રંખલ હતો. - -

ગુરુની ઉપરવટ થઈને વાદ કર્યો તો તેનો અંજામ કેટલો વિચિત્ર આવ્યો ! આપણને વિચાર આવે કે શા માટે ગુરુની ઉપરવટ થઈને કોઈ કામ કરવું જોઈએ ?

કમાલ તો છે ચંડરુદ્રાચાર્યના શિષ્યની કે જેણે ગુરુએ ગમે તેટલો ત્રાસ આપ્યો તો ય તેના સમતાના પરિણામમાં સહેજ પણ આંચકો ન લાગ્યો.

કમાલ છે સાધ્વી મૃગાવતીની કે જેણે પોતાનો જરા ય બચાવ ન કરતાં પોતાના દોષ ઉપર કરુણ કલ્પાન્ત કર્યું. ગુરુદેવ ! મને અભાગણીને બચાવો ! બચાવો ! નો નાદ ચાલુ રાખ્યો !

આથી જ તેમને કૈવલ્યની પ્રાપ્તિ થઈ.

શું એવી વાતને સાચી માનવા માટે આપણું મન તૈયાર થાય ખરું કે ગચ્છાધિરાજ શ્રીહીરસૂરિજી મહારાજને ઝઘડાબાજ સાધુઓના માણસોના ધસી આવવાથી ઊગરવા માટે ભરબપોરે નગ્ન અવસ્થામાં ભાગવું પડ્યું હતું !

શું એ વાત માની શકાય ખરી કે મહોપાધ્યાયજીને સાધુઓ તરફના ભારે ભયને લીધે શંખેશ્વર પરમાત્માનું શરણ લેવા દોડી જવું પડ્યું હતું !

કેટલાક સાધુઓ ખૂબ કલહી હોય છે. પોતાની આચાર્યપદવીની તીવ્ર લાલસાને કારણે તેઓ ગુરુ સાથે પણ ઝઘડી પડ્યા છે. ગુરુને ઝૂકવાની ફરજ પાડી છે !

વસ્તુપાળનો મુનીમ સ્વભાવથી ખૂબ વિચિત્ર હતો. તેને દીક્ષા આપવાની ગુરુને ના પાડી છતાં ગુરુએ દીક્ષા તો આપી પણ ઠેઠ આચાર્યપદ સુધી તેને પહોંચાડી દીધો. દરેક વખત વસ્તુપાળ ના પાડતા રહ્યા.

આચાર્ય બન્યા પછી તે સાધુએ શ્રમણસંઘમાં શિથીલાચાર ફેલાય તેવો પટ્ટક બહાર પાડ્યો. એથી જૈનસંઘમાં હાહાકાર મચી ગયો.

કેટલાક ઉચ્છ્રૃંખલ સાધુઓને ગચ્છમાં રહેવું પસંદ પડતું નથી. તેઓ ગચ્છના સાધુઓમાં સંભવિત સંઘર્ષોને નફરત કરીને ગચ્છત્યાગ કરતા હોય છે. પછી સ્વચ્છંદપણે જીવે છે. આનું પરિણામ તેમના આત્માના મોટા અહિતમાં પરિણમે છે.

જ્ઞાનીઓએ સાગરની વાત કરતાં કહ્યું છે કે ગચ્છ એ સાગર જેવો છે. ગચ્છમાં જાતજાતના સ્વભાવ-દોષવાળા સાધુઓ હોવાના. બધા છદ્મસ્થપણાનો ભોગ બનેલા હોય એટલે દોષો ઊછળવાના પણ ખરા. એ વખતે મોટી ધમાચકડી થવાની તકો ઊભી થાય. ધડાધડી અને મારામારી પણ થાય. આવા વખતે

પણ ગચ્છત્યાગ કરાય નહિ. કેમકે ગચ્છમાં સંઘર્ષાદિના ભલે માઇનસ આવતા હોય પણ ગચ્છવાસમાં ગુરુસેવા, સહજ બ્રહ્મચર્યપાલન, સ્વાધ્યાય, પરસુકૃતાનુમોદન, વૈયાવચ્ચ વગેરેના પ્લસના તો ઢગલેઢગલા પ્રાપ્ત થાય છે. થોડાક માઇનસથી કંટાળીને ગચ્છત્યાગ કરનારા સાધુઓ કેટલા બધા પ્લસને ખોઈ બેસે છે. વળી ગચ્છવાસના ત્યાગી અલ્પસંખ્યક સાધુઓને ગુરુવિરહ, સ્વાધ્યાયવિરહ, અહંકારપોષણ, સ્વચ્છંદતા, પ્રમાદિતા, નારીસંગ, સજાતીયસંબંધ વગેરે પુષ્કળ માઈનસ લલાટે ઠોકાયા વિના રહેતા નથી.

સાગરમાં ભરતી આદિ વખતે માછલાઓ અથડાઈ જાય, લડી પડે તો ય તેમનાથી સાગરનો ત્યાગ ન થાય. એ ત્યાગ તેમના મોતમાં પરિણમે.

ગચ્છત્યાગી સાધુઓના ભાવ-પ્રાણોને ખતમ થતાં ઝાઝો સમય ન લાગે.

ખરી વાત એ છે કે ગચ્છમાં રહેનારા તમામ સાધુઓ-ખાસ કરીને દીર્ઘપર્યાયી મુનિઓ-એ પરસ્પરના સ્નેહભાવથી ભરપૂર વાતાવરણ જમાવવું જોઈએ. ગુરુના સેક્રેટરી બનીને : ગુરુને પોતાને વશ કરીને અન્ય સાધુઓને ત્રાસ દેવડાવવો એ તો નારકના પરમાધામીઓ જેવી ક્રૂરતા કહેવાય.

જેમણે દીક્ષા લીધી છે તે બધાયે પોતાના અત્યન્ત સ્નેહી સ્વજનોનો અને તેમના પ્રત્યેની પારાવાર મમતાનો ત્યાગ કર્યો છે એટલું જ નહિ પણ એ બધો સ્નેહ એકમાત્ર તારણહાર 'ગુરુ' ઉપર આરોપિત કરી દીધો છે. હવે એ જ માવડી, એ જ પિતા, એ જ ભાઈ અને બેન.

આવા ગાઢ સ્નેહભાવ ઉપર જે સેક્રેટરી લોઢાના ઘણ મારીને તેના ટુકડા કરી દે છે, તે સાધુઓને ગુરુથી વિમુખ કરી દે છે તે સેક્રેટરીઓને મારા લાખ લાખ વાર ધિક્કાર છે.

આ સેક્રેટરીઓ આખા ગચ્છમાં સ્નેહભાવ પ્રસારી શકવાને સમર્થ છતાં તેમના પિત્તળ સ્વભાવના કારણે સર્વત્ર ઉદ્વેગભાવ અને સંઘર્ષભાવ પ્રસારે છે.

આમ થતાં સારામાં સારા સ્વભાવના સાધુઓ રોજની લઢવાડથી 'પિત્તળ' બની જાય છે. તેઓ મોટા લડવૈયા બનીને, પોતાનું ગ્રુપ બનાવીને સેક્રેટરીઓની સામે યુદ્ધે ચડે છે.

બિચારો ! બાપડો ગુરુ ! આ લડાઈમાં એનો ખો નીકળી જાય છે.

કરંડીઆમાં એક કેરી બગડી તો તે બાકીની તમામ કેરીને બગાડે.

એક સાધુ સ્વયં પિત્તળ સ્વભાવના દોષથી બગડ્યો પછી જો તુરત તેની

ઉપર કુશળ વૈદ્ય જેવા ગુરુ પગલાં ન લે તો બીજા અનેક સાધુઓના જીવન દોષોથી બગડતા જાય. આમ આખો સમુદાય સતત સંકલેશમાં જીવ્યા કરે.

ન સાધુવેષમાં સુખી.

ન ઘરમાં પાછા ફરવાની હિંમતવાળો.

ખરેખર તો પિત્તળ સ્વભાવના સાધુઓનો સ્વભાવ જો સુધરવાના અવકાશવાળો હોય જ નહિ તો બીજાઓ ન કહે તો પણ પોતે વિધિપૂર્વક સાધુવેષ ત્યાગી દેવો જોઈએ. ઉત્તમકક્ષાના શ્રાવકનું જીવન જીવવું જોઈએ.

આનાથી બે ફાયદા થશે. (૧) સાધુવેષમાં રહીને સાધુઓને ધિક્કારવાનો કે લડાવવાનો ધંધો સદંતર બંધ થશે. (૨) ગૃહસ્થવેષમાં તે સાધુઓ પ્રતિ ખૂબ આદર વધશે.

નબળા મગજની આ બે નબળી વાતો છે કે જે દૂર હોય તે તેને સારું લાગે અને જે નજીક હોય તે તેને માઠું લાગે..

ગ્રન્થકારશ્રીએ છઠ્ઠા ગુણસ્થાન જેટલી ઊંચી કક્ષાએ પહોંચી ગયેલા કહેવાતા કેટલાક સાધુઓના કજિયાખોર જીવનને ખુલ્લું પાડીને સહુને વિચાર કરતાં કરી મૂક્યા છે.

કોઈક વાર અજૈન કહેવાતા-માત્ર પહેલા ગુણસ્થાને રહેલા ગણાતાં-આત્માઓની જબરદસ્ત સમતા જોઈને અત્યન્ત આશ્ચર્ય થાય છે.

કબીર ઉપર જે બાઈએ અને જે ધર્મઝનૂની લોકોએ 'વ્યભિચારી' તરીકેનો આક્ષેપ મૂક્યો તે તમામને કબીરે સાક્ષાત્ 'ભગવાન' કહ્યા. તેઓ આક્ષેપ મૂકે જ નહિ તેવું સહુને જણાવ્યું.

કબીરની શત્રુઓ પ્રત્યેની આ કેવી અગાધ સમતા!

તિરુવલ્લુવર નામના વણકરની વાત કરું. તેની આંખની એકાદ પણ પાંપણમાં ક્રોધની રતાશ અસંભવિત કહેવાતી હતી. કોઈ યુવાને તેની આ રીતે પરીક્ષા કરી. વણકર એવા તિરુવલ્લુવર પાસે જઈને એક વારનો કાપડનો ટુકડો ખરીદવા માટે માંગ્યો. વણકરે આપ્યો. યુવાને ભાવ પૂછતાં સોળ રૂપિયા કહ્યા.

તરત યુવાને બે ટુકડા કરી દઈને એકેકા ટુકડાનો ભાવ પૂછ્યો. વણકરે ૮-૮ રૂ. જણાવ્યા. એમ કરતાં છેલ્લે જુવાને સોળ ટુકડા કરીને દરેક ટુકડાનો ભાવ પૂછ્યો. પરમ શાન્તિથી વણકરે કહ્યું, "હવે ભાઈ! દરેક ટુકડાનો ભાવ એકેકો રૂપીઓ!

પણ ના.... આટલી હદે વણખરીદેલા ટુકડાના સોળ સોળ ટુકડા થઈ ગયા તો ય તે વણકરને લેશ પણ ક્રોધ નહિ આવતાં યુવાન સાવ શરમાઈ ગયો.

તેણે વણકરની ક્ષમા માંગી. સોળ રૂપીયા આપ્યા. વણકરે ન લીધા. તેણે કહ્યું, જો તમે મને કાંઈક પણ આપવા ઇચ્છતા હો તો મને કહો કે, "હું કોઈ દિવસ આ રીતે કોઈ પણ ગરીબ માણસને સતાવીશ નહિ." જુવાને નતમસ્તકે તે વાતનો સ્વીકાર કર્યો.

અજૈનોમાં જો આવી સમતા રહે તો જૈન શ્રમણોમાં કેવી સમતા હોવી જોઈએ ! પેલાઓને પહેલા ગુણસ્થાને કહેનારાઓ પોતાને જયારે છટ્ઠા ગુણસ્થાને માનતા હોય ત્યારે મૂઠીઊંચેરી સમતાની અપેક્ષા તેમની પાસેથી ન રાખવી જોઈએ ?

ગ્રન્થકારશ્રી કહે છે કે જેઓ સમતા રાખવાને બદલે ક્રોધી બનીને જાતજાતના ઝઘડાઓ કરે છે તેમને તો સાધુ જ નહિ કહેવા જોઈએ. તેવાઓએ તો પુનઃ સંસારમાં ચાલી જઈને ગચ્છવાસમાં ફેલાવી દીધેલો ત્રાસવાદ સદંતર બંધ કર્યાનું પુણ્ય મેળવીને નોકરી-ધંધે લાગી જવું જોઈએ. હરામનું (મફતનું) ખાવાનું તો બંધ કરવું જ જોઈએ. આ પણ અધર્મત્યાગ રૂપ ધર્મનું સેવન કહેવાય. ઘણા સાધુને સમતાનું દાન કર્યાનો લાભ મળે.

છેવટે આવા વિષમતાભર્યા વાયુમંડળને જોઈને ઉદ્વેગ પેદા થાય છતાં એક આશ્વાસન એવું મેળવી શકાય ખરું કે ખુદ દેવાધિદેવ પરમાત્મા મહાવીરદેવે જ સ્વપ્નફળવર્ણનમાં પોતાની શ્રમણસંપદાની દોષબહુલતા જણાવી છે. તેમણે ફરમાવ્યું છે કે; "મારા ઘણા બધા સાધુઓ દોષબહુલ થશે એમ કહીને હું એવું કહેવા માંગું છું કે કેટલાક શ્રમણો તો હીરા જેવા ઉત્તમ પણ થશે જ."

આ પ્રતિપાદનમાં જણાવેલા 'હીરો' જેવા સાધુઓ પણ કહ્યા છે તો તે વાત પકડીને-તેથી ઉત્સાહિત થઈને-તેમાં પોતાનો નંબર લગાડવા માટે જોરદાર પુરુષાર્થ ખાનદાન સાધુઓએ કરવો રહ્યો. નબળા નિમિત્તોને વશ થઈને નબળા નહિ બનવું. પણ બહુ થોડાક જ જોવા મળતાં સબળા નિમિત્તોને નજરમાં લાવીને, તેવા સારા સાધુમાં નંબર લગાડવો..

ગરીબ માણસો લાખોપતિને જુએ છે અને તેવા બનવાની ભાવના તીવ્રતાથી સેવે છે. તેઓ પોતાનાથી હેઠ ભિખારીઓને જોઈને તેમનાથી પોતાની જે ઊંચાઈ છે તેને જોઈને સંતોષ પામતા નથી.

બાકી તો અસલમાં છઠ્ઠા ગુણસ્થાને રહેલા સાધુઓના અસંખ્ય ભેદ (કંડકસ્થાનો) છે. તેમાં ઠઠ્ઠા-મશ્કરી કરનારા, કામસંજ્ઞાને પોષનારા, કજિયા કરનારા સાધુઓને પણ ગણ્યા છે. હા, આવા નબળા સાધુનો પણ છઠ્ઠા ગુણસ્થાને નંબર લાગે છે તેમાં દોષો પ્રત્યેનો તીવ્રધિક્કારભાવ કારણ બને છે.

ગ્રન્થકારશ્રીએ આ શ્લોકમાં મુખ્યત્વે ક્રોધાદિ ચાર દોષોને નજરમાં લીધા છે. આ ચાર દોષો માટે અન્યત્ર કહ્યું છે કે, "ક્રોધ સ્નેહભાવનો નાશ કરે છે; માન વિનયગુણનો નાશ કરે છે; માયા મિત્રોની મૈત્રીનો નાશ કરે છે અને લોભ સર્વ ગુણોનો નાશ કરે છે.

આવા કષાયી જીવો દોષોની આગથી સતત પ્રજ્વલિત રહેતા હોવાથી તેઓ સંયમજીવનનો ભાર નાહક ઊંચકે છે. એમના પિત્તળ સ્વભાવાદિને લીધે તેમને સંસારની મોજ મળી શકતી નથી; વળી પરલોકે તેમના નસીબમાં સદ્‌ગતિ લખાયેલી નથી. આમ બે બાજુથી તેમનો મરો છે.

આવા સાધુ જો દેવલોકે જાય તો તેમને પહેલા દેવલોક સુધી જન્મ મળે છે. કેમકે સંયમધર્મને વિરાધનારા આત્માઓને આથી વધુ દેવગતિ મળતી નથી. આના કરતાં જો આ કષાયી સાધુઓ વેષ ત્યાગીને ગૃહસ્થ બને અને શ્રાવકજીવનની બધી કરણી ઉત્તમ રીતે આરાધે તો તેમને બારમા દેવલોક સુધીની ગતિ પ્રાપ્ત થાય. કેમકે તેઓએ જે શ્રાવકજીવન સ્વીકાર્યું તેને તે કક્ષામાં સારી રીતે ન્યાય આપ્યો છે..

કક્ષા નીચી પણ ભલે હોય છતાં જો તે કક્ષા પ્રમાણેના જીવનને બરોબર ન્યાય અપાય તો તેનું ફળ ઊંચું થઈ જાય છે. અને ઊંચી કક્ષા મેળવીને જીવન હલકું જીવાય તો તેનું ફળ નબળું બની જાય છે.

કેટલાક આત્માઓ વૈરાગ્યના ઊભરામાં: હળદરીઆ રંગ જેવા વૈરાગ્યમાં ઊછળી પડીને દીક્ષા લેતા હોય છે. કેટલીક નારીઓ સાસરાનાં જીવલેણ ત્રાસોને જાણીને તેનાથી ભાગી છૂટવા દીક્ષા લે છે. આવા આત્માઓને જો ગુરુ ઉત્તમ તાલીમ ન આપે તો તેમના વૈરાગ્યનો પારો ધડાધડ નીચે ઊતરી જાય છે. પછી તો છોડેલો સંસાર સોહામણો લાગવા માંડે છે. એના તરફની પ્રીતના સંકલેશો ઊભા થાય છે. કામસુખોનો રાગભાવ જાગે તોય તેને દબાવી રાખ્યા વિના છૂટકો રહેતો નથી. આ દબાવેલી દશામાંથી જ કલહ, કજિયા, ક્રોધ, વિવાદ વગેરે દોષો જાગ્રત થઈ જાય છે. હા, કામવાસના પણ જાગ્રત થયા

વિના રહેતી નથી. ભીતરમાં સાવ ખોખળાં થઈ ગયેલા ચારિત્રજીવનનો ભાર વેંઢારવા વિના હવે કોઈ વિકલ્પ બાકી રહેતો નથી.

આવા સાધુઓ આપસમાં લડે; ઉદ્વિગ્ન રહે; શરીરે નબળા રહે, રોગિષ્ટ બને તે બધું સંભવિત છે કેમકે આ બધી અવસ્થા દબાવેલા દોષોમાંથી ઊભા થયેલા ડીપ્રેશનમાંથી પેદા થઈ હોય છે.

જો ગુરુ ગીતાર્થ હોય; ખૂબ વિરાગી હોય અને વાત્સલ્યથી ભરપૂર હોય તો જ અપાયેલી દીક્ષાઓ સફળ બનવાની શક્યતા રહે છે. અન્યથા એ આખું ટોળું સંકલેશની આગમાં ખાબકી જઈને સળગી જતું હોય છે.

બહુ ટૂંકા શબ્દોમાં ગ્રન્થકારશ્રીએ છેલ્લા ચરણમાં જણાવી દીધું છે કે તેવા વેષધારી આત્માઓનું ચારિત્રજીવન સાવ નિરર્થક બની રહે છે.

વ્યવહારની ભાષામાં ટૂંકમાં એમ કહી શકાય કે બાવાનાં તો બે ય બગડ્યાં. ન આલોકે સુખી થયો; ન પરલોકે સુખી થશે. અહીં સંકલેશનાં દુ:ખો. પરલોકે દુર્ગતિનાં દુ:ખો.

■ ■ ■

**जह वणदवो वणं दवदवस्स जलिओ खणेण निद्दहइ ।**
**एवं कसायपरिणओ जीवो तवसंजमं दहइ ॥ १३२ ॥**
**परिणामवसेण पुणो अहिओ उणयरउव्व हुज्ज खओ ।**
**तहविववहारमित्तेण भन्नइ इमं जहा थूलं ॥ १३३ ॥**

**અર્થ :** જેમ સળગેલો વનનો દાવાનળ એકદમ જલદી જલદી (**दवदवस्स**) વનને ઘડીકમાં બાળી નાંખે છે તેમ કષાયથી સળગી ઊઠેલો આત્મા તપ અને સંયમને સળગાવી નાંખે છે.

અહીં કષાયથી તપ-સંયમનું એકદમ સાફ થઈ જવાનું જે જણાવ્યું છે તે વ્યવહારનયથી સમજવું.

બાકી નિશ્ચયનયથી તો જો તીવ્ર કષાય હોય તો તપ-સંયમનો જોરદાર ક્ષય થાય અને જો મંદ કષાય હોય તો તેમનો મંદ ક્ષય થાય એમ કહેવાય.

**વિવેચન :** વ્યવહારનય લંબસમ એક જ વાત કરે છે કે મંદ કે તીવ્ર - ગમે તેવો - કષાય જીવ કરે પણ એમ જ કહેવાય કે તેણે તપસંયમને

પૂરું સળગાવી નાંખ્યું.

નિશ્ચયનય સૂક્ષ્મતા સાથે વાત કરતાં કહે છે કે જો કષાય મંદ હોય તો સંયમનો ક્ષય પૂરો થાય એમ ન કહેતાં મંદ ક્ષય કહેવો જોઈએ. હા. તીવ્રકષાયે તીવ્રક્ષય જરૂર કહી શકાય.

મુખ્ય વાત એ છે કે ભારે કષ્ટ વેઠીને જે તપ અને સંયમ કર્યા અને સિદ્ધિઓ પ્રાપ્ત થઈ તે બધી કષાયના એક જ ધડાકે સળગીને સાફ થઈ જાય.

પેલા ત્રિલોકનાથ પંડિતે બ્રહ્મચર્યથી સિદ્ધ કરેલું સંપૂર્ણ બ્રહ્મચર્યબળ શાહજાદી સામે એક જ ક્ષણ વિકારભરેલી નજરે જોતાં ક્ષીણ થઈ ગયું. આકાશમાં ઊડવાની પ્રાપ્ત થયેલી લબ્ધિ તત્ક્ષણ નાશ પામી ગઈ.

જરાક મિશ્ર અસત્ય બોલાયું કે યુધિષ્ઠિરનો ચાર આંગળ અધ્ધર ચાલતો રથ ધરતીને અડી ગયો !

વિકારી નજર કરવાથી બ્રહ્મશક્તિને ખોઈ બેઠેલો કુમારગિરિ સંન્યાસી ચિત્રલેખાની- છાતી ઉપર મારેલી- એક જ મુક્કીએ ધરતી ઉપર ચત્તોપાટ સૂઈ ગયો !

ધર્મ અને કષાયની પરિણતિમાં મજબૂત ધર્મ હોવા છતાં જો તેનું સેવન નબળું કરીને તેને નબળો પાડ્યો હોય તો કષાયપરિણતિ તેની ઉપર ચડી બેસે. અનાદિકાળના જોરદાર અભ્યાસને કારણે કષાયપરિણતિ સામાન્યતઃ ખૂબ તગડી જ હોય છે. આથી જ ધર્મ ઉપર તેનો વિજય થયા કરે છે.

પણ જો ધર્મશક્તિને અંતઃકરણથી ધર્મ કરવા દ્વારા તગડી બનાવી દેવાય તો કષાયપરિણતિને તે ઝુકાવી દીધા વિના રહે નહિ.

એટલે હવે દરેક વ્યક્તિદીઠ એ વિચારવું પડે કે કોણ કોને પછાડશે ?

ધર્મનું પોતાનું આગવું બળ હોય છે. આવું બળ કષાયોની પરિણતિનું હોતું નથી. આથી જ કષાયોની ગંજાવર પ્રમાણમાં ભરણી થઈ હોય તો ય ધર્મ તેને ક્ષણવારમાં ખતમ કરી શકે છે !

ધર્મ એ ચિનગારી છે. કષાયોનું વિશાળ પ્રમાણ એ રૂની ગંજી છે. એને સળગાવી દેવામાં ચિનગારીને કેટલી વાર લાગે ?

એટલે જો કોઈ મુમુક્ષુ પોતાને સારી રીતે તપસંયમના યોગોમાં જોડે તો ક્રોધાદિ કષાયોનું જોર વધી શકે નહિ. ઊલટું, તે ક્ષીણ થતું જાય.

પરમાત્મભક્તિ અને ગુરુકૃપાથી જ તપસંયમના યોગો બળવાન્ અને ગુણવાન્ બની શકે.

જ્ઞાનીઓ આ વિષયમાં સુંદર દૃષ્ટાન્ત આપે છે.

ધર્મ (તપ, સંયમાદિ) એ વિશિષ્ટ શક્તિસ્વરૂપ છે. એની તાકાત અપ્રતીમ છે પરન્તુ જ્યારે તે બાળદશામાં હોય ત્યારે રાગ-દ્વેષના જબરા પરિણામો તેની ઉપર ચડી બેસીને તેને ચગદી નાંખે છે. પણ જ્યારે ધર્મશક્તિ તગડી થાય છે ત્યારે તે રાગદ્વેષના પરિણામોને ચગદી નાંખે છે.

જેમ નાનકડી જ્યોતને સુસવાટાબંધ વાતો પવન હોલવી નાંખે પણ જો તે જ્યોત તગડી જ્વાળા બની જાય તો પવન તેનો નાશ તો ન કરે પણ તેને ચારે બાજુ ફેલાઈ જવામાં મદદ કરે.

પવન જ્યોતનો નાશ કરે.

પણ પવન જ્વાળાને મદદ કરે.

જેની ધર્મશક્તિ જ્યોત મટીને જ્વાળા બની ગઈ હોય તેને રાગ-દ્વેષના પરિણામરૂપ પવન હણી તો ન શકે પણ સહાયક બને. કેવી રીતે ? આ રીતે....

જે ધર્માત્મા ગૃહસ્થ છે તે સંસાર ભોગવે તો ય મોટો કર્મક્ષય કરે; કેમકે તે ભોગ ભોગવતાં ભોગવતાં પણ તેમને ધિક્કારતો હોય. મિષ્ટાન્ન ભોજન કરતાં પણ તેની આંખે આંસુ વહેતા હોય. આ આત્માઓને સમ્યગ્દૃષ્ટિ કહેવાય.

રાગાદિના ઉગ્ર પરિણામો દેખાવમાં વધુ કાતિલ લાગે પરન્તુ મંદ પરિણામોની પણ તાકાત ઓછી હોતી નથી.

ઉઘાડે છોગ બોલાચાલી વખતનો ક્રોધ એ ઉગ્ર પરિણામ કહેવાય. જ્યારે તેને દબાવી નાખીને મનમાં ચાલતો ક્રોધનો આવેગ તે મંદપરિણામ કહેવાય.

આમાં મન્દપરિણામી ક્રોધ એ એટલા માટે વધુ ખતરનાક છે કે તે ઘાસણીના રોગની જેમ જીવના ગુણોને ખાતો ખાતો તેમને નબળા - અધમૂઆ કરી શકે છે.

ઉગ્ર પરિણામમાં એકાએક તડાફડી થાય ખરી પણ પાછળથી તે ભૂલી પણ જવાય.

છ ડીગ્રીના ટાઈફોઈડ જેવા ઉગ્ર પરિણામો હોય છે. ત્રીજા સ્ટેજના ટી.બી.ના ૯૯॥ ડીગ્રીના તાવ જેવા મંદ પરિણામો હોય છે.

'ટાઈફોઈડ' એ ઉઘાડો રોગ હોવાથી તે ખૂબ ગંભીર લાગે છે. તેને દૂર કરવા માટે તાત્કાલિક પગલાં લેવાય છે.

ટી.બી.ના તાવમાં કોઈ દરકાર પણ કરતું નથી.

આથી ટાઈફોઈડમાં બચાવ થાય છે; પણ ટી.બી.માં મોત મળે છે.

ભલે ભયંકર કેન્સરની ગાંઠ હોય પણ જો તેને સમયસર ઓપરેશન કરીને તે ગાંઠ કાઢી નંખાય તો કેન્સર છતાં તે જીવ મરતો નથી. જ્યારે પગમાં વાગેલો ઝેરી બાવળીઓ કાંટો જીવ લે છે; જો તેને કાઢી નાંખવાની વાતની ઉપેક્ષા કરાઈ હોય.

ઉગ્ર સંઘર્ષોમાં જીવને પશ્ચાત્તાપ થવાની શક્યતા થઈ જાય તો તે દુર્ગતિમાં લઈ જવાને સમર્થ નથી. પણ મંદ સંઘર્ષોને ગંભીરતાથી ન જોવાય : તેમની ઉપેક્ષા કરાય તો તેનો જ્યારે ભડકો થાય એટલે જીવ સીધો દુર્ગતિ ભેગો થઈ જાય.

જીવનો સંસાર અનંતકાળથી ચાલુ રહેવામાં જેટલા મંદ સંઘર્ષો કારણભૂત છે તેટલા ઉગ્રસંઘર્ષો કારણભૂત નથી.

■ ■ ■

**फरुसवयणेण दिणतवं अहिक्खिवंतो अ हणइ मासतवं ।**
**वरिसतवं सवमाणो हणइ हणंतो अ सामण्णं ॥ १३४ ॥**

**વિવેચન :** પૂર્વે ગ્રન્થકારશ્રીએ કહ્યું કે નિશ્ચયનયથી તો જેવી રાગ-દ્વેષની તીવ્રતા કે મંદતા તે પ્રમાણે તપસંયમનો વધતો કે ઓછો કર્મક્ષય થાય. પરન્તુ વ્યવહારનયથી તો એટલું જ કહેવાય કે રાગ-દ્વેષના પરિણામો તપસંયમનો ક્ષય કરે છે.

આ શ્લોકમાં વ્યવહારનયથી થતાં તપસંયમના ક્ષયની માત્રા સ્થૂલદષ્ટિથી બતાડવામાં આવી છે. તે આ રીતે –

જો સાધુ પ્રત્યે કડવા-કર્કશ વચનો બોલાય તો એક દિવસની તપસંયમની આરાધના નિરર્થક બને.

જો કોઈ હીન આક્ષેપો કરાય તો એક માસની તપસંયમની આરાધના ક્ષીણ થાય.

જો શાપ અપાય તો એક વર્ષની આરાધનાનો નાશ થાય; અને જો લાકડી વગેરેથી મરાય તો આખા જીવનની તપસંયમની આરાધનાઓ નાશ પામી જાય.

ગ્રન્થકારશ્રી કહે છે કે માત્ર કડવા શબ્દો બોલવાથી ચોવીસ કલાક અનુભવેલી તપસંયમની આરાધના બળીને રાખ થઈ જાય છે.

જે સાધુઓ ચારિત્રધર્મના ખરેખર ખપી છે તેમને આ વાત સાંભળતાં હૈયામાં ધ્રાસકો પડી જવો જોઈએ. રોમરોમમાંથી ભયનું લખલખુ પસાર થઈ જવું જોઈએ.

કડવો શબ્દ બોલવાની સજા કેટલી મોટી છે ! એનો ખ્યાલ તપ અને સંયમનું ફળ કેવું અપ્રતીમ છે તે જાણવાથી જ આવી શકે.

એક અન્તર્મુહૂર્તનું પણ ચારિત્રધર્મનું પાલન ચૌદ રાજલોકમાં અમારિપ્રવર્તન થવા જેટલો લાભ આપે. તપના પ્રભાવે ક્રોડો ભવોના સંચિત કર્મોનો નાશ થાય. શું આવા મહાન તપસંયમની એક ક્ષણનો પણ નાશ થવા દેવાય ખરો ? જો ના. તો કષાયો ઉપર કડક ચોકી મૂકવી રહી..

દેવગુરુની ભક્તિના યોગ દ્વારા અથવા ગુરુકૃપાથી જ્ઞાનયોગ સાધી લેવા દ્વારા ભાષાકીય કડવાશ સજ્જડપણે દૂર કરી દેવી જોઈએ.

કોઈને કચકચાવીને કડવા શબ્દોમાં સુણાવી દેવામાં જરા ય બહાદૂરી નથી. બહાદૂરી તો સામી વ્યક્તિને હાર્દિક ક્ષમાપના કરવાથી છે.

આખા એક દિવસનું તપ અને સંયમ એ ઘણી મોટી વાત કહેવાય. જો એક વાર કડવું બોલવાથી એનો નાશ થઈ જતો હોય તો ચારિત્રના ખરા પ્રેમી આત્માએ કદી કટૂ વચનો નહિ બોલવાનો દૃઢ સંકલ્પ કરવો જોઈએ.

આગળ વધીને ગ્રન્થકારશ્રીએ કજિયા કરવાના, હાથ ઉપાડવાના... વગેરેના ફળો રૂપે વધુ ને વધુ તપસંયમની આરાધનાનો નાશ કહ્યો છે. આ વાત ખૂબ ગંભીરપણે મુમુક્ષુએ ધ્યાનમાં લેવી જોઈએ. અન્યથા હાલતાં-ચાલતાં આ ભૂલો થતી રહેવાના કુસંસ્કારો પડતાં તપ-સંયમની આરાધનાનો મોટા પ્રમાણમાં નાશ થઈ જશે.

પેલી વલોણું કરતી બાઈ ! એક બાજુથી જેટલું દોરડું ખેંચે તેટલું બીજી બાજુથી સરકી જાય ! સરવાળે શૂન્ય હાથમાં રહે.

■ ■ ■

**अह जीवियं निकिंतइ हंतूण य संजमं मलं चिणइ ।**
**जीवो पमायबहुलो परिभमइ जेण संसारे ॥१३५॥**

**અર્થ :** જે સાધુ પુષ્કળ પ્રમાદનું [રાગ-દ્વેષનું] જીવન જીવે છે તે સંસારમાં ખૂબ પરિભ્રમણો કરતો રહે છે. કેમકે પ્રમાદ [રાગ-દ્વેષ]ના શસ્ત્રથી પોતાના સંયમ-દેહના તે ટુકડા કરી નાંખે છે. અને તેમ કરીને પુષ્કળ કર્મમળનો સંગ્રહ કરે છે.

**વિવેચનઃ** રાગ-દ્વેષની પરિણતિ પ્રમાદની પળોમાં થાય.

સાતમા 'અપ્રમત્ત' ગુણસ્થાને જીવ ઉત્કૃષ્ટ વૈરાગ્યની સ્થિતિમાં હોય. તે વખતે રાગ-દ્વેષના સ્પંદનો બહુ જૂજ હોય; તે પણ પાતળા [સંજ્વલનના ઘરના] હોય.

જીવના આધ્યાત્મિક જીવનના આરંભમાં જીવ-કરુણા (૧લું ગુણસ્થાન) હોય. થોડોક વધુ વિકાસ થતાં વૈરાગ્ય (૪થું ગુણસ્થાન) પ્રાપ્ત થાય. તે પછી 'વિરતિ' ની અવસ્થા [૫મું, ૬ઠ્ઠું ગુણસ્થાન] આવે, બાદ 'અપ્રમાદ' [સાતમું ગુણસ્થાન] આવે.

વર્તમાનકાલીન મુનિ-જીવનની ટોચ ઉપર રહેલો ગુણ અપ્રમાદ-ભાવ છે. વિકાસના કોઈ પણ પગથીએ રહેલા જીવના લક્ષમાં 'અપ્રમાદ' રહેવો જોઈએ. તેના વિનાની છઠ્ઠા ગુણસ્થાનની અવસ્થાના ઉત્તમ ગુણો પણ નિશ્ચયનયથી નિરર્થક છે. આ નય કહે છે કે, "સમ્યક્ત્વનું ફળ 'અપ્રમાદ' છે. તે જ્યાં સુધી પ્રાપ્ત ન થાય ત્યાં સુધી વ્યવહારનયથી માન્ય થયેલું સમ્યક્ત્વ એ વસ્તુતઃ સમ્યક્ત્વ નથી." આ નયની અપેક્ષાએ છઠ્ઠા ગુણસ્થાન સુધી મિથ્યાત્વની અવસ્થા હોય છે. સમ્યક્ત્વ તો સાતમા ગુણસ્થાનથી જ શરૂ થાય છે.

જ્ઞાનીઓએ મદ્ય (વ્યસનો) વિષય, કષાય, નિદ્રા અને વિકથાને પ્રમાદ કહેલ છે. આમાં વિષય-કષાયની આસક્તિ એ લગભગ ચોવીસ કલાક ચાલતો પ્રમાદ છે. આ પ્રમાદ સૌથી ભયંકર પ્રમાદ કહેવાય. કેમકે આ પ્રમાદ સાધુના 'સંયમ' રૂપી મહાદીપકને હોલવી નાંખે છે.

સાધુના દ્રવ્યપ્રાણોની ઝાઝી કિંમત નથી. સાધુ તો ભાવપ્રાણોથી જ શ્વાસ લે છે. એના શ્વાસ અને ઉચ્છ્વાસમાં એ ભાવપ્રાણો જ ધબકતા હોય છે.

સાધુ એટલે સંયમ-પુરુષ.

મહોપાધ્યાયજીએ અધ્યાત્મસાર ગ્રન્થમાં કહ્યું છે કે જે સાધુના સંયમ-પ્રાણ ખતમ તે સાધુ મરી ગયેલો સમજવો. ભલે પછી તે દ્રવ્યપ્રાણોથી જીવતો દેખાય. ખરેખર તો તે મરી ગયેલો છે. એમ છતાં તેની પાસે હજારો લોકો

જે આવે છે તે તેની સ્મશાનયાત્રામાં ભાગ લેવા આવેલા છે : તેનો મરણોત્સવ કરવા આવ્યા છે એમ સમજવું.

એકડા વિનાના સેંકડો મીંડા નકામા છે.

સુવાસ વિનાનું ફૂલ નકામું છે.

કમળ વિનાનું તળાવ નકામું છે.

સંયમજીવન વિનાનો સાધુ-વેષ નકામો છે.

ગ્રન્થકાર કહે છે કે 'પ્રમાદ' [વિષય-કષાયાદિ]નું સેવન કરતો સાધુ આપઘાત કરે છે. પોતાની સંયમરૂપી કાયાને તે હણી નાંખે છે.

બીજા જીવોને હણવા એ પાપ છે તો પોતાના સંયમ-પ્રાણોને [દર્શનાદિ ત્રિકને] હણવા એ મહાપાપ છે.

પરરક્ષા ન કરી શકાય તો હજી ચાલે પણ સ્વરક્ષા તો એકાન્તે કરવી જોઈએ. સ્વરક્ષા થયા વિનાની પરરક્ષા એ માત્ર ભ્રમ છે. એ લાંબો સમય ટકતી નથી.

રાગાદિ પરિણતિનો ભોગ બનવાની પળે જ સાધુ સંયમધર્મને ઘા મારી દઈને પોતાનું સાધુત્વ હારી જાય છે.

પ્રમાદના સેવનથી સંયમધર્મ ખતમ થાય. સંયમધર્મ ખતમ થાય તે પળથી જ પુષ્કળ પ્રમાણમાં કર્મબંધ થાય. લાગ પડે તો નિકાચિત કર્મો પણ બંધાઈ જાય.

રાગ, દ્વેષની પરિણતિઓમાં નારી, કુટુંબ, ધન વગેરેની પરિણતિઓ મુખ્ય ગણાય. પરન્તુ તેથી પણ ભયંકર દેહના રાગાદિની પરિણતિ છે. દેહાધ્યાસ એ મુનિ-જીવનને ખતમ કરતું કાતિલ ખંજર છે. દેહાધ્યાસી સાધુને સાચો સાધુ કહી શકાય નહિ.

બત્રીસીમાં કહ્યું છે કે સાચો સાધુ તે કહેવાય જે દીક્ષા લેતાંની સાથે દેહ ઉપર ઘોર તપ વગેરેથી હુમલા કરે. તેને મન તેનો સૌથી મોટો દુશ્મન દેહાધ્યાસ હોય છે.

અસ્તુ. કોઈ પણ રાગાદિની પરિણતિ હોય તે બધી જીવનના તપ અને સંયમને હણે છે. તપ અને સંયમ એ સાધુના ભાવપ્રાણ છે. તેના ધબકારોમાં તો સાધુ, સલામત સાધુજીવન જીવી રહ્યો છે. તેને જો એવું કહેવાય કે, "તું જે આ કામ કરે છે તેનાથી તારા તપ-સંયમ હણાઈ જશે" તો તે સાધુ ચીસ પાડી ઊઠતો કહે કે, "ના...ના... મારો હાથ કાપી લો, મારી આંખો ફોડી નાંખો, મને ખંજર મારો... એ ચાલશે; પણ મારા અત્યન્ત વહાલા તપ-સંયમને તો ન જ હણશો. એ હણાયા એટલે હું હણાયો. મારું શું ન હણાયું."

સાધુને જે સૌથી વહાલી ચીજ છે તે ખતમ થવાની ગ્રંથકારશ્રીએ ધમકી આપીને સાધુને ચેતવ્યો છે કે, "તું તારી જે તે રાગાદિની પરિણતિ કર મા. તેનાથી તારા અત્યન્ત વહાલા તપ-સંયમ હણાઈ જશે."

દેહાધ્યાસ એ એટલી બધી ખતરનાક રાગપરિણતિ છે કે તેના કારણે જીવ ખાન-પાનની પરિણતિમાં રગદોળાઈ જાય છે. મંગુ આચાર્ય, શેલક મુનિ, કંડરિક મુનિ વગેરે કેવા ખતમ થઈ ગયા.

આ વાતની બપ્પભટ્ટી મુનિને પાકી ખબર હતી એટલે જ ગુરુના ભયનું આબાદ નિવારણ કરી દીધું.

આચાર્યપદ વખતે ગુરુએ મુનિના ખભે બેઠેલા લક્ષ્મી, સરસ્વતીને જોયા, જુવાન બેનોને ભારે હોંશથી મુનિના વહાલને દર્શાવતી ગહૂંલીઓ ગાતી જોઈ, મુનિના મુખ ઉપર રમતું દિવ્ય તેજ જોયું. આ બધી પતનની સામગ્રી પણ બની શકે તેમ હતી એટલે ગુરુને આચાર્યપદ દેતાં બહુ બીક લાગી !

પણ ગુરુના મુખ ઉપરના એ ભયના ભાવ મુનિ કળી ગયા. ગુરુ પાસેથી હૈયામાં રમતી વાત જાણી લીધી. તરત આજીવન છ વિગઈઓનો અંને ફળો તથા સૂકા મેવાનો, ભક્તોના ઘરની ભિક્ષાનો મૂળથી ત્યાગ કરી લીધો.

ગુરુ ખુશખુશાલ બની ગયા. ભયનું લખલખું મટી ગયું. શિષ્યને આચાર્યપદનો વાસક્ષેપ કરતાં અંતરથી બોલી ઊઠ્યા, "વત્સ ! તું મહાબ્રહ્મચારી બનજે." હા. એમ જ થયું. એક રખાતના કાતિલ કામના હુમલામાંથી તે અક્ષતરૂપે બહાર નીકળી ગયા.

ગ્રન્થકારશ્રી કહે છે કે એવો ભયાનક ક્રોધ કે જેનાથી કોઈ જીવની [ચંડકોશીઆના પૂર્વભવીય તપસ્વી સાધુએ બાળમુનિની] હત્યા થઈ જાય તેવું ક્રૂર કાર્ય કરનારા સાધુનું જીવનભરનું 'સંયમ' સંપૂર્ણ હણાઈ જાય.

બીજાના દ્રવ્યપ્રાણનો નાશ કરનાર આત્માએ પોતાના ભાવપ્રાણોનો સમૂળગો નાશ કરી નાંખ્યો !

ભગવાનની જે આજ્ઞાઓ હોય તેની આરાધના કરવાને બદલે જે આત્માઓ વિરાધના કરે તેમનો સંસાર સુદીર્ઘ બની જાય.

એક સ્થળે કહ્યું છે કે, "હે ભગવન્ ! તારી અષ્ટપ્રકારી દ્રવ્યપૂજા કરવા કરતાં તો તારી આજ્ઞાઓનું પાલન એ જ મોટી વાત છે. જે આત્મા આજ્ઞાઓની આરાધના કરે તે મોક્ષ પામે અને જે તેની વિરાધના કરે તે સંસારમાં ભટકે.

ગૃહસ્થો તો 'બિચારા' કહેવાય. જેમને પરમાત્માની આજ્ઞાની સમજ ન હોય. એથી જેઓ 'બેફામ' પણે રાગ-દ્વેષની તીવ્ર પરિણતિનું જીવન જીવ્યા કરતા હોય.

શ્રમણો જે પ્રમાદદશાના સેવનથી ધ્રૂજી ઊઠતા હોય છે તે પ્રમાદ તેમનું સર્વસ્વ બનેલો હોય છે. પ્રમાદના નશામાં રહીને તેઓ ઉન્મત્ત બને છે : છાકટા બનીને પુષ્કળ કર્મબંધ કરે છે. એક જગાએ કહ્યું છે :

**पीत्वा मोहमयीं प्रमादमदिरां उन्मत्तीभूतं जगत् ।**

અહો, અહો, કેવો ઉપકાર થઈ ગયો છે; જિનશાસનનો... જેમાં પ્રવેશ થવાથી સમ્યક્ સમજણની પ્રાપ્તિ થઈ. વિષય-કષાયોની, રાગ-દ્વેષની પરિણતિનું ભાન થયું. તેની હેયતાનું ભાન થયું. તેનાથી અળગા થઈને માનવજીવનને સફળ બનાવી શકાયો.

શી રીતે વળતો હશે જિનશાસનનો ઉપકાર !

■ ■ ■

**अक्कोसणतज्जणताडणा अवमाणहीलणाओ अ ।**
**मुणिणो मुणियपरभवा दृढपहारिव्व विसंहति ॥ १३६ ॥**

**અર્થ :** જેમણે પરલોકને બરોબર લક્ષમાં લઈ લીધો છે તેવા મુનિઓ બીજાઓ તરફથી થતા આક્રોશ, તિરસ્કાર, મારપીટ, બધું પેલા દઢપ્રહારીની જેમ સહન કરે છે.

**વિવેચન :** દઢપ્રહારી અસલમાં તો દુર્ધર નામનો બ્રાહ્મણ હતો. પરન્તુ કમનસીબે તેણે બહારવટુ સ્વીકાર્યું. એના સાગ્રીતો સાથે એ જુદા જુદા ગામો ઉપર ત્રાટકતો. એ વખતે એનો ઘા એવો જોરદાર રહેતો કે એને લોકો દઢપ્રહારી કહેવા લાગ્યા.

એક વાર તેણે એક સાથે ચાર હત્યાઓ કરી. ગોહત્યા, બ્રહ્મહત્યા, ભ્રૂણહત્યા અને સ્ત્રીહત્યા.

પરન્તુ તે પછી એક બાળકને ખૂબ રડતું જોઈને તેને આઘાત લાગ્યો. તે જંગલભણી દોડ્યો. કાઉસગ્ગમાં રહેલા કોઈ મુનિને જોઈને તેમના પગમાં પડી ગયો. પોતે કરેલા અવળા ધંધાઓ બદલ પશ્ચાત્તાપથી રડવા લાગ્યો. મુનિએ

તેને પ્રતિબોધ કરીને ચારિત્ર આપ્યું. તે જ દિવસથી તે કાયોત્સર્ગમાં રહ્યો. જે દિવસે પોતાનું પાપ કોઈ યાદ કરાવે તે દિવસે ચોવીહાર ઉપવાસની પ્રતિજ્ઞા કરી. જે તે લોકો ત્યાં આવતા. તેને પથ્થરો મારતા અને તેણે કરેલી સ્વજનહત્યા અંગે મોટેથી આક્રોશ કરતા. આવું રોજ સાંભળવા મળતાં તે નિરંતર ચોવીહાર ઉપવાસ કરતો રહ્યો. છ માસ પસાર થયા. પુષ્કળ પત્થરો કે કાચના ટૂકડાઓનો માર ખાઈને ઘાયલ થતો; લોહીલુહાણ રહેતો. એ આત્માએ કોઈનો કશો પ્રતીકાર ન કર્યો. બલકે બધાની મારપીટ સહન કરી. આમ કરતાં તેને કૈવલ્યની પ્રાપ્તિ થઈ.

ગ્રન્થકાર કહે છે કે મુનિઓએ આ રીતે બીજાઓના આક્રોશ, ધિક્કાર, મારપીટ, અપમાનો અને તિરસ્કારોની ઝડીઓને સહવા જોઈએ.

જેમને પોતાનો પરભવ સદા નજરમાં રમતો હોય તેમના માટે આ બધું અશક્ય નથી.

સ્વેચ્છાએ સહન કરવું એ ધર્મ છે. ધર્મથી પુણ્યબંધ થઈને ઉત્તમ સદ્ગતિઓની પરંપરા પ્રાપ્ત થાય છે. આ વાતોની જેને ખબર છે તે મુનિઓ સહન કરવાની સ્પર્ધા કરે છે. ખૂબ સહન કરે છે. વધુ ને વધુ સહન કરે છે. દૃઢપ્રહારીની જેમ બધું સહે છે.

જો અજૈનોમાં પણ સહન કરવાની ઉગ્રતા જોવા મળે : મરણાન્ત કષ્ટ સહવાની તૈયારી જોવા મળે તો જૈન મુનિઓએ તો સહજ રીતે, સહર્ષ સહવું જોઈએ.

પેલો મુસલમાન મન્સૂર ! તેને એવી સમજ દૃઢ રીતે પ્રાપ્ત થઈ કે આત્મા દેહથી ભિન્ન છે અને પરમાત્મસ્વરૂપ છે. તેની ભાષામાં તે આ વાત બોલ્યા કરતો "અનલ હક્ક."

ઈસ્લામ ધર્મમાં ઈશ્વર માત્ર ખુદા છે. બીજો કોઈ પોતાને ઈશ્વરસ્વરૂપ કહી શકે નહિ. એટલે મૌલવીઓ ઉશ્કેરાયા. તેને તે શબ્દો પાછા ખેંચવા બહુ સમજાવ્યો પણ તે એકનો બે ન થયો. અંતે મૌલવીઓએ તેની બે આંખો ફોડી. તો ય તે એ જ વાત કરતો રહ્યો. ક્રમશઃ તેના શરીરના અંગો કપાતા ગયા. માત્ર છાતી-પેટ-માથું બાકી રહ્યા.

તે વખતે તે જોરથી બોલ્યો; "હવે તો નક્કી "અનલ હક્ક."

તમે મારા દેહને કાપ્યો છતાં મારા આત્માને કશું નથી થયું એ ઉપરથી નક્કી થઈ ગયું કે દેહથી આત્મા અલગ છે.

છેલ્લા ઝાટકે મન્સૂરના પ્રાણ નીકળી ગયા.

જૈનધર્મની કોઈ સમજણ વિનાનો મન્સૂર જો પુષ્કળ સહન કરી શકે તો જૈન સાધુઓએ-પરભવે થનારી દુર્ગતિઓની સંભાવનાઓને નજરમાં રાખીને- ખૂબ સહવું જોઈએ.

પેલા ખંધક મુનિ ! મોત લાવીને મૂકી દે તે રીતે મારાઓએ ચામડા ઉતરડી નાંખ્યા.

ગજસુકુમાલ મુનિના માથે અંગારાની પાઘ બંધાઈ... પરમસમતા સાથે અને સોમિલ સસરા સાથેની પૂર્ણ મૈત્રી સાથે એ મરણાન્ત દુઃખને સહી લીધું.

સ્કંદકસૂરિજીના ૫૦૦ શિષ્યોએ - એક બાળમુનિ સહિત - ઘાણીમાં પીલાવાનું સાતમી નારકથી પણ ભયાનક પીડા ભરેલું દુઃખ સમાધિથી સહી લીધું. એમણે જે કમાલ કરી તેથી વધુ કમાલ તો નિર્યામક શિરોમણિ તેમના ગુરુ સ્કંદ્રકસૂરિએ કરી; જેમણે મરણાન્ત કષ્ટ વચ્ચે ધર્મધ્યાન અને શુક્લધ્યાનમાં અમોઘ હિતવચનો કહીને રમતા કરી દીધા !

ત્રિશૂળ ઉપર ચડાવાયેલા અન્નિકા પુત્ર આચાર્ય ! લોહીની ધારા વહે અને માંસના લોચા ઊડે તે સ્થિતિમાં પરમ સમાધિ પામીને વીતરાગ બની ગયા !

પિતા-પુત્ર મુનિઓ - કીર્તિધર અને સુકોશલ મુનિ ! જીવતા જીવે ચાર પ્રહર સુધી વાઘણ તેમને ચાવતી રહી. રૂવાડે ય વેદનાનું ઊફ ન થયું.

ગ્રન્થકારશ્રી કહે છે કે આવી અપ્રતીમ સહનશક્તિ પેદા થવાનું કારણ કાં પરમલોક સાથે બંધાયેલી પ્રીતિ હોય એટલે ત્યાં પહોંચવાની તાલાવેલી હોય; અથવા પરલોકની દુર્ગતિઓના સંભવિત દુઃખોની ભયંકર ભીતિ હોય; જેની કલ્પનાથી ધ્રુજારીઓ છૂટી જતી હોય. જેનો જેવો આત્મવિકાસ ! જેની જેવી ઊંડી સમજ ! જેની જેવી દીર્ઘદષ્ટિ !

પરમલોક તરફ પ્રીતિ થવાનું કદાચ વધુ મુશ્કેલ હોઈ શકે કેમકે જીવને પરમલોકનો સાક્ષાત્કાર નથી. પરન્તુ પરલોકની દુર્ગતિઓ - કૂતરા, ભૂંડ, રોગિષ્ટ લોકો, ભિખારીઓ - તો આંખેઆંખ દેખે છે એટલે એનાથી ધ્રૂજી ઊઠવું એ જરા ય મુશ્કેલ નથી.

હાય ! હું ભૂંડ, કોળી, વાઘરી થઈશ તો ! સુખ તો ગુમાવીશ પણ મને વહાલું જિનશાસન ગુમાવી દઈશ. આ તો મને જરા ય પોસાય તેમ નથી.

પ્રત્યેક ધર્માત્માના અંતરમાં આવો ખળભળાટ હોય છે.

સુલસે બાપનો કસાઈ તરીકેનો ધંધો કરવાની - આ જ કારણે - સ્વજનોને સાફ ના પાડી હતી.

મગધપતિ શ્રેણિક - પોતાની નિશ્ચિત નારક જાણ્યા પછી - પ્રભુવીરના ચરણોમાં માથું મૂકીને ખૂબ રડતા. નારકમાંથી છુટકારો થાય તેવું કરવા જણાવતા.

ભલે ને સાક્ષાત્ નારકો ન દેખાતી હોય પણ જેણે આ બધી વાત કરી છે તેવા તારક તીર્થંકરદેવ પ્રત્યે જો અનન્ય શ્રદ્ધા હોય તો શ્રદ્ધાની આંખે નારકો દેખાય. અને દુષ્ટ કર્મ કરતાં અંગમાંથી ભયનું લખલખું પસાર થઈ જાય; નિંદ હરામ થાય; ખાતાં ગળે ડચૂરો થાય; અઢળક પુણ્યોદયના કાળમાં ય ચેન ન પડે.

જયારે શિક્ષકે આપેલું ઘરકામ બાળક ન કરે અને ક્રિકેટ જ રમ્યા કરે ત્યારે ઘરકામ નહિ કરનારને સો ઊઠબેઠની શિક્ષકે કરેલી સજાની સતત બીક રહ્યા કરે કે જો લેસન નહિ કરું તો આ ક્રિકેટ મને ઉગારી શકે તેમ નથી. આ રીતે સંસારી જીવ સંસાર ભોગવતી વખતે પણ આ વાતથી ધ્રૂજયા કરે કે ધર્મ નહિ કરવાના પરિણામે પરલોકે કેવા દુ:ખોનાં વાવાઝોડાં મારી ઉપર ત્રાટકશે ? મોત પછી મારું શું થશે.? મારો જન્મ ક્યાં થશે ? મને કમસેકમ જિનશાસન તો મળશે જ ને ?

કોઈ પણ ધર્માત્માના લમણામાં દાતરડાની જેમ એક સવાલ ઝીંકાયા કરે, "What next ? મોત પછીની દુનિયા મારી કેવી હશે ? મારું ત્યાં શું થશે ?"

રાજકુમાર ગોપીચંદની રાજમાતાને દીકરો આઠ રાણીઓ સાથેના કામસુખમાં ચકચૂર રહેતો હતો તેનું પારાવાર દુ:ખ હતું. તે વારંવાર રડતી હતી. આ વાતની એકવાર રાજકુમારને ખબર પડી. તેણે માને કારણ પૂછતાં માતાએ પેટછૂટ્ટી વાત કરી, "દીકરા ! તારો બાપ શરીરથી પહેલવાન હતો તો ય એક દી મસાણમાં જઈને સૂઈ ગયો ! હાય, તારું પરલોકે શું થશે ? કામસુખોના ભોગવટા પાછળ તું જીવન કેવું બરબાદ કરી રહ્યો છે ?"

રાજકુમારને ચાનક લાગી. તત્ક્ષણ ભગવા પહેરીને સંત ગોપીચંદ બની ગયા.

પરલોકના ભયવાળા તમામ આત્માઓ દુ:ખોનો સામનો ન કરે: પણ સ્વેચ્છાએ સહન કરે. દુ:ખોને પ્રેમથી સ્વીકારે.

મોતને લાવીને મૂકનારું ચામડા ઉતારવાનું દુ:ખ ધસી આવ્યું ત્યારે પણ ખંધકમુનિ પરમસમતામાં હતા. હસતા હતા. તેમણે અદ્ભુત રીતે મગજને

શાન્ત અને સ્વસ્થ રાખીને મારાઓને કહ્યું, "મારા વહાલા ભાઈઓ ! તમારા કાર્યમાં તમને જરા ય તકલીફ ન પડે તે માટે તમે જેમ કહો તે રીતે હું ઊભો રહું." [બાધા રખે તુમ હાથે થાયે, કહો તીમ રહીએ ભાયા રે.]

રમણ મહર્ષિને, આશ્રમમાંથી કશું નહિ મળવાથી ઉશ્કેરાયેલા ચોરે તેમની સાથળ ઉપર જોરથી સળીઓ માર્યો. સાથળેથી પુષ્કળ લોહી વહેવા લાગ્યું.

ખડખડાટ હસી પડતાં મહર્ષિએ ચોરને કહ્યું, "દોસ્ત ! એક સાથળ હજી બાકી છે. ઝીંકી દે ત્યાં સળીઓ. જો તેમ કરવાથી તને આનંદ થતો હોય તો મને પણ આનંદ થશે."

કેટલાક મહાત્માઓ સામે ચડીને દુઃખ વહોરતા હોય છે. એ માટે પોતાની ઉપર આળ ચડાવતા હોય છે.

કાઠિયાવાડના મૂળદાસ ભગતે કોઈ સગર્ભા બાઈને સાધીને તેને કહ્યું કે, "આખા ગામમાં તું એમ કહીને મારી ફજેતી કર કે તારા પેટના બાળકનો બાપ હું છું."

ભગતને સદાકાળ યશ-કીર્ત્તિ મળતા; સહજ પ્રેમ મળતો. વિદ્વત્તાની વાહવાહ થતી. આ બધા સન્માનથી તે ત્રાસી ગયા હતા. તેનું અજીર્ણ થવાનો તેમને ખૂબ ડર લાગ્યા કરતો. આ કારણે તેમણે વેશ્યા દ્વારા ત્રાગુ કર્યું હતું.

ગામના લોકો વેશ્યાની વાત સાંભળીને ભડકી ગયા. ભગતના મંદિરે ગયા. લાકડીએ લાકડીએ ખૂબ માર્યા. ભગતને જંગલમાં ધકેલી દીધા. ભગતને હાશકારો થયો. યશના અજીર્ણની સંભાવનામાંથી મુક્તિ મળ્યાનો આનંદ થયો. ભગતે જંગલને ઘર બનાવ્યું.

અરિહંત પરમાત્મા મહાવીરદેવે અનાર્ય દેશોમાં જઈને કેટલું બધું સહન કર્યું.

ફરી યાદ કરો તે શબ્દો, "સ્વેચ્છાએ અરિહંતની આજ્ઞા મુજબ સહવું તે જ ધર્મ, તે જ બેડો પાર કરે, મોક્ષ અપાવે." જેનાથી આ ન થઈ શકે તે આત્માઓએ દીર્ઘકાલીન સંસારપરિભ્રમણની તૈયારી રાખવી રહી.

જો કે સંસારી લોકોની અપેક્ષાએ જૈન મુનિઓ નાનું નાનું પણ ખૂબ સહતા હોય છે; અને તે બધું તદ્દન સહજ રીતે થાય છે. આમ તેમને કર્મક્ષયનો અપૂર્વ લાભ મળે છે પરન્તુ જો તેઓ પરલોક તરફ દૃષ્ટિ રાખીને, ત્યાંની દુર્ગતિઓના અતિ ભયાનક દુઃખોને નજરમાં રાખીને ગભરાઈ જાય; અથવા આ લોકમાં આવનારા રોગો, ઘડપણ અને મોતની વેદનાઓથી ડરી જાય તો ય તેઓ ખૂબ સહવાની તૈયારી કરી શકે.

હવે જેને એ વાતની પાકી ખબર પડી છે કે સંસારમાં જે કોઈ દુઃખ છે તે બધા કર્મજનિત છે. જો કર્મોને ખતમ કરાય તો જ દુઃખો દેખા ન દે. એટલે કર્મોનો ક્ષય કરી દેવા સાબદા રહેવું પડે. એમાં ય કર્મોને સ્થૂલ રીતે ખતમ કરવામાં અનશન (ઉપવાસાદિ) શ્રેષ્ઠ છે. પરન્તુ તેમાં ઘણાંબધા કર્મો ન ખપે. એ માટે સૂક્ષ્મ - અભ્યન્તર તપ કરવો પડે. એમાં ક્ષણે ક્ષણે અનન્તા કર્મોનો ક્ષય થયા કરે.

જો કોઈ સાધુને ઉત્તમ સાધુ તરીકેનું જીવન જીવવું હોય તો તેણે વધુમાં વધુ ઉપવાસાદિ બાહ્યતપ કરવા જોઈએ. એની સાથે રાત્રિના સમયમાં વધુમાં વધુ સમય અપ્રમત્તભાવના કાયોત્સર્ગમાં રહેવું જોઈએ. અને દિવસના સમયમાં યથાશક્ય વધુ સ્વાધ્યાય કરવો જોઈએ.

હા... બધે જિનાજ્ઞાઓનું પાલન તો ખરું જ. અને દોષ સેવાય તેનું શુદ્ધ પ્રાયશ્ચિત્ત પણ ખરું.

સાધુ થનારા આત્માનું સાચું સાધુપણું આમાં સંપૂર્ણ આવી જાય છે. હવે બાકીનું કાંઈ પણ તે ન કરે તો ય એક વાર ચાલે.

વર્તમાનમાં સાધુઓને ઉત્સવાદિ કરાવવાની, મંદિરો કે તીર્થો બનાવવાના, સંઘ વગેરે કાઢવાના અરમાનો જાગે છે અને ભારે યત્ન બાદ તે બધું ગૃહસ્થો પાસે કરાવે છે પણ આ બધું સાધુત્વનું અંગ નથી. વળી આ બાહ્ય પ્રવૃત્તિઓમાં અહંકાર, યશ-કીર્તિની લાલસા, દેહાધ્યાસ, સુખશીલતા, વિગઈઓનું અને દવાઓનું સેવન, ભકતાણીઓના ટોળાનું સંવર્ધન થવાના ઘણા બધા દોષોનું નિર્માણ થવાની પૂરી શકયતા રહે છે. એકદમ સાવધ રહીને સાવ અન્તર્મુખ રહેનારા પુણ્યાત્માઓ તો કેટલા મળે ?

વળી સાધુત્વની મર્યાદામાં આ બધું આવતું ન હોવાથી શા માટે એ તરફ થઈને દોષબહુલ જીવન જીવીને જિંદગી બરબાદ કરવી ? આ માનવભવ અને આ મુનિજીવન માંડ તો હાથમાં આવ્યું છે.

જ્ઞાનીઓએ સાધુજીવનમાં વાણિયાબુદ્ધિ રાખવાની કહી છે. એટલે કે થોડુંક નુકસાન વેઠીને મોટો દલ્લો સાધી લેવાનો. આ ન્યાયથી જો થોડુંક - ૪, ૮, ૧૨ કે ૨૪ વગેરે કલાકનું દુઃખ - થોડુંક સખત પણ—સહી લેવાય અને તેથી જો મોક્ષ પ્રાપ્ત થતો હોય - જે મોક્ષ અનંતકાળે મળ્યો નથી તે આટલામાં મળી જાય તો શા માટે થોડાક સમયનું દુઃખ વેઠી ન લેવું ?

આમ વિચારીએ તો ભલે મરણાન્ત દુઃખ આવી પડ્યું હતું પણ તે

ગજસુકુમાલ, ખંધક મુનિ વગેરેને કેટલા સમયનું હતું ? આવા થોડાક સમયમાં મોક્ષ મેળવી લેવાય એ કેવી મોટી ચતુરાઈ કહેવાય !

■ ■ ■

**अहमाहओत्ति न य पडिहणंति सत्ता वि न य पडिसवंति ।**
**मारिज्जंता वि जइ सहंति सहस्समल्लुव्व ॥ १३७ ॥**

**અર્થ :** પેલાએ મને માર્યો છે એટલે મુનિઓ તેને સામો મારતા નથી. જેઓ શાપ આપી ચૂક્યા છે તેમને તેઓ શાપ આપતા નથી. મુનિઓને માર મારે તો ય તે મારને તેઓ સહે છે. (પણ પ્રતીકાર કરતા નથી.)

પેલા સહસ્ત્રમલ્લ મુનિની જેમ.

**વિવેચનઃ** ગ્રન્થકારશ્રી કહે છે કે જો સાધુએ ઝટપટ મોક્ષ પામવો હોય તો તેણે બધાને સત્કારવા પણ પડકારવા નહિ. દરેકને પ્રેમ દેવો પણ તિરસ્કાર તો નહિ જ.

પરમાત્મા મહાવીરદેવે પોતાના સાધનાકાળમાં મૌન રહીને પણ એક અદ્‌ભુત સંદેશ સહુને આપ્યો છે.

"સંકટોનો સ્વીકાર કરો. સામનો કદાપિ નહિ."

આથી જ અંગરક્ષક રાખવાની ઇન્દ્રની આગ્રહભરી વિનંતિને એક ધડાકે ઠુકરાવી દીધી. અને ઇન્દ્રને સાફ કહી દીધું કે, "આવી વાત કદી માન્ય થઈ શકે તેમ નથી. ઇન્દ્ર ! તું ચાલ્યો જા. ભલે મરણાન્ત કષ્ટો મારી ઉપર ત્રાટકે; તેથી મારા અનન્ત કર્મોનો ક્ષય કરવાનો મને લાભ થશે."

બિચારો ઇન્દ્ર વીલે મોંએ રવાના થઈ ગયો.

મુનિજીવન એટલે અપ્રતીકારનું જીવન.

ઉપસર્ગોના સ્વીકારનું જીવન.

આમાં જેટલી કચાશ રહે તેટલું મુનિત્વ નબળું પડ્યું કહેવાય.

વર્તમાનકાળમાં શરીરના રોગો જાગી પડે ત્યારે, ગુરુના કે સહવર્તીઓના કઠોર શબ્દોનો હુમલો થઈ જાય. આ બે જ વાતો આફતરૂપ રહી છે. બાકી તો કોઈ મારતું નથી; અને શાપ દેતું નથી કે ગાળો પણ દેતું નથી.

પણ આ વધુ પડતી અનુકૂળતાઓ મળી છે એટલે જ મુનિજીવનમાં શૈથિલ્ય વ્યાપક થયું છે.

કહ્યું છે કે : પ્રતિકૂળતાઓની વચ્ચે આત્માની શક્તિઓ બહાર આવે.

અનુકૂળતાઓની વચ્ચે આત્મામાં પડેલી જન્મ-જન્માંતરની નબળી કડીઓ (દોષો) બહાર આવે.

મુનિ-જીવન એટલે પ્રતિકૂળતામય જીવન.

જેને સંસારનું અનુકૂળતામય જીવન કર્મક્ષય માટે બાધક લાગ્યું તેણે પ્રતિકૂળતાઓને સામે ચડીને - સાધુ થઈને - વધાવી લીધી. હવે પ્રતિકૂળતાઓનો સંગમ થતાં રાડારાડ શી રીતે કરાય ? આમ થાય તો ફરી અનુકૂળતા - ભરપૂર સંસારમાં પાછા જવું પડે. જ્યાં ચિક્કાર કર્મબંધ થાય. જેથી દુર્ગતિઓની પરંપરા શરૂ થાય.

ગ્રન્થકારશ્રી કહે છે કે જેમ મુનિ સહસ્રમલ્લે પોતાની ઉપરના આક્રમણ સામે પ્રતીકાર કર્યો ન હતો તેમ સાધુએ કરવું જોઈએ.

આ આત્માએ ગૃહસ્થજીવનમાં કાલસેનને હરાવીને પોતાનો સેવક બનાવ્યો હતો. દીક્ષા લીધા બાદ તે કાલસેને તેને હણવાની તક શોધી. જ્યારે સહસ્રમલ્લ મુનિ ધ્યાનસ્થ હતા ત્યારે તેણે તેમને લાકડીઓ, પત્થરો, મુક્કીઓ મારવા વડે એટલો બધો ત્રાસ આપ્યો કે હદ નહિ. પણ મુનિએ લેશમાત્ર પ્રતીકાર કર્યો નહિ. અતિશય વેદનામાં જ પૂર્ણ સમાધિપૂર્વક તેમણે પ્રાણ ત્યાગ્યા. તે સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયા.

'અપ્રતીકાર' એ મુનિજીવનને ધન્ય બનાવવા માટેની ગુરુચાવી છે. પરમાત્મા મહાવીરદેવ ઉપર ઘણા બધા ધસી આવ્યા. ત્રાટક્યા... ગોશાલક, ચંડકૌશિક, શૂલપાણિ, ગોવાળીઆ, જંગલી લોકો, અનાર્ય લોકો, સંગમક વગેરે... પ્રભુએ કોઈનો ય પ્રતીકાર ન કર્યો. જરાક પણ વિચલિત ન થયા. જે કાળચક્રને સંગમે ઘુમાવીને તીવ્ર વેગથી પ્રભુ તરફ ઝીંક્યું તે કાળચક્ર જો તે જ રીતે મેરુપર્વતની ચાલીસ યોજનની અખંડ શિલા ઉપર ઝીંક્યું હોત તો તે પાઉડરના રૂપમાં ફરી ગઈ હોત.

આવા કાળચક્રનો મસ્તક ઉપર હડદો લાગતાં પ્રભુ માત્ર થોડાક જમીનમાં સોંસરા ઊતરી ગયા. પણ તરત જ પોતાના દેહને આંચકો દઈને બહાર નીકળીને સ્વસ્થ ઊભા રહી ગયા.

એક વાત કરી દઉં કે અપ્રતીકાર એ દુ:ખનો અપ્રતીકાર છે. બાકી દોષનો તો સજ્જડ પ્રતીકાર કરવાનો છે. એમની ઉપર જરાક પણ દયા દાખવ્યા વગર ભૂખ્યા વાઘની જેમ દોષો ઉપર ત્રાટકવું જોઈએ. દોષનું સેવન થાય કે તરત બહુ મોટી - કડક - સજા દેહને આપવી જોઈએ. દેવાધિદેવ કહે

છે કે મારા તમામ ઉપદેશોનો સાર આટલો જ છે કે દુ:ખનો સ્વીકાર કરો અને દોષોનો સામનો કરો.

■ ■ ■

दुज्जणमुहकोदंडा वयणसरा पुव्वकम्मनिम्माया ।
साहूण ते न लग्गा खंतिफलयंवहंताणं ॥१३८॥

**અર્થ :** દુર્જનનું મુખ એ બાણ છે.

એમાંથી કુવચનરૂપી તીરો છૂટે છે. આ પૂર્વે બાંધેલા અશુભકર્મોનું પરિણામ છે. પણ સાધુઓને તે તીર ભોંકાયું નથી. કેમકે સાધુઓ ક્ષમાની ઢાલ વહે છે.

**વિવેચન :** દુર્જન માણસ એટલે ગમે તેમ બકનારો : બફાટ કરનારો : ઢંગધડા વિનાનું બોલનારો : એકદમ આક્રમકતા દાખવનારો.

તેને બોલવાનું ભાન ન હોય. પરન્તુ સાધુ તેનાથી હચમચી ન ઊઠે. આંખની પાંપણમાં ય ક્રોધની લાલી ન આવવા દે. એ સંપૂર્ણ ક્ષમા રાખે : હસતા રહે .: જરા ય પ્રતીકાર ન કરે કે ઉત્તર ન આપે. ખુલાસો ન કરે.

આવું કરવાનું કારણ એ છે કે તેઓ જાણે છે કે આ જે કાંઈ બની રહ્યું છે તે મારા પૂર્વભવના અશુભ કર્મોના ઉદયથી બની રહ્યું છે. તે વિના જગત્નો કોઈ પણ દુર્જન મારી ઉપર દ્વેષ શા માટે કરે ? ત્રાટકે શા માટે ?

આવા વખતે જે આત્મા દુર્જનની ઉપર વળતો હુમલો કરે તે ભારેકર્મી જીવ કહેવાય.

જે આત્મા તેવું કાંઈ ન કરતાં પોતાનો જ કર્મદોષ જુએ તે લઘુકર્મી જીવ કહેવાય.

જે આત્મા કર્મદોષ પણ ન જોતાં એ કર્મો જેમાંથી બંધાયા તે રાગ-દ્વેષની પોતે સેવેલી પરિણતિઓને નજરમાં લાવે તે બે ત્રણ ભવમાં કૈવલ્ય પામનારો મહાત્મા કહેવાય.

પોતાને લાકડી વાગતાં કૂતરો ઉશ્કેરાઈ જઈને તે લાકડી ઉપર ગુસ્સો કરીને તેને બચકાં ભરે છે.

પણ તેવા વખતે સિંહ તે લાકડી કોણે મારી ? તેની તરફ લાલ આંખ કરીને છલાંગ મારે છે.

પરન્તુ જો કોઈ સંત પુરુષને કોઈએ લાકડી મારી હોય તો તે મારનાર

વ્યક્તિને નહિ જોતાં તે મારનારના અંતરમાં પડેલી કષાયની પરિણતિને જોઈને વિચારે છે કે કોઈ ખરાબ નથી, લાકડી નહિ અને મારનારો માણસ પણ નહિ. ખરાબ છે; આ ક્રોધની પરિણતિ.

પહેલો છે; દુર્જન.

બીજો છે; સજ્જન.

ત્રીજો છે; સંત.

દરેક વાતે કર્મસ્થિતિનો દોષ કાઢવો અથવા આગળ વધીને દોષોની પરિણતિનો દોષ કાઢવો. જેથી તેવા દોષો અને તેવા કર્મોનો નાશ કરવા તરફ લક્ષ રહ્યા કરે; પણ કદી વ્યક્તિ ઉપર દ્વેષ થાય નહિ.

મુનિઓ પોતાની ઉપર ત્રાસ ગુજારનારને સદા માટે માફી આપતા આવ્યા છે.

આ માફી આપવી એ બહુ મોટી આંતરશક્તિ વિકસ્યા વિના સંભવિત નથી.

ગુનેગારને લાફો મારી દેવો એ કોઈ મોટી વીરતા નથી. વીરતા તો તે છે જેમાં ગુનેગારને ક્ષમા આપી દેવાય. આ કામ અત્યન્ત અઘરું છે.

જે ક્ષમા ધારણ કરી શકે તે વીરપુરુષ કહેવાય.

તે જ વીર કહેવાય જે ક્ષમા ધારણ કરી શકે.

દુનિયામાં એમ કહેવાય છે કે જે મારે તે વીર છે. જે ન મારે તે નમાલો છે. પણ આ વાત બરોબર નથી. મારવાના સ્થાને જો કોઈ વ્યક્તિ ક્ષમા ધારણ કરે : અપ્રતીકારની સ્થિતિ જાળવે તો તે ક્ષણે બહુ મોટો એકદમ સુંદર ઈતિહાસ સર્જાતો હોય છે.

પડકારવાની પ્રચંડ શક્તિ હોવા છતાં સાવ શાન્ત રહેવું એ કાંઈ નાનીસૂની વાત નથી.

પેલા અધમાધમ સંગમદેવે પરમાત્માને છ માસ સુધી અતિશય ત્રાસ આપ્યો. પણ પરમાત્માએ ક્યારેય પણ તેનો પ્રતીકાર ન કર્યો ત્યારે શાસ્ત્રકારોને લખવું પડ્યું કે, "હે દેવાધિદેવ ! એ પાપીને મૂઠીમાં મસળી નાંખવાની આપનામાં તાકાત હતી છતાં આપે કેવી અજબગજબની ક્ષમા ધારણ કરી !

અંગૂઠાનો સ્પર્શમાત્ર કરીને મેરુને કંપાવી દેનારા આપે સંગમને આરામથી વિદાય થવા દીધો : આંગળી પણ ન અડાડી.

પોતાનો અશુભકર્મોદય જ જે મહાત્માને કોઈ પણ પ્રસંગમાં દેખાય એટલે નિમિત્ત બનનાર વ્યક્તિ ઉપર તેને જરા ય દ્વેષ ન આવે..

દરેક વાતે અશુભકર્મોદયને વિચારવો રહ્યો.

'ધી પાવર વિધીન' નામના અંગ્રેજી પુસ્તકના લેખક એલેકઝાંડર કેનોન કે જેઓ એક સમયે અત્યન્ત નાસ્તિક હતા તે જ્યારે વશીકરણ વિદ્યા તરફ વળ્યા અને તેમણે ૧૩૮૩ જીવાત્માઓ ઉપર વશીકરણ કર્યું ત્યારે તે ભારત-દેશની કર્મ-થીઅરી ઉપર આફ્રીન પોકારી ગયા. જે જીવાત્માઓને જે બાબતોની તકલીફ હતી તેનું મૂળ તેમણે તેમના પૂર્વજન્મોની બનેલી ઘટનાઓમાંથી શોધી કાઢ્યું.

દા. ત. કોઈને પાણીની બહુ બીક લાગતી હતી. તેમણે તેની ઉપર વશીકરણ કર્યું. અમુક વખતે તે જીવાત્મા બોલ્યો, "અરે ! અરે ! મને મારો માલિક કેડે પથ્થર બાંધીને પાણીમાં ડુબાડી રહ્યો છે. હું ખૂબ ગૂંગળાઉં છું."

આ ઉપરથી કેનોને તે આત્માને કહ્યું કે, પાણીની બીક લાગવાનું કારણ પૂર્વભવમાં ઘટેલી આ બાબત છે.

તે કહે છે કે વર્તમાનકાળની એવી કોઈ બાબત નથી જેનું મૂળ જો આ ભવમાં પડ્યું ન હોય તો પૂર્વભવમાં તો પડેલું જ હોય. ધન્ય છે તે ભારતદેશના ઋષિઓને જેમણે આત્મા, કર્મ, પૂર્વજન્મ વગેરે બાબતો ધ્યાનબળથી જાણીને જગત્‌ની સમક્ષ મૂકી છે. આ વિષયમાં પશ્ચિમના લોકો અત્યન્ત પછાત છે.

જૈન દર્શનને પામેલો કોઈ પણ આત્મા દુઃખના પ્રસંગોમાં પૂર્વભવમાં પોતે જ બાંધેલા અશુભ કર્મોનું ફળ અત્યારે ભોગવી રહ્યો છે એવું દઢતાથી માનીને કોઈને પણ દોષ દેતો નથી; અને ભારે સમતાપૂર્વક સહી લે છે. આ વિચારણાના સથવારે તે મોત લાવી દેતા દુશ્મન ઉપર પણ જરા ય દ્વેષ કરતો નથી.

મેં પૂર્વે આગળ વધીને બીજી પણ વાત કરી કે કર્મોનો ય શું દોષ છે ? જે રાગદ્વેષની પરિણતિથી કર્મનો બંધ થયો તે પરિણતિઓ જ દુષ્ટ છે. આ પરિણતિનો ભોગ જો જીવ ન બને તો તેને કર્મબંધ થાય નહિ. એટલે અનિષ્ટ ઘટના ત્રાટકે નહિ.

સિનોરના નદીકિનારે છગનનું ખૂન લાલાએ કર્યું. તે વખતે કોર્ટના જજ ત્યાં ફરવા નીકળ્યા હતા એટલે તેમણે ખુની લાલાને ધારી ધારીને જોઈ લીધો. જેથી વળતે દી પોતાની પાસે કેસ આવે ત્યારે તરત આરોપીને સજા ફટકારી શકાય.

પણ ન્યાયાધીશની સામે પોલીસે ખૂની તરીકે ભળતા માણસને ખડો કરી દીધો. ન્યાયાધીશને સ્પષ્ટ જણાયું કે સાચા ખૂનીને - લાંચ ખાઈને - પોલીસે છટકાવી દીધો છે.

પીંજરામાં ઊભા કરાયેલા આરોપીને ન્યાયાધીશ ચેંબરમાં લઈ ગયા. સાચી વાત કરવા જણાવ્યું.

પેલાએ કહ્યું, "મેં ખૂન કર્યું જ નથી. પણ મારી પાસે આ કબૂલાત લેખિત રીતે કરાવવા માટે આખી રાત પોલીસે મને ઢોરની જેમ માર્યો છે. હવે વધુ સહન કરવાની તાકાત ન રહી એટલે કબૂલાત કરી લીધી છે. આપને જે સજા કરવી હોય તે કરો."

જજ ધાર્મિક વૃત્તિના માણસ હતા એટલે તેમણે વિચાર્યું કે ખોટું કામ કર્યું ન હોય તો સજા થાય જ નહિ. આ માણસને મારે શી રીતે સજા કરવી ?

પછી તેમને એકાએક એક વિચાર આવ્યો. તેમણે આરોપીને પૂછ્યું, "ભલે તેં આ વખતે ખૂનનો ગુનો નથી આચર્યો, પણ પૂર્વે તેં કોઈનું ખૂન કરેલું ખરું ? જેમાં તું ગમે તે રીતે છટકી ગયો હોય ?"

"હા. સાહેબ. મેં બે ખૂન કર્યાં છે. બે ય વાર હું છટક્યો છું."

તરત જ જજે જન્મટીપની સજા કરી. પૂર્વે કરેલા બે ગુનાનું ફળ આરોપીને હવે મળી ગયું.

આ વાત સ્પષ્ટ કહે છે કે તમે કર્મના સકંજામાંથી છૂટી શકો તેમ નથી. હા... કર્મબંધ કર્યા પછી તેના અબાધાકાળ [શાન્તિકાળ]માં જો ધર્મની પ્રતિક્રિયા કરો અને તે ચોંટેલા કર્મસ્કન્ધોને પુનઃ આકાશમાં પાછા વાળી દો તો જુદી વાત. પછી કર્મોની સંભવિત સજા થતી નથી.

એટલે હવે બે કામ કરવા જોઈએ. જે કર્મો હજી ઉદયભાવને પામ્યા નથી તેમને ઉગ્ર તપરૂપી શૌર્યથી ખતમ કરી નાંખો.

જે કર્મો ઉદયમાં આવી ગયા છે તેમને સમાધિ રાખીને સહન કરી લો. એ વખતે હાયવોયનું આર્ત્તધ્યાન કરવું નહિ.

કર્મોના તત્વજ્ઞાનને ઊંડાણથી જાણવામાં આવે તો આત્માને જીવન જીવવાની કલા આવડી જાય. પછી તે સુખે લીન ન થાય અને દુઃખ આવ્યે દીન ન થાય. બે ય સ્થિતિને અનાસક્તિ અને સમાધિભાવથી સહી લે. આમ થતાં જૂના કર્મો સાફ થાય અને નવાનો બંધ ન થાય.

■ ■ ■

**पत्थरेणाहओ कीवो पत्थरं डक्कुमिच्छइ ।**
**मिगारिओ सरं पप्प सरुप्पत्तिं विमग्गइ ॥ १३९ ॥**

**तह पुव्विं किं न कयं न बाहए जेण मे समत्थो वि ।**
**इण्हिं किं कस्स व कुप्पिमुत्ति धीरा अणुप्पिच्छा ॥ १४० ॥**

**અર્થ :** (જે અવિવેકી છે તેને જ ક્રોધ આવવાનો સંભવ છે.)

પથ્થરથી હણાયેલો કૂતરો પથ્થરને બચકાં ભરવા ઇચ્છે છે ત્યારે સિંહ બાણને પામી (બાણ નહિ પણ) બાણની ઉત્પત્તિ (બાણનો ફેંકનાર) તરફ દૃષ્ટિ લઈ જાય છે.

(મુનિ વિચારે છે કે) મેં પૂર્વજન્મમાં સારું કર્મ કર્યું હોત તો મારો પુણ્યોદય હોત. તેથી સમર્થ માણસ પણ મને પીડા આપી શકત નહિ. એટલે સારું કર્મ ન કરવા રૂપ આ મારો જ દોષ છે. તો હવે અત્યારે શા માટે (નિષ્કારણ) કોના ઉપર ગુસ્સો કરું ?

આ પ્રમાણે વિચારીને ધીરતાવાળા મહાત્માઓ સામી વ્યક્તિ ઉપર વિહ્વળ ન બને.

**વિવેચન :** અહીં ગ્રન્થકારશ્રીએ જે વાત કરી કે જો જીવ પાસે પુણ્ય હોય તો તેના ઉદયકાળમાં ગમે તેવા સમર્થની પણ તેને પરેશાન કરવાની શક્તિ હોતી નથી. આનો અર્થ એ થયો કે પુણ્ય વિના બધું નકામું છે..

જે ચન્દ્રહાસ ખડ્ગ પ્રાપ્ત કરવા માટે શમ્બૂક (રાવણનો ભાણેજ)ને બાર વર્ષ અને સાત દિવસની ઉગ્ર અને કઠોર સાધના કરવાની હતી તે ચન્દ્રહાસ ખડ્ગ આકાશે કૂદકો મારીને લક્ષ્મણે હાથવગું કરી લીધું ! એ જ ખડ્ગથી શંબૂકનું માથું કપાઈ ગયું !

પાણિની બ્રાહ્મણે વરદાન મેળવીને પાણિની વ્યાકરણ રચ્યું. પણ આ વરદાન મેળવવામાં તેને ૨૪ વર્ષની અતિઘોર સાધના કરવી પડી. અને હેમચન્દ્રાચાર્યજી- ને ઊંઘમાં જ મા સરસ્વતીએ આશીર્વાદ દઈ દીધા : સિદ્ધહૈમવ્યાકરણની રચના થઈ ગઈ !

એક જ મહિનાના બાળકુંવર દશરથને માથે અયોધ્યાપતિ તરીકેનો રાજ્યાભિષેક થઈ ગયો.

પુણ્યની અજબગજબની બલિહારી હોય છે.

મહારાણા પ્રતાપનું જે સમયે પુણ્ય પરવાર્યું તે સમયે તેમને પહાડોમાં સંતાવવું પડ્યું, સદા નાસતા-ફરતા રહેવું પડ્યું. એક દી તો એવો આવ્યો કે દીકરીને પીવા માટે અપાયેલા બનાવટી દૂધ ઉપર બિલાડીએ તરાપ મારીને ઝૂંટવી લીધું ! તે વખતે તો પહાડ જેવો મજબૂત પ્રતાપ હચમચી ઊઠ્યો.

તેણે અકબરની શરણાગતિ સ્વીકારતો પત્ર લખી નાંખ્યો.

અબજોપતિ ફોર્ડે ભૂલ કરી. લોખંડી તિજોરીમાં ધનના ઢગલા ગણવા બેઠો પણ બારણું ઓટોમેટીક હોવાથી આપમેળે બંધ થઈ ગયું. ફોર્ડની બૂમો બહાર ન સંભળાઈ. ભયંકર તરસમાં મોત થયું. તેના છેલ્લા શબ્દો કાગળ ઉપર લખાયેલા હતાઃ જો મને કોઈ અડધો ગ્લાસ પાણી આપે તો તેને મારી સંપત્તિનો અડધો ભાગ આપી દઉં.

મોગલોનો સુવર્ણયુગ જ્યારે આથમ્યો અને છેલ્લા બાદશાહોની હાલત સાવ કફોડી થઈ ત્યારે તે જોઈને કવિએ ગાયું :

**સગા દીઠાં મેં શાહ આલમના ભીખ માંગતાં શેરીએ.**

પુણ્ય હોય તો વાળ પણ વાંકો ન થાય અન્યથા આખું ડોકું કપાઈ જાય.

એક જગાએ કહ્યું છે :

**જીતને તારે ગગનમેં ઊતને શત્રુ હોય.**

**કૃપા ભયી રઘુવીર (પુણ્ય) કી બાલ ન બાંકો હોય.**

શત્રુઓ ઘોડા ઉપર ધમધમાટ બાબરને જબ્બે કરવા ધસી આવતા હતા. તીર ઉપર તીર ઝીંકતા હતા. એ વખતે બાબરે કમર ઉપર એક માસના દીકરા હુમાયુને બાંધ્યો હતો.

પણ કેવી કમાલ થઈ ! બાબરની પીઠ તીરોના ઘાથી ચાળણીની જેમ વીંધાઈ ગઈ પરન્તુ હુમાયુને એક પણ તીર વાગ્યું નહિ !

જ્ઞાનીઓની એવી દઢ સમજ છે કે પુણ્ય વિના બધું નિષ્ફળ છે. ગમે તેટલો પુરુષાર્થ કરાય પણ જો પુણ્યનો સાથ ન મળે તો પુરુષાર્થ નિષ્ફળ જાય. હા. ગમે તેટલો ધર્મ કરે તો ય કદાચ પુરુષાર્થ નિષ્ફળ જાય; કેમકે જે ધર્મ થયો તેનાથી જે પુણ્યકર્મ બંધાયું તે તરત જ ઉદયમાં આવી જાય તો તો બહુ સરસ થાય પણ જો એ ઉગ્ર પુણ્ય ન હોય; તેથી તે તરત ઉદયવર્તી ન બને તો મુસીબત થાય ખરી.

જગતના અજ્ઞાની જીવો પુરુષાર્થથી સફળતા મળે તેવું માનીને સખત પુરુષાર્થ કરે છે. આ વાત ખોટી પણ નથી. કિન્તુ જો તેઓ જોરદાર પરમાત્મભક્તિ કરીને પુણ્ય કમાઈ લે તો બહુ મોટી સફળતા પ્રાપ્ત થઈ જાય.

આ કારણે ગરીબ લોકોએ ધનવાન બનવા માટે પુણ્યવાન બનવું જોઈએ. માટે ધર્મવાન્ - ભક્તિમાન બનવું જોઈએ.

પુણ્ય વિનાના ગરીબોને કોઈ ધન આપે તો ધન ચોરાઈ જાય અથવા

ધન ખોવાઈ પણ જાય; અથવા રોગો જાગી પડતાં ધન સાફ પણ થઈ જાય. ધનના કારણે ખૂન પણ થઈ જાય.

એટલે જ પહેલાં ધર્મવાન્ બનીને પુણ્યવાન્ બનવું જોઈએ.

ફરી કહું છું, "પુણ્ય વિના બધું નકામું છે."

પેલો ચક્રવર્તી બ્રહ્મદત્ત ! ચક્રવર્તી તરીકેના ઉત્કૃષ્ટ વિલાસોનો ભોક્તા ! પણ જેવું તે પુણ્ય પરવાર્યું કે તરત એક નાચીઝ બ્રાહ્મણે તેની બે આંખો ફોડાવી નાંખી. બાકીના જીવનના સોળ વર્ષ તેણે બ્રાહ્મણ કોમ પ્રત્યેના ક્રોધના તીવ્ર રૌદ્રધ્યાનમાં પસાર કર્યા. રોજ સેંકડો બ્રાહ્મણોને અંધ કરવાનો આદેશ અપાતો રહ્યો. આ બધા કર્મોના પરિણામે સાતમી નારક ભેગો થયો.

બીજો ચક્રવર્તી સુભૂમ ! હજારો સેવકો તેની પાલખીને ઊંચકીને આકાશ-માર્ગેથી સમુદ્ર ઉપરથી પસાર થતા હતા. એકને વિચાર આવ્યો કે, "હું એકલો પાલખીને ટેકો છોડી દઉં તેમાં કોઈ વાંધો આવવાનો નથી."

પણ પુણ્ય પરવાર્યું હતું એટલે એક સાથે તમામને આ વિચાર આવ્યો. પાલખી દરિયાના અગાધ પાણીમાં ખાબકી. ડૂબી મરીને સુભૂમ સાતમી નારકે ગયો.

જો કે પુણ્યના બે પ્રકાર છે. (૧) પુણ્યાનુબંધી પુણ્ય (૨) પાપાનુબંધી પુણ્ય.

પુણ્યબંધ સુખી બનાવે પણ પુણ્યાનુબંધ સારો (ગુણી) બનાવે. પાપાનુબંધ ખરાબ (દોષયુક્ત) બનાવે.

પુણ્યબંધ જો પાપાનુબંધવાળો હોય તો બીજાઓથી યશ મળે પણ પોતે દોષોથી ઘેરાઈ જાય.

દા.ત. ક્રોડપતિ શ્રીમંત પણ અત્યન્ત ક્રોધી અથવા કામી.

પુણ્યબંધ સાથે પુણ્યાનુબંધ જ જોડાયેલો હોવો જોઈએ. તેમાં લોકોમાં યશ, પોતાને સુખ વગેરે મળે તેની સાથે પોતાનું જીવન એકદમ ગુણિયલ હોય.

ક્રોડપતિ પણ સંસાર ત્યાગીને દીક્ષા લેનાર અથવા દાનેશ્વરી.

અહીં જે પુણ્યની જરૂર કહેવાઈ છે તે પુણ્યાનુબંધી પુણ્યની જરૂર સમજવી.

કોઈ પણ દુઃખ આવે ત્યારે પોતાના જ પૂર્વભવીય અશુભકર્મોને કારણભૂત બનાવીને કોઈ પણ વ્યક્તિ ઉપર દ્વેષ નહિ કરવો. એ રીતે જો આ ભવમાં ઠીક ઠીક ભોગસુખ મળે તો તેમાં અજીર્ણ ન થાય તે માટે પૂર્વભવના પુણ્યકર્મની બલિહારી સમજવી. એ પુણ્યકર્મ ધર્મ કરવાથી મળ્યું છે તેમ માનીને વર્તમાન ભોગસુખોમાં અધર્મનું સેવન નહિ કરવું.

કર્મ-તત્વનું ચિંતન જીવને દુઃખમાં દીન બનવા દેતું નથી. સુખમાં લીન થવા દેતું નથી. બધી અવસ્થામાં સમતા ધારણ કરાવે છે.

■ ■ ■

**अणुराएण जइस्स वि सियायपत्तं पिया धरावेइ ।**
**तहवि य खंदकुमारो न बंधुपासेहिं पडिबद्धो ॥ १४१ ॥**

**અર્થ** : દીકરા પ્રત્યેના સ્નેહથી તે સાધુ થયા છતાં તેમના માથે પિતા સેવક પાસે છત્ર ધારણ કરાવે છે. પણ તે સ્કંદકમુનિ સ્વજનોના આવા સ્નેહપાશથી બંધાયા નહિ.

**વિવેચન** : સ્કંદક એ રાજકુમાર હતો. સંસારથી વિરક્ત થઈને તેણે વિજયસેનસૂરિ પાસે દીક્ષા લીધી. પિતાને આ મુનિ-પુત્ર ઉપર અતિ મોહ હતો. તેણે મુનિની સાથે એક છત્રધર સેવક રાખ્યો. વળી કેટલાક સેવકો રાખ્યા જે મુનિના વિહારના માર્ગમાં આવતાં કાંટા, પથ્થરા વગેરે દૂર કરતા રહેતા. પણ જયારથી મુનિ ઉગ્રવિહાર કરવા લાગ્યા ત્યારથી તે સેવકોએ તેમને છોડી દીધા.

એક વાર તે સંસારી બહેનના નગરમાં પ્રવેશ્યા. બનેવી રાજાની સાથે ઝરુખે બેસીને ચોપાટ રમતી બહેને પોતાના ભાઈને જોયા. તેમના ક્ષીણ થઈ ગયેલા દેહને જોઈને તેની આંખે આંસુ આવ્યાં. રાજાને તે જોઈને એવી શંકા પડી કે રાણી પોતાના જાર (મુનિ)ને જોઈને વિરહથી રડે છે.

રાણીને પૂછ્યું હોત તો રાજાને ખબર પડત કે તે જાર નથી પણ તેનો સગો ભાઈ છે. પરન્તુ રાજાએ અધીરા બનીને મુનિના ચામડા ઉતારી નાંખવા મારાઓને મોકલી આપ્યા. મારાઓએ મુનિને વાત કરી. મુનિએ કહ્યું, "તમારે તમારા રાજાની આજ્ઞા માનવી જોઈએ. હું કેવી રીતે ઊભો રહું જેથી તમને તમારું કામ પાર પાડવામાં સરળતા રહે ?" આ સાંભળીને ક્રૂર મારાઓ પણ ઢીલા પડી ગયા. પરન્તુ રાજાની આજ્ઞાનો અમલ કર્યા વિના છૂટકો ન હતો. ચામડા ઉતારતાં મુનિ ધર્મધ્યાન અને શુકલધ્યાન ઉપર આરૂઢ થયા. કેવળજ્ઞાન પામ્યા. આયુષ્ય પૂર્ણ થઈ જતાં મોક્ષ પામ્યા.

ગ્રન્થકારશ્રી કહે છે કે ખંધક મુનિ પિતાએ જે સગવડો કરી તેના તરફ જરા ય આસક્ત ન બન્યા. તે પ્રત્યે રસ ન બતાડ્યો.

આનું નામ સાધુ કે જે સ્વજનોના સ્નેહરાગમાં લપેટાઈ જાય નહિ.

પેલા બાળમુનિ ધનશર્મા. તેને વિહારમાં અતિશય - જીવલેણ - તરસ લાગી હતી. નદી આવતાં પિતા-મુનિએ સ્નેહરાગથી ખેંચાઈને કાચું પાણી પી લેવા જણાવ્યું. પિતાની હાજરીમાં તેને શરમ આવશે તેમ જાણીને પિતા - મુનિ આગળ વધી ગયા. આ બધું છતાં બાળમુનિ પિતાના સ્નેહરાગને

વશ ન થયા. અતિ તરસ લાગતાં પ્રાણ છૂટી ગયા.

હું શાલિભદ્ર મુનિની વાત કરું. વૈભારગિરિ ઉપર અનશન ચાલુ થયા બાદ માતા ભદ્રા દોડી આવી. પોતાની તરફ એક જ નજર કરવા વિનંતી કરી. શાલિભદ્ર ડગી ગયા. સ્નેહથી છલકાઈ ઊઠેલી એક નજર માવડી તરફ કરી.

ખેલ ખલાસ થયો. નિશ્ચિત મોક્ષ થવાનો હતો ત્યાં ભંગ પડ્યો. મુનિ સર્વાર્થસિદ્ધ વિમાનમાં ગયા. તેમના સાથીદાર મુનિ ધન્નાજી મોક્ષ પામ્યા.

પૂર્વભવથી ચાલી આવતા સ્નેહરાગમાં ગૌતમસ્વામીજી લપેટાયા હતા માટે જ તેમનો મોક્ષ થતો ન હતો. જેવો તે રાગ ખતમ થયો કે તરત કૈવલ્યની પ્રાપ્તિ થઈ.

પિતા-મુનિનો પુત્ર-મુનિ અરણિક ઉપર અતિશય સ્નેહરાગ હતો. તેને ગોચરી લાવવી વગેરે એક પણ કાર્ય કરવા દેતા નહિ. બહુ લાડમાં ઉછેરતા રહ્યા. પિતા-મુનિનો દેહાંત થતાં અરણિક મુનિને જાતે ગોચરી વહોરવા જવું પડ્યું. તેના કષ્ટથી ત્રાસી જઈને કોઈ વૃક્ષતળે ઊભા રહ્યા. એ વખતે કોઈ કામુકીએ તેમને ભિક્ષા લેવા ઘરે બોલાવ્યા. તેમનું ચારિત્રજીવનથી પતન કર્યું.

શય્યંભવસૂરિજીએ બાળ-મુનિ મનક માટે ખૂબ યોગ્ય રાહ લીધો. જરા ય સ્નેહરાગ દાખવ્યો નહિ. તે પોતાનો સંસારીપણે દીકરો છે તેવું સાધુઓને કળવા પણ દીધું નહિ. આથી સાધુઓ તેને કઠોર રીતે તાલીમ આપવા લાગ્યા. છ માસમાં મનક મુનિનો સ્વર્ગવાસ થયો. તે સદ્‌ગતિ પામ્યા. સારું થયું, અરણિકમુનિની જેમ પિતાના સ્નેહરાગથી તે બરબાદ ન થયા.

■ ■ ■

**गुरु गुरुतरो अइगुरु पिय-माइ, अवच्च, पियजण सिणेहो ।**
**चिंतिज्जमाण-गुविलो चत्तो अइधम्मतिसिएहिं ॥ १४२ ॥**

**અર્થ :** પિતા-માતા, સંતાનો અને પત્ની વગેરે પ્રિયજનોનો સ્નેહરાગ જો વિચારાય તો ક્રમશઃ ખરાબ, વધુ ખરાબ, એકદમ ખરાબ છે.

જે ધર્મના અતિ રાગી મહાત્માઓ છે તેમણે તો તે સ્નેહરાગને ત્યજી જ દીધો હોય છે.

**વિવેચન :** જ્ઞાનીઓ કહે છે કે સાધુએ કર્મધૂનન અને સ્વજનધૂનન કરવા જોઈએ. જે કર્મો આત્માને જે તે પરિસ્થિતિઓમાં પટક્યા કરે છે; તેથી આત્માનો સંસાર અનંત બની જાય છે તે કર્મોને આત્મા ઉપરથી ખંખેરી

નાંખવા જોઈએ. આ માટે જે બાહ્ય-અભ્યન્તર તપશ્ચર્યાઓ વગેરે કરવા પડે તે બધું કરવું જોઈએ જો આમાં પ્રમાદ થાય તો ગમે ત્યારે ગમે તેવા ખતરનાક કર્મો ઉદયમાં આવીને જીવને દુર્ગતિ ભેગો કરી દે. ત્યાં તેની ઉપર દુઃખોના કે દોષોના વાવાઝોડાં સતત વીંઝાયા કરે. આમાં અણમોલું જિનશાસન અને વહાલો સર્વવિરતિધર્મ દીર્ઘકાળ સુધી જોવા ન મળે.

એટલે અશુભ કર્મોનું ધૂનન (ક્ષય) તો કરવું જોઈએ.

આ પછી એટલું જ ગંભીર સ્વજનધૂનન છે. સ્વજનો પ્રત્યેની મમતા સાધુપણાને ખતમ કરી દેવા સમર્થ છે. તેમાં માત-પિતાની, સંતાનોની અને પત્નીની મમતા ઉત્તરોત્તર વધુ ને વધુ ખતરનાક બની શકે છે. માતપિતા અને સંતાનોની મમતા સ્નેહરાગમાં ગણાય પણ પત્ની આદિની મમતા તો અત્યન્ત અશુભ કામરાગમાં જ આવી જાય. સ્નેહ કરતાં કામની સેવામાં આસક્તિ અતિ વધુ હોય છે. એથી તેનો કર્મબંધ પણ પુષ્કળ હોય છે.

આચારાંગસૂત્રમાં સ્નેહરાગ કેટલો નુકસાનકારક છે ? તે વાત કાચબાના ચન્દ્રદર્શન દ્વારા સમજાવી છે.

કોઈ વિશાળ તળાવ હતું. તે કાયમ લીલથી ગાઢ રીતે છવાયેલું રહેતું એટલે અંદરના પાણીમાં ગાઢ અંધારું રહેતું..

પૂનમની એક રાતે જ્યારે ચન્દ્ર સોળે કળાએ ખીલ્યો હતો અને સર્વત્ર ભરપૂર પ્રકાશ રેલાવી દીધો હતો ત્યારે કુદરતી રીતે તળાવના ગાઢ લીલવાળા પાણીમાં ક્યાંક ગોળ આકારમાં ગાબડું પડી ગયું : લીલ ખસી ગઈ.

એ વખતે એક કાચબો ત્યાં આવ્યો. ડોકું બહાર કાઢ્યું કે આકાશી ચાંદ દેખાયો. આ ચાંદ તેણે કદી જોયો ન હતો. એ હર્ષવિભોર બની ગયો. બહુ સુંદર વસ્તુ તેને જોવા મળી હતી. થોડી વારમાં તેના મનમાં થયું કે આવી સુંદર વસ્તુ મારા સ્નેહાળ સ્વજનોને કેમ ન બતાવવી ?

આમ વિચારીને તે તળાવમાં ઊંડે ગરકાવ થયો. ઉતાવળે ઘણાબધા ભાઈભાંડુને ભેગા કરીને બધી વાત કરી. દોડાવ્યા.

કાશ ! એટલી વારમાં તો એ બાકોરું લીલથી ઢંકાઈ ગયું હતું. હવે એ ચાંદ દેખાવવાની શક્યતા રહી ન હતી.

આથી તમામ ભાઈભાંડુઓને તો નુકસાન થયું પણ મુખ્ય કાચબાને પારાવાર પસ્તાવો થયો. તેને થયું કે, "મેં સ્નેહના આવેગમાં બધાને બોલાવી લાવવાની કેવી ગંભીર ભૂલ કરી ? અદ્‌ભુત દર્શન મેં ખોઈ નાંખ્યું !

આ વાતનો સાર એ છે કે આરાધના કરતો સાધુ ઘણીબધી સિદ્ધિ કે લબ્ધિ મેળવે છે. એથી અપૂર્વ આનંદ અનુભવે છે. સ્વાધ્યાયાદિની લીનતા તેને આસમાનમાં ઉડાવે છે.

પણ જો તે મળવા આવેલા સ્વજનોના સ્નેહરાગમાં ફસાયો તો આ બધો આનંદ અને બધી પ્રાપ્તિ તે ગુમાવી બેસે છે.

આત્મસાધનાની મસ્તીમાં સાધુ સદા માટે લીન રહે. સ્વજનોના વિક્ષેપ તે બિલકુલ થવા ન દે. સ્વજનો સંસારની ઈષ્ટ કે અનિષ્ટ વાતો કરે તેમાં પેલો સાધુ સ્નેહરાગના કારણે લપેટાઈ જાય. સંસારના ભાવોની અનુમોદના થઈ જાય, અનિષ્ટ કરનારા તત્ત્વો તરફ કષાય જાગી જાય. બીજાઓને કહેવાનું મન થાય કે મારા સ્વજનોને તમે અર્થ વગેરેની સહાય કરો.

મેં એવું એક વૃંદ જોયું છે જેમાં બધા પરસ્પરના સગા હતા. તેમના દાદાના મૃત્યુના સમાચાર મળતાં તે બધા તીવ્ર સ્નેહરાગના કારણે આર્તધ્યાનમાં ફસાઈ ગયા. મોટેથી પોક મૂકીને રડવા લાગ્યા.

જેવી દીક્ષા થાય કે તરત સાધુ માટે સંસારીઓ મૃત્યુ પામ્યા બરોબર ગણાય.

કાયદેસર રીતે સાધુનું સંસારી સ્વરૂપમાં મૃત્યુ (Civil death) થયું કહેવાય.

આથી જ સ્વજનમૃત્યુ ઉપર સાધુને કોઈ પણ લૌકિક ક્રિયા કરવાની હોતી નથી. શોક પણ પાળવાનો હોતો નથી.

કેટલાક અપરિપક્વ સાધુ સાધ્વીઓને સ્વજનો ઉપર એટલો વધુ સ્નેહરાગ હોય છે કે જ્યારે તેઓ વંદન કરવા આવે ત્યારે સ્વાધ્યાય, જપ, વાચના બધું મૂકી દઈને કલાકો સુધી - ખૂણે બેસી - વાતો કર્યા કરે. જાણે કે ગોળનું ગાડું આવ્યું. ખવાય એટલો ગોળ ખાઈ લેવાનો.

મુનિજીવનના છઠ્ઠા ગુણસ્થાનની પળો કેટલી બધી ઉત્કૃષ્ટ છે ? તેનું ભાન ન હોય ત્યારે જ આ દશા થાય. સ્નેહરાગ એ આર્તધ્યાન છે. મુનિપણાને સળગાવનારી ચીજ છે.

ગ્રન્થકારશ્રી કહે છે કે માતપિતાના સ્નેહરાગ કરતાં સંતાનોનો રાગ ગાઢ બનતો હોવાથી કાતિલ છે. તેથી પણ વધુ કાતિલ પત્ની (કે પતિ) તરફનો કામરાગ મિશ્રિત સ્નેહરાગ છે. આ અત્યંત કર્મબંધકારી છે. સામયિક મુનિ -દીર્ઘકાળ બાદ સંસારી પત્ની-સાધ્વી-ને મળ્યા એટલે તેમના અંતરમાં રાગ સળગી ઊઠ્યો. એમની આંખોમાં કામ ધસી આવ્યો. પત્ની-સાધ્વીજીને એ દેખાઈ જતાં ગુરુણીને વાત કરી. કોઈ મોટી હોનારત ન થાય તે માટે વહેલી સવારે ગુરુજી સાધ્વીજીને લઈને ત્યાંથી વિહાર કરી ગયા. સામયિક

મુનિને જે વિરહ પડ્યો તેથી તે સખત આર્તધ્યાનમાં હોમાઈ ગયા. એ વિરાધનાનું પ્રાયશ્ચિત્ત ન કરીને કાળધર્મ પામવાથી અનાર્યદેશમાં આર્દ્રકુમાર તરીકે જન્મ પામ્યા.

ભવિતવ્યતાના યોગે આર્યદેશમાં આવવાનું થયું. દીક્ષા લીધી. શ્રીમતી નામની પત્ની સાથે દીક્ષા લેતાં શરત કરી કે, "હું બાર જ વર્ષ સંસાર ભોગવીશ."

બાર વર્ષ થયા. દીક્ષા માટે માનસિક રીતે તૈયાર થયા. પરન્તુ કાલીકાલી ભાષામાં બોલતાં દીકરાના સ્નેહરાગના તંતુઓએ એમને બાંધી લીધા. મનોમન બીજા બાર વર્ષનો ગૃહવાસ કલ્પી લીધો.

કેવો કાતિલ હોય છે; સ્નેહરાગ.

અરણિક મુનિના પિતાશ્રીને એ દીકરા ઉપર એટલો તીવ્ર સ્નેહરાગ હતો કે તેથી તે બાળકની જિંદગી બરબાદ થઈ !

પૂર્વે જણાવ્યું તેમ સ્નેહરાગ કરતાં કામરાગ અતિ ભયંકર છે કેમકે જીવ પોતાની બધી સાન-ભાન ગુમાવીને વિજાતીય કાયામાં અભેદભાવની જેમ લીન-વિલીન થઈ જાય છે. તે વખતે તે આત્માની જાગ્રતિ સંપૂર્ણ ગુમાવે છે. કાયારૂપી જડતત્ત્વ સાથેનો એ અભેદ આશ્લેષ આત્માને સ્વઘરને બદલે પરઘરમાં ધકેલી મૂકે છે. આ વખતે પ્રચંડ કર્મબંધ થાય છે.

બહુ મોટા વિદ્વાનો, બળવાનો, મહાસજ્જનો, મહા-સાધુઓ પણ આ કામરાગમાં ઝડપાઈ જતાં હોય છે. એ વખતે તેમની બધી સૂઝબૂઝ ખતમ થઈ જાય છે. તેમને તે અનાચારના સેવન સિવાય કશું ભાન રહેતું નથી.

આટલી બધી-બેહદ-આસક્તિ સ્નેહરાગમાં હોતી નથી; એટલે કામરાગને તેનાથી કાતિલ કહ્યો છે.

ગ્રન્થકારશ્રી કહે છે કે રાગના રગડાઓ જીવનું કેટલું બધું અધઃપતન કરે છે તેની પાકી સમજ જે ઉત્કૃષ્ટકક્ષાના મહાત્માઓ-કે જેઓ પુષ્કળ ધર્માચરણમાં ઊંડે ખૂંપી ગયા છે, ગમે તેટલું ધર્મરસનું પાન કરે તો ય જેઓ તરસ્યા જ રહે છે એ બધા-આમાં કદી લેપાતા પણ નથી. ચોંટી પડવાની તો વાત ક્યાં રહી ?

જગત્‌ના રાગાન્ધ જીવો માટે તો આ મહાત્માઓની વાતો અત્યન્ત આશ્ચર્યજનક બને છે. કેમકે આવા ઉત્કૃષ્ટ રાગ-ત્યાગની અખિલાઈને તેઓ કલ્પી પણ શકતા નથી.

આવી ઉત્કૃષ્ટ આત્મસ્થિતિ પામવા માટે કાં ભક્તિયોગ અથવા જ્ઞાનયોગ

સિદ્ધ કરવો પડે. આ પછી રાગમાં રાગ શી રીતે થાય એ પ્રશ્ન થઈ પડે. પછી રાગમાત્ર ઉપર વિરાગ રહે.

જે આત્માઓ રાગના રગડામાંથી બહાર નીકળી શકતા ન હોય; પણ તેમાંથી નીકળી જવાની ભાવના સો ટકાની હોય તેમણે તે મૂર્ધન્ય કક્ષાના મહાત્માઓના તે ગુણોની રાતદિવસ હાર્દિક અનુમોદના કરવી જોઈએ.

કાં ધર્મ સ્વયં સાધો; નહિ તો બીજાઓને ધર્મમાં ખૂબ પ્રેરો, છેલ્લે તેવા ધર્માત્માઓની શ્વાસેશ્વાસે અનુમોદના કરો.

જો એમાં તીવ્રતા આવી જશે તો ધર્મ સાધનારા કરતાં પણ વધુ લાભ પ્રાપ્ત થશે.

મોટા ભાઈ પુંડરિકે તીવ્ર સ્નેહરાગને કારણે લઘુબંધુ-કંડરિક મુનિને પૌષ્ટિક ખોરાક દઈને પુનઃ બલિષ્ઠ બનાવવા માટે પોતાને ત્યાં રોકી પાડ્યા. બિચારા કંડરિક મુનિ ! ભાવમૃત્યુ પામ્યા : સાતમી નારક ભેગા થયા !

કામરાગ અને સ્નેહરાગ હજી ઓછા ખરાબ છે પણ દૃષ્ટિરાગ (મિથ્યાત્વપ્રેરિત-કોઈ ઉપરનો કદાગ્રહ) તો અતિ ભયાનક છે કેમકે આ રાગ પહેલા ગુણસ્થાને જ હોય. કામરાગાદિ તો હજી ચોથા વગેરે ગુણસ્થાને પણ હોઈ શકે ખરા.

પણ જે ધર્મરાગ છે તે ખૂબ ઉત્તમ-પ્રશસ્ત-રાગ છે.

પેલા ત્રણ તો નકામા છે : અપ્રશસ્ત છે. પરન્તુ ધર્મરાગ એ ધર્મ ઉપરનો રાગ હોવાથી આદેય છે. પ્રશસ્ત છે. આ રાગને પણ વીતરાગ બનતાં પહેલાં કાઢવો પડે પરન્તુ તે તેની મેળે નીકળી જાય છે.

મળને કાઢવા દિવેલ જોઈએ પણ દિવેલને કાઢવું ન પડે; તે આપોઆપ નીકળી જાય.

અપ્રશસ્ત ભાવોને કાઢવા માટે દેવ, ગુરુ, ધર્મ ઉપરનો પ્રશસ્ત રાગ સેવવો પડે. પણ તે છેલ્લે આપમેળે જાય. જીવ વીતરાગસ્વરૂપ બની જાય.

સ્ત્રીને માતાના રૂપમાં બાળકને લાડુ ખવડાવતા સ્નેહરાગ જણાય છે.

પતિને લાડુ ખવડાવવામાં કામરાગની પણ શક્યતા રહે છે.

ગુરુને લાડુ વહોરાવવામાં માત્ર ધર્મરાગ હોય છે. ગુરુ ભલે પોતાના સંસારીપણે સગા ભાઈ હોય પણ તેથી કાંઈ તેમની ઉપર સ્નેહરાગ ન કરાય. અન્યથા સ્નેહરાગથી મલિન બનેલા ધર્મરાગનું વિશિષ્ટ ફળ પ્રાપ્ત ન થાય.

ભગવાન ગૌતમસ્વામીજીને પૂર્વભવના સ્નેહરાગથી યુક્ત ધર્મરાગ દેવાધિદેવ

ઉપર હતો એટલે જ કૈવલ્ય અટકતું હતું. જેવો તે સ્નેહરાગ ગયો કે તરત કૈવલ્યની પ્રાપ્તિ થઈ.

■ ■ ■

**अमुणिअपरमत्थाणं बंधुजणसिणेहवइयरो होइ ।**
**अवगयसंसारसहाव निच्छयाणं समं हिययं ।। १४३ ।।**

**અર્થ :** જે આત્માઓએ સંસારસ્વરૂપનો પરમાર્થ (બધું અસાર છે.) જાણ્યો નથી એવા સામાન્ય માણસોને સ્વજનો પ્રત્યે સ્નેહનો સંબંધ થાય છે. જેણે સંસારના સ્વભાવનું નિશ્ચયાત્મક સ્વરૂપ જાણ્યું છે તેનું હૃદય તો સર્વજનો પ્રત્યે સમાન છે.

**વિવેચન :** સંસાર ચાર ગતિમય છે. જીવો જુદી જુદી ગતિઓમાં પરિભ્રમણ કરે છે. એક ભવમાં ભેગા થયેલા તે જીવો મા-બાપ, ભાઈ-ભાંડુ, ભગિની વગેરે બને છે. જેવા તે લોકો એ ભવમાંથી અન્ય ભવમાં વિદાય થાય છે કે તે બધા સંબંધો ખતમ થાય છે. હવે નવા ભવમાં નવા સંબંધો ઊભા થાય છે.

ભવ એટલે જાણે કે પંખીઓનો મેળો ધરાવતું વૃક્ષ.

સાંજ પડતાં આઠ દિશાએથી પંખીઓ ત્યાં ભેગા થાય. રાત સાથે રહે. સવાર પડતાં સહુ આઠ દિશામાં ચાલી જાય.

આ જીવન એટલે જાણે ચાર દિવસનું ચાંદરણું. એમાં જે બા, બાપુજી, પત્ની, ભાઈ વગેરે રૂપે ગોઠવાય. જેનો ભવ પૂરો થાય તે સ્વજન અન્યત્ર રવાના થાય. આ ભવનો ભાઈ આવતા ભવે દીકરો ય બની શકે; બાપ કે પત્ની અથવા નોકર પણ બની શકે.

જો આ સંસાર-સ્વરૂપ હોય તો બા, બાપુજી વગેરે સાથેનો આપણો સંબંધ ક્ષણિક (અલ્પકાલીન) કહેવાય. તે ગમે ત્યારે આપણાથી દૂર સુદૂર ચાલી જવાના..

આ પરિસ્થિતિ જાણીને તેમના પ્રત્યે રાગ કરવો ન જોઈએ. જો સ્નેહરાગાદિ થશે તો વિયોગના સમયે જબરું આર્તધ્યાન થશે. જો રાગાદિ નહિ થાય તો લેશ પણ આર્તધ્યાન નહિ થાય.

એક કવિએ આ જીવનની ક્ષણભંગુરતા નીચેના શબ્દોથી જણાવી છે.

**નીલકમલદલ બિન્દુ જીવન, શ્યામગગનઘન ચપલા જીવન.**
**ઉષઃકાલની લાલી જીવન, સાગરમાં છે બિન્દુ જીવન.**

રાગને તોડવાનો સરળ ઉપાય સંબંધોની ક્ષણભંગુરતાના ચિંતનનો છે. એ વાત જે આત્માઓ ધ્યાન ઉપર લેતા નથી : વ્યક્તિને કાયમી અથવા દીર્ઘકાળ બાદ વિદાય થનારી જેઓ માની લે છે તેમને ગમે ત્યારે તેનો વિયોગ થતાં માથા કૂટવા પડે છે. તે કરુણ વિલાપ કરે છે.

સમજણના ઘરમાં જેમણે પ્રવેશ કર્યો નથી તે દેવ-દેવીઓ પણ પોતાનામાંથી કોઈની વિદાય થતાં બીજો છ છ માસ સુધી એકધારું રુદન કરે છે. "તું ચાલી જઈશ ? અરેરે, હું તારા વિના શી રીતે જીવી શકીશ ?" વગેરે આ રુદનના ધ્રુવપદો હોય છે.

ભલા ભાઈ ! જ્યાં સંયોગ હોય ત્યાં તેનો વિયોગ હોય જ.

બગીચાનો માળી છે. અને માળીએ બગીચામાં ગુલાબ ઉગાડ્યું છે. આ બે વચ્ચે મધુર સંબંધ થયો છે. પણ સબૂર. એ શાશ્વતકાલીન સંબંધ નથી. કાં ગુલાબે વિદાય થઈ જવું પડશે; નહિ તો માળીએ જવું પડશે. આ વાત ત્રિકાલાબાધિત સત્યસ્વરૂપ છે.

પિંગલાનો વિયોગ ભર્તૃહરિને અસહ્ય થઈ પડ્યો હતો. આ રાજા ભર્તૃહરિની અલ્પબુદ્ધિનું ફળ છે. એણે સમજી લેવાનું હતું કે દરેકે આ ધરતી ઉપરથી વિદાય થવાનું છે પછી તેનો અફસોસ શા માટે ?

કોઈ ગામમાં ચાતુર્માસ રહેલા મુનિરાજનું પ્રવચન સાંભળવા માટે અખંડપણે એક ધનાઢ્ય શ્રાવક આવતા હતા. પણ એક દી ગેરહાજર રહ્યા. જ્યારે સાંજના સમયે વંદનાર્થે આવ્યા ત્યારે મહારાજ સાહેબે કહ્યું, "જિનવાણીના શ્રવણથી ચડિયાતી કઈ વસ્તુ-ઘરાક વગેરે - છે જેથી તમે લાખ રૂપિયાનું વ્યાખ્યાન ગુમાવ્યું ?"

શ્રાવકે કહ્યું, "ઘેરે મહેમાન આવ્યા હતા તેને વળાવવા જવામાં સમય જતો રહ્યો."

આ વાતનો ગૂઢાર્થ મહારાજને સમજાયો નહિ. પણ પછી કોકે તેનો મર્મ જણાવ્યો કે, "શેઠનો અઢાર વર્ષનો દીકરો - તેને શેઠ મહેમાન કહે છે. આજે રાતે તે મૃત્યુ પામ્યો. એટલે શેઠ સવારે સ્મશાનમાં ગયા હતા. આ વાતને શેઠ વળાવવા જવાની વાત સાવ હળવા ભાવમાં કહે છે.

ધર્મ પામ્યાની આ સિદ્ધિ કહેવાય. વસ્તુના વિનાશી, અશરણ, એકત્વ વગેરે સ્વરૂપોનું જીવંત ભાન.

જેમને નિશ્ચયનયથી જીવના સ્વભાવનું ભાન હોય તેમને તે આત્માના

પર્યાયો બદલાતાં લેશ પણ આઘાત ન લાગે.

જ્યારે મિથિલા નગરીના રાજા નમિરાજે દીક્ષા લીધી ત્યારે તેમના વૈરાગ્યની કસોટી કરવા ઇન્દ્ર આવ્યા. તેમણે ઘણાબધા પ્રશ્નો પૂછ્યા. તેમણે એક વાત એવી કરી કે "તમારી મિથીલા નગરી ભડકે બળી રહી છે. તમે દોડો..."

નમિરાજે કહ્યું, "મિથીલા બળતી હોય તો તેમાં મારું કશું બળતું નથી. મારે શા માટે દોડવું જોઈએ ?"

નમિરાજના આ વિધાનમાં લસલસતો વૈરાગ્ય નીતરે છે. તેમને મિથીલા અને તેમાં રહેલાં સ્વજનાદિ ઉપર લેશમાત્ર પણ રાગસંબંધ નહિ રહ્યો હોય ત્યારે જ આવું બિન્ધાસ્ત વિધાન કરી શકે.

મિથિલા નગરી પરપદાર્થ છે તેમ પોતાનો દેહ પણ પરપદાર્થ છે. તે પણ બળે તો ય શું ? એમાં પોતાનું (આત્માનું) કશું અહિત થતું નથી. આત્મા એ સ્વ તત્ત્વ છે. અને તેના જ્ઞાનાદિ ગુણો એ સ્વીય તત્વ છે. આ સિવાયનું બધું પરતત્ત્વ છે. આત્મરમણ સાધુને પરતત્ત્વ સાથે લગીરે સંબંધ ન હોય. તેમાં સ્નેહરાગાદિ થવાની કોઈ શક્યતા ન હોય.

જેને 'પોતાના' માન્યા ત્યાં જ રાગ-દ્વેષ થવાની તક છે. પરાયા મનાય તેની ઉપર કોઈ રાગાદિ થતા નથી.

પારકા છોકરા ઉપર પડોશણને તે રૂપાળો હોય તેથી રાગ થતો નથી; પરીક્ષામાં નાપાસ થાય તો દ્વેષ પણ થતો નથી..

જડમાત્રને 'પર' માની લેવાથી રાગ-દ્વેષની પરિણતિઓ શાન્ત પડી જાય છે.

જ્ઞાનીઓએ ક્રોધને શાન્ત કરવા માટે અન્યત્વ ભાવના ભાવવાનું કહ્યું છે. પરકીય વ્યક્તિના દોષો ઉપર ક્રોધ ન આવે; એ ક્રોધ સ્વીય વ્યક્તિના જરાક પણ નુકસાન ઉપર તરત આવી જાય.

■ ■ ■

**माया पिया य भाया भज्जा पुत्ता सुही य नियगा य ।**
**इह चेव बहुविहाइं करंति भयवेमणस्साइं ॥ १४४ ॥**

**અર્થ :** માતા, પિતા, ભાઈ, પત્ની, પુત્ર, મિત્ર અને પોતાના કહેવાતા બીજા બધા સંબંધીઓ આ ભવમાં જ અનેક પ્રકારના મરણાદિના ભય સંબંધિત અને મનના સંકલેશ સંબંધિત દુઃખોને જન્મ આપ્યા કરે છે.

**વિવેચન :** ગ્રન્થકારશ્રી કહે છે કે માતા-પિતા વગેરે સ્વજનો ઉપર રાગ કરવાથી શો ફાયદો છે ? તે રાગને લીધે તેમનું કાંઈ પણ રોગ, મરણાદિ સ્વરૂપ-અહિત થાય તો દુઃખી દુઃખી થઈ જવાય.

જેટલો સ્વજનો અને સ્નેહીજનોનો વ્યાપ વધુ એટલો માનસિક ત્રાસ વધુ. એ બધા બધી રીતે સુખી હોય તો જ આનંદ રહે. એમાં કોક દુઃખી થયું કે હૈયે વ્યથા વ્યાપી જાય. આ જગતમાં દુઃખો પણ કેટલા બધા પ્રકારના છે ? એમાંનું કોઈ પણ દુઃખ, કોઈ પણ સ્વજનને માથે પડે કે આપણી ચિત્તસ્થિતિ સંક્લિષ્ટ, ઉદ્વિગ્ન, ત્રસ્ત બની જાય.

માનવજીવનની લાખેણી ઢગલાબંધ ક્ષણો આવા ઉદ્વેગોમાં જ પસાર થાય. જ્ઞાનીઓનું વચન છે કે "પળને પણ બગાડવી નહિ." બિચારો જીવ ! દિવસો, મહિનાઓ કે વર્ષોને બગાડી નાંખતો હોય છે !

વળી સ્વજનો કે સ્નેહીજનો પ્રાયઃ સ્વાર્થી હોય છે. એના દુઃખમાં રાત ને દી ખડે પગે રહેનાર માણસને જ્યારે દુઃખ આવી પડે તો તેની સામે પણ જોતો નથી.

સંસારી લોકો કેવા સ્વાર્થી હોય છે ? તેની વાત કરું.

એક સટોડીઆ માણસે સટ્ટો ખેલ્યો. દસ લાખ રૂ. કમાયો. વહાલી પત્નીને સાત લાખ રૂ. નાં ઘરેણાં કરી આપ્યાં.

એક દી દાવ ઊંધો પડ્યો. પંદર લાખ રૂ.નું નુકસાન થયું. પત્નીને બધાં ઘરેણાં આપી દેવા કહ્યું. તેને ગિરવે મૂકીને દેવાની રકમ ભરી દેવાની તેની ભાવના હતી. પણ પત્ની નામકર ગઈ. પતિએ કહ્યું; "એક દાવ રમીને કમાઈને તને બધું પાછું લાવી આપીશ. જો તું મને રૂપિયા નહિ દે તો મારે આપઘાત કરવો પડશે. હાય, તો ય ન માની. મધરાતે ધણી ઘરમાંથી નીકળી ગયો કેમકે સવારે વલણ ચૂકવવાનો દિવસ હતો. આ આબરૂદાર માણસ દુનિયાને મોં બતાડી શકે તેમ ન હતો.

ઘરમાંથી એ ગયો તે ગયો. ક્યાં ગયો ? પત્તો ન લાગ્યો.

ત્રીસ વર્ષ વીતી ગયાં. ગામના લોકો પેલી બાઈને કહેવા લાગ્યા કે, "હવે તો તારો ધણી મરી ગયો હોવો જોઈએ માટે 'વિધવા' જાહેર થા અને તારા વૈભવી રાહનો ત્યાગ કર."

ભોગરસભૂખી સ્ત્રીએ કહ્યું, "વિધવા તો ત્યારે જાહેર થઈશ જ્યારે મારા પતિનું મડદું મારી સામે લાવી મૂકો. હજી પણ તે જીવતા હોય એવું કેમ ન બને ?"

બાઈએ પોતાના મરવા સુધી બધી મોજ કરી.

સંબંધ માત્ર સારો નથી. આથી ઉત્તરાધ્યયન સૂત્રમાં સૌથી પહેલી વાત કરી છે કે સાધુ કોને કહેવાય ? સાધુ તેને કહેવાય જે બધા સંયોગોથી મુક્ત

હોય : મોકળો થઈ ગયો કહેવાય. નાનકડી પણ કોઈ આસક્તિ તેના મોક્ષમાર્ગ પ્રતિ ગમનને અટકાવી દે છે.

જ્યાં સુધી જીવ એકલો છે ત્યાં સુધી તે ઓછો દુઃખી છે. પરન્તુ જો તે બે ત્રણ કે ચાર થયો તો તેનાં દુઃખો વધતાં જવાનાં.

નમિરાજને એટલો ભયાનક દાહ થયો હતો કે તેની વેદનાનું વર્ણન ન થઈ શકે. એમાં વળી રાણીઓ દાહશમન માટે ચંદન ઘસીને લેપ તૈયાર કરતી હતી એટલે તે ઘસતી વખતે હાથના અથડાતાં કંકણોનો ખૂબ અવાજ ચાલતો હતો. નમિરાજ આ અવાજથી ત્રાસી ગયા હતા. તેમણે કહ્યું, ''મારાથી આ અવાજ સહાતો નથી. કાંઈક રસ્તો કાઢો, જેથી અવાજ બંધ થાય અને ચંદનનું વિલેપન બનતું રહે.''

રાણીઓએ સૌભાગ્યના ચિહ્નરૂપ એક જ કંકણ હાથે રાખીને બાકીના બધા કંકણ દૂર કર્યાં. અવાજ સદંતર બંધ થઈ ગયો.

તેનું કારણ જાણીને તે ચિંતનમાં ગરકાવ થયા. તેમણે તેનો સાર કાઢ્યો કે, ''આનંદ અથવા શાન્તિ 'એક'માં છે. બે વગેરેમાં તો સંકલેશ છે. સંસાર 'એક' સ્વરૂપ બની શકે નહિ. એમાં તો ઘણા બધા બે, ત્રણ, ચાર હોય.''

અને... પરમ શાન્તિ પામવા માટે નમિરાજે સ્વજનોને ત્યાગ્યા. દીક્ષા લીધી. 'એક' થયા. સુખી થયા. [એકડે એક, બગડે બે.]

જો કે સંસાર ત્યાગવા છતાં 'એક' થઈ શકાતું નથી કેમકે આત્માની સાથે બીજો દેહ તો ચોંટેલો જ છે. એને પણ છોડાય ત્યારે જ પરમાનંદનો અનુભવ થાય. 'શરીર' નામની બે નંબરની વસ્તુનો સંબંધ તો જીવને માટે પરમ દુઃખ સ્વરૂપ છે. તેમાં સાડા છ ક્રોડ જેટલા તો રોગો છે. કોઈ પણ એક રોગનું જાગરણ જીવને ઉછાળી ઉછાળીને પછાડી શકે તેટલી વેદનાવાળું હોઈ શકે છે. શરીરના ઘડપણ અને મોત એ પણ બહુ જાલીમકક્ષાના દુઃખો છે. એટલે જ જ્ઞાનીઓ કહે છે કે, ''ભાઈ ! પરમ આનંદનો અનુભવ સદાકાળ કરવો હોય તો તું દેહને પણ છોડી દે. અશરીરી (સિદ્ધ) બની જા.

સંસારી જીવો સામાન્યતઃ ખૂબ સ્વાર્થી હોય છે. એટલે તેમનો સ્વાર્થ સધાય ત્યાં સુધી જ સ્નેહ રખાય છે. સ્વાર્થ નંદવાતા સગા દીકરાને લાત મારી દેતાં કે પત્નીને પિયર ભેગી કરી દેતાં વાર લાગતી નથી.

ધનના કારણે તો સુમાર વિનાના કંકાસો કુટુંબોમાં ચાલુ જ રહેતા હોય છે.

ઘણા બધા બાપ-દીકરાઓ વગેરે કોર્ટના પગથિયા ચડી ગયા હોય છે.

એમાં ય ભરયુવાવયે જે પ્રણય-સંબંધો થાય છે તેનો પ્રાયઃ રકાસ થતો હોય છે. એથી તે યુગલના જીવનની પુષ્કળ ખાનાખરાબી થાય છે. આવી વિષમતાઓને બરોબર નિહાળાય તો કોઈ પણ સત્સંગ કર્યા વિના સંસારથી વૈરાગ્ય થઈ જાય.

વળી સ્નેહાળ સંબંધીનો પ્રાણત્યાગ થતાં જે વિરહ સર્જાય તેની ઉપર એવું કરુણ રુદન થાય, એવા છાતીમાથા કુટાય કે વજ્ર જેવી છાતી પણ પીગળી જાય. તરત સવાલ થાય કે, "તો પછી કોઈ સાથે સ્નેહ નહિ કરવો એ જ સારું ન ગણાય ?" હા. આ વાત તદ્દન સાચી છે.

■ ■ ■

**माया नियमइविगप्पियंमि अत्थे अपूरमाणंमि ।**
**पुत्तस्स कुणइ वसणं चुलणी जह बंभदत्तस्स ॥ १४५ ॥**

**અર્થ :** પોતાની બુદ્ધિ વડે વિચારેલા પોતાના કાર્યમાં ઈષ્ટસિદ્ધિ નહિ થતાં માતા ચુલણીએ પોતાના પુત્ર બ્રહ્મદત્તને મારી નાંખવાની બુદ્ધિથી ભયંકર આફતમાં નાંખી દીધો !

**વિવેચન :** માતા ચુલણી દીર્ઘ-રાજા સાથે પ્રેમમાં પડી હતી. આ વાતની દીકરા બ્રહ્મદત્તને ખબર પડી ગઈ. ચુલણીના જાર દીર્ઘરાજાએ બ્રહ્મદત્ત - દીકરાને પતાવી દેવાનું ચુલણીને કહ્યું. ચુલણીએ દીકરાને મારી નાંખવા માટે લાક્ષાગૃહનું નિર્માણ કર્યું. બ્રહ્મદત્ત તેમાં સૂવા ગયો. ચુલણીએ આગ લગાડી. પણ મિત્રે પહેલેથી જે સુરંગ બનાવી રાખી હતી તેના દ્વારા બ્રહ્મદત્તને ભગાડી મૂક્યો.

કામવાસનાને આધીન થઈને સ્ત્રી પોતાના સગા દીકરાને મારી નાંખવાનું કેવું કાવતરું કરી શકી ?

મુંજ અને તૈલપ બે રાજાઓ હતા. તૈલપે મુંજને જીવતો પકડ્યો. જેલમાં નાંખ્યો. તેને ખાવાની થાળી રોજ દેવા માટે તૈલપની બેન મૃણાલ જતી હતી. એમાં મુંજ-મૃણાલને પ્રેમ થયો. ભોજન દેવાના બહાને જતી મૃણાલ કામાંધ બનીને ભોગ ભોગવતી.

બીજી બાજુ મુંજના માણસોએ જેલ તરફ બીજો દરવાજો નીકળે તે રીતે વિરાટ ભોંયરું તૈયાર કર્યું. ભાગી છૂટવાના ચાર દિવસો પૂર્વે મુંજે પોતાની અત્યન્ત વહાલી બની ગયેલી મૃણાલને આ વાત કરી. મૃણાલને મુંજનો વિરહ ખમાય તેમ ન હતો; કેમકે તે એકદમ કાળી હોવાથી તેની સાથે કોઈ લગ્ન કરે તેમ ન હતું. આથી વાસનાપૂર્તિ માટે મુંજની હાજરી આવશ્યક હતી.

મુંજ ભોંયરા વડે ભાગી જાય તો પોતાનું શું થાય ? એ વિચારથી

મૃણાલે ભાઈ તૈલપને મુંજની ભાગી છૂટવાની વાતનો પર્દાફાશ કરી નાંખ્યો. આથી તૈલપ અતિશય ઉશ્કેરાયો. તેણે મુંજને હાથીના પગ તળે કચરાવીને મારી નાંખ્યો. મૃણાલની મનની મુરાદ મનમાં રહી ગઈ.

મૃણાલ કેટલી ભયંકર બાઈ કે પોતાનો જાર ભાગી ન છૂટે તે માટે તૈલપને તેના ભાગી છૂટવાની વાત જણાવી દીધી. એમાં મુંજ ક્રૂરતાભર્યા મોતને પામ્યો.

રાગના સંબંધો કેટલા મોટા સંકલેશો ઊભા કરે છે ? તે આ પ્રસંગથી જાણવા મળે છે.

ચુલણી જેવી સગી માતા, કામરાગથી અંધ બનીને વચ્ચે આવતા કાંટારૂપ દીકરા બ્રહ્મદત્તને જીવતો બાળી નાંખવા યત્ન કરે એ આ સંસારની કેટલી મોટી કડવાશ કહેવાય ?

જ્યાં દીકરો દીકરો ન રહે; જ્યાં માતા ડાકણ બની જાય, જ્યાં પ્રિયતમ વ્યક્તિ પ્રેયસી દ્વારા પકડાવાઈ જાય... આ બધું શું ?

આ બધાના મૂળમાં કામરાગ અને સ્નેહરાગ સિવાય બીજું કોણ છે ?

■ ■ ■

**सव्वंगोवंगविगत्तणाओ जगडणविहेडणाओ य।**

**कासी अ रज्जतिसिओ पुत्ताणपिया कणगकेउ ॥ १४६ ॥**

**અર્થ :** કનકકેતુ પિતા રાજ્યલક્ષ્મીના ભોગમાં અતિ આસક્ત હતો. એટલે કોઈ પણ દીકરો રાજા ન બને તે માટે તે પુત્રોના જન્મતાં વિવિધ અંગો કે ઉપાંગોનું તે છેદન કરાવી નાંખતો. અને તેમને ખૂબ ત્રાસ આપતો. (અંગ-છેદવાળી વ્યક્તિ રાજા બનવા માટે અપાત્ર બની જાય છે.)

**વિવેચન :** રાજસત્તાની અતિ કારમી લાલસા ધરાવતો રાજા કનકકેતુ પોતાના તમામ દીકરાઓના જન્મતાંની સાથે અંગોચ્છેદ કરાવી નાંખતો. જો કે પાછળથી રાણીએ એક સંતાનને જન્મતાંની સાથે અન્યત્ર રવાના કરી દઈને ઉગારી લેવાથી રાજા કનકકેતુના મૃત્યુ બાદ તે કુંવરનો રાજ્યાભિષેક થયો હતો.

સત્તા, સંપત્તિ, સ્ત્રી અને કાયાની વાસના અતિ ભયાનક હોય છે. પૂર્વજન્મના કુસંસ્કારોના જાગરણ વિના આ વાસનાઓ ઉત્તેજિત થતી નથી. દેવની ભક્તિ કે ગુરુની કૃપા વિના-બીજા હજાર ઉપાયે આ વાસનાઓ લેશ પણ ઘટતી નથી.

સગા દીકરાઓના હાથ, પગ, કાન વગેરે સગો બાપ કપાવી નાંખે એ કેટલું ભયંકર કહેવાય ?

એની પાછળ જે સત્તા ભોગવવાની વાસના છે તે પણ કેટલી ભયંકર કહેવાય.

પત્ની દીકરાને મારી નાંખવાનો યત્ન કરે; બાપ દીકરાઓના અંગચ્છેદ કરે વગેરે બધી વાતો પાછળ જે રાગ છે તેની ભયાનકતા ગ્રન્થકારશ્રી બતાડતા જાય છે.

■ ■ ■

**विसयसुहरागवसओ घोरो भायावि भायरं हणइ ।**
**अहाविहो वहत्थं जह बाहुबलिस्स भरहवहइ ॥ १४७ ॥**

**અર્થ :** વિષયસુખના કાતિલ રાગને વશ થઈને પોતે સગો મોટો ભાઈ હોવા છતાં એકદમ ઉગ્ર બની જઈને નાના ભાઈને હણવા ધસી ગયો.

**વિવેચન :** સંસારના ભૌતિક સુખોની વાસના કેટલી કાતિલ બની શકે છે ? તે માટે આ ઉદાહરણ અત્યન્ત યોગ્ય છે.

અરિહંત પરમાત્મા ઋષભદેવ જેમના પિતા છે. જેઓ અરિહંત-પદે આરૂઢ થયા છે. જેમણે મોટા દીકરા ભરતને અને સૌથી નાના દીકરા બાહુબલિને પોતે રાજ આપ્યું છે. ભરત પાસે વિનીતા હતી, બાહુબલિ પાસે તક્ષશિલા.

પણ ભરતને ચક્રવર્તી પદ પામવાની ઈચ્છા થઈ. સાઠ હજાર વર્ષ સુધીમાં ધરતી ખુંદી નાંખી. લોહિયાળ યુદ્ધો ખેલ્યાં. હજારો રાજાઓને જીતી લીધા; પણ નાનકડો ભાઈ બાહુબલિ બાકી રહ્યો. એ ન જીતાય ત્યાં સુધી ચક્ર-રત્નનો પ્રવેશ થાય નહિ.

ભરતે બાહુબલિને કહ્યું, "તું મારો નાનો ભાઈ કબુલ પણ મારું દાસત્વ સ્વીકાર."

આ સાંભળીને ઊકળી ઊઠેલા બાહુબલિએ તેને કહેવડાવ્યું, "પિતાજીએ આપણને જે કાંઈ આપ્યું છે તેમાં સંતોષ માનીએ. આપણી વચ્ચે ભ્રાતૃત્વ છે તે ઘણું છે. તમને દાસત્વની લાલસા ક્યાંથી જાગી ?

આ સાંભળીને ભરતને ભયંકર ક્રોધ ચડ્યો.

યુદ્ધના નગારા બજી ગયા. ખૂંખાર યુદ્ધ ચાલુ થયું. આકાશમાં ધડ, માથાં, હાથ અને પગ - કપાયેલા - ફેંકાવવા લાગ્યા. લોહીની નદીઓ વહી. ઘાયલ સૈનિકોની ચીસો પડવા લાગી. હજારો ગીધડાં મરેલાંની ભેગા જીવતા

દેહોને તીક્ષ્ણ ચાંચો મારીને ચૂંથવા લાગ્યા. માંસના કટકાઓ ખાવા લાગ્યા.

ગમે તેમ તો ય બે ભાઈઓ પરમાત્મા આદિનાથના પુત્રો હતા એટલે અચાનક સદ્બુદ્ધિ જાગી. "શા માટે અમારા બેના સ્વાર્થને સિદ્ધ કરવામાં હજારો નિર્દોષ માનવોનો સંહાર કરવો ?"

યુદ્ધ બંધ રહ્યું.

માત્ર બે ભાઈઓએ મલ્લયુદ્ધ, મુષ્ટિયુદ્ધ વગેરે શરૂ કર્યું.

એક વાર બાહુબલિએ ભરતને બાથમાં દબાવી દીધો. બાહુબલિએ તેને બગલમાં લઈને મોટી પરિકમ્મા કરી. પછી તેને યુદ્ધભૂમિ ઉપર લાવી દીધો. પછી મૂઠી ઉગામી. ભરતના માથાનાં ચૂરેચૂરા કરી દેવાસ્તો.

પણ તેનો હાથ અધ્ધર થંભી ગયો. ભાઈ-ભાઈ વચ્ચે થયેલા આ યુદ્ધના પડઘા એવા પડશે કે દેવાધિદેવ આદિનાથના પુત્રો વૈરભાવથી લડી મર્યા ! સત્તાની ભૂખે તેમના ખાનદાનને કલંકિત કર્યું.

બાહુબલિને વિચાર આવ્યો.

પણ ઉગામેલી મૂઠી ક્યાં મારવી ? એમ ને એમ તો હેઠી મુકાય નહિ. એટલે બાહુબલિએ ભરતને છોડી દઈને પોતાના મસ્તક ઉપર મૂઠી લઈ લીધી. વાળનો લોચ શરૂ કર્યો. થોડી જ વારમાં મુંડન થઈ ગયું.

બાહુબલિ મુનિવર બાહુબલિ બન્યા. ભરતનું મોં શરમથી નીચું પડી ગયું. તેણે ભાઈને કહ્યું, "ના... દીક્ષા શા માટે ? તમે તમારું રાજ આરામથી કરો. મારે કશું જોઈતું નથી."

પણ બાહુબલિ અડગ રહ્યા. ચોધાર આંસુ સાથે ભરતે વંદન કર્યું. તે બોલ્યા, "તમે જીતી ગયા છો; હું હારી ગયો છું."

ગ્રન્થકારશ્રી કહે છે કે ઉત્તમ કુળના, ઉત્તમ માબાપના અત્યન્ત ખાનદાન પુત્રોની આ કેવી ભયાનક સત્તાલાલસા !

હાય, ભાઈ ભાઈને હણવા માટે ધસી જાય ?

મને અહીં બીજા બે ભાઈઓની વાત યાદ આવે છે.

કમનસીબે વારંવાર દુકાળ પડતાં તે સાવ ગરીબ થઈ ગયા. નસીબ અજમાવવા માટે પરદેશ જવા નીકળ્યા. દસ-વીસ ગાઉ ચાલ્યા. ત્યાં રસ્તા વચ્ચે દસ હજાર સોનામહોર ભરેલી મોટી લાલ કોથળી જોઈ. કોક શેઠના બળદગાડામાંથી પડી ગયાનું અનુમાન કર્યું.

કોથળી ઉઠાવીને કોક વડલા નીચે બેઠા. હવે કમાવવા માટે આગળ

વધવાની જરૂર ન હતી. મોટા ભાઈએ નાના ભાઈને નજીકના ગામેથી મીઠાઈ અને ચવાણું ખરીદી લાવવા મોકલ્યો. પોતે ઘસઘસાટ ઊંઘી ગયો.

નાના ભાઈની બુદ્ધિનો શેતાને કબજો લીધો. 'જો મોટા ભાઈને મારી નાંખું તો આખો લાડવો મને મળી જાય.' એવો વિચાર એના મગજમાં ધસી આવ્યો.

મીઠાઈ ખરીદીને તેમાં ઝેર ભેળવી દીધું. વડલાએ પહોંચીને મોટા ભાઈને કહ્યું, "હું ખૂબ થાક્યો છું. તમે આ ખાઈ લો. હું ઊંઘીને પછીથી ખાઈશ." મોટાને પણ પૂરો ભાગ લેવાની દુર્બુદ્ધિ ભડકી ઉઠી હતી. નાનો ઘસઘસાટ ઊંઘી જતાં મોટાએ ગળે છરી ફેરવી દીધી. નાનાના રામ રમી ગયા.

મોટાએ બહુ મજેથી મીઠાઈ ખાધી. તેને ઝેર ચડ્યું. તેના ય રામ રમી ગયા.

કેવો છે સંસાર ? કેવી હોય છે રાગ-દ્વેષની પરિણતિઓ કે જે સગા ભાઈઓને લડાવે અને મારી પણ નંખાવે ?

ધન્ય છે; તે આત્માઓને જેમનામાં પૂર્વભવોના સુસંસ્કારોને કારણે કોઈ પ્રત્યે વૈરભાવ ઉત્પન્ન થતો નથી.

જેમની પાસે પૂર્વભવોમાં કરેલી વિરાધનાઓનો ભંડાર પડ્યો છે તે સાધુવેષમાં રહેલા આત્માઓની હાલત ખૂબ ખરાબ હોય છે. તેઓ રાતદિવસ બીજાઓની સાથે ઝઘડે છે; વૈરની ગાંઠો બાંધે છે; તેના અનુબંધો ચલાવે છે.

જે કેટલાક સાધુઓ પોતાની આવી ખરાબ આત્મસ્થિતિ ઉપર ખૂબ પશ્ચાત્તાપ કરે છે તેમને ક્રોધાદિકથી કર્મબંધ જરૂર થાય છે પણ અનુબંધ પડતો નથી. પશ્ચાત્તાપથી અશુભકર્મબંધ નિરનુબંધ થઈ જાય છે.

એકદમ નિર્મળ ચિત્તપૂર્વક ચારિત્ર પાળનારા સાધુઓને જોઈને પ્રશસ્ત ઈર્ષ્યા આવે છે. મનમાં થાય છે કે, "મારું ચિત્ત આવું ક્યારે બનશે ?"

વિષયકષાયના જન્મજન્માંતરોના જાલીમ સંસ્કારો જોરમાં આવે છે ત્યારે સાધુવેષ જ નહિ પરન્તુ નવકારમન્ત્ર, વીતરાગદેવ અને શત્રુંજય તીર્થને પણ નિષ્ફળ કરી દે છે.

■ ■ ■

**ઉપદેશમાળા વિવેચન ભાગ-૨ પૂર્ણ.**

## તમારાં વહાલાં બાળકોને છેવટે ત્રણ વર્ષ માટે તો તપોવનમાં મૂકો જ દર જૂન માસથી શરૂ થતું સત્ર

ચારે બાજુ વિકૃતિના વાયરા વીંઝાઈ રહ્યા છે. ખૂબ જ નાની-દસથી ચૌદ વર્ષની વયથી જ બાળકોમાં ખરાબ સંસ્કારો પડવા લાગ્યા છે. ગંદુ કહેવાય તે બધું તેમના જીવમાં પેસવા લાગ્યું છે. સમાજ તરફ સૂક્ષ્મ નજર કરતાં આ અતિ કડવું દર્શન કોઈ પણ સંસ્કૃતિ પ્રેમીને થશે અને તે તીખી ચીસ પાડી દેશે. સંસારરસી જીવોની વહાલામાં વહાલી ચીજ તેમના સંતાનો ગણાય. જો તેમનું જ જીવન ગુલાબ ખીલ્યું ન ખીલ્યું ત્યાં જ કરમાવા લાગે; તેમાં દોષોના કીડા પડવા લાગે અને એકાએક કરમાઈ જાય તો એ માબાપોએ ક્યાં જવું ? ક્યાં રોવું ? શું આપઘાત કરી નાંખવો ?

પોતાના ઘરમાં કે ગમે તેવાં બોર્ડિંગ વગેરેમાં રાખીને બાળકોને શિક્ષણ આપી શકાશે, પરંતુ સંસ્કારો તો નહિ જ આપી શકાય. ઘરમાં માબાપો જ ટી.વી. વગેરેથી સમયની બરબાદી કરતાં ચક્કરોમાં જો ફસાયા હોય અને બોર્ડિંગોના સંચાલકોને જ બાળ-સંસ્કરણ માટેની કોઈ ગંભીરતા ન હોય તો સંસ્કાર ત્યાં શી રીતે મળશે ?

તપોવનમાં ધાર્મિક અને વ્યાવહારિક - બન્ને પ્રકારનું શિક્ષણ છે. એ શિક્ષણ પણ ઉંચી ગુણવત્તાવાળુંછે; પરંતુ તેની સાથોસાથ અહીં બાળકોના જીવનબાગમાં સુસંસ્કારોનાછોડોનું વાવેતર કરવાનું કાર્ય મુખ્યપણે નજરમાં રખાયછે. મોક્ષલક્ષ અને સદાચારપક્ષ અને તપોવનનું મુખ્ય તત્ત્વ છે. પ્રત્યેક બાળકને શારીરિક, શૈક્ષણિક, સામાજિક વગેરે રીતે સુવ્યવસ્થિત કરવાની સાથે તે માનસિક અને આધ્યાત્મિક રીતે અત્યન્ત સુંદર બનાવવાનું સૌથી પ્રધાન લક્ષ છે. તે વડીલોનો અને દેવગુરુનો ભક્ત બને; સહુનો મિત્ર બને, જાતનો પવિત્ર બને... અને એ બધું બનીને એ શૂરવીર બને; જેથી રાષ્ટ્રરક્ષા, સંસ્કૃતિરક્ષા અને ધર્મરક્ષાનો એ સબળ યોદ્ધો બને. એ જ આ તપોવનું એકમાત્ર લક્ષ છે. એનામાં ધાર્મિકતા,

માનવતા અને રાષ્ટ્રીયતા (રાષ્ટ્રદાઝ) જો લાવી ન શકાય તો તપોવનને નીચું જોવાનું થાય એવું તેના તમામ કાર્યકર-ગણનું મંતવ્ય છે.

જો આ બધી વિચારણામાં એ એના આધારે ગોઠવાયેલા તપોવનના માળખામાં મા બાપોને રસ પડતો હોય તો તેમનાં બાળકોને વિકૃતિઓના ઝંઝાવાતમાંથી ઉગારી લેવા માટે તપોવનમાં (ધોરણ પાંચથી બાર) કમસે કમ ત્રણ વર્ષ માટે તો મૂકવાં જ જોઈએ. બાળક તો નાદાન છે. એના ભાવીના ભવ્ય ઘડતરના આ કામમાં એને ક્યાંક અગવડતા પડે; એની ઘરેલું સ્વચ્છંદતાને અહીં પોષણ ન મળે તેથી તપોવનમાંદ્દાખલ થવામાં અરુચિ બતાવે તો કઠણ કાળજાના બનીને પણ માબાપોએ બાળકોને સમગ્ર જીવનના હિતમાં તે ત્રણ વર્ષનું સંસ્કરણ તપોવમાં અપાવવાનો નિર્ણય કરવો જ જોઈએ.

## ● યાદ રાખો ●

**લાડમાં કે લાગણીમાં માબાપો તણાશે તો બાળકો જીવનને આરંભમાં એવું મોટું નુકસાન થઈ જશે જે**

**જીવનભરમાં ભરપાઈ થશે નહિ; જેનાથી આખું કુટુંબ 'ત્રાહિમામ્' પોકારી જશે.**

**ના... હવે શા માટે ક્રિશ્ચયાનિટીનો જ પ્રચાર કરવાની નેમવાળી કોન્વેન્ટ સ્કૂલમાં આપણાં બાળકો જાય ?**

**ધો. ૪ સુધી કોન્વેન્ટમાં ભણનારા બાળકોને તપોવનમાં જરૂર મૂકી શકાશે.**

**હવે તો માત્ર તપોવન એ જ આપણાં સંતાનોનો તરણોપાય.**

**ઉચ્ચ સંસ્કાર સાથે ઉચ્ચ શિક્ષણના**

**સોપાન સર કરવાના લક્ષને વરેલા**

# તપોવનમાં ભણતા બાળકો

**અતિથિઓને નમોનમઃ કરે છે.**

...રોજ નવકારશી કરે છે.

...રોજ અષ્ટપ્રકારી જિનપૂજા કરે છે.

... રોજ રાત્રિભોજનનો ત્યાગ કરે છે.

...રોજ ગુરુવંદન કરે છે.

...રોજ નવી નવી વાર્તાઓ સાંભળે છે.

...રોજ કુમારપાળ રાજાની આરતિ ઉતારે છે.

...રોજ નવી નવી વંદનાઓ ગાય છે.

...રોજ નવા સ્તવનના રાગ શિખે છે.

...કોમ્પ્યુટર શિખે છે...કરાટે શિખે છે...

...સ્કેટીંગ શિખે છે....યોગાસન શિખે છે...

...સંગીતકળા શિખે છે...નૃત્યકળા શિખે છે...

...લલીતકળા શિખે છે...ચિત્રકળા શિખે છે...

...વકતૃત્વકળા શિખે છે...અભિનયકળા શિખે છે...

...અંગ્રેજીમાં Speech આપતા પણ શિખે છે...

**માતાપિતાના સેવક બને છે.**

**પ્રભુના ભક્ત બને છે.**

**ગરીબોના બેલી બને છે.**

**પ્રાણીઓના મિત્ર બને છે.**

**શક્તિમાન બનવા સાથે ગુણવાન બને છે.**

## દાનવીરો ! બીજા તપોવનમાં આપનું મોટું ઔદાર્ય દાખવો.

રૂ. એક લાખનું દાન આપીને તપોવનના પ્રવેશદ્વારની સામે ઊભા થનારા વિરાટ-મારબલ ઉપર **જીવનદાતા** તરીકે આપનું નામ લખાવો.

આપનું દાન કલમ ૮૦-જી મુજબ કરમુક્ત રહેશે. **જીવન જાગૃતિ ટ્રસ્ટ** એ નામથી આપનો ચેક કે ડ્રાફ્ટ નીચેના સરનામે મોકલો.

જી. પ્ર. સંસ્કૃતિ ભવન, ૨૭૭૭, નિશા પોળ,
ઝવેરીવાડ, રિલીફ રોડ, અમદાવાદ-૧
ફોન : ૫૩૫૫૮૨૩, ૫૩૫૬૦૩૩

# નવી પેઢીના શિક્ષણયુક્ત સંસ્કરણનો સફળ પ્રયોગ

## બે તપોવન

**પ્રેરક : પૂ. પં. શ્રી. ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબ**

**સ્થળ : (૧) નવસારી પાસે ૪૬ વીઘા, સ્થાપના ઇ.સ. ૧૯૮૩, જૂન, ધો. પાંચથી દસ.**

**(૨) સાબરમતી પાસે ૩૬ વીઘા, સ્થાપના. ઇ.સ. ૧૯૯૪, જૂન, ધો. પાંચથી બાર**

## સુંદર : સુદઢ શિક્ષણ વિભાગ

ભારતીય પ્રજા-ખાસ કરીને તેની નવી પેઢ-ઉપર પશ્ચિમની ઝેરી જીવનશૈલીનું વાવાઝોડું કાતીલ વેગથી ઘસતું રહ્યું છે.

આમાંથી નવી પેઢીને ઉગારી લેવા માટે **બે તપોવનોનું ધરતી ઉપર અવતરણ થયું છે.**

મેકોલે શિક્ષણ અત્યન્ત બેઘાઘંટુ હોવા છતાં; સંસ્કરણ ક્ષેત્રે 'શૂન્ય' આંક ધરાવતું હોવા છતાં એનો ગાળીઓ ભારતીય પ્રજાના ગળે એવો ભીંસાવાયો છે કે તેનાથી - ક્રોડો સંતાનોના જીવનનો અમૂલ્ય સમય બરબાદ થવા છતાં તે અનિવાર્ય અનિષ્ટ તરીકે પ્રજાની સાથે બરોબર એકરસ થઈ ગયું છે.

આથી તપોવનને એ શિક્ષણ સ્વીકારવું પડ્યું છે. તેના વિના સંસ્કરણનો વેલો ચડવો લગભગ મુશ્કેલ બન્યો છે. છતાં તપોવનના સંચાલકોની એવી ભાવના ખરી કે તેને દૂર કરાય તો સારું.

બાકી આજે તો શિક્ષણ-વિભાગને પણ વધુ ને વધુ સુંદર અને સુદઢ કરવાની ફરજ પડી છે.

**આથી જ અહીં :**

**(૧) ધો. પાંચથી અંગ્રેજી વર્ગો ફરજીયાત છે.**

**(૨) ધો. પાંચથી બાળકો અંગ્રેજીમાં ધારાવાહી રૂપે બોલી શકે તે માટેના ખાસ વર્ગો લીંગ્વીસ્ટીક લેંગ્વેજ લેબોરેટરી તથા સ્પોકન ઇંગ્લીશ રાખવામાં આવ્યા છે.**

**(૩) કોમ્પ્યુટરનો વિશિષ્ટ કોર્સ કરાવાય છે. ટૂંક સમયમાં કોમ્પ્યુટર - સેન્ટરો ખોલવામાં આવશે.**

## આઈ. એ. એસ કક્ષાની વિશિષ્ટ તાલીમ

સાબરમતી તપોવનમાં ધો. ૧૧, ૧૨ છે તેમાં 'કોમર્સ' સ્ટ્રીમ રાખવામાં આવી છે વળી ત્યાં કોમ્પ્યુટરનો એકદમ વિશિષ્ટ કોર્સ કરાવાય છે.

ધો. બારમાંથી નીકળેલા તેજસ્વી વિદ્યાર્થીઓને આઇ.એ.એસ. કક્ષાના અધિકારીઓ બનાવવાની તાલીમ ચાલુ થઈ છે. સંભવત : આ તાલીમ દિલ્હી-વિદ્યાલયોમાં આપવામાં આવશે. એવો સ્પષ્ટ ખ્યાલ છે કે જો ધર્મરક્ષા અને રાષ્ટ્રરક્ષા કરવી હશે તો આ તાલીમ પામેલા આપણા માણસો વિના ચાલી શકશે નહિ.

**પણ સબૂર !**

આ બધુ શિક્ષણ તેને જ ફળે જે 'માણસ' હોય. જેને પરંપરાગત મૂલ્યો પ્રત્યે આદર હોય; અને જે પરંપરાગત વ્યવસ્થાઓનો તથા ચાર પુરુષાર્થની અહિંસક સંસ્કૃતિનો કટ્ટર પક્ષપાતી હોય.

આ પાયા વિનાની પેલી ઇમારત તદ્દન નકામી છે. વર્તમાનમાં પ્રજાની જે ખરાબ હાલત થઈ છે તેના મૂળમાં આ ભૂલ છે.

**તપોવનમાં `માણસ' તૈયાર કરાય છે. એ માટે ધર્મના પવિત્ર ક્રિયાકાંડોનું ચુસ્તપણે પાલન કરાય છે.**

વળી રોજની પ્રભુભક્તિ વડે બાળકોને એવા પુણ્યવાન્ અને શુદ્ધિમાન બનાવાય છે. જેથી તેમને દુઃખો જોવા ન મળે અને દોષોના સેવનથી ભ્રષ્ટ થવું ન પડે. ના, આવી સફળતાઓ હાંસલ કરવાની શક્તિ મેકોલે શિક્ષણમાં ધરાર નથી.

## મંગલવર્ધની દ્વારા ગ્રામપ્રવાસ

તપોવન પાસે મંગલવર્ધની નામની ગાડી છે. તે બધી વ્યવસ્થાઓથી સુસજ્જ છે. આ ગાડી દ્વારા વિવિધ ધોરણોના તપોવની બાળકો ગામડાઓમાં ૮-૮ દિવસનો પ્રવાસ કરે છે. ત્યાં વક્તવ્યો, નૃત્યો, સ્પર્ધાઓ વગેરે અનેક આકર્ષક આયોજનો કરીને પ્રજાના જીવનમાંથી ભૂંસાતા જતાં સુસંસ્કારોને ફરી જાગ્રત કરે છે. સવાલ જવાબોના કાર્યક્રમ દ્વારા તેમની ગેરસમજો દૂર કરે છે. રામાયણ મહાભારતની કથાઓ કહેવા દ્વારા લોકોમાં પરંપરાગત મૂલ્યોની પ્રતિષ્ઠા કરે છે.

## પર્યુષણપર્વ તાલીમ

તપોવની બાળકોને ચૂંટીને પર્યુષણ પર્વની તાલીમ આપવામાં આવે છે. તેવા કુલ ૪૦ થી ૫૦ બાળકો ૩-૩નાં જૂથમાં વહેંચાઈ જઈને ૧૫ જેટલા ક્ષેત્રોમાં જ્યાં મુનિ ભગવંતો વગેરે પહોંચી શક્યા નથી ત્યાં પર્વાધિરાજની આરાધના કરાવવા જાય છે. તેમનું ધાર્મિક વક્તવ્ય કથાઓ ઉપરની પકડ, ક્રિયાઓમાં શુદ્ધિ, વિધિ અંગેનું સંપૂર્ણ જ્ઞાન, તથા વિનય-વિવેક જોઈને ગામેગામના સંઘો સ્તબ્ધ બને છે.

એવું લાગે છે કે તૈયાર થઈને, જીવંત બનીને, દોડવા લાગેલું તપોવનનું આ 'મોડેલ' જો ઠેર ઠેર ઊભું થઈ જાય તો ભારતીય પ્રજાનું જીવન-સ્તર બધી રીતે ઉન્નત થાય.

તપોવનની 'ફી' એટલી બધી ઓછી કે તપોવનોને દર વર્ષે ૯ થી ૧૨ લાખ રૂ. નો તોટો આવે છે. 'કોર્પસ' કરવા દ્વારા-વ્યાજમાંથી ચલાવીને આ તોટામાંથી ઝટ નીકળી જવાનો પ્રયત્ન ચાલુ છે.

**તપોવનના પ્રેરક પં. ચન્દ્રશેખરવિજયજીનું સ્વપ્ન હતું કે તપોવન દ્વારા વિવિધ ક્ષેત્રોમાં વિભૂતિઓ પેદા કરવી.**

દા.ત. (૧) **રાજકીયક્ષેત્રે સુભાષચન્દ્ર બોઝ કે ચન્દ્રશેખર આઝાદ પેદા થાય.**

(૨) **સંસ્કૃતિરક્ષાના ક્ષેત્રે સ્વામી વિવેકાનંદ પ્રગટ થાય.**

(૩) **ધર્મક્ષેત્રે હેમચન્દ્રાચાર્યજી કે ગૂર્જરેશ્વર કુમારપાળ જન્મ પામે.**

આવી આઠ દસ વિભૂતિઓ પેદા થાય તોય ભયોભયો ! આજના વિષમકાળમાં તો આટલુય ઘણું બધું !

હા, તેમને ખબર છે કે આંબાની કલમ વાવનારને આંબાની કેરીઓ ખાવાનું કે જોવાનું સૌભાગ્ય સાંપડતું નથી. પણ તેનો કોઈ વાંધો નથી.

બીજ વાવવાનું; પહેલી ઇંટ મૂકવાનું સૌભાગ્ય પણ અતિ દુર્લભ છે.

ચાલો, આપણે સહુ - તેમના ભક્તો - તેમનું સ્વપ્ન ધરતી ઉપર અવતારીએ. તેમણે આંખો મીંચી દીધી હશે તો સ્વર્ગેથી આપણે મેળવેલા રૂડાં ફળોને તે જોયા કરશે.

## તપોવનો માટે જાણવા જેવું

* બે ય તપોવનોના દાનને કરમુક્તિ [કલમ ૮૦ જી પ્રમાણે]નો લાભ પ્રાપ્ત છે.
* બે ય તપોવનોના કારક અને પ્રેરક પૂજ્યપાદ પં. ચન્દ્રશેખર વિજયજી મહારાજ સાહેબ છે. તેમની દેખરેખ નીચે સંસ્કરણનો યજ્ઞ ચાલે છે.

---

### નવસારી-તપોવન

**તપોવન-સંસ્કારધામ**

મુ. ધારાગિરિ
પો. કબીલપોર, જિ. નવસારી (ગુજ.)
**'વર્ધમાન સંસ્કૃતિધામ'** એ નામથી દાનની રકમ ચેક કે ડ્રાફ્ટ રૂપે મોકલવી.
ફોન (૦૨૬૩૭) ૫૮૯૫૯, ૫૮૯૨૪.

### સાબરમતી-તપોવન

**તપોવન-સંસ્કારપીઠ**

મુ. અમીયાપુર
પો. સુઘડ તા. ચાંદખેડા
જિ. ગાંધીનગર, (ગુજ)
**'જીવન જાગૃતિ ટ્રસ્ટ'** એ નામથી દાનની રકમ ચેક કે ડ્રાફ્ટ રૂપે મોકલવી.
ફોન (૦૨૭૧૨) ૭૬૨૭૩, ૭૬૩૪૧.

---

તપોવન [નવસારી પાસે]માં ચાલતી પાઠશાળાના પંડિતો તૈયાર કરતી

## સંસ્કૃત પાઠશાળા

છેલ્લા સાત વર્ષથી નવસારી પાસે આવેલા તપોવનમાં ધાર્મિક શિક્ષકોને તૈયાર કરતી પાઠશાળા ચાલે છે.

**પં. ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબના** શિષ્યરત્ન **મુનિશ્રી જિતરક્ષિતવિજયજી** તેના માર્ગદર્શક છે. **શ્રાદ્ધરત્ન અમુલખભાઈ** તથા **સુશ્રાવક ભૂપેન્દ્રભાઈ** મુખ્ય પંડિતો છે. ન્યાય, વ્યાકરણ, પંચસંગ્રહ, છ કર્મગ્રન્થ, બે બુકો, પ્રકરણો, કાવ્યો વગેરે ભણાવાય છે.

જેમની આર્થિક સ્થિતિ અનુકૂળતાભરી નથી.તેમને નિઃશુલ્ક પણ ભણાવાય છે. આજ સુધીમાં પચ્ચીસ જેટલા વિદ્યાર્થીઓ પંડિત બનીને વિવિધ પાઠશાળોમાં ગોઠવાયા છે.

નિવાસની સગવડતા વિશેષ હોવાથી જૈનસંઘને આમન્ત્રણ છે કે તે વધુ વિદ્યાર્થીઓને મોકલે.

**દાનવીર સુશ્રાવકોને વિનંતિ છે કે તેઓ પોતાનું વિશિષ્ટ ઔદાર્ય દાખવે.**